# ધરતીને છેડે ઘરડાઘર?

## લેખક: જયંતીભાઈ પટેલ

Dhartine Chhede Ghardaghar?

Gujarati Novel

By Jayantibhai Patel

© Jayantibhai Patel

Fist Edition November. 2014

Price: Rs. 300

# અનુક્રમ

૧. નાના ગામનો મોટો માણસ
૨. મકનભાઈની દશા
3. દાક્તર દીકરો હાથથી ગયો
૪. અમેરિકાની મોજ
૫. યોજનાની જાહેરાત
૬. મોટા અમેરિકામાં
૭. ધનજી મોટા દેશમાં
૮. રામકાના નવનીતભાઈ
૯. ધોળા માથાનાં માનવી
૧૦. આશ્રમ શરૂ થાય છે
૧૧. પ્રત્યાઘાત ને આવકાર
૧૨. મોટા ગામના વેવાઈ
૧૩. પરચો બતાવ્યો
૧૪. ધનુભાઈ દોશી
૧૫. બીજો આશ્રમ
૧૬. સેવાશ્રમ અને મોટા
૧૭. ભાવનાનો ફાલ
૧૮. મહાસુખ ભટનો વહીવટ
૧૯. દિલના દાઝ્યા ભેગા મળ્યા
૨૦. મોટાની મમત
૨૧. ભણેલા દીકરા ગધેડે ચડ્યા
૨૨. નવનીતભાઈએ દરમિયાનગીરી કરી
૨૩. સમજણની વાતના પડઘા
૨૪. ગેમનભાઈનું ઑપરેશન

# લેખકનાં અન્ય પુસ્તકો

***નવલકથા***

**બેગમ**

ધરતીનો બીજો છેડો

ગોમતીગઢનો ખજાનો

જો થઈ છે

મેલા મનનું માણસ

મનેખ માટીનાં

શેઠ વરણાગીલાલ

સમણાં

અંતાણી નિવાસ

વસમા ઓરતા

ધરતીને છેડે ઘરડાઘર?

સ્વર્ગયાત્રા

થોડી હસી મઝાક (વર્તાસંગ્રહ)

હસતાં હસતાં સુખિયાં થયાં (ગુજરાતી જોક્સ)

જાસુસ (અન્ય લેખકો સાથે)

છૂટાછેડા: ઓપન સીક્રેટ (અન્ય લેખકો સાથે)

હરિયાળી ધરતીનાં મનેખ (અન્ય લેખકો સાથે)

## મારે કહેવાનું

મારી અગાઉની નવલકથા ‘ધરતીનો બીજો છેડો’ને ઘણો સારો પ્રતિભાવ મળ્યો હતો પણ એ અંગે વાંચકો તરફથી કેટલાંક ટીકાઓ અને સૂચનો પણ મળ્યાં હતાં. કેટલાકનું કહેવું હતું કે એમાં સમાવવા જેવાં કેટલાંક પાસાં રહી ગયાં છે. તો કેટલાકને એમ પણ લાગ્યું હતું કે એમાં બધા એક પક્ષીય પ્રસંગોની જ રજૂઆત કરવામાં આવી છે.

હોય, એક વખત છપાઈને પુસ્તક પ્રસિધ્ધ થઈ ગયા પછી બીજી આવૃત્તિમાંય ફેરફાર કરવામાં હું માનતો નથી. અમારા ગામના પુસ્તકાલયમાં કિશોરલાલ મશરુવાળાની ‘સમૂળી ક્રાંતિ’ની પાંચ નકલો આમ જ ખરીદી લેવાએલી. એમના એક ચાહક દર વખતે કહેતા: નવી આવૃત્તિમાં એમણે કેટલાક સુધારા કર્યા છે. એ એક નિયમિત વાંચક હતા એટલે અમે એમની વાત સ્વીકારતા પણ છેવટે થાકીને અમારે એની છઠ્ઠી આવૃત્તિ ખરીદવાની તો એમને ના પાડવી જ પડેલી.

અલબત્ત જે ભૂલ સુધારવા યોગ્ય હોય એ બીજી આવૃત્તિ વખતે સુધારી લેવાય એ બરાબર છે પણ મૂળ કથામાં ફેરફાર કરીને એની જાહેરાત કરીને સારા વાંચકોને નવી આવૃત્તિ ખરીદવા પ્રોત્સાહિત કરવામાં હું માનતો નથી.

તો આનો ઉપાય શો? પણ ગયે વરસે મારે દેશમાં વધારે રહેવાનું થયું ને સમાજની કેટલીક એવી વાતો જાણવા મળી ને મને ‘ધરતીનો બીજો છેડો’ના અનુસંધાનમાં તો નહીં પણ એવા જ ફલક પર ને આપણા દેશની પૃષ્ઠભૂમિ પર એક સ્વતંત્ર નવલકથા લખવાનો વિચાર આવ્યો.

આ નવલકથા એ વિચારની જ ફળશ્રુતિ છે. આ કેટલોક સમય મારે ભારતમાં રહેવાનું થયું તે દરમિયાન જે કાંઈ જાણવા મળ્યું એ આમાં સમાવવા પ્રયત્ન કર્યો છે. એટલે આમાં

અમેરિકાને બદલે ભારતની ભૂમિની વાતો વણી લેવામાં આવી છે.

જેમ ધરતીનો બીજો છેડો અમેરિકામાં નીકળે છે એમ એનો ત્રીજો છેડો હવે ભારતમાં પણ દેખાવા માંડ્યો છે એની પ્રતીતિ થતાં આ કથાનું સર્જન કરવાની પ્રેરણા મળી છે. આ નવલકથામાં મારી બીજી નવલકથાઓમાંનાં કેટલાંક પાત્રો પણ કાર્યરત બતાવવામાં આવ્યાં છે એ એક નવિનતા ગણીને એને સૌ વાંચકો આવકારશે એવી આશા રાખું તો એ અસ્થાને તો નહીં જ લેખાય.

અમેરિકા અને ભારતની સમાજવ્યવસ્થામાં ઘણી ભિન્નતા છે. ત્યાંની સરકારી નીતિ આપણી સરકારની નીતિથી ભિન્ન છે એટલે એનું ધ્યાન રાખવા પ્રયત્ન કર્યો છે છતાં કોઈને એમાં ક્ષતિ જણાય તો એ મારી કાયદકીય જાણકારીનો અભાવ ગણીને એને દરગુજર કરવા વિનતિ છે.

આ પુસ્તકની અમેરિકન આવૃત્તિ createspace.com અને ભારતમાં એમ. એમ. પ્રકાશન મારફતે પ્રસિધ્ધ કરી રહ્યો છું જે મારા દેશ અને પરદેશમાં વસેલા ચાહકોને ગમશે એવી આશા રાખું તો એ અસ્થાને નહીં લેખાય.

આ વાર્તા વિશે આપને કાંઈ કહેવું હોય તો મને મારા ઈમેઈલ પર જણાવી શકો છો. મારું ઈમેઈલનું સરનામું છે: jd4books@gmail.com

**હું છું આપનો**

**જયંતીભાઈ પટેલ**

૧.

# નાના ગામનો મોટો માણસ

**બસ બને તો એક દીકરાને મનાવી જોઈએ,**
**એ રીતે ઘરડાઘરો ખાલી કરાવી જોઈએ**
**- ગૌરાંગ ઠાકર**

વસ્તાણા નાનકડું પણ રૂપાળું ગામ. તાલુકાને મથકેથી એ માંડ સાત માઈલ દૂર એટલે વસ્તાણામાં શહેરનો ભપકોય વરતાયા સિવાય ન રહે. વસ્તાણામાં અઢારેય કોમની વસ્તી ને એ બધાંયમાં ભણતરનો ઉજાસ જુદો તરી આવે.

જેમ ભણતરમાં એમ પહેરવા ઓઢવાથી માંડીને બોલવાચાલવામાં પણ ગામના બધા લોકો બીજાં ગામના લોકોથી જુદા તરી આવે. શહેરની ફેશન બધી તો નહીં પણ થોડીઘણી તો આ ગામનાં માણસોમાં દેખાઈ જ આવે. આજુબાજુનાં ગામના લોકોય આ ગામના લોકોની આવી રીતભાતને આદરથી જુએ ને મનમાં એમની અદેખાઈ પણ કરે.

વસ્તાણામાં બાલમંદિરથી તે હાઇસ્કૂલ સુધીની કેળવણીની સગવડ. વર્ષોથી સ્થપાએલી આ કેળવણીની સંસ્થાઓની છાપ પણ એવી સારી કે આજુબાજુનાં ગામનાં બાળકોને પણ એમના વાલીઓ અહીં ભણવા મોકલવા પડાપડી કરે.

આ સિવાય ગામમાં દૂધ મંડળી, સેવા સહકારી મંડળી અને સાર્વજનિક દવાખાનાની સગવડ પણ એવી જ ઉમદા અને વ્યવસ્થિત કે બીજાં ગામવાળાય એનો લાભ લે.

વળી ગામની વસ્તી વધતાં છેલ્લાં પાંચેક વરસથી

ગામમાં નગર પંચાયત પણ થઈ હતી એટલે બીજાં મોટાં ગામોમાંય ન હોય એવી રસ્તા, પાણી ને ગટરની સગવડો પણ ગામના આગેવાનોની દીર્ઘદૃષ્ટિથી ગામમાં શરૂ થઈ ગઈ હતી. આને કારણે તો જાણે ગામની સિકલ જ બદલાઈ ગઈ હતી.

આ બધી સંસ્થાઓ એકબીજાથી સ્વતંત્ર રીતે વહીવટ કરે. બધી સંસ્થાઓની અલગ અલગ સમિતિ રચવામાં આવે ને એ સમિતિ એનો વહિવટ કરે. આ સમિતિ ભલે જુદી જુદી હોય પણ એ બધીમાં મોવડી તરીકે તો એક જ નામ રહે અને તે હોય ધનજીભાઈ પટેલનું. ગામનાં નાનાં મોટાં સૌ એમને માન આપે ને એમનું કહ્યું માને. બધા એમને 'મોટા'ના માનભર્યા નામથી જ બોલાવે. અરે કેટલાકને તો જાણે એમના નામની જ ખબર ન હોય તેમ લાગે.

આ ધનજી મોટા એટલે વસ્તાણાના મોભી અને આસપાસનાં બારેય ગામમાં પૂછાતા માણસ. એમની પાસે પચાસ વીઘાં જમીન.

ગામની પટલાઈમાં જ રચ્યાપચ્યા રહેતા ધનજીભાઈ પાસે એવી નવરાશ જ ક્યાં હોય કે પંડ્યે એ ખેતી કરી શકે! એટલે એમણે પોતાની બધી જમીન ભાઈ પિતરાઈઓને ભાગે ખેડવા આપેલી. તોય એમની એ ખેતીમાંથી એમનો ખર્ચો કાઢતાં વરસે નહીં નહીં તોય એમને દસેક હજાર રૂપિયા બચતા.

એમનો ઘરખર્ચ પણ ઓછો ન હતો. એક તો એ રહ્યા આગેવાન માણસ અને તેમાંય સ્વભાવના એવા પરગજુ એટલે કોઈને ગામમાં બીજા કોઈનું કાંઈ કામ હોય તોય એ પહેલો આવે તો ધનજી મોટાની પાસે જ. એમની સાથે પોતાના કામની વાત કરે. સલાહ પણ લે ને ચાપાણી કરીને પછી પેલા માણસની પાસે જાય. તો કોઈને સરકારી કચેરીનું કશું કામ પડે તો એ ધનજીભાઈની પાસે આવે ને એની સાથે તાલુકે જઈને ધનજી મોટા એનું કામ પતાવી આપવામાં મદદ કરે.

આ ધનજીભાઈને બે દીકરા. સામાન્ય રીતે એવું બનતું હોય છે કે આગેવાનનાં દીકરા દીકરીઓ ભણવામાં પાછાં હોય છે

પણ ધનજીભાઈની કાળજી એવી કે એમના બેય દીકરા ભણવામાં ઘણા હોશિયાર હતા.

વળી ધનજીભાઈને દીકરાઓને ભણાવવાનો ઉમંગ પણ ખરો એટલે એમણે બોર્ડિંગમાં મૂકીને કૉલેજમાં ભણાવવા માંડેલા એટલું જ નહીં પણ ભણવામાં એમને કશી અગવડ ન પડે કે એમને ખર્ચમાં કોઈ જાતની કસર ન કરવી પડે એ વાતનીય એ સદા કાળજી રાખતા હતા.

છોકરાઓની ભણવાની ધગશ અને મોટાનો એમને ભણાવવાનો ઉમંગ જોઈ બધા કહેતા કે એ છોકરા મોટાનું ઘર અભરે ભરી દેશે. આજે મોટા એમને માટે જે કરે છે એનો બદલો એ છોકરા વરસમાં જ વાળી દેશે ને મોટાનું નામ ઉજાળશે. બાપ એવા બેટાની કહેતી છે એમ એ બેય એમના બાપ કરતાંય સવાયાં નામ અને કીર્તિ કમાશે.

વળી ધનજીભાઈએ મોટા દીકરા વસંતને દાક્તરીનું તો નાના દીકરા કૌશિકને ઈજનેરીનું ભણવા મૂક્યા હતા. એટલે બધાને એમ લાગે એમાં નવાઈ પણ ન હતી.

એ બધી વાત સાચી પણ બેય દીકરાને બોર્ડિંગમાં મૂકીને કોલેજમાં ભણાવતાં ધનજીભાઈની બચતનું તળિયું આવી ગયું હતું. ખર્ચા ઓછા કરવાનું કે કરકસર કરવાનું તો તેમનાથી થઈ શકે તેમ નહોતું કે તેમ કરવાનું તેમનાથી દીકરાઓનેય કહી શકાય તેમ ન હતું એટલે ચાર વીઘાં જમીન ઓછી કરીને એમણે વસંત દાક્તર થયો ત્યાં સુધી તો બાંધી મૂઠીએ નિભાવી લીધું હતું.

ગામડાગામમાં તો દીકરો ખેતી કરતો હોય અને સામાન્ય કમાતો હોય તોય પોતાનાં માબાપને સાચવે અને એમનો ખ્યાલ રાખે એ સર્વસામાન્ય બાબત ગણાય. ને ધનજીમોટાના દીકરા તો ઊંચું ભણતા હતા એટલે બધા આવું વિચારે એમાં નવાઈ પણ ન હતી. વળી ધનજી મોટાએ તો એમની જે બચત હતી એ બધી છોકરાઓના ભણતર પાછળ ખર્ચી નાખી હતી અને ચાર વીઘાં જમીન પણ ઓછી કરી હતી એની તો બધાને ખબર હતી.

*

એમ વસંત દાક્તર થઈ ગયો. દાક્તરી શરૂ કરતા પહેલાં જરૂરી અનુભવ મેળવવા માટે શરૂઆતમાં એણે તાલુકાના મથકમાં સરકારી દવાખાનામાં નોકરી લઈ લીધી. નોકરીની શરૂઆત હતી એટલે એને એવો ઊંચો પગાર મળતો ન હતો પણ દર મહિને એને જે ચાર હજાર રૂપિયા મળતા હતા એ બધા એ બાપાના હાથમાં મૂકી દેતો હતો પછી પોતાને ખીસ્સાખર્ચીના જે જોઈએ એ એમની પાસેથી માગીને વાપરતો હતો એટલે ધનજીભાઈને લાગતું હતું કે વસંતને ઘરની ચિંતા છે. એ કમાતો થશે એટલે એમને પૈસાની કોઈ ચિંતા એ નહીં રહેવા દે.

વળી આ વરસે તો કૌશિક પણ ભણી રહ્યો હતો એટલે એનો પણ ઘરમાં ટેકો થશે એટલે પોતાની ખર્ચાઈ ગયેલી બચત વરસવંટોળમાં ભેગી થઈ જશે. ને એમનું આવું માનવું બરાબર પણ હતું.

એમના ગામના મકનભાઈનો દીકરો ગૌતમ તો વસંત કે કૌશિક જેવું ઊંચું ભણ્યોય ન હતો તોય એણે શહેરમાં હવેલી જેવું મોટું ઘર લીધું હતું ને માબાપને પોતાની સાથે શહેરમાં રહેવા બોલાવી લીધાં હતાં.

એ કાર પણ રાખતો હતો ને ગામમાં કોઈને ત્યાં પ્રસંગ હોય ત્યારે માબાપને સાથે લઈને આવતો હતો એ તો બધાને એ દેખાતું હતું જ. સૌને થતું કે એની પાસે આટલા પૈસા થયા છતાં એને ગામના સંબંધો સાચવવામાં અને ગામ સાથે નાતો જાળવી રાખવામાં રસ હતો.

ધનજીભાઈ પણ તેના આવા વર્તનથી અંજતા હતા ને મનમાં ગૌતમની સાથે પોતાના દીકરાઓની સરખામણી કરી એનાથી અદકી કલ્પનાઓ કરતા હતા.

વળી કૌશિક તો ભણતરના છેલ્લા વરસમાં હતો ત્યારથી જ એમને કહેતો હતો કે હું કમાતો થાઉં એટલે સૌ પહેલાં બાપાને માટે તેલૈયામાં ગામના નાકરૂપી હવેલી જેવું મકાન બાંધી દઈશ.

બાપાએ મને ભણાવ્યો છે એટલે એમને પોતાને ભણાવ્યાનો સંતોષ થાય એવું કરવાની પોતાની ફરજ છે. એમણે આજ સુધી જે આબરૂ જમાવી છે એનાથીય અદકી આબરૂભેર એ એમની પાછલી જિંદગી વિતાવે એવું કરું તો જ મારું ભણ્યું દીપે.

ધનજીભાઈ એની આવી વાતોથી મનમાં પોરસાતા અને એની આવી ભાવનાની વાતો બહાર કરતાં હરખાતા. એમણે પણ કૌશિકની આવી વાતોથી તેલૈયામાં બંધાનાર હવેલીનાં સપનાં જોવા માંડ્યાં હતાં.

અરે છેલ્લાં પાંચ વરસથી લીંબુના ભાવ ઊંચા બોલાતાં કોઈએ જ્યારે એમને તેલૈયામાં લીંબોઈ રોપવાની ભલામણ કરી ત્યારે એમણે કહેલું: ‘મારા નાનાને એમાં હવેલી બાંધવાનું મન છે એટલે એમાં લીંબોઈ જેવો પંદર વીસ વરસનો પાક ન રોપાય. એ ખેતર તો આજથી હવેલી માટે જુદું રાખવાનું છે.’ ને એમણે એને બદલે કૂવાવાળે લીંબોઈ રોપેલી.

હવે તો ધનજીભાઈની સાથે ગામના લોકોય હવેલીનાં સપનાં જોતા થઈ ગયા હતા. કેટલાક તો ધનજીભાઈને પૂછતાય હતા: ‘મોટા, આ વરસે તો ભાઈ હવેલીનું મૂરત કરશે ને?’ મોટા એમને પ્રત્યક્ષ કશો જવાબ ભલે ન આપતા પણ એય હવેલીનાં સપનાં તો જોતા જ હતા.

એમણે મનથી નક્કી કરી મૂક્યું હતું કે દીકરાઓને તેલૈયામાં હવેલી બાંધવા માટે પોતે ટકોર ન કરવી. જ્યારે એમની જાતે એ સંભાળે ત્યારે પોતે વાત આગળ વધારવી.

એમને એમ હતું કે એક વખત મોટાની જેમ નાનોય કમાતો થાય અને એની પાસે સગવડ થાય ત્યારે જ હવેલીનો પ્લાન શરૂ કરવો જોઈએ. ગામલોકોનેય ખબર છે જ કે બેય દીકરાઓની કમાણીમાંથી જ હવેલી બનાવવાની છે.

*

વસંત શહેરમાં નોકરી કરતો હતો પણ એને મુંબઈમાં પ્રેક્ટિસ કરવાનું મન હતું. એણે પોતાની આ ઇચ્છા ધનજીભાઈને

જણાવી હતી ને એમણેય એને એની ઇચ્છા પ્રમાણે કરવાની મંજૂરી આપી દીધી હતી.

વસંત નોકરી કરતાં સમય કાઢી મુંબઈમાં દાક્તરીની પ્રેક્ટિસ કરવા માટેની જગાની તપાસ કર્યા કરતો હતો. પણ પેલી કહેવત છે ને 'મુંબઈમાં રોટલો તો મળે પણ ઓટલો ન મળે' એ વાત એને સાચી લાગવા માંડી હતી. નાની અમથી જગાનીય ત્યાં મસમોટી પાઘડી આપવી પડતી હતી. એણે એના બાપાને આ વાત કરી.

ધનજીભાઈને કહેવાનું મન થયું કે પોતાની પાસે હવે એવી કોઈ બચત રહી નથી અને ચાર વીઘાં વેચવાં પડ્યાં છે એનાથી આપણી બાંધી મૂઠી ઉઘાડી પડી ગઈ છે એટલે હમણાં જ્યાં સુધી એની આવકમાંથી મુંબઈમાં જગા લેવા જેટલા પૈસા એકઠા ન થાય ત્યાં સુધી નોકરી કરીને પછી મુંબઈ જવાનું વિચારે પણ દીકરાની મુંબઈમાં જ દાક્તરી કરવાની ઇચ્છા જોતાં છેવટે એમને કહેવું પડ્યું: ‘તું એક વખત જગા પસંદ કરી રાખ પછી પૈસાનું તો ગોઠવાઈ રહેશે.’

પછી વસંતનું તો પૂછવું જ શું? એણે પંદર જ દિવસમાં દવાખાના માટેની જગા જોઈને પસંદ કરી લીધી ને એની નજીકમાં રહેવાની જગા પણ નક્કી કરી લીધી.

બેયના મળીને દોઢ લાખ રૂપિયા પાઘડી આપવાની હતી અને પછી દવાખાના માટેનાં સાધનો અને ફરનિચર વગેરેનાય એક લાખ રૂપિયાની જરૂર પડવાની હતી એ વાત જાણી ધનજીભાઈ હબકી જ ગયા. એમણે કહ્યું: ‘જો ભાઈ, આંબલીવાળી પાંચ વીઘાંની પાટ કાઢી નાખીએ તોય આપણાથી બહુબહુ તો લાખ રૂપિયાની સગવડ થાય. એટલે બે વરસ એ વાત પડતી મૂક.’

‘તમે પાટની ચિંતા ન કરશો. બે જ વરસમાં હું તમને એવી બેત્રણ પાટો લઈ આપીશ. તમે જો દોઢ લાખની વ્યવસ્થા કરી આપો તો બાકીના પૈસાની બેંકમાંથી લોન મળી શકે તેમ છે.’

છેવટે દીકરાનું મન રાખવા ધનજીભાઈએ એમ કરવાનું સ્વીકાર્યું. બહુ ગડમથલને અંતે તેમણે પેલી પાંચ વીઘાંની પાટ વેચી દેવાનું નક્કી કર્યું. ગામમાં જેણે આ વાત જાણી એ મોટા પાસે દોડી આવ્યા: ‘મોટા, આ સોનાના સાંકળા જેવી જમીન તે કાઢી નંખાતી હશે! ભાઈનું દવાખાનું તો અહીં કરે તોય આગળ પડશે. ઘેર રહીને દાક્તરી કરે તો પૈસાય બચશે ને પાછલી ઉંમરે તમારેય નિરાંત.’ એક જણે કહ્યું.

‘એને મુંબઈમાં દાક્તરી કરવાનો વિચાર છે તો મારે એને ટેકો કરવો જોઈએ. એને ભણાવવા આટલો ખર્ચો કર્યો તો એને માટે આટલું વધારે. મારે કેટલાં વધારે વરસ કાઢવાનાં છે હવે?’

‘તમને એમાં વધારે ખબર પડે. પછી પાછું મકનભાઈના જેવું ના થાય. જો કે ભાઈ દાક્તર થયેલા છે ને સમજુ છે એટલે એવું તો નહીં કરે.’

‘કેમ, મકનભાઈના જેવું? એમને તો બધી વાતે નિરાંત છે. એમનો ગૌતમ એમનો પડ્યો બોલ ઉપાડે છે. એમને શી વાતે ખોટ છે?’ મોટાએ કહ્યું.

‘સાચી વાતની તો ખબર નથી પણ મેં ઊડતી વાત સાંભળી છે એ જો સાચી હોય તો એમાં બહારથી દેખાય છે એવું અંજાવા જેવું નથી. કદાચ પેલો કહેતો હતો એવું ના પણ હોય.’ પેલાએ વાતનો ભાર પોતાને માથેથી પેલા કોઈકને માથે નાખતાં કહ્યું એટલે મોટાને લાગ્યું કે વાતમાં કશો માલ નહીં હોય.

‘ગામવાળાને કૂથલી કરવા સિવાય બીજું કંઈ કામ છે? મને તો ખબર છે જ કે ગૌતમ એમનો પડ્યો બોલ ઝીલે છે. એમને કોઈ વાતે દુ:ખી થવા દેતો નથી. એણે એમને શહેરમાં એટલે તો બોલાવી લીધા છે.’ મોટાએ પેલાની વાતને હસી કાઢતાં કહ્યું.

*

ધનજીભાઈ કે વસંત ગમે તેમ વિચારતા હોય પણ

નાતમાં દાક્તર થયેલો છોકરો કાંઈ લોકોની નજરમાં આવ્યા વગર રહે! વસંતને માટે માગું કરવાવાળા બે મહિનાથી ધનજીભાઈનો ઉંબરો તોડી નાંખતા હતા.

છેવટે ધનજીભાઈએ જ વસંતને કહેવું પડ્યું: 'જો ભાઈ, આપણે તારા લગનની બધાને ના જ પાડ્યા કરીએ એમાં લોકો આપણે મોઢે તો ન કહે પણ પાછળથી વાતો કરે કે એમને મોટો લોચો જોઈએ છીએ એટલે બધાને ટલ્લે ચડાવ્યા કરે છે. એટલે આ બેચાર ઠેકાણાં મારી નજરે બેઠાં છે એ છોકરીઓ જોઈ લે. એમાંથી તને કોઈ છોકરી પસંદ પડે તો ઠીક નહીં તો પછી બીજી છોકરીઓમાંથી જોજે.'

વસંતનો વિચાર એક વખત સેટ થયા પછી લગ્ન કરવાનો હતો પરંતું મુંબઈમાં પ્રોક્ટિસ કરવી હોય તો ઘર વસાવતા પહેલાં લગ્ન કરી લેવાં જરૂરી જણાતાં પિતાની વાત માની એણે એમણે કહેલી છોકરીઓ જોઈ લીધી. એમાંથી તો એને કોઈ છોકરી પસંદ ન આવી પણ મોટા ગામની એક બી. એસસી. થયેલી છોકરી એને પસંદ પડી એટલે એનાં લગ્ન ગોઠવાઈ ગયાં.

એના સસરા સનતભાઈ મુંબઈમાં સેટ થયેલા હતા ને એમને લગ્ન મુંબઈમાં જ લેવાની ઇચ્છા હતી પણ ધનજીભાઈની આબરૂ ને એમનો પથારો જોતાં એમને લાગ્યું કે જાન પાંચસો માણસથી ઉપર આવશે ને મુંબઈમાં એમની મહેમાનગતિ મોઘી પડશે એટલે એમણે લગ્ન આણંદમાં રાખવાનું નક્કી કર્યું હતું.

પછી તો ધનજીભાઈ જેવા આગેવાનના દીકરાનાં લગ્ન અને દીકરો પાછો દાક્તર થયેલો એટલે એમણેય ભભકો તો કરવો જ પડે ને! આખું ગામ જાણે પોતાને ત્યાં અવસર હોય એમ કામમાં વળગી ગયું.

રોજ લગ્નની ઉજવણીમાં નવાનવા કાર્યક્રમોની ઉમેરણી થવા માંડી. કોઈ એક વાત કરે તો કોઈ બીજી વાત કરે. એમ કરતાં કોઈએ વાત મૂકી કે લગ્નના જમણ માટેનો મંડપ ગામની સંકડાશને બદલે તોલૈયામાં જ બાંધ્યો હોય તો છૂટ રહે ને

બહારથી આવનારાને પણ ખબર પડે કે વરસ પછી એ જગ્યાએ ગામના નાક જેવી હવેલી બંધાવાની હતી.

મોટાનેય એની વાત ગળે ઊતરી ગઈ. વસંત પણ એ વાતથી ખુશ થઈ ગયો. એનેય પોતાની સાથે ભણેલા દોસ્તોને લગ્નમાં બોલાવવા હતા ને એમની આગળ વટ પાડવો હતો ને!

મોટાએ તેલૈયામાં ઘઉં કરવા માટે તૈયારી કરી હતી એ પડતી મૂકીને બીજા જ દિવસથી એમાં ટ્રેક્ટર કામે લગાડી દીધું. ને એમના દોસ્તોની મંડળી રોજ સવારથી જ તેલૈયામાં જામવા માંડી.

માટીનાં ઢેફાં ભાગીને ખેતર બરાબર સરખું થઈ ગયું એટલે મંડપ બાધવાવાળાને સાથે રાખીને બધાએ મંડપના પ્લાન ઘડવા માંડ્યા.

એક તરફ મોટાના વહેવારિયા દોસ્તો માટે ગાદલાં તકિયાવાળી બેઠકો ને એમના શહેરી અને સરકારી સંબંધો તથા વસંતના દોસ્તો માટે ખુરસીઓની ગોઠવણ કરવાની વાત નક્કી થઈ ગઈ. તો મંડપના ગેઈટ પાસે ચા-કૉફી ને ઠંડાં પીણાં માટેની પરબ જેવી વ્યવસ્થા પણ નક્કી થઈ ગઈ.

લગ્નને આગલે દિવસે બેય ટંકે આખું ગામ અને મહેમાનોને જમાડવાનું નક્કી થઈ ગયું. બીજે દિવસે જાન સાંજના જોડવાની હતી એટલે બપોરની હાજરીમાં પણ એ બધાને આમંત્રણ આપવાનુંય નક્કી થઈ ગયું.

કોઈએ ઉમરેઠથી બેન્ડ વાજાં મંગાવવાનો મમરો મૂક્યો તો કોઈએ વડોદરાથી દરબાર બેન્ડની વાત મૂકી તો વળી કોઈએ સુરતથી રઝાક બેન્ડ મંગાવવાનું સૂચવ્યું. ને ઘણી ચર્ચા વિચારણા પછી રઝાક પર મોટાએ પસંદગી ઢોળી.

આ બધા ભભકામાં વીસથી પચીસ હજારનું દેવું કરવું પડશે એની મોટાએ મનોમન ગણતરી કરી જ લીધી હતી. પણ એમણે એમ કહી મનમનાવ્યું કે ક્યારેક તો દીકરાનો પરણાવવાનો ખર્ચ કરવાનો જ હતો તો વરસ વહેલો કરીએ તો

એમાં વાંધો શાનો? વળી દાક્તર દીકરાની મા જમનાંનેય દીકરાની વહુના ઓરતા હોય જ ને.

## ૨.
## મકનભાઈની દશા.

**પીડાનું વાવેતર અમે ન્હોતું કર્યું કદી**
**તો પણ જુઓ કે બમણો આજ એનો ફાલ છે.**
**-મહેશ પ્રજાપતિ**

વસંતનાં લગ્ન રેગેચંગે પતી ગયાં તોય ધનજીભાઈને ત્યાં ગામપરગામના વહેવારિયા અને દોસ્તોની મહેફિલો તો મહિના સુધી ચાલતી જ રહી. એમાં હવે લગ્નની ઉજવણીમાં કરેલા ભભકાની વાતોની સાથે તેલૈયામાં બંધાનારા બંગલાની વાતો શરૂ થઈ ગઈ હતી.

ત્યાં કૌશિકના લગ્ન માટે માગાં આવવા માંડ્યાં. મોટાને હવે ના કહેવાનું કશું બહાનું ન હતું. વળી એમાંય ધનારાના અમેરિકાથી આવેલા પનુભાઈની દીકરી કલ્પના કૌશિકને પસંદ પડી ગઈ. કલ્પના બાવીસ વરસથી અમેરિકામાં હતી અને ત્યાં જ ભણેલી હતી. વળી રૂપાળીય એવી કે ફરતાં ગામમાં એની બરાબરી કરી શકે એવી કોઈ છોકરી કોઈની ભાળમાં ન હતી.

કલ્પના અમેરિકાની સીટીઝન હતી. એ અમેરિકામાં જ જન્મેલી અને ત્યાં જ ભણીને બીઝનેસમાં આ વર્ષે જ ગ્રેજ્યુએટ થયેલી હતી. ભણતાં એ નાનાં મોટાં કામ કરતી રહેલી પણ હવે ગ્રેજ્યુએટ થયા પછી એ પોતાની લાઈનની જોબ શોધતી હતી.

એ જેમ જોબ શોધતી હતી એમ એના પિતા એને માટે મૂરતિયો શોધતા હતા. આમ તો અમેરિકામાં છોકરીઓ ગ્રેજ્યુએટ થાય ત્યાં સુધીમાં પોતાનો લાઈફ પાર્ટનર શોધી લેતી હોય છે પણ કલ્પનાની બાબતમાં એવું ન હતું. એમ નહીં કે તેણે એ દિશામાં પ્રયત્ન કર્યા ન હતા પણ એની ઊંચાઈ ત્યાંની અન્ય છોકરીઓને હિસાબે ઓછી એટલે કે પાંચ ફીટ ત્રણ ઈંચ જ હતી

એટલે એ સાથી મેળવવામાં નિષ્ફળ રહેલી.

છેવટે એના પિતા પનુભાઈએ એને સમજાવ્યું કે એ જો દેશમાં જઈને લગ્ન કરવા સંમત થાય તો એને સારું ભણેલો અને દેખાવડો જીવનસાથી મળી રહેશે. ને કલ્પનાનેય થાક્યા પછી હવે એમની વાત સાચી લાગી હતી એટલે કલ્પનાનાં માબાપ અને આ ભાઈ બહેન દેશમાં આવ્યાં હતાં.

ને તપાસ કરતાં એમને કૌશિકની ભાળ મળી હતી. કૌશિકની ઊંચાઈ પણ પાંચ ફીટ પાંચ ઈંચ હતી, વળી એને અમેરિકા જવાનો મોહ પણ ખરો એટલે એણે પિતાને કલ્પના સાથે એનાં લગ્ન કરાવવા રાજી કરી લીધા હતા.

અમેરિકાથી આવેલી સામાન્ય છોકરીઓ પણ ઊંચું ભણેલા મૂરતિયા લઈ જાય છે પણ કલ્પના તો ગ્રેજ્યુએટ હતી. એટલે કૌશિકભાઈનાં લગ્ન ગોઠવાઈ ગયાં. મોટાય પોતાનો દીકરો અમેરિકા જાય એમ તો ઈચ્છતા જ હતા ને!

મોટાએ પણ એ લગ્નમાં મંજૂરીની મહોર મારી. ને એનાં લગ્નય વસંતનાં લગ્નની જેમ ધામધૂમથી ઉજવાયાં. ને બે જ મહિનામાં કૌશિક અમેરિકા પહોંચી પણ ગયો હતો.

ઉપરાઉપરી બેબે લગ્નની ધામધૂમ કરતાં ધનજીભાઈની આડી અવળી રાખી મૂકેલી બચત તો તણાઈ જ ગઈ એટલું જ નહીં પણ એમને ખાનગીમાં પાંત્રીસ હજાર રૂપિયાનું દેવું પણ કરવું પડ્યું.

પણ એમને મનમાં એક વાતે સંતોષ હતો કે બેય અવસર પોતાના મોભા પ્રમાણે પોતે ભભકાથી ઊજવ્યા હતા. એમને મનમાં શ્રધ્ધા હતી કે એમના દીકરા એમની આ ભીડ વર્તાવા દેશે નહીં.

ને એમની નજર સામે જ દાખલો હતો. એમના જ ગામના એમના મિત્ર મકનભાઈના ગૌતમનો. એમનો દીકરો ગૌતમ શહેરમાં જઈ બંગલા ને મોટરવાળો થઈ ગયો હતો. એણે શહેરમાં વિશાળ મકાન લીધું હતું ને મકનભાઈ અને એમનાં

પત્ની હીરાબેનને પાતાની પાસે શહેરમાં બોલાવી લીધાં હતાં.

એની સામે પોતાના તો બેય દીકરા ઊંચું ભણેલા હતા. ને બેય સામેથી કહેતા હતા કે એક જ વર્ષમાં તેલૈયામાં વિશાળ હવેલી બાંધવા માટે પૈસા મોકલી આપશે.

પણ ધનજીભાઈને મકનભાઈની સાચી સ્થિતિની ક્યાં ખબર હતી? એમને તો શું પણ ગામમાં કોઈનેય ક્યાં ખબર હતી! હા, એક જણે એક વખત વાતવાતમાં કહ્યું હતું ખરું કે મકનભાઈની સ્થિતિ બહારથી દેખાય છે એવી ન હતી.

*

મકનભાઈનાં પત્ની હીરાબેન કોઈના અવસર પ્રસંગે ગામમાં આવતાં ત્યારે કાયમ એકની એક જ સાડી પહેરીને આવતાં એ જોઈ એમની એક બેનપણીએ એક વખત પૂછ્યું હતું: 'ભાભી, તમે કાયમ આ ને આ જ સાડી કેમ પહેરો છો? ગૌતમભાઈ તો તમને રોજ નવી નવી સાડી લઈ આપે એવા છે. આમાં તો ગૌતમભાઈનુંય ખરાબ દેખાય.'

'બેન, સાડીઓ તો મારી પોસે બધી ઢગલો પડી છે પણ મને આ જ સાડી બહુ ગમે છે એટલે પહેરું છું. આવતે વખતે બીજી પહેરીને આવીશ જો તને એમ લાગતું હોય તો.' હીરાબેને ઠાવકે મોએ કહ્યું હતું તો ખરું પણ ફરીને વખતે નવી બીજી સાડી ક્યાંથી આવશે એની એ મનમાં ચિંતા કરી રહ્યાં હતાં. સાચી વાતની તો કોઈને ક્યાં ખબર હતી? હીરાબેનના મો પરથી પેલીને કશો અણસાર વરતાય એમ પણ ન હતું.

પણ આમ કરીને એ પતિ પત્ની બેય જણાં ધોલ મારીને ગાલ રાતા રાખતાં હતાં. બાકી શહેરમાં તો હીરાબેનને કાયમ વહુનાં ઊતરેલાં સાલ્લા ને ગાઉન જ પહેરવા મળતાં હતાં. મકનભાઈ પણ ઉનાળો હોય કે શિયાળો, ઘરમાં કાયમ સધરો જ પહેરવા પામતા હતા.

એમની પાસે લગનમાં પહેરી જવા જેવાં બે ધોતિયાં ને બે પહેરણ હતાં પણ એ જો ઘરમાં પહેરવા માંડે તો બહાર

પહેરવાનાં કપડાંનું શું? એમણે આજ સુધી ગૌતમને નવાં કપડાં માટે કશું કહ્યું ન હતું કે ગૌતમે એમને ન કદી એ બાબતમાં પૂછ્યું હતું.

ને ઘેર પહોંચ્યા પછી હીરાબેને બીતાંબીતાં આ વાત વહુને કરી હતી. ને વહુનો પિત્તો ગયો હતો. 'પૈસા કંઈ એમ વાટમાં ઓછા પડ્યા છે કે અવસરે અવસરે નવીનવી સાડીઓ પહેરવાની હોય! તમને એ બધીઓની વાતો સાંભળી લેવાની ને ઘરની વાતો બહાર કરી અમને ભૂંડાં દેખાડવાની ટેવ ખરી ને પાછી.'

'અમે તો ગામમાં તમારી સાથે આવીએ છીએ ને તમારી સાથે જ પાછાં આવીએ છીએ. મારા ઠકોરજીના સમ જો અમે ઘરની કશી વાત બહાર કરી હોય તો. પણ હું એકની એક સાડી પહેરીને બધાંના અવસરમાં જાઉં એ તો એમની નજરમાં આવી જ જાય ને!'

'આ ગામવાળાંને આવી કુથલી કરવા સિવાય બીજું કામ હોય છે કે નહીં! ને આવી વાત હોય તો મને કહેવું જોઈએ ને!' કહેતાં એણે પોતાના ક્લોઝેટમાંથી બે સાડીઓ કાઢીને સાસુને આપી.

આ બેય સાડીઓ આમ તો નવા જેવી જ દેખાતી હતી પણ હીરાબેનને ખબર હતી કે એકનો રંગ રમાને પસંદ ન હતો ને બીજી એણે પાંચસાત વખત પહેરી લીધેલી હતી. આ સાડીઓ આપતાં રમાએ કહ્યું: 'જુઓ આ બે સાડીઓ આપું છું એ સાચવીને પહેરશો તો પાંચ વરસ ચાલશે. પણ તમને કપડાં સાચવવાની ચિવટ જ ક્યાં છે?'

હીરાબેને ધાર્યું હોત તો વહુને એની કપડાંની સાચવણીની બાબતમાં ઘણું કહી શક્યાં હોત પણ એ મૂંગે મોએ લાચારીથી વહુનું બોલવું સાંભળી રહ્યાં. બીજું કરે પણ શું? ગામમાંનું ઘર પણ હવે રહ્યું ન હતું એટલે એમને વહુને આશરે જ જન્મારો કાઢવાનો હતો ને!

બહારથી આવતા મકનભાઈએ વહુનું બોલવું થોડુંક સાંભળ્યું હતું પણ એમણે વચમાં પૂરાઈને વહુને સામેથી વઢવાનો મોકો આપવો નહોતો એટલે એય ગમ ખાઈ ગયા.

એમના દીકરા ગૌતમને પૈસાની કાંઈ તકલીફ ન હતી પણ એક તો એ સ્વભાવનો પહેલેથી જ કંજુસ અને એમાંય બૈરીનું સાંભળીને ચાલે એટલે હીરાબેનની વાત એના મનમાં આવે કે ઊતરે જ ક્યાંથી?

એને તો એનીય ખબર ન હતી કે બિચારાં હીરાબેન ઘરનાં બધાં કામ ઢસરડે છે ને રમા વગર કામે પોતાની બેનપણીઓમાં ઘૂમ્યા કરે છે.

બિચારાં હીરાબેન પોતાનાં ગયા જનમનાં પાપ સામાં આવતાં હશે એમ માનીને મન મનાવ્યે રાખે ને માથે પડ્યું સહ્યા કરે.

ગૌતમની વહુ કોઈ નોકરી કરતી ન હતી પણ આખો દિવસ એના જેવી નવરી અને હાથની છૂટી બેનપણીઓની સાથે પાર્ટીઓમાં ને શોપિંગમાં ભમ્યા કરતી હતી. ઘરકામ માટે તો એણે હીરાબેન નામની બાઈ રાખી હોય એમ એ માનતી હોય એમ લાગતું હતું. ગૌતમ તો આખો દિવસ નોકરી પર હોય. રજાને દિવસે એ ઘેર હોય તોય એને માબાપની ખબર પૂછવાનીય ક્યાં પડી હતી!

જ્યારે એ બેય એકલાં હતાં ત્યારે ગૌતમને ઘેર કામવાળી હતી પણ જ્યારથી મકનભાઈ અને હીરાબેન એમની સાથે રહેવા આવ્યાં ત્યારથી રમાએ કામવાળીના કામમાં ભૂલો કાઢીને એને ધમકાવ્યા કરીને કામ છોડી દેવા મજબુર કરી દીધી હતી. પછી બીજી કામવાળી મળતી નથી એમ હીરાબેનના મનમાં ઠસાવવાનો ઢોંગ કરી નવી કામવાળી રાખી ન હતી.

કામવાળીના પગારના જે પૈસા બચતા હતા એ રમા પોતાના મોજશોખમાં છૂટથી વાપરતી હતી. પોતે કામવાળી વગર ઘર ચલાવીને એ પૈસા બચાવે છે એમ એ ગૌતમના

મનમાં ઠસાવતી રહેતી.

હીરાબેન એની એ ચાલ સમજી ગયાં હતાં પણ કજિયાનું મો કાળું એમ ગણીને એ ચૂપ રહેતાં હતાં ને આખા ઘરનો ઘસડબોરો કર્યા કરતાં હતાં. એમને કામવાળીની અને રસોયણની એમ બેબે ફરજો બજાવવી પડતી હતી. ને પેલીને જરાય મહેનત વગર બેય સમય તૈયાર ખાવાનું મળતું હતું.

બૈરાંના સ્વભાવથી પરિચિત મકનભાઈ જ્યારે ગામમાં આવવાનું થાય ત્યારે પત્નીને: 'ઘરની વાત બહાર કરવાથી ગામમાં આપણું જ ખોટું દેખાશે,' એવી મોઘમ ચેતવણી આપી જ દેતા હતા એટલે એ માનતા હતા કે એમના ઘરની વાતની બહાર કોઈને ગંધ આવી ન હતી.

એમનું માનવું કેટલેક અંશે સાચું પણ હતું પણ કેટલાકને તો મકનભાઈની સ્થિતિનો વહેમ આવી જ ગયો હતો. એટલે તો વાત ફરતી ફરતી ધનજીભાઈ પાસે આવી ને!

હીરાબેન કાયમ મનને કોસ્યા કરતાં હતાં કે ગામમાંનું પોતાનું ઘર કાઢી નાંખ્યું ન હોત તો દીકરા ને વહુનાં લૂંડાપણાં કરવાને બદલે ગામમાં જતાં રહેવાત. એ ધણીને આવી વાત કરતાં ત્યારે મકનભાઈ પણ મનમાં પસ્તાઈ રહેતા. એમણે દીકરાની વાતથી ભોળવાઈને પોતાનું બાપદાદાનું ઘર વેચી દીધું હતું એનો રંજ એમના મો પર પથરાઈ જતો.

*

વસંતે મુંબઈમાં દવાખાનું શરૂ કર્યું એ વાતને છ મહિના થઈ ગયા હતા ને કૌશિક પણ ચારેક મહિના પહેલાં અમેરિકા પહોંચી ગયો હતો. એટલે ધનજીભાઈ એ લોકો પૈસા મોકલી આપે એની વાટ જોઈ રહ્યા હતા. પણ એમના તરફથી ખુશી સિવાયના કોઈ સમાચાર આવતા ન હતા એટલે ધનજીભાઈનેય શંકા થવા માંડી કે એ લોકોય પેલો કહેતો હતો એમ ગૌતમના જેવું તો નહીં કરે ને! પણ એમણે વિચાર્યું, એની વાતની ચકાસણી કર્યા સિવાય કશું માની ન લેવાય.

એમને મનમાં થયું કે એક વખત મકનભાઈની હાલતની ખાતરી કરી જોવી જોઈએ. કદાચ પેલો કહેતો હતો એવું કશું ન પણ હોય! વળી ગૌતમ જ્યારે ગામમાં આવતો ત્યારે ધનજીભાઈને પોતાને ત્યાં શહેરમાં ક્યારેક આવવાનું તો કહેતો જ હતો.

હવે ધનજીભાઈનેય પેલા દોસ્તની વાતની ખાતરી કરવાનું મન થયું હતું એટલે એક દિવસ એ શહેરમાં મકનભાઈને ત્યાં જઈ પહોંચ્યા.

રમા તો એની કાયમની ટેવ મુજબ ઘરથી બહાર જ હતી. ગૌતમ પણ નોકરી પર ગયો હતો. ધનજીભાઈ એમને ત્યાં પહોંચ્યા ત્યારે મકનભાઈ પંચિયું ને સધરો પહેરીને ઘરમાં કચરો કાઢી રહ્યા હતા ને હીરાબેન પાછળની ચોકડીમાં વાસણ ઊટકી રહ્યાં હતાં.

ધનજીભાઈને આમ અચાનક આવી ચડેલા જોઈને બેયની શરમનો તો પાર જ ન રહ્યો. એમને વધારે શરમ તો એ વાતે આવી કે મોટા એમને આવા વેશમાં અને આવાં ઘરનાં કામ કરતાં જોઈ ગયા. એમને લાગ્યું કે એમની બાંધી મૂઠી ધનજીભાઈ જેવા ગામના આગેવાન સમક્ષ ખૂલી ગઈ હતી.

મકનભાઈએ કચરો એક ખૂણામાં હડસેલતાં ઝાડું એક તરફ મૂકી દીધું. હીરાબેન પણ ગાઉનથી હાથ લૂછતાં બાજુના ઓરડામાં પેસી ગયાં. થોડી વાર પછી કપડાં બદલીને બેઠકખંડમાં આવ્યાં ત્યારેય એમનો ક્ષોભ ઓછો થયો ન હતો.

‘અલ્યા, તમે બેય જણાં તો જાણે વગડે લૂટાઈ ગયાં હોય એમ કેમ છો! તમારે કચરો કાઢવાનાં ને વાસણ ઊટકવાનાં કામ કેમ કરવાં પડે છે? કામવાળી નથી રાખતાં કે શું?’ ધનજીભાઈથી બોલી જવાયું.

‘કામવાળી તો એ બેય જણાં શોધે છે પણ અહીં શહેરમાં આપણા ગામની જેમ તરત કામવાળી નથી મળતી. એટલે જ્યાં સુધી કામવાળી ના મળે ત્યાં સુધી ઘરનાં આવાં નાનાં નાનાં

કામ જાતે કર્યે જ છૂટકો. ને અમારે નવરાં બેસીને બીજું કરવાનુંય શું?' છપાઈ ગયા છતાં ઠાવકું મો રાખીને હીરાબેને કહ્યું પણ ધનજીભાઈની નજરમાં એમની ગમગીની આવ્યા સિવાય ન રહી.

'વહુ ઘરમાં જણાતી નથી. એ ક્યાંક બહાર ગઈ છે કે શું?' એમણે પૂછ્યું.

'એ એની એક બેનપણીને ઘેર ગઈ છે. બનતાં સુધી બારેક વાગે તો આવી જશે એમ કહેતી હતી.' હીરાબેને વહુની વાત પર ઢાંકપિછોડો કરતાં કહ્યું ને ઉમેર્યું: 'તમે બેય દોસ્તો વાતો કરો ત્યાં સુધીમાં હું તમારે માટે ચા મૂકી લાવું.' ને એ રસોડામાં પેઠાં.

ધનજીભાઈએ સોફામાં બેસતાં બીડી કાઢી અને મકનભાઈનેય ધરી. મકનભાઈએ બીડી લીધી તો ખરી પણ રમાનો ઘરમાં બીડી ન પીવાનો વટ હુકમ યાદ આવતાં કહ્યું: 'આવો ને આપણે પાછળ ખુલ્લામાં જ બેસીએ. તમને તો અહીં બંધિયાર જગામાં નહીં ગમે.' કહેતાં એમણે પાછળનું બારણું ખોલી બે ખુરસીઓ બહાર મૂકી. કાંઈક ગૂંચવાતાં ને મનમાં જાગેલી શંકાનો તાગ મેળવવા મથતાં ધનજીભાઈ એમની સાથે બહાર જઈ ખુરસી પર બેઠા.

બેય જણા બહાર બેઠા એટલે ધનજીભાઈએ પાછળની બાગવાળી ખુલ્લી જગા જોતાં કહ્યું: 'અહીં શહેરમાં પણ ગૌતમે સારી છૂટવાળું ઘર લીધું છે ને!'

'આપણે ગામમાં છૂટથી રહેલા એટલે આટલી છૂટ તો જોઈએ જ ને! એણે આવું છૂટવાળું મકાન લીધું એટલે તો અમે ગામવાળું ઘર કાઢી નાખીને અહીં રહેવા આવી ગયાં ને! શરૂમાં તોય થોડું અતડું અતડું લાગતું હતું પણ હવે ગમવા માંડ્યું છે.'

મકનભાઈએ આમ કહ્યું તો ખરું પણ એમના અવાજમાં એમની ગમવા માંડ્યાની વાતનો કશો ઉમળકો વર્તાતો ન હતો. ધનજીભાઈને એમની એ ગમી ગયાની વાત પર ભરોસો ન બેઠો

છતાં એમણે મૌન રહી મકનભાઈનું બોલવું સાંભળ્યા કર્યું.

‘પણ તમારે ઘરનો કચરો કાઢવો પડે ને ઘરડાંનેય આ ઉંમરે ઘરનાં કામ કરવાં પડે એ તો બરાબર નહીં ને! આપણે ત્યાં તો એક કામવાળી જતી રહે તો કાચીઘડીમાં બીજી કામવાળી મળી જાય. મળી જાય શું પણ સામેથી પૂછવા આવે. તમને ક્યાં એની ખબર નથી?’

ત્યાં હીરાબેન ચાના કપ લઈને આવ્યાં એટલે મકનભાઈએ ઘરમાંથી નાનકડું ટેબલ લાવીને બેય ખુરસીની વચમાં મૂક્યું. હીરાબેન ચાના કપ મૂકીને ગયાં ને અંદરથી નાસ્તાની બે ડીશો લાવીને ટેબલ પર મૂકી ગયાં.

ધનજીભાઈએ નોંધ લીધી કે એમણે પેલી એમની મનગમતી કહેવાતી સાડી જ પહેરી હતી. જો કે હીરાબેન પાસે તો હવે વહુની ઉદારતાને કારણે બે બીજી પણ નવી લાગે એવી સાડીઓ આવી ગઈ હતી પણ વહુના હુકમ મુજબ એ બેય સાડીઓ સાચવીને પહેરવાની હતી ને!

‘તમે જો ગામમાંનું બાપદાદાનું ઘર કાઢી ન નાખ્યું હોત તો હું તમને આજે જ પાછાં ગામમાં લઈ ગયો હોત. ને મારું માનો તો હજુ મોડું નથી થયું. ગામમાં એક બીજું ઘર લઈને પાછાં આવતાં રહો. તમારાથી ના કહેવાતું હોય તો હું ગૌતમને વાત કરું.’

‘હમણાં તો ગામમાં ઘર લેવાનું વિચાર્યું નથી પણ એવો વિચાર થશે તો તમને પૂછીને એક એક સારું ઘર લઈ લઈશું. એમાં શી મોટી વાત છે? ગૌતમને કહેતાં જ વાર. એનેય ગામમાં કોઈના અવસરમાં આવીએ ત્યારે બીજાને ઘેર રોકાવું પડે છે એ ગમતું તો નથી જ.’ મકનભાઈએ પોતાની વાત પર ઢાંકપિછોડો કરતાં કહ્યું પણ ધનજીભાઈ જેવા મુત્સદ્દીની નજરમાં એમની સાચી પરિસ્થિતિ આવી ગયા વગર રહે ખરી? એમની આવી સ્થિતિએ એમનેય વિચાર કરતા કરી દીધા.

એમને ગળા સુધી ખાતરી હતી કે એમના દીકરા ગૌતમ

જેવા નહીં જ નીકળે. વળી એ બેય તો ગૌતમ કરતાંય વધારે ભણેલા છે. નાનો અમેરિકા હશે ને મોટો દેશમાં હશે તોય દાક્તર છે. વળી નાનો તો અત્યારથી જ તેલૈયામાં વિશાળ બંગલો બંધાવી આપવાનું કહેવા માંડ્યો છે.

છતાં મકનભાઈની હાલત જોયા પછી એમને પોતાના દીકરાઓને નાણી જોવાની તાલાવેલી તો લાગી જ.

એમણેય વસંતને પોતાની સોનાના સાંકળા જેવી પાંચ વીઘાં જમીન વેચીને દવાખાના માટે જગા લેવા લાખ રૂપિયા આપ્યા જ હતા ત્યારે વસંતે સામેથી કહ્યું હતું કે તેલૈયામાં બંગલો બાંધવા જેટલા પૈસા તો પોતે એક જ વરસમાં મોકલી આપશે.

પણ મકનભાઈની પરિસ્થિતિ જોયા પછી એમને પોતાના દીકરાઓની વાતની ચોક્સાઈ કરવાની તાલાવેલી જાગી. ને હવે તો એ બન્ને સેટ પણ થઈ ગયા હતા એટલે તેલૈયામાં બંગલો બાંધવાની વાત શરૂ કરવામાં શું ખોટું પણ ન હતું.

એમણે મનોમન બેય દીકરાને નાણી જોવાની તરકીબ વિચારવા માંડી. એમને થયું કે બેયની પાસે પૈસા મોકલવાની સીધી વાત કરવાને બદલે એક એક કાગળમાં એવી રીતે મોઘમ લખવું કે એમને પૈસા મોકલવાનું સૂચન આપોઆપ મળી જાય.

## 3.
## દાક્તર દીકરો હાથથી ગયો

**સ્નેહભીના સંબંધોના સેંકડો ટુકડા થયા**
**કાળના ખપ્પરની જુઓ કેવી કાતિલ ધાર છે!**
**-મહેશ પ્રજાપતિ**

જો પોતાના બેય દીકરા હાથ ઊંચા કરી દે તોય થોડી કરકસર કરે તો પોતે આરામથી રહી શકે એટલી એમની ખેતીની આવક તો હતી જ. પણ આ વાત બહાર જાય તો ધનજીભાઈને

તો પોતાની આબરૂ ગયા જેવું લાગે. એમને તો બહાર નીકળતાંય શરમ આવે, એટલે ઘણા વિચારને અંતે એમણે બેય દીકરાઓને બરાબર ગોઠવીને કાગળો લખ્યા.

એમણે પૈસા માટે સીધું લખવાને બદલે મોઘમ લખ્યું: ભગવાનની દયાથી તમે લોકો બરાબર સેટ થઈ ગયા છો એનો આનંદ છે. મેં તેલૈયામાં બંગલો બાંધવા માટે આર્કિટેક મનસુખ મહેતાને પ્લાન બનાવવા આપી દીધા છે ને એમણે બેએક અઠવાડિયામાં એ બનાવી આપવાનું કહ્યું પણ છે.

એમણે ખર્ચનો રફ અંદાજ આપ્યો છે કે આપણા નામને શોભે એવો બંગલો બનાવવો હોય તો પંદરથી સત્તર લાખ રૂપિયા થશે. પછી ફરનિચરના પણ વધારે નહીં તો બીજા દોઢેક લાખ થશે. અત્યારની મોઘવારીમાં એટલા તો થાય જ.

મેં એમને પ્લાનની બે કૉપી વધારે કાઢવાનું કહ્યું છે. એ આવશે એટલે તમને મોકલી આપીશ કે જેથી તમારે એમાં કશા ફેરફાર કરાવવા હોય તો તમે જણાવી શકો.

તો વસંતના પત્રમાં એમણે વધારામાં લખ્યું હતું: ચૂંટણી નજીક છે એટલે મારાથી હમણાં અહીંથી નીકળાય એમ નથી પણ ચૂંટણી પત્યે હું મુંબઈ રૂબરૂ આવી જઈશ. ત્યાં સુધીમાં પ્લાન પણ તૈયાર થઈ ગયા હશે એટલે એમાં જે ફેરફાર કરવા જેવા હશે એની વાત આપણે રૂબરૂમાં ચર્ચી લઈશું.

બેય કાગળો ટપાલમાં રવાના કરતાં ધનજીભાઈ મનમાં વિચારતા હતા કે પ્લાન તૈયાર થાય એ પહેલાં જ ભલું હશે તો બેય જણા પંદરને બદલે વીસ લાખ રૂપિયા મોકલી આપશે. પોતાના દીકરાઓ ગૌતમ જેવા નહીં જ નિવડે એનો એમને ગળા સુધી ભરોંસો હતો.

વસંત મુંબઈમાં ગોઠવાવા પ્રયત્ન કરતો હતો એમ એ બધાને કહેતો હતો પણ મુંબઈમાં એ સારી રીતે ગોઠવાઈ જ ગયો હતો. એને રહેવાનું મકાન તો ભાડેથી મળી ગયું હતું પણ દવાખાના માટેની જગા તો ઓછા મોકાવાળી હતી છતાં ઊંચી

પાઘડી આપીને લેવી પડી હતી.

પણ જ્યાં ગામડાના દાક્તરોય ચાર હાથે કમાણી કરતા હોય ત્યાં મુંબઈની કમાણીની તો વાત જ શી કરવી? એટલે એ સારું કમાતો હતો. એની પ્રેક્ટિસ છ જ મહિનામાં જામી ગઈ હતી.

ધનજીભાઈએ પોતાની જમીનમાંથી પાંચ વીઘાં ઓછાં કરીને એને ટેકો કર્યો હતો તોય એને બૅંકમાંથી લાખ રૂપિયા લેવા પડ્યા હતા. એના સસરા સનતભાઈએ બૅંકમાં જામીન થઈને એને એ લોન અપાવી હતી. પણ આ તો એની દાક્તરીની આવક સામે તો કંઈ વિસાતમાં જ નહોતું.

ધનજીભાઈએ એને એ પૈસા આપતાં સ્પષ્ટ કહી દીધું હતું કે એમના તરફથી એ છેલ્લી મદદ હતી. હવે એમની પાસે ન તો રોકડ બચી હતી કે ન તો એ કોઈ વધારે જમીન વેચવા માગતા હતા. આ જમીન વેચી એમાંય લોકોને તો ખબર પડી ગઈ હતી કે દીકરાઓને ભણાવવામાં ને એમને રાગે પાડવામાં પોતે તણાઈ ગયા હતા.

હવે એકલી ખેતીની આવક પર ઘર ચલાવવાનું શક્ય બનશે નહીં એટલે એણે દર મહિને ઓછામાં ઓછા દસ હજાર રૂપિયા એમને મોકલવા જ પડશે. એમને કાંઈ મહિને દસ હજાર રૂપિયાની જરૂર પડવાની ન હતી પણ એમણે એ રકમ છૂટથી મૂકી હતી.

વસંતે એમને સધિયારો આપ્યોય હતો કે એમને એવી ચિંતા કરવાની જરૂર ન હતી. એ એમને દર મહિને દસ હજાર રૂપિયા કરતાંય વધારે રકમ મોકલ્યા કરશે એટલે એ આબરૂભેર જીવી શકશે.

પણ એ પૈસા મોકલવાના તો એક તરફ રહ્યા ને બીજા જ મહિનાથી એણે રોદણાં રડવા માંડ્યાં હતાં કે પોતે ધંધામાં હજુ નવો હતો અને દવાખાનું મુખ્ય રસ્તા પર ન હતું એટલે એની પ્રેક્ટિસ બરાબર ચાલતી ન હતી. હજુ છ મહિના એનાથી

પૈસા મોકલી શકાશે નહીં એટલે એટલો વખત નિભાવી લેવા એણે બાપાને જણાવી દીધું હતું. પછી મોટાએ દીકરાની અગવડ જાણીને એની પાસે માગણી કરવાનું બંધ કર્યું હતું.

ધનજીભાઈએ નાના દીકરા કૌશિક પાસે પૈસાની ટહેલ નાંખી તો બે મહિના સુધી તો એના તરફથી કશો જવાબ જ ન મળ્યો. પછી ફરીથી પત્ર લખતાં જવાબ આવ્યો કે પોતે હજુ પોતાની લાઈનની જોબ મેળવી શક્યો નથી એટલે હમણાં છ મહિના તો એનાથી કાંઈ થઈ શકે તેમ નથી એટલે મોટાભાઈ એટલો વખત સાચવી લે તો એને પોતાને સેટ થવામાં મદદરૂપ થશે. વળી હમણાં તેલૈયામાં મકાન બાંધવાની શી ઉતાવળ છે? આપણું રહેવાનું ઘર બધી સગવડવાળું છે જ ને!

નાનાનો આ કાગળ વાંચતાં તો મોટા કાળઝાળ થઈ ઊઠ્યા પણ એ ગમ ખાઈ ગયા. તેલૈયામાં હવેલી જેવો બંગલો બાંધવાની વાતની શરૂઆત જેનાથી થઈ હતી એ જ જ્યારે આમ પાણીમાં બેસી જાય ત્યારે મોટાને કેવું લાગે?

વળી આ હવેલી જેવા બંગલાની વાત તો આખા ગામમાં જાણીતી થઈ ગઈ હતી. ને લોકોય હવે તો પૂછતા હતા કે હવેલીનું ખાત મુરત ક્યારે કરો છો?

વાત બહાર પડી ન હોત તો કદાચ મોટાને કૌશિકની આ વાતનું આટલું ખોટું ન લાગ્યું હોત પણ હવેલી બાંધવાની આ વાત તો હવે ફરતાં બારેય ગામમાં જાણીતી થઈ ગઈ હતી.

ચૂંટણી પત્યે એક વખત મુંબઈ જઈને મોટા દીકરાનો તાગ લીધા પછી આગળ વાત એમ મનથી નક્કી કરી એમણે ચૂંટણીમાં મન પરોવ્યું. પણ એમને હૈયેથી કૌશિકની આ વાત ખસતી ન હતી. એમને પૈસાની ચિંતા ન હતી પણ પોતાના જેવો મુત્સદ્દી માણસ પોતાના છોકરાઓને ઓળખવામાં થાપ ખાઈ ગયો એ એમને શરમાવા જેવું લાગતું હતું.

*

ચૂંટણી પત્યા પછીય એમણે મહિનો તો એમ વિચારીને

મુંબઈ જવાનું પાછું ઠેલ્યા કર્યું કે વસંત કહે છે એમ એને ભીડ હોય તો એની પાસે તકાદો કરીને એને શરમાવવાનો અર્થ નહીં.

વચમાં એક પ્રસંગ જો ના બન્યો હોત તો એમનું મુંબઈ જવાનું બીજા બે મહિનાય પાછું ઠેલાયું હોત. ચારેક દિવસ પહેલાં એ બજારમાંથી જતા હતા ને વખતચંદ શેઠે એમને ટૌકો કર્યો: 'કેમ મોટા, બારોબાર! કોઈક દિવસ તો અમારી દુકાને પગલાં પાડો.'

'હું તારી દુકાને આવીશ તો વખત, તને પાલો ચાની ખોટ જશે. તોય તેં બોલાવ્યો તો લે ચાનું કહે.' કહેતાં મોટા વખતચંદની દુકાનનાં પગથિયાં ચડ્યા.

'એ શું બોલ્યા મોટા, તમારાથી ચા વધારે છે! પણ તમે મારી દુકાને આવો છો જ ક્યાં?'

'કારણ વગર તો કોઈ વાણિયાની દુકાનમાં પેસતું હશે! પણ આજે તેં મને સામેથી બોલાવ્યો છે તે લાગે છે કે તારે કશું કામ હશે. બોલ, શું કામ છે?' મોટાએ મજાક કરતાં કહ્યું.

'મારો હાથ જરા ભીડમાં છે એટલે જો પાંચસોક રૂપિયા આપો તો પલ સચવાઈ જાય.'

'અરે, ભીડમાં ના હોઉં તોય તારા નામાના પૈસા માગું એમાં ખોટું શું છે? કેટલા પૈસા નીકળે છે મારે આપવાના?'

'તમને મારાથી ખાતું ચૂકતે કરવાનું કહેવાય, મોટા!'

'લે હવે એવાં ગલ્લાંતલ્લાં કર્યા વગર હિસાબ જો અને કહે કે કુલ કેટલા બાકી નીકળે છે.'

વખતચંદે ખાતામાં જોઈને જ રકમની માગણી કરી હતી છતાં મોટાની સામે દેખાવ પૂરતો ચોપડો ખોલી કહ્યું: 'નીકળે છે તો નવસો ને દસ રૂપિયા પણ મારે પાંચસોની ભીડ છે એટલા જ મળી જાય તે બસ છે.'

'અલ્યા, તારું બીલ તો ધ્યાન બહાર જ ગયું. અત્યારે તો હું આણંદ જવા નીકળ્યો છું પણ તને પૈસા મળી જશે.' મોટાએ

ઘરમાં પડેલા સો રૂપિયા અને ખિસ્સામાંના બસો રૂપિયાનો અંદાજ કાઢતાં કહ્યું. એમને થયું કે આવી ભીડમાં આબરૂ ક્યાં સુધી સચવાશે?

આખે રસ્તે એમણે પોતાની મિલકત અને ખેતીની આવકનો તાળો મેળવવા માંડ્યો. એમને મનમાં થઈ ગયું કે પોતે જો પોતાનાં આબરૂ ને મોભા પ્રમાણે જીવવું હોય તો એટલાં સાધન જો કે પૂરતાં ન હતાં. એમને લાગ્યું કે હવે પોતાની રહેણીકરણી બદલવાની કે છાકરાંને સહારે જીવવાની વેળા આવી હતી.

વખતચંદની આ ઉઘરાણીએ એમને એમની સાચી સ્થિતિનું ભાન કરાવી દીધું હતું. આણંદમાં જઈને એમણે સૌ પહેલાં પોતાના ખિસ્સા ઘડિયાળની ત્રણ તોલાની સોનાની ચેઈન વેચી દીધી ને સાંજે બસમાંથી ઊતરીને બારોબાર શેઠની દુકાને જઈને એમનું નામું ચૂકતે કર્યું.

મોટાને બસમાંથી ઊતરીને બારોબાર નામું ચૂકતે કરવા આવેલા જોઈ વખતચંદ ડઘાઈ ગયો. એણે કહ્યુંઃ 'મોટા, મારી ભૂલ થઈ ગઈ કે મેં તમને બાકી પૈસાની યાદ દેવડાવી પણ મારો હાથ ભીડમાં હતો ને મને થયું કે મારે વ્યાજ ભરવું પડશે એટલે તમારી આગળ જીભ કચરાઈ ગઈ. અમે વ્યાજ ખાઈએ ખરા પણ જ્યારે વ્યાજ ભરવાની નોબત આવે ત્યારે અમને મરવા જેવું લાગે. ને તમે તો ખિસ્સું ખંખેરો તોય હજારની ઢગલી થઈ જાય એટલે તમારી પાસે મંગાઈ ગયા. તમે એનું ખોટું ન લગાડતા.'

'એમાં ખોટું લગાડવાની વાત જ શી છે? તેં આજે પહેલી વખત જ મારી પાસે પૈસા માગ્યા એટલે હું સમજી ગયો કે તું કશી ગૂંચમાં હોઈશ એટલે જ તેં મારી પાસે પૈસા માગ્યા હશે. એટલે તો શહેરમાંથી આવતાં જ થયું કે પૈસા ગજવામાં પડ્યા પડ્યા કંઈ વધવાના નથી એના કરતાં તને આપતો જાઉં તો તારું તો કામ પતે. અમારે તો વ્યાજ ભરવાનો કે વ્યાજ ખાવાનો ધંધો નહીં એટલે મારે તો પૈસા ઘરમાં પડ્યા હોય કે

પછી બૅંકમાં પડ્યા હોય.'

*

એમણે વખતચંદની સામે ભલે કુંફાડો માર્યો હોય પણ મનમાં તો એમણે એક યોજના ઘડી જ કાઢી હતી. બીજે જ દિવસે એમણે એમનાં પત્ની જમનાંબા સાથે મુંબઈની વાટ પકડી. એમને અચાનક મુંબઈ આવેલાં જોઈ વસંત અને એની વહુ રીટા થોડાં છપાઈ ગયાં: 'કેમ બાપુ, અચાનક! કહેવડાવ્યું હોત તો હું સ્ટેશન પર સામો આવત ને!' વસંત બોલ્યો.

'હું કેટલાય દિવસથી વસંતને કહેતી હતી કે બા અને બાપુને અહીં મુંબઈ બોલાવી લઈએ તો એમનેય ગમે ને આપણનેય નિરાંત. હજુ વસંતની પ્રોક્ટિસ જામી નથી ત્યાં સુધી હુંય એની ઑફિસમાં કામ કરું છું એટલે બહારનું કાચુંકોરું ખાવું પડે છે. જો તમે અહીં હો તો સાંજે ઘરનું ખાવા તો પામીએ.' રીટાએ પોત પ્રકાશ્યું.

એમને સાસુની નહીં પણ રસોયણની જરૂર હતી એ સાસુ અને સસરા બેયને સમજાઈ ગયું. ને કાચી ઘડીમાં એમના વહુના હાથનું ખાવાના ઓરતા પૂરા થઈ ગયા. પણ એમને હજુ એની ક્યાં ખબર હતી કે એમની વહુને તો સાસુની ઘરનાં બીજાં કામ માટેય જરૂર હતી.

'જુઓ રીટા, અમે કાયમ અહીં રહેવા આવવાનું નક્કી કર્યું નથી. મારાથી ગામનાં કામ છોડીને અહીં કાયમ માટે રહેવા અવાય એવું પણ નથી. અમે તો તમારી ખબર પૂછવા અને મુંબઈ જોવા આવ્યાં છીએ.' ધનજીભાઈએ વહુની વાત પર ઠંડું પાણી રેડતાં ચોખવટ કરી દીધી.

'એવું હોય તો તમે ત્યાં ગામમાં રહો ને બા અહીં રહે તો?' ભણેલી વહુએ ગણતર બતાવ્યું.

રીટાની આવી વાત સાંભળતાં મોટા મનમાં તો કાળઝાળ થઈ ગયા પણ પોતાનો ગુસ્સો મનમાં જ સમાવી એમણે કહ્યુ: 'એમ કરીએ તો તમારું તો જાણે સચવાઈ જાય પણ મને

ખાવાપીવાની અગવડ પડે એનું શું?'

'ત્યાં ગામમાં તો કોઈ પાડોસીને ત્યાંય ખાવાપીવાની ગોઠવણ થઈ શકે ને અમને બાના હાથનું ખાવાનું મળે તો બહારનું ખાવામાં અમને મહિને બેથી ત્રણ હજારનો ખર્ચો થાય છે એય બચી જાય.' ભણેલી વહુ વરતાઈ.

'એના કરતાં હું રોજ મંદિરમાં જ ખાઈ લેવાનું રાખું તો વધારે સસ્તુ પડે.' ધનજીભાઈએ ગુસ્સા પર કાબુ રાખી કહ્યું પણ એ સમજી શકે એવું વહુ ક્યાં ભણી હતી!

મોટાનો ગુસ્સો પારખી જતાં વસંતે પત્નીનો બચાવ કરતાં કહ્યું: 'બાપુ, એનું કહેવું એવું નથી પણ બા અહીં રહે તો અમને બેથી ત્રણ હજારની બચત થાય અને એટલા જ પૈસા અમે તમને દેશમાં મોકલીએ તમનેય કશી ભીડ ના પડે.' જાણ્યે અજાણ્યે વસંત પણ એની બૈરીના પલ્લામાં બેસી ગયો.

'એટલે કે તારી બા અહીં રહીને જે કામ કરે અને જે બચત થાય એટલા પૈસા તમે મને મોકલી આપો એમ ને? એટલે એનો અર્થ એ થયો કે મારે તારી બાની કમાણી પર જીવવાની વેળા આવી. દીકરાને દાક્તર બનાવ્યો તે આટલા માટે?'

'બાપા, તમે એમ અવળો અર્થ ન કાઢશો. મારી પ્રેક્ટિસ જામી જાય ત્યાં સુધીની વાત છે. પછી તો હું તમને દર મહિને બેથી અઢી હજાર મોકલ્યા કરીશ ને વધારામાં તમારે ખેતીની આવક તો છે જ ને! આમ તો એકલી ખેતીની આવકમાંથી જ ઘરનો ખર્ચ નીકળી જાય પણ તમને રોજ ડાયરા જમાવીને બેસવાની ટેવ છે એટલે બધાંને ચાપાણી કરાવવાના ને જમાડવાના આપણને ના પોસાય તેવા ખર્ચા થાય છે.' મહિને દસ હજાર કરતાંય વધારે મોકલી આપવાની વાત કરનાર દીકરાએ પોતાની કહેલી વાતનો જ છેદ ઉડાડી દીધો.

'મેં જ્યારે તને પાઘડી આપવાના પૈસા આપ્યા ત્યારે તો તું કહેતો હતો કે દર મહિને તું દસ હજાર કરતાંય વધારે રૂપિયા

મોકલી આપશે ને હવે શું તકલીફ આવી, કે પછી તારેય ના પોસાય એવા ખર્ચા કરવા પડ્યા? તો હવે તું જ કહે મારે શું કરવું?'

'જો તમે તમારી આ પટલાઈ પડતી મૂકો અને પાંચસાત વીઘાં જમીન ભાગિયા પાસેથી પાછી લઈને જાતે ખેતી કરાવો તો વરસે દિવસે નહીંનહીં તોય દસથી પંદર હજારનો ફાયદો થાય. પછી તમારે આમ અમારી પાસે પૈસા માગવા જ ન પડે.'

ધનજીભાઈ દીકરાની વાત સાંભળીને મનમાં એવા તો સમસમી ગયા કે એમને થયું કે શુંનું શુંય કરી નાખું. પણ એ મુત્સદ્દી માણસ ચૂપ રહ્યા. એમને થયું કે પાટવી કુંવર સાથે થોડી વધારે ચોખવટ કરવી જોઈએ.

એમણે કહ્યું: 'દીકરા, તેં કદી આપણા ઘરના ખર્ચનો હિસાબ જોયો નથી એટલે તને એમ લાગે બાકી આપણા ઘરનો એકલો સગાંઓની મહેમાનગતિનો ખર્ચ જ મહિને પાંચ હજાર થવા જાય છે. વળી હું રહ્યો આગેવાન માણસ એટલે જાણીતા ને અજાણ્યા બધાય આપણે ત્યાં દોડ્યા આવે. એમનોય બીજો એટલો ખર્ચ. જો કે તમારી પાસે પૈસા ન માગવા પડે એનોય રસ્તો મેં વિચારી જ રાખેલો છે.'

'એવા બધા લોકો તો તમે એમની આગતાસ્વાગતા કરો એટલે આવે. પણ તમારેય હવે સમજીને એ બધું બંધ કરી દેવું જોઈએ. હવે એવા ફાલતુ ખર્ચા આપણને ના પોસાય. તમારે આ ઉંમરે હવે આ બધી પંચાતમાં પડવામાંથી નિવૃત્તિ લઈને ઘેર બેસીને ભગવાનનું ભજન કરવું જોઈએ.'

ધનજીભાઈને વહુની સાથે હવે તો દીકરાનાં લક્ષણ પણ વરતાઈ ગયાં. જમનાંબા તો પતિ હમણાં દીકરાને કશુંક કહી બેસશે એની ચિંતા કરતાં મુંગાં જ થઈ ગયાં.

'લે દીકરા, તેં હજુ મને રાતી પાઈએય મોકલી નથી ત્યાં તું મને શિખામણ આપવા બેસી ગયો! તને ભણાવ્યો ગણાવ્યો અને પરણાવ્યો એનાય ખરચા મને પોસાતા ન હતા તોય કર્યા

ત્યારે તારું આ ગણિત ક્યાં ગયું હતું? તેં એ વખતે મને આ ગણાવ્યું હોત તો તને મેટ્રિક થતા પહેલાં જ નિશાળમાંથી ઊઠાડીને ખેતીમાં પરોવી દીધો હોત તો આજે આપણી બધી જમીન તું ઘેર ખેડતો હોત ને પેલું પાંચ વીઘાંનું ખેતર વેચવું પડ્યું એને બદલે પાંચ સાત વીઘાં બીજાં વેચાતાંય લેવાયાં હોત. મારી ચાલીસ હજારની બચત પણ ના તણાઈ ગઈ હોત.'

'તમારે પાંચ વીઘાં વેચવાં પડ્યાં એ વાત યાદ કરાવવાની જરૂર નથી. તમે મનમાં ધરપત રાખજો કે હું તમારા એ ચાલીસ હજાર અને ખેતરના એક લાખ રૂપિયા દૂધે ધોઈને પાછા આપી દઈશ.' બાપાએ એને હિસાબ ગણી બતાવ્યો એનાથી અકળાતાં વસંત બોલી ઊઠ્યો. પણ એણે બાપાને જે હિસાબ ગણી બતાવ્યો હતો એ એને દેખાતો ન હતો.

'દીકરા, તારું ગણિત બહુ પાકું છે પણ એમાં તારાં લગનના ખર્ચાના પચાસ હજાર રૂપિયા પણ ઉમેરી લેજે અને એ પૈસા મને જ્યારે દૂધે ધોઈને પાછા આપું ત્યારે એના પર એક ટકાનું વ્યાજ ગણીને આપજે એટલે ગામમાં કોઈ જાણે તોય તારે એમાં શરમાવાનું ના રહે.'

'એમાં ગામવાળાને શું?'

'ગામના લોકોની તો તને ખબર છે ને! એ લોકો પૂછે જ. અરે, કોઈ ના પૂછે તોય હું તો છાતી ઠોકીને કહી શકું ને કે મારા દીકરાએ એના ભણતરનો બધો ખર્ચ એક લાખ ને નેવું હજાર રૂપિયા મને દૂધે ધોઈને હિસાબ કરીને વ્યાજ સાથે પાછો આપી દીધો છે. પણ બધા કાંઈ તારા જેવા ચોક્કસ થોડા હોય છે? કોઈ ભણી રહ્યા પછી બાપને અંગુઠો બતાવી દે તો પેલાની શી સ્થિતિ થાય? એટલે મારી વાતથી જ એમને ચેતવણી મળી જાય ને દીકરાને ઊંચું ભણાવવા કે નહીં એ નક્કી કરવામાં એમને મદદરૂપ થાય અને કોઈને તારે માટે ઘસાતું બોલવાનુંય ના રહે.'

'બાપુ, તમે અકળાઈ ગયા છો એટલે આજે એ વાત પડતી મૂકો ને શાતિથી સૂઈ જાવ. આપણે કાલે વાત કરીશું.'

પોતાની વાતનું બાપાને બહુ લાગી આવ્યું છે એ પામી જતાં વસંતે ઓશિયાળા થઈ જતાં કહ્યું.

'સાંજ પડવા આવી છે એટલે આજની રાત તો રહી જ જઈશું. પણ તારે જે ચોખવટ કરવી હોય એ સાંજે ખાધા પછી કરી લેજે એટલે તારે ચોખવટ કરવા ગામમાં આવવું ના પડે કે મારે ચોખવટ કરાવવા અહીં તારે ઘેર ના આવવું પડે.'

મોટાએ તારે ઘેર કહીને વસંતના આ ઘરને પારકું કરી નાખ્યું પણ વસંત કે રીટાને એમાં કશું અજુગતું લાગ્યું હોય એમ જણાયું નહીં. એ લોકો તો આને પોતાનું જ ઘર ગણતાં હતાં ને.

'આવ્યા જ છો તો આઠ દસ દિવસ અહીં રહો તો મુંબઈ જોવાય. આ તો હજુ મારું દવાખાનું રાગે નથી પડ્યું એટલે સહેજ બોલાઈ ગયું. બાકી તમે ગમેતેમ માનો પણ તમારું ઘડપણ સુખમાં વીતે એમ કરવાની અમારી ફરજ છે.' વસંતે જે બોલાઈ ગયું હતું એના પર ઢાંકપિછોડો કરતાં કહ્યું.

'એમાં શું? આપણા ઘરની વાત હોય તો આપણે જ એનો નિવેડો આણવો પડે ને! મેં તો દીકરા, આખી જિંદગી પટલાઈ ફૂટી. હું તારા જેવું ઊંચું ભણેલો નહીં એટલે આજ સુધી બધું ચલાવ્યા કર્યું. હવે તારી સલાહ મુજબ ચાલવું હોય તો મારે ગામમાં પહોંચવું પડશે. ગામમાં જઈ બધી સંસ્થાઓમાંથી રાજીનામાં આપી દઈશ અને ઘરનાં બારણાં અંદરથી બંધ કરી દઈને શાંતિથી ભગવાનનું ભજન કરીશ. જતી વખતે બજારમાંથી એક માળાય લઈ જવી પડશે.'

'બાપા, તમે નાની સરખી વાતને આટલું મોટું સ્વરૂપ ન આપો. મને માફ કરી દો.' બોલતાં વસંતની આંખમાં આંસુ આવી ગયાં.

'દીકરા, આને તું નાની સરખી વાત કહે છે! અત્યાર સુધી પટલાઈની લ્હાયમાં ભગવાનનું નામ લેવાનુંય ભુલાઈ ગયું હતું તે હવે પાછલી ઉંમરે લેવાશે. અત્યાર સુધી કહેવત હતી કે ઘૈડિયાં જ ગાડાં વાળે એને બદલે હવે નવી કહેવત પડશે કે

ગાડાં તો ઊંચું ભણેલા જ વાળે.'

'બાપા, તમને એમનું કહેવું ના રુચ્યું હોય તો માફ કરજો પણ એમનો કહેવાનો આશય એટલો જ હતો કે જ્યારે આપણને પૈસાની ખેંચ હોય ત્યારે આવા ખોટા ખર્ચા આપણે બંધ કરી દેવા જોઈએ.'

બાપાની વાતથી એમના ગુસ્સાને પામી ગયેલો વસંત મનમાં મૂંઝાઈ રહ્યો હતો. એને મૂંગો થઈ ગયેલો જોઈ રીટાએ પોતાની સમજણ બતાવવાની તક લીધી. એય વસંતની જેમ અવળું ગણિત જ ભણી હતી ને.

એ બેયની આવી વાતોથી ધનજીભાઈને ઘણું લાગી આવ્યું. પણ એ પેલા મકનભાઈની જેમ હારી ખાય એવા ન હતા. એમણે દીકરા-વહુને એમને બરાબર યાદ રહી જાય એવો પાઠ ભણાવવાનું મનમાં જ નક્કી કરી લીધું.

એમને થયું કે પોતે તો બધી વાતે પહોંચતા હતા ને દીકરાની મદદ વગર પણ થોડી કરકસરથી જીવી શકે એવા ખમતીધર હતા અને દીકરાને પરચો બતાવી શકે એવા કાબેલ પણ હતા. પણ બધા એવા ન હોય ને! કેટલાક મકનભાઈ જેવા પણ હોય. એવાને તો કૂવે પડવા જેવો ઘાટ થાય.

છેવટે મનની વાત મનમાં જ દબાવી એમણે કહ્યું: 'દીકરા, હું તારી વાત સમજું છું. મને હવે આપણી સાચી પરિસ્થિતિની ખબર પડી ગઈ છે. પહેલાં તારે ઘરમાં અને દવાખાનામાં જે સોઈ કરવી પડે એ કરી લે પછી મને પૈસા મોકલજે. હા, ત્યાં સુધી મને એ રકમના વ્યાજના પૈસા દર મહિનાની પહેલી તારીખે મોકલ્યા કરજે. પછી જ્યારે તારી પાસે સગવડ થાય ત્યારે મને મૂળ રકમ એકી સાથે જ મોકલી આપજે એટલે અમે એને અમારી જીવાઈ માટે બૅંકમાં ફીક્સ કરાવી શકીએ કે બીજી કોઈ રીતે વાપરી શકીએ.'

એમણે મનોમન પોતાની અને મકનભાઈની સ્થિતિની સરખામણી કરવા માંડી. એમને લાગ્યું કે પોતાની સ્થિતિ

મકનભાઈ કરતાંય વસમી હતી. આ વાત જાહેર થાય એટલે પોતાને તો શરમાવા જેવું જ થાય.

મકનભાઈ એક સામાન્ય માણસ હતા પણ પોતે તો પંદરેય ગામમાં પંકાતા હતા. આવી વાતોમાં તો લોકો પોતાની સલાહ લેતા. જ્યારે પોતાના દીકરાઓ જ આવું કરે ત્યારે કયે મોએ પોતે પટલાઈ કરી શકે?

એમણે દીકરાની મદદ વગર જીવવું હોય તો થોડી જમીન કાઢી નાખીને એનું વ્યવસ્થિત રોકાણ કરીને જીવી શકાય એમ હતું જ. પણ એમના જેવો સ્વમાની માણસ એમ હારી ખાય તો એમણે આજ સુધી કરેલી પટલાઈ જ હારી ગયા જેવું જ લાગે ને.

એમની ચકોર નજરે દીકરાના ઘરના રાચરચીલાનો ક્યાસ તો કાઢી જ લીધો હતો. લેધરના રજવાડી સોફા, ૪૦ ઈંચનું મોઘામાંનું ઈમ્પોર્ટેડ ટીવી, વીસીઆર, કાશ્મિરી કોતરણીવાળો ડાયનીંગ ટેબલનો સેટ, સરકારી સરકીટ હાઉસમાં હોય છે એવો રજવાડી રગ અને રસોડામાંની મોઘી ક્રોકરી એમની નજરમાં આવી જ ગયાં હતાં.

આ બધામાં ક્યાંય વસંતને પૈસાની તકલીફ હોય એમ જણાતું ન હતું. તકલીફ હોય તો એક એની દાનતમાં હતી એ વાતની ખબર મોટાને પડી ગઈ હતી. 'કાંઈ વાંધો નહીં દીકરા પૈસાની તકલીફ કેવી હોય છે એ હું તને બતાવીશ.' એમણે મનમાં કશીક વાતની ગાંઠ વાળતાં નક્કી કરી લીધું.

## ૪.

## અમેરિકાની મોજ

**જિંદગી ન્હોતી ખબર કે તું તો છે ગણિત,**
**એક પગલું ખોટું ને ખોટો જ આખો દાખલો.**

**મનસુખલાલ ઝવેરી**

કલ્પના સીટીઝન હતી અને પતિને સાથે લઈને જવાનાં

કાગળિયાં તૈયાર કરીને આવી હતી છતાં એની સાથે તો નહીં પણ બે જ મહિનામાં કૌશિકને અમેરિકા જવાનું થયું. એના સસરા ન્યૂ યોર્કમાં રહેતા હતા એટલે કૌશિકને એમને ત્યાં જ જવાનું હોય ને!

કૌશિક સાસરીમાં બે મહિના જેટલું રહ્યો. આ દરમિયાન એણે એની પત્ની કલ્પના અને એના સસરાની દોરવણી મુજબ નોકરી માટે તપાસ કરવા માંડી હતી પણ એને લાગવા માંડ્યું હતું કે એને લાઈનની જોબ મળે તે પહેલાં શરૂમાં તો કોઈ સામાન્ય જોબ કરવી જ પડવાની હતી.

એક તો એને અંગ્રેજી બોલવાનાંય ફાંફાં હતાં ને જે થોડું એ મનમાં પાકું કરીને બોલતો હતો તેય એને પોતાનેય ગામડાની ધૂડિયા નિશાળના મહેતાજી બોલતા હોય એવું લાગતું હતું, પછી એ પેલા નોકરી આપનારને તો પસંદ ન જ પડે ને.

છેવટે એના સસરાએ એને સમજાવ્યું કે આવી તકલીફ નવા આવનારા બધાને શરૂઆતમાં પડતી જ હોય છે એટલે એક વખત સામાન્ય જોબ લઈ લેવી અને લાઈનની જોબ માટે તપાસ ચાલુ રાખવી જોઈએ. હા, અહીં ડ્રાઈવીંગ વગર તો ચાલશે જ નહીં એટલે લર્નીંગ પરમીટ લઈને ડ્રાયવીંગ શીખવા માંડો.

પછી શરૂ થઈ સામાન્ય જોબની શોધ. એમાંય બધાને ઈંગ્લીશ તો જોઈએ જ. એમ કરતાં એને એક ગાર્મેન્ટ ફેક્ટરીમાં જોબ મળી. એમાં ઈંગ્લીશની જરૂર ન હતી પણ બીજા વર્કરોની સાથે વાતચીત કરતાં એણે પોતાના બોલવાની લઢણમાં ફેરફાર કરવા માંડ્યા. એનાં સાસરીવાળાંય એની સાથે ઈંગ્લીશમાં જ વાતો કરી એને તૈયાર કરતાં હતાં.

કલ્પનાનેય હજુ લાઈનની જોબ મળી ન હતી એટલે એય કોઈ દેશીના જ્વેલરી સ્ટોરમાં કામ કરતી હતી. પણ બે જણનો પગાર આવતાં એણે સસરાથી અલગ રહેવા જવાની વાત મૂકી.

એના સસરાએ એને સમજાવવા પ્રયત્ન કર્યો કે છ સાત મહિના એમની સાથે કાઢી નાખશે તો થોડી બચત થશે પણ

કલ્પનાય કૌશિકની સાથે મળી ગઈ એટલે એમણે નમતું જોખ્યું ને પોતાનાથી નજીકમાં જ મહિને ચારસો ડોલરના ભાડાનું એક એપાર્ટમેન્ટ અપાવ્યું.

કલ્પના પાસે તો એ ભણતી હતી ત્યારની કાર હતી જ. એટલે શરૂમાં તો એ અથવા ઘરનાં કોઈમાંથી જે નવરું હોય એ કૌશિકને નોકરી પર મૂકી આવતું અને છુટવાને વખતે લઈ પણ આવતું. હવે એને ડ્રાઈવીંગ લાયસન્સ મળી ગયું હતું એટલે એણે એક જૂની કાર લઈ લીધી હતી.

એણે બેય જણના પગાર અને ઘરના ભાડાના અને બીજા ખર્ચાના આંકડા મૂકી જોયા તો એને લાગ્યું કે મહિને દિવસે માંડ પાંચસો ડોલરની બચત થશે. ત્રીસ રૂપિયાનો ભાવ ગણે તો પંદર હજાર રૂપિયા થયા.

તેલૈયામાં હવેલી જેવો બંગલો બંધાવવો હોય તો પોતાનો સો મહિનાનો પગાર જોઈએ. સો મહિના એટલે આઠ વરસ કરતાંય વધુ. પણ જો લાઈનની જોબ મળી જાય તો થોડી વધારે બચત થાય ખરી, અને તેય વચમાં બીજો કોઈ ખર્ચ આવી ન જાય તો જ.

એમ કરતાં એને એક ખાનગી કંસ્ટ્રક્શન કંપનીમાં લાઈનની જોબ મળી ગઈ. પગાર મહિને આમ તો ચાર હજાર ડોલરનો પણ ટેક્સ બારોબાર કપાઈને હાથમાં આવે બત્રીસો. ને કલ્પનાના પગારમાંથી આવે સાતસો. તોય કૌશિકને તો એમાં બાદશાહત લાગી. પણ કૌશિકને લાઈનની જોબ મળતાં કલ્પના તો જાણે હવામાં જ ઊડવા માંડી.

જ્યારથી કૌશિકને આ જોબ મળી ત્યારથી કલ્પનાએ સારા ત્રણ બેડરૂમવાળા એપાર્ટમેન્ટમાં રહેવા જવાની વાતો કરવા માંડી હતી.

કૌશિક એને સમજાવવા પ્રયત્ન કરતો હતો કે એમના બેજણના કુટુંબમાં ત્રણ બેડરૂમની જરૂર શી છે પણ એ કહેતી હતી: 'તમારી આવી સારી જોબ હોય ને આપણે આવા ગંદા એપાર્ટમેન્ટમાં રહીએ તો કેવું ખરાબ લાગે! કોઈક આપણે ઘેર આવે તો મને તો શરમાઈ મરવા જેવું લાગે.'

'ઠીક છે, હું તપાસ કરતો રહીશ ને છએક મહિનામાં એપોર્ટમેન્ટ શોધી કાઢીશ.' કૌશિકે એની વાત પર વાયદાનો ઢોળ ચડાવતાં કહ્યું. પણ એ વાયદાનો જવાબ કલ્પના પાસે તૈયાર જ હતો. એણે કાયમ અમેરિકાનાં પાણી પીધાં હતાં ને. એણે બે જ દિવસમાં એવા એપાર્ટમેન્ટની ભાળ મેળવી લીધી ને કૌશિકને એ બતાવવા પણ લઈ ગઈ.

એ એપાર્ટમેન્ટ પોતાના જૂના એપાર્ટમેન્ટ કરતાં વધારે સારો હતો ને ચોખ્ખો પણ હતો. પેલા જૂના એપોર્ટમેન્ટને મુકાબલે તો એ તદ્દન નવો જ લાગતો હતો.

અલબત્ત એનું ભાડુંય એટલું જ વધારે હતું. વળી કલ્પનાને એ ગમવા પાછળનું મુખ્ય કારણ એ હતું કે એ પોતાનાં માબાપના ઘરથી જૂના એપાર્ટમેન્ટ કરતાંય વધારે નજીક હતો.

ને કૌશિકને એ એપાર્ટમેન્ટ લેવો જ પડ્યો. એણે માંડેલી ગણતરીમાં ખાસ્સો સાતસો ડોલરનો કાપ પડ્યો. હીટીંગ તો પેલા જૂના એપાર્ટમેન્ટની જેમ મફત હતું પણ મોટા એપાર્ટમેન્ટને હિસાબે ઉનાળામાં એર કંડીશનીંગને કારણે ઈલેક્ટ્રીકનું બીલ પણ વધારે આવવાનું હતું. પણ પણ ઉનાળો તો અહીં ફક્ત ત્રણ મહિના જેટલો જ હતો એ વાતે એણે મનમનાવ્યું.

ત્યાં કલ્પનાને બેય કારો જૂની લાગવા માંડી. બેય જૂની કારોને બદલે નવી કારો લેવાની એણે હઠ પકડી. અરે, એણે તો નવી નવી કારોનાં મોડેલ જોવા પણ માંડ્યાં. છેવટે એમણે એક હૉન્ડા ને એક ટોયોટા કાર લીધી ત્યારે જ કલ્પનાને સંતોષ થયો.

નવી બેબે કારોના હપ્તા, મોઘા ભાડાનું એપાર્ટમેન્ટ ને એને સજાવવાના ખર્ચા પણ એમાં ઉમેરાતા ગયા. નવી જોબ મળ્યા પછી કૌશિકે મહિને બે હજાર બચવાની ગણતરી માંડી હતી એને બદલે માંડ બારસોની બચત થશે એમ એને લાગવા માંડ્યું.

ત્યાં કલ્પનાને એની લાઈનની જોબ મળી. એનો પગાર

એવો મોટો ન હતો છતાં પહેલાંના કરતાં વધારે તો હતો જ. એના પગારમાંથી કપાત જતાં સાતસોને બદલે હવે પંદરસો આવવા માંડ્યા. તોય કૌશિકને થયું કે એમ છતાં તેલૈયામાં બંગલો બંધાવવા જેટલા ભેગા થતાં ચારથી પાંચ વરસ લાગી જાય.

પણ બાપાએ તો બંગલાના પ્લાન પણ બનાવવા આપી દીધા હતા. કૌશિકે વિચારવા માંડ્યું કે કેટલાક એકાદ બે વરસમાં દેશમાં લાખો રૂપિયા મોકલી આપે છે એ કેમના મોકલતા હશે!

પણ ઘેરથી બાપાના ઉઘરાણી જેવા કાગળો આવ્યા જ કરતા હતા. એણે થાકીને એના જવાબ આપવાના જ બંધ કરી દીધા. છેવટે બાપાને ખોટું ન લાગે એ માટે એણે એમને એક પત્ર વિગતે લખ્યો. એમાં એણે જણાવ્યું કે એને હાલમાં જ લાઈનની જોબ મળી હતી ખરી પણ પગાર એવો ઊંચો ન હતો.

વળી બેય જણાં નોકરી કરતાં હતાં ને એમની જોબની જગ્યા ઘરથી દૂર હતી ને કારો ખખડી ગઈ હતી એટલે બેયને નવી કારો લેવી પડી હતી. એમણે ભાડાનું એપોર્ટમેન્ટ લીધું હતું એનું ભાડુંય મહિને બારસો ડોલર ભરવું પડતું હતું એટલે મહિને માંડ હજારથી બારસો ડોલર બચતા હતા.

વળી કલ્પના પ્રેગનન્ટ છે એટલે એની ડીલીવરીના ખર્ચની જોગવાઈ પણ રાખવી પડશે. એટલે હજુ દોઢેક વરસ સુધી તો પોતાનાથી દેશમાં પૈસા મોકલી શકાશે નહીં. હું આજે મોટાભાઈને પત્ર લખું છું. એ બે વર્ષ તમને ઘર ખર્ચના પૈસા મોકલે.

પછી તો હું તમને કાયમ પૈસા મોકલ્યા કરીશ.હું તમને વરસે પંદર હજાર રૂપિયા મોકલીશ અને એટલા જ મોટાભાઈ મોકલશે તો હું માનું છું કે તમને તૂટ નહીં પડે.

મોટાને થયું કે કૌશિક તો વસંતનેય ટપી ગયો. વસંતે મહિને પચીસસો મોકલવાના કહ્યા હતા પણ આણે તો બેયના મળીને એટલા મોકલવાની વાત કરી. જો આ વાત બહાર પડે તો મોટાને તો ઘરની બહાર નીકળવા જેવું જ ન રહે.

તેલૈયામાં બંગલો બાંધવાની વાતનો તો એનાં આ રોદણાંમાં છેદ જ ઊડી ગયો હતો. પત્ર વાંચીને ધનજીભાઈને ખાતરી થઈ ગઈ કે એક તો એક પણ બેય દીકરા હાથથી ગયા છે. પણ જેણે આખી જિંદગી પટલાઈમાં ગાળી હોય એવા મોટા એમ છોકરાંના હાથમાં રમી જાય ખરા! ને કાચી ઘડીમાં એમણે હવે શું કરવું એનો પ્લાન ઘડી કાઢ્યો.

*

એવામાં એમને કાને વાત આવી કે વિદ્યાનગરમાં દેવશીભાઈ  કરીને એક ભાઈ અમેરિકાથી આવ્યા છે એ ન્યૂ યોર્કમાં આપણા દેશમાંથી આવેલા ને પોતાનાં દીકરા દીકરીઓથી સતાવાએલા વડીલો માટે એક આશ્રમ ચલાવે છે. (દેવશીભાઈના પરિચય માટે વાંચો 'ધરતીનો બીજો છેડો') એટલે એ મકનભાઈને સાથે લઈને ઊપડ્યા દેવશીભાઈને મળવા.

મોટાએ પોતાની ઓળખાણ આપી. પછી ચાપાણી પત્યાં એટલે મોટાએ વાત ઉપાડી: 'અમે જાણ્યું છે કે તમે અમેરિકામાં આપણા ઘરડાઓની સેવા માટે આશ્રમ ચલાવો છો. તે અમારે એ વિષે વિગતે જાણવું છે.'

'એમાં તો એવું થયેલું કે અમે પાંચસાત ઘરડાઓ રોજ સાંજના ફરવા નીકળતા હતા ત્યાં એક દિવસ એક જણ કહે કે એ હવે દેશમાં પાછા જવા માગે છે. પછી અમે એમને ગણી બતાવ્યું કે એ અહીં રહે તો એમના દીકરાને મહિને હજાર ડોલરનો ફાયદો થાય. તો પછી દેશમાં કેમ જતા રહેવાનું વિચારો છો? બસ, એમાંથી વાતની શરૂઆત થઈ. એ વડીલ કહે કે અહીં એમને પોતાનો દીકરો જાણે પોતાનો રહ્યો ન હોય એમ લાગે છે.'

'તે ત્યાંય છોકરો માબાપને પજવે ખરો?'

ત્યાં રેવતીબેન વચમાં પૂરાયાં: 'એ તમને કશું નહીં કહે પણ હું તો કહીશ કે જો આ આશ્રમ શરૂ ના થયો હોત તો છોકરો હો કે છોકરી પણ એમનાં માબાપને પેટ પાણી ના પડવા દેત. હવે આશ્રમ શરૂ થયા પછી બધાંય ચૂપ થઈ ગયાં છે.'

પછી દેવશીભાઈએ અને રેવતીબેને આશ્રમની વાતો કરવા માંડી. લગભગ કલાક સુધી એમની વાતો સાંભળ્યા છતાં ન તો એમની વાતો ખૂટી કે ન તો સાંભળનારની ધીરજ.

મોટાને થયું કે પાંચસાત ગોઠિયાઓને ભેગા કરીને બધાને આ વાત સંભળાવવા જેવી છે. એમણે કહ્યું: 'એમ કરો, તમે બેય કાલે સાંજના મારે ત્યાં જમવા આવો. રાત ત્યાં જ રોકાવ. અમારે બધું જાણવું છે. અમારેય આવો આશ્રમ શરૂ કરવો પડશે એવું લાગે છે.'

હા, ના કરતા દેવશીભાઈને બીજે દિવસે પોતાને ત્યાં આવવાનું સ્વીકારાવીને મોટા અને મકનભાઈ ઊઠ્યા.

*

બીજે દિવસે ધનજીભાઈએ પોતાને ત્યાં મકનભાઈ અને ફરતાં ગામોમાંથી પોતાના દસેક દોસ્તોને બોલાવી લીધા હતા. બધા જમીને બેઠા એટલે એમણે બધાને દેવશીભાઈ અને રેવતીબેનની ઓળખાણ કરાવી. અને કહ્યું: 'એ અમેરિકામાં આપણા જેવા ઘરડા માણસોની સોવા કરવા આશ્રમ ચલાવે છે. મને એમના કાર્યમાં રસ પડ્યો એટલે મેં તમને બધાનેય એમાં રસ પડશે એમ માનીને એમને આમંત્ર્યા છે. તો દેવશીભાઈ, અમને એ જણાવો કે તમારા આશ્રમમાં રહેનારાને તમે કેવી સગવડ આપો છો?'

એટલે દેવશીભાઈએ આશ્રમની અને એમાં રહેનારાંની વાતો કરવા માંડી. બધા એ સાંભળવાનાં એટલા તલ્લીન થઈ ગયા કે ક્યારે બાર વાગ્યા એની પણ કોઈને ખબર ન પડી.

છેવટે મોટાએ કહ્યું: 'જુઓ, મેં તમને બધાને એટલા માટે બોલાવ્યા છે કે મારો વિચાર અહીં પણ ત્યાંના જેવો જ આશ્રમ શરૂ કરવાનો છે. આ લોકો પરદેશમાં આટલું કરી શકે તો આપણે ઘરઆંગણે આવું કેમ ન કરી શકીએ? હજુ આપણે જરૂર પડશે તો દેવશીભાઈને ફરીથી મળીશું અને આપણે કેવી રીતે બધું ગોઠવવું એનું માર્ગદર્શન એમની પાસેથી લઈશું. પણ આપણે અહીં આશ્રમ શરૂ કરવાનો છે એ વાત નક્કી.'

દેવશીભાઈની મુલાકાત પછી મોટાને એવો આશ્રમ શરૂ

કરવાની ચાનક ચઢી. પહેલાં એમનો વિચાર પોતાના તેલૈયામાં એક નાનકડો વૃધ્ધાશ્રમ શરૂ કરવાનો હતો પણ દેવશીભાઈની વાત સાંભળ્યા પછી એમણે સરકાર પાસેથી જમીન મેળવીને ન્યૂ યોર્કના જેવો સગવડભર્યો આશ્રમ શરૂ કરવાનું નક્કી કર્યું.

'મારું માનો તો તમે જાતે જઈને એ અમેરિકાનો આશ્રમ જોઈ આવો તો વધારે સારું. વળી કૌશિક ત્યાં છે એટલે એને કહેશો તો તમને ફરવાના વીઝા માટે સ્પોન્સર મોકલી આપશે. એનેય મળાશે ને આશ્રમ પણ જોવાશે.' એક જોડીદારે કહ્યું.

'વહુને સારા દા'ડા છે એટલે જઈએ તો અમારે બેયને જવું પડે. હું આજે આણંદ જઈને કૌશિકને ફોન કરું છું ને સ્પોન્સર મંગાવું છું.' મોટાએ કહ્યું. એમનેય અમેરિકા જઈ આશ્રમ જોઈ આવવાની વાત મનમાં ઊતરી ગઈ હતી.

સાંજે એમણે જમનાંને અમેરિકા જવાની વાત કરી તો એ હરખાઈ ઊઠ્યાં. વહુને સારા દા'ડા છે એ જાણ્યું ત્યારથી જ એ એની ચિંતા કરવા માંડ્યાં હતાં. એમને થતું હતું કે દવાખાનામાં તો ત્યાં બધી સગવડ હોય એટલે વાંધો ન આવે પણ ઘેર આવ્યા પછીની કાળજી તો પોતાના જેવાં અનુભવી હોય એ જ રાખી શકે.

એમણે બીજે જ દિવસે આણંદ જઈ ન્યૂ યોર્ક કૌશિકને ફોન કર્યો. કૌશિકે પહેલાં તો ગલ્લાંતલ્લાં કરવા માંડ્યાં. મોટા કહે: 'તને ટિકીટની ચિંતા હોય તો અમે અહીંથી ટિકીટ અમારી જાતે લઈ લઈશું પણ અમારે બે મહિનામાં ત્યાં આવવું છે એ નક્કી. તને કશી અગવડ હોય તો અમે રહેવાનું આશ્રમમાં રાખીશું.'

'બાપા એવું કેમ કહો છો? રહેવાનું તો અમારી સાથે જ હોય ને! હું એમ વિચારતો હતો કે કલ્પનાની ડ્યૂ ડેઈટ એ દિવસો દરમિયાન આવે છે એટલે તમારી સેવા કદાચ એનાથી નહીં થઈ શકે ને તમને અગવડ પડશે.' ગૂંચવાતાં એણે કહ્યું.

'તારાં બા સાથે હશે એટલે અમારી ને કલ્પનાની બેયની ઠાઠો એ કરશે.'

હવે કૌશિકને બોલવા જેવું જ ન રહ્યું. એણે સ્પોન્સર

મોકલી આપવાનું સ્વીકારી લીધું. ને બે જ દિવસમાં મોટાના દોસ્તદારોમાં વાત પ્રસરી ગઈ કે મોટા અને જમનાંબા અમેરિકા જાય છે. ત્યાં જઈ એ આશ્રમ જોશે ને પછી એવો જ એક વૃધ્ધાશ્રમ અહીં શરૂ કરવાનો છે.

## ૫.

## યોજનાની જાહેરાત

ધનજીભાઈએ મનથી નક્કી કર્યું કે એક કામ કરવું છે એટલે ન તો એમને ઊંઘ આવે કે ન તો એ એમના મળતિયાઓને ઊંઘવા દે. એમણે બેચાર દોસ્તોને સાથે રાખીને આજુબાજુનાં ગામડાંમાં ત્યાંના વૃધ્ધ માણસોની તકલીફોની ખાનગી રાહે મોજણી કરવા માંડી.

ફરતાં પંદરેય ગામમાં મોટાના ઘણા દોસ્તી સંબંધો હતા. ધનજી મોટાને કામ વગરની કુથલી કરવાની ટેવ નહીં એટલે એમની આવી પૂછતાછથી કશો વહેમ આવતાં કોઈ પૂછે: ‘મોટા, શી વાત છે? કશું ના હોય તો તમે એવી પૂછતાછ ન કરતા હો!’

‘હાલ તો એવું કશું છે નહીં પણ એમાંથી કદાચ કશુંક ઊભું થાયેય ખરું. જે હશે તેની મહિના માસમાં બધાને ખબર પડશે.’ મોટા મોઘમ જવાબ આપતા.

પણ એમના મળતિયાઓ પણ એમના જેવા પાંચમાં પૂછાતા હોય એવા જ હોય ને! બે ત્રણ જણાએ કહ્યુંય ખરું: ‘લાગે છે કે તમે ઘરડાઘર શરૂ કરવાનો વિચાર કરો છો.’

‘ઘરડાઘર એટલે પાંજરાપોળ જ ને! એમાં રહેવા જાય એમનું ના તો સ્વમાન સચવાય કે સગવડ. જાણે ભિખારીઓની ધરમશાળા. આપણે એવી પાંજરાપોળ શરૂ કરીએ તો એમાં આપણી આબરૂ શી?’

‘પણ મને લાગે છે કે એવું તો એવું પણ એ કામ કરવા જેવું છે. આપણાથી ફરતાં ગામમાંથી ક્યાં કશું અજાણ્યું છે? દરેક ગામમાંથી પાંચથી સાત માણસો લાચારી ભોગવી રહ્યા છે. જો તમારા જેવાનો સાથ મળે તો મારે અમારા ગામમાં એક વૃધ્ધાશ્રમ શરૂ કરવો છે.’

‘તમે તો ભાઈ ભારે ઉતાવળા. હું આ બધી પડપૂછ કામ વગર તો નહીં જ કરતો હોઉં ને! પણ વાત બરાબર પાકી ન થાય ત્યાં સુધી એની વરાળ બહાર ના કઢાય. કાલે એ વાત પડતી મૂકવી પડે તો આબરૂ જાય. આપણેય થોડા પૈસા કાઢીશું ને બહારથી મોટાં દાન પણ લઈશું, પણ કરવું છે એવું કે આખા દેશમાં એવું ન હોય. તમારેય આ વાત કોઈને કહેવાની નથી.’ મોટાએ મોઘમ કહ્યું.

મોટાની મહેચ્છાની વાત તો જે પાંચપંદર જણા તે દિવસે દેવશીભાઈને બોલાવ્યા ત્યારે હાજર હતા તે જ જાણતા હતા. પણ મોટાએ ગામેગામ ફરીને સર્વે કરવા માંડ્યો ત્યારે એ વાત છૂપી ન રહી.

મોટાના ગોઠિયાઓ હવે આશ્રમ પોતાના ગામમાં કરાવવા માટે મોટાની પાસે આવવા માંડ્યા. બધાએ ગામના ગોચરમાંથી દસ વીઘાં જમીન કાઢી આપવાની સાથે ગામમાંથી રોકડ ફાળો પણ કરી આપવાની વાતો કરવા માંડી.

‘ફાળો તો કરવો જ પડશે. સારો એવો ફાળો કરવો પડશે. આપણે જે કામ કરવા માગીએ છીએ એ શહેરની સારી ગણાતી હોટેલ કે રાસોર્ટ જેવું રળિયામણું હશે અને એમાં આપણા પોતાના ઘર કરતાંય વધારે સુખ સગવડો હશે. એમાં રહેનારાં કાંઈ મફત રહેતાં નહીં હોય. દર મહિને એમનાં છોકરાં આપણે ઠરાવીએ એ ખર્ચ કાકા કહીને મોકલી આપશે. એમની પાસેથી એ કઢાવવાની જવાબદારી મારી. કહો, પછી કોઈને પોતે પાંજરાપોળમાં રહેતા હોય એવું લાગશે?’

*

પછી એક દિવસ એમણે એમની વગવાળાં ત્રણ ગામમાંથી પંદરેક આગેવાનોને પોતાને ત્યાં બોલાવી એક વિધિસરની મીટીંગ કરી. ‘જુઓ આપણે મેં કહ્યું હતું એવો એક આશ્રમ શરૂ કરવો છે. એમાં ઓછામાં ઓછી પંદર વીઘાં જમીન જોઈશે. આ જમીન ગામથી થોડે દૂરની હોય તોય વાંધો નહીં. એટલે મારો વિચાર એવો થાય છે કે મારું ગામ કે તમારું ગામ એવા વિવાદમાં પડ્યા વગર બાંધકામ માટે સારું તળ અને ઊંચાણમાં હોય એવી આપણાં ત્રણેય ગામની વચમાંની જમીન

પસંદ કરીએ.'

તળની રીતે જોઈએ તો અમારા ધનેરાનું પાણી માણેકામાં જાય છે અને બીજા કોઈ ગામનું પાણી અમારા ચરામાં આવતું નથી એટલે એ ચરો માફકસરનો ગણાય. વળી અમે ગામમાંથી વધારે નહીં તોય બેએક લાખ રૂપિયાનો ફાળો તો કરી આપીશું.' ધનેરાના સરપંચ માધવ પટેલે કહ્યું.

'મનેય એ ચરો બરાબર લાગે છે ને તમે પંચાયતમાંથી એ અપાવી શકશો એનીય મને ખાતરી છે. પણ એમ બે લાખમાં આશ્રમનું તોરણ તમારા ગામના ચરામાં બંધાશે એમ ના માનતા.' મોટાએ કહ્યું.

'મોટા તમે જે આશ્રમની વાત કરો છો એમાં રહેનારે દર મહિને ઘણા પૈસા ભરવા પડે એવું લાગે છે. પણ આપણે બિલકુલ નિરાધાર હોય અને છોકરાં પાસેય કશું ન હોય એમનોય વિચાર કરવો પડશે. વળી બીજી નાતવાળાનોય વિચાર નહીં કરીએ તો એવાંયે વખત જતાં આમાં ડખો કરતા આવશે.' માણેકાના આગેવાન મહાસુખ ભટે કહ્યું.

'એક વખત આ કામ રાગે પડે એટલે એવું સામાન્ય ઘરડાઘર પણ આપણે શરૂ કરીશું. આપણા ઉજળિયાતમાંથીય એવા કેટલાક તો નીકળશે જ ને!'

'તો બરાબર બાકી આપણે જે પાંચપંદર જણા છીએ તે આ વગર પગારની વેઠ કર્યા કરીએ છીએ પણ પાછળ તો વહીવટ બીજી નાતમાં જ જવાનો છે.'

'આમાં આપણે એવી જડબેસલાક વ્યવસ્થા ગોઠવીશું કે એમાં કોઈની ડખલગીરી નહીં થાય. વળી એમાં ધંધાની જેમ જ સેવાનું તંત્ર ગોઠવીશું. ને ફરતાં ગામમાંથી બેબે એવા માણસો કમિટીમાં આવે કે જેમના તરફથી આશ્રમને ઓછામાં ઓછા દસ હજારનું દાન મળ્યું હોય.' મોટાએ સામાન્ય ચીતાર આપતા હોય એમ કહી બધાના ઓછામાં ઓછા દસ હજાર તો પાકા કરી જ લીધા.

'એ તો આપણે પહેલા આપણા લખીને જ બીજા પાસે મગાય ને! પણ મોટા, તમે કહો છો એવી મોટી રકમ તો

આપણી જાણમાં છે એમાંથી કોઈ આપે એવો દેખાતો નથી.'

'જો સૌથી પહેલાં હું પકડીશ આપણા લોકસભાના ઉમાદવારને. એની પર્સનલ ગ્રાન્ટમાંથી દસેક લાખ તો હું કઢાવીશ જ. દર ચૂટણીએ આપણે એમની હાર્યે ઘેર ઘેર અને છાપરે છાપરે રખડીએ છીએ એનો કશોક તો લાભ મળવો જ જોઈએ ને! પછી મકાન ને રસોડાનાં મકાન પર નામ લખાવનારા બે જણને શોધી કાઢીશું. એવાયેય પાંચ પાંચ લાખ તો આપશે જ ને! પછી દૂધ મંડળીઓ, સેવા સહકારી મંડળીઓ અને આપણી પંચાયતનાં કામ કરતા કોન્ટ્રાક્ટરોને પકડીશું. એમાંથીય દસેક લાખ મેળવી લઈશું.'

'હવે કંઈક બખમાં આવતું લાગે છે. તોય આ મોઘવારીમાં ઘણી તૂટ પડશે એમ લાગે છે.'

'આપણે શહેરમાંના આપણી જાણમાંના લોકોની પાસેય ટહેલ નાંખીશું. ને દસ હજારથી ઉપરની રકમ આપનારાંનાં નામ તકતીમાં લખવાની જાહેરાત કરીશું એટલે પાંચ હજારની તેવડવાળોય તણાઈને દસ હજાર આપશે.'

'પહેલાં કોઈની પાસે પ્લાન બનાવીને ખર્ચનો અંદાજ કઢાવી લઈને પછી જ આગળ વધવું જોઈએ એમ મને લાગે છે.'

'એમ જ કરીશું. એક વખત માધવભાઈની જમીન પસંદ કરીને એમને એના સંપાદનની કામગીરી સોંપી દઈએ એટલે વાત આગળ વધે. બોલો, બધાને એ જમીન બરાબર લાગે છે ને?' મોટાએ પૂછ્યું.

'મને એકલાને એ સોંપી દેવાથી નહીં ચાલે. તમારે બધાએ પણ એમાં ટેકો કરવો પડશે.' માધવભાઈએ કહ્યું.

'એમાં બધાની જરૂર નથી. તમે ગામનું સંભાળજો ને હું કલેક્ટર પાસે મત્તુ મરાવી લાવીશ. પછી તો તમને કશો વાંધો નથી ને!' મોટાએ કહ્યું.

'એનો જ વાંધો હતો. હવે નામ નક્કી કરો એટલે મને એની લખાપટ્ટી કરવાની સમજણ પડે.'

'આપણે આશ્રમની સાથે ગાંધીજી કે સરદાર પટેલનું નામ જોડીએ તો કેવું? સરદાર પટેલ પિતૃ સેવા આશ્રમ. કેમ લાગે છે? હવે તમે બધા તમને ઠીક લાગતાં હોય એવાં નામ બોલવા માંડો.'

'વૃધ્ધાશ્રમ એ હલકું નામ લાગે છે. એના કરતાં મને તો આ નામ વધારે યોગ્ય લાગે છે.' એક આગેવાને કહ્યું.

'નામ તો મોટાએ કહ્યું એ બરાબર છે. હવે આપણામાંથી જેને સરકારી ખાતાંમાં વધારે વગ હોય ને દોડાદોડી કરવામાં પાછા ન પડે એવા હોય એવા તો એક મોટા જ છે એટલે એમને વકીલની સલાહ લઈને અને સરકારમાં જે કાંઈ લખાપટ્ટી કરવી પડે એ કરવાનું સોંપીએ અને પંદર દિવસ પછી પાછા મારી વાડીએ મળવાનું રાખીએ.' માધવભાઈએ બધાને આમંત્રણ આપી દીધું.

'તો ચાલો એ વાત પર બધા મો મીઠાં કરી લઈએ.' કહી મોટાએ જમવાની તૈયારી કરવાનું ઘરમાં જણાવી દીધું. જમતાંય બધા આશ્રમની વાતો કરતા રહ્યા.

'મોટા, આપણે કરવું તો એવું છે કે આખા ગુજરાતમાં એનું નામ થઈ જાય.' એકે કહ્યું.

'આપણે બધાએ કેડ બાંધીને વળગી પડવું પડશે. કામ અઘરું છે પણ કરવા જેવું છે.'

'પહેલાં હું અમેરિકાનો એમનો આશ્રમ જોઈ આવું પછી અંદાજ આવે કે એમના કરતાંય સારું કરવું હોય તો આપણાથી થઈ શકે કે નહીં.'

'અમેરિકાવાળા જેવો કદાચ આપણાથી ન થાય પણ આખા ગુજરાતમાં તો સારામાં સારો આશ્રમ તો આપણે કરવો જ છે.'

'ને કદાચ આપણે કરીએય ખરા પણ એમાં રહેવાવાળા એવું ભાડુંય ન આપી શકે. એક તો છોકરાં વેઠ ઉતારવા ઘૈડિયાંને આપણે ત્યાં ધકેલી મૂકતાં હોય ત્યાં દર મહિને હજાર પંદરસો જેવો ખર્ચ એ લોકો આપે ખરા?'

'હજાર પંદરસો નહીં પણ પચીસોથી ત્રણ હજારેય એ લોકો કાકા કહીને આપશે. આપણે સગવડ પણ

એવી આપીશું કે એવાયે નહીં આપે તો સરકાર એમની પાસેથી એ અપાવશે. એ વસુલ કરવાની જવાબદારી મારી.' મોટાએ કહ્યું. એમના મનમાં કોઈ ચોક્કસ પ્લાન હશે એમ માની કોઈએ વધારે દલીલ ન કરી એટલે એ વાત ત્યારે તો ત્યાં જ અટકી.

*

પાકું કરીને બધા વિખરાયા પણ માધવભાઈની કવાયત શરૂ થઈ ગઈ. એમણે બીજે દિવસે પોતાના ગામમાંથી આઠદસ માણસોને પોતાને ત્યાં બોલાવ્યા અને બધી વાત કરી. 'જુઓ આપણે બધાએ હવે કમર કસવાની છે. હું આપણા ગામનું નામ થાય એવો પ્રોજેક્ટ આપણા ગામમાં ખેંચી લાવ્યો છું. આખા ગુજરાતમાં ન હોય એવો મોડર્ન વૃધ્ધાશ્રમ આપણા ગામમાં આપણે કરવાનો છે. એમાં આપણે એકલા નથી પણ જ્યારે આપણા ગામમાં એ થવાનો હોય ત્યારે આપણે બીજા કરતાં થોડો વધારે ઘસારો વેઠવાની તૈયારી રાખવી પડે જ ને!'

પોતાની વગના માણસોને વિશ્વાસમાં લઈને એમણે બીજે જ દિવસે પંચાયત પાસે ચરાની પંદર વીઘાં જમીનની સરદાર પટેલ પિતૃ સેવા આશ્રમને માટે માગણી કરી ને પંચાયતમાં એની મંજુરીનો ઠરાવ કરાવ્યો. આ ઠરાવની ચાર નકલો કરાવી ખેડા કલેક્ટરને ને મામલતદાર કચેરીમાં ને એક નકલ મોટાનેય મોકલી.

પછી ગામના સુખી માણસોને આ આશ્રમની વાત કરવા માંડી. એમણે એ વાત પર ભાર મૂકવા માંડ્યો કે જ્યારે એમના જ ગામમાં આવો મોટો પ્રોજેક્ટ થતો હોય ત્યારે એકાદ મકાન પર ગામના જ કોઈની તખ્તી હોય તો દાતાનું ને સાથે ગામનુંય સારું દેખાય. એમ કરતાં એમને વિચાર આવ્યો કે જો દરેક રૂમના દરવાજા ઉપર એક લાખ રૂપિયા આપનારના નામની તખ્તી મૂકવાનું કર્યું હોય તો વીસ કે પચીસ રૂમોના દાતા તો આજુબાજુનાં ગામમાંથી જ મળી જાય.

એમણે વસ્તાણાનો ફેરો ખાઈને મોટાની સામે આ વાત મૂકી. મોટા કહે: 'તમારો વિચાર સારો છે. લાખને બદલે મીંડાં વગરની રકમ જ રાખો ને. એક લાખ અગિયાર હજાર એક સો ને અગિયાર રૂપિયા. જે લાખમાં તૈયાર થશે એ અગિયાર હજાર રૂપિયા માટે પાછા નહીં પડે. આપણાં આજુબાજુનાં ચાર પાંચ ગામમાં વહેલા તે પહેલાની જાહેરાત કરીને વાત કરવા માંડો. મારાથી શરૂ કરો. મારાથીય કંઈ દસ હજાર રૂપિયા આપીને બેસી ના રહેવાય.'

'તમે શુભ શરૂઆત કરી છે એટલે પ્લાન તૈયાર થતા પહેલાં બધી રૂમોનાં દાન પાકાં થઈ જ જશે. મેં તમને વાત કરી ન હતી એટલે ગામમાં કોઈને આ વાત કરી ન હતી. મેં છતવાળાં બેચાર ઘરમાં એવી વાત કરી જોઈ છે કે આપણા ગામમાં જ્યારે આવું મોટું કામ થતું હોય ત્યારે એકાદ મકાન પર ગામમાંથી કોઈનું નામ હોય તો ગામનુંય સારું દેખાય પણ મને નથી લાગતું કે કોઈ પાંચ લાખ કે અગિયાર લાખ જેવી રકમ કાઢવા તૈયાર થાય.'

'એમાં તો આપણાં ગામોમાંથી બહાર રહેતા માણસોમાંથી જ કોઈ કદાચ તૈયાર થાય પણ રૂમ પર તખ્તી મૂકવાની તમારી વાતની અસર પડશે. એટલે મોટાં દાન માગવા જતા પહેલાં જ બધી રૂમોનાં દાન તો આવી જ જશે. હું બીજાં ગામોમાં પણ આ વાત ફરતી કરી દઉં છું.'

'મેં આજે પંચાયતમાં જમીનની માગણીની અરજી મૂકીને એની મંજુરીનો ઠરાવ કરાવી દીધો છે ને ખાતાંમાં એની નકલ મોકલી આપી છે. એ વખતે મારું અહીં આવવાનું નક્કી ન હતું એટલે એની એક નકલ તમને ટપાલ મારફતે મોકલી છે. બેચાર દિવસ પછી તમે કલેક્ટર કચેરીમાં આંટો મારીને તમારી રીતે વાત આગળ વધારજો.'

'એની ચિંતા ના કરશો. હવે એની જવાબદારી મારે માથે. તમે જમીન મફત આપશો પણ આપણે એ જમીન સરકાર પાસેથી વેચાતી લેવી પડશે. એમાં નિયમ એવો છે કે તમારે ગોચરની એ જમીનની જરૂર નથી એટલે તમે એ સરકારને સોંપી દો છો અને આપણે આશ્રમના સાર્વજનિક હેતુસર એ

જમીન સરકાર પાસે માગીએ છીએ એટલે સરકાર આપણને એ વેચાતી આપશે. અમે હાઇસ્કૂલ માટે જમીન મેળવવા આવી બધી વિધિ કરેલી છે. એટલે મને એની ખબર છે.'

*

મોટાની વગ અને ચિવટને કારણે એક જ મહિનામાં જમીન મળી ગઈ અને પ્લાન પણ આવી ગયા. મોટાએ બધા મૂળ કાર્યકર્તાઓને ભેગા કરી પ્લાન વિશે ચર્ચા કરી લીધી. પચીસ રૂમો ઑફિસ અને રસોડાના રૂમો વિશે બધાએ ચર્ચા કરીને આર્કિટેકને પ્લાન સુધારવા મોકલી આપ્યો. એક અઠવાડિયામાં એ સુધરીને આવ્યો એટલે મોટાએ ગામના ગોરને બોલાવીને ખાત મૂરતનો દિવસ નક્કી કર્યો.

બધા કાર્યકરોએ પચીસ રૂમોના દાતાઓ માટે પોતપોતાનાં ગામમાં પ્રચાર શરૂ કરી દીધો અને ખાત મૂરત કરતા પહેલાં જ બધી રૂમોના દાતાનાં નામ નક્કી થઈ ગયાં. આ રકમો બધી નહીં તોય અડધી પડધી તો ખાત મૂરત પહેલાં કાર્યાલયમાં આવી જાય એવું કરવા બધાને કહી દીધું અને વિસ્તારના લોકસભાના ચૂંટાએલા ઉમેદવાર કરસનદાસ માણેકના શુભ હસ્તે ખાત મૂરત કરાવવાનું નક્કી કરવામાં આવ્યું.

પૂજામાં પચીસ રૂમોના દાતાઓને બેસાડવાનું નક્કી કર્યું એટલે રૂમના દાતાઓમાંથી કેટલાકની પૂરી રકમો પણ આવી ગઈ. આમાં ચાર રૂમો માટેનાં દાન તો આ કાર્યકરોમાંનાં જ હતાં.

ખાત મૂરત વખતે કરસનદાસ માણેકે પોતાના પ્રવચનમાં જણાવ્યું: 'સરકારે કરવા જેવું પાયાનું કામ આ સજાગ અને કર્તવ્યનિષ્ઠ નાગરિકોએ ઉપાડી લીધું છે તો એમાં મારી અંગત ગ્રાન્ટની રકમમાંથી હું રૂપિયા અગિયાર લાખ આપવાની જાહેરાત કરું છું અને અન્ય સંસ્થાઓ અને સુખી દાતાઓને આ કાર્યમાં મદદરૂપ થવાની ખાસ ભલામણ કરું છું.'

એક વખત મોટા અમેરિકા જઈને ત્યાંનો આશ્રમ જોઈ આવે પછી પ્લાન અંગે નવેસરથી વિચાર કરીને કામ શરૂ

કરવાનો બધાનો મત હતો એટલે આશ્રમનો પ્રચાર કરવાનું અને ગામમાંથી નાનાંનાનાં દાન ઉઘરાવવાનું ચાલુ રાખવાનું હતું પણ આશ્રમના બાંધકામનું કામ તો મોટાના પરત આવ્યા પછી જ શરૂ કરવાનું હતું.

## ૬.
## મોટા અમેરિકામાં

મોટા અને બાના ફરવા જવાના વીઝા માટે કૌશિકે સ્પોન્સર મોકલી આપ્યું હતું. મોટા અને જમનાંબાના વીઝા મળી ગયા એટલે બાપાને ખોટું ન લાગે એમ ગણીને કૌશિકે બેયની ટિકિટો પણ મોકલી આપી હતી. પહેલાં તો કલ્પનાએ વધારાના આ ખર્ચ માટે વાંધો લીધો હતો પણ જમનાંબા આવે તો એનાં પિયરીયાંને માથેથી પોતાની ઠાઠોની જવાબદારી ઘટી જશે એમ વિચારી એણે એમની ટિકિટ મોકલવા માટે પોતાની સંમતિ આપી હતી.

દીકરાએ ગરમ કપડાં અને જરૂરી દવાઓ લેતા આવવા માટે કાગળમાં જે સૂચનાઓ આપી હતી તે અને અમેરિકામાં ન મળતા મસાલા વગેરે લઈને બેય અમેરિકા જવા ઊપડ્યાં ત્યારે ગામ પરગામના આગેવાનો એમને વળાવવા આવી પહોંચ્યા હતા. મોટાએ એમને આશ્રમનો પ્રચાર કરવાની અને પૈસા ઉઘરાવવાનું ચાલુ રાખવા માટે સૂચનાઓ આપી.

ને મોટા ને જમનાંબા અમેરિકા પહોંચ્યાં. કૈશિક એમને લેવા માટે એરપોર્ટ પર સામો આવ્યો હતો. ઘેર જઈ એમણે નાહીધોઈને કૌશિકે બતાવેલા એક બેડરૂમમાં પોતાની ગોઠવણી કરવા માંડી. આવું સાફસુથરું રહેવાનું જોઈને મોટા પોતાના આશ્રમમાં આવું બાંધકામ કરવાના વિચાર કરવા માંડ્યા.

બીજે દિવસે સાંજના આશ્રમમાંથી દેવશીભાઈ અને મુખી એમને મળવા આવ્યા. સાથે રેવતીબેન પણ આવ્યાં હતાં. મુખી કહે: 'તમે આપણો આશ્રમ જોવા આવ્યા છો તો પછી અહીં ગાડું કેમ છોડ્યું છે? અમને કહેવડાવ્યું હોત તો અમે તમને લેવા ઍરપોર્ટ પર આવત ને!'

'અમે બે મહિના રહેવાનાં છીએ એટલે બેચાર દિવસ પછી આશ્રમ જોવા આવી જઈશું.' મોટાએ કહેવા કર્યું.

'એમ આંટો માર્યેથી કાંઈ આખો આશ્રમ ના જોવાઈ જાય. તમારે જો આવો આશ્રમ દેશમાં બનાવવો હોય તો એક મહિનો તો આશ્રમમાં રહેવા આવવું પડે. કાલથી જ આવી જાવ. અમારી સાથે આવવું હોય તોય વાંધો નહીં. ત્યાં તમારા રહેવા ખાવાની ઘર જેવી જ સગવડ સચવાશે.'

'એની તો બધી વાતો અમને દેવશીભાઈએ કરી જ છે. અને એટલે તો અમે આશ્રમ અને એની વ્યવસ્થા જોવા આવ્યાં છીએ. પણ એમ કરો અમે રવિવારે સવારમાં જ આશ્રમ પર આવી જઈશું.'

'તમે ચારેય જણ આવજો.' ને કૌશિક તરફ જોતાં પૂછ્યું: 'તમે તો આશ્રમ જોયો નહીં હોય.'

'એક વખત મારા એક દોસ્તની સાથે આવેલો. એને મકાનનું વાસ્તુ કરાવવાનું હતું તે એનું મહારાજ પાસે મૂરત કઢાવીને એમની તારીખ નક્કી કરવાની હતી. પણ બધે ફરેલો નહીં.'

'ચાલો ત્યારે રવિવારે તમારેય આશ્રમ જોવાઈ જશે. મોટાને તો અમે આશ્રમમાં જ રોકી લઈશું. જમનાંબાને કલ્પનાબેન સાથે રહેવું હોય તો એ ભલે અહીં રહેતાં. એટલે મોટાની બેગ તો તમે તૈયાર કરીને સાથે જ લેતાં આવજો.' દેવશીભાઈએ કહ્યું.

*

રવિવારે બધાં આશ્રમની મુલાકાતે ઊપડ્યાં. આશ્રમના કલાત્મક પ્રવેશદ્વારથી દાખલ થતાં જ કોઈ અલૌકિક જગ્યામાં દાખલ થયાનો અહેસાસ એમને થવા લાગ્યો. આશ્રમના વિશાળ બાગમાં નયનરમ્ય રીતે ઊગાડેલાં ને ફૂલોથી લચી પડેલા વિવિધ ફૂલછોડ જોતાં મોટા વિચારમાં જ પડી ગયા.

રસ્તાની બેય તરફ હરિયાળી અને એમાં ટહેલતાં કે હિંચકે બેસી પેપર વાંચતાં ઉંમરે પહોંચેલાં માણસોનાં મો પર

સંતોષ અને આનંદના ભાવ જોતાં મોટાને પોતાની આશ્રમની કલ્પના માટે વધારાનું પ્રોત્સાહન મળ્યું.

ગાડી આશ્રમની ઑફિસ પાસે ઊભી રહી એટલામાં તો ચારેય બાજુથી પચીસેક સ્ત્રી પુરુષો ભેગાં થઈ ગયાં હતાં. મુખીએ દેવશીભાઈ, છગન મીસ્ત્રી, સોમાભાઈ અને આવેલાં બધાંને ઑફિસમાં દોર્યાં એ પહેલાં મુખીએ બધાંને આવનારાંનો પરિચય કરાવી દીધો.

'તમે બા અમારી સાથે આવો આપણે જુદો ચોકો જમાવીએ.' કહેતાં રેવતીબેન જમનાંબાને સ્ત્રીવર્ગમાં દોરી ગયાં. પછી દસેક માણસો સાથે આવનારાં ઑફિસમાં બેઠાં.

મોટાએ રૂમનું ફર્નીચર અને નીચે પાથરેલો રગ જોતાં કહ્યું: 'આવી કોઈ ઑફિસ દેશમાં તો મેં જોઈ જ નથી. તમે આ રગની આવી સફાઈ કેવી રીતે રાખો છો?'

'એ એટલું અઘરું નથી. તમે દેશમાંય આવું કરી શકશો. તમે અહીં થોડા દિવસ રહેશો એટલે તમને બધી ખબર પડી જશે.' મુખીએ કહ્યું.

'દેશમાં ધૂળ અને ગંદકીમાં એ કેમનું થશે એની જ મને સમજણ પડતી નથી.' મોટાએ શરમાયા વગર કહ્યું.

'તમે અહીં એક મહિનો રહેશો એટલે તમને એ બધું સહજ લાગશે. હજુ લંચનો સમય થયો નથી એટલે આવો તમને અમારો ડાયનિંગ રૂમ બતાવીએ.' કહેતાં મુખી આગળ થયા ને બધા એમને અનુસર્યા.

એમણે બધાંને ડાઈનીંગ રૂમમાં દોર્યાં ને ત્યાં ચા કૉફીની સાથે હળવો નાસ્તો કરાવ્યો. પછી એમને આખો આશ્રમ ફરીને બતાવ્યો. બધાંને રહેવા માટે આપેલી રૂમો જોઈને મોટા તો મોટા પણ કૌશિક અને કલ્પનાય છક થઈ ગયાં. દરેક રૂમ બધી રીતે સગવડવાળી હતી એની સાથે સ્વચ્છ પણ એટલી હતી કે કોઈને એમ જ લાગે કે એ હજુ બેચાર મહિના પહેલાં જ બનાવી હશે.

'તમે અહીં પરદેશમાં રહીનેય ઘરડાં માણસો માટે આટલું બધું કરો છો એટલું તો દેશમાં આપણી સરકાર પણ ન કરી

શકે.' મોટાએ કહ્યું.

'તમારા જેવા માણસ દેશમાંય આવો આશ્રમ કરી શકશે એવી અમને શ્રધ્ધા છે. હજુ તમે આશ્રમની એક જ પાંખ જોઈ છે. સાંજના તમે આશ્રમને આવક કરી આપતી મિલકતો જોશો એટલે તમને ખ્યાલ આવશે. આટલું કરવા છતાં આશ્રમને ક્યારેય પૈસાની ખોટ પડતી નથી કે નથી અમારે કોઈની પાસે દાન માટે માગણી કરવી પડતી.Õ

'તમે કોઈની પોસે દાન લીધા વગર આ બધું ચલાવો છો એ વાત તો અમને દેવશીભાઈએ કરી જ હતી પણ હજુ સુધી એ મને સમજાતી ન હતી. ને આશ્રમની આ સગવડો જોયા પછી તો એ કેવી રીતે શક્ય બનતું હશે એ જ મને હજુ સમજાતું નથી.' મોટાએ શરમાયા વગર પોતાના મનની વાત કરી દીધી.

'એ બધું તમને આજે સાંજ પહેલાં સમજાઈ જશે.' હમણાં દેવશીભાઈ લંચ જમાડે પછી આપણે આશ્રમની શાખા નંબર બે પર જઈશું. ત્યાં પણ આવો જ આશ્રમ છે અને એમાં પણ સીત્તેર જેટલાં માણસો રહે છે.'

લંચ પતાવીને બધા બે નંબરની સાઈટ પર ઊપડ્યા. મોટા તો ત્યાંની નવી નકોર મોટેલ જોઈને આશ્ચર્યમાં પડી ગયા. તેમાંય ત્યાંની ઑફિસમાં કામ કરતા પોતાનાથીય વધારે ઉંમરના માણસોને જોઈને. એમણે પૂછ્યું: 'આ માણસો?'

'એ પણ અમારા જેવા આશ્રમવાસીઓ જ છે. એ લોકો આશ્રમમાં રહેવા આવ્યા ત્યારે એમને પૂરી એ બી સી ડીય આવડતી ન હતી. અત્યારે ધોળિયાઓનેય આંટીઓ ખવડાવે છે. અહીં અમને કરસનદાસ નામના એક ગુરુ મળી ગયા હતા. એમણે બધાંને ભણાવીને ધીસ ઘેટ કરતા કરી દીધા છે. ગયે વરસે જ એ ગુજરી ગયા.'

'આવી ગેસ્ટ હાઉસ કરતાંય ભવ્ય મોટેલ હોય પણ એના ખરચાય એવા આવતા હશે ને. આપણાં સરકારી રેસ્ટ હાઉસ તો કાયમ ખોટ કરતાં હોય છે.'

'ત્યાં તો સરકારી અમલદારો મફતમાં રહેવા આવતા હોય એટલે ખોટ જ કરે ને. અહીં તો ખુદ મેયર સાહેબ રહેવા

આવે તો એમણેય નક્કી કરેલું ભાડું આપવું જ પડે.'

આવી કેટલીય વાતો મોટાને જાણવા મળી ને જે જાણ્યું એની એમણે મનોમન નોંધ લેવા માંડી. એમને લાગ્યું કે મુખી સાચું જ કહેતા હતા. આ આશ્રમની વ્યવસ્થાની પૂરી જાણકારી મેળવવી હોય તો એમાં આખો મહિનો રહેવું જ પડે. ને એમણે આશ્રમમાં રહેવાનું નક્કી કરી લીધું. સાંજનાં જમીને કૌશિક, કલ્પના અને જમનાંબા બીજે દિવસે મોટાની બેગ પહોંચતી કરવાનો વાયદો કરીને ઘેર ગયાં.

મોટાએ બધાને કામ કરવા માટે પડાપડી કરતા જોયા ને એમને થયું કે આવા માણસો જો પોતાના આશ્રમમાં ભેગા થઈ જાય તો રંગ રહી જાય. વળી દેશમાં તો પગારથી કામ કરાવવાનુંય સસ્તુ પડે.

એમણે મનમાં જ પોતાના આશ્રમના પ્લાન ઘડવા માંડ્યા. પણ એમને જ્યાં ખર્ચની જ ચિંતા મુખ્ય હતી ત્યાં આવું સ્વર્ગ ઊભું કરવાનું કેમ થશે એની એમને ખબર પડતી ન હતી. પણ એમના મનમાં તો થવા જ લાગ્યું હતું કે કરવું તો આવું જ છે. ખર્ચ માટે પચીસ પચાસ જણની દાઢીમાં હાથ વધારે નાખીશું.

એક દિવસે મુખી કહે: 'મોટા, તમારા મનમાં આશ્રમનો જે પ્લાન છે તેમાં તમે કેટલો ખર્ચ કરવાની ગણતરી રાખેલી છે?'

'અહીં આવ્યા પહેલાં એવો અંદાજ માંડેલો કે પચાસથી સાઠ લાખ રૂપિયા થશે ને એમાં પચીસ સંપૂર્ણ સગવડવાળી રૂમો બનાવીશું. પણ આ આશ્રમ જોયા પછી લાગે છે કે અહીંના જેવી સગવડ કરવી હોય તો એ ઓછા પડશે.' ગૂંચવાતાં મોટાએ પેટછૂટી વાત કરી.

'જુઓ, એક વખત બાંધી દીધા પછી એમાં વધારો કરવાનો વિચાર ના કરતા. મારું માનો તો પહેલેથી જ પચાસ રૂમોની ગણતરી મૂકો. પંદર વીઘાં જમીન પૂરતી છે. આખી મિલકતમાં આવી જ લોન અને લીલોતરી ઉછેરવાની. પોતાનો જ બોર અને પાણીની ટાંકી કરવાનાં. બધી રૂમોમાં ઉનાળામાં

એરકન્ડીશનીંગ અને શિયાળામાં હીટીંગની સગવડ અને દરેક બાથરૂમ ઠંડા અને ગરમ પાણીવાળી આવી કરવાની. ખર્ચ એક કરોડ રૂપિયા થશે એમ ગણીને જ આયોજન કરવાનું.'

'પણ એટલા પૈસા ભેગા કરવાનું ગજુ હોવું જોઈએ ને!'

'એ તો થઈ રહેશે. અમેય અમારાથી બનતી મદદ કરીશું. મારે બધા સાથે વાત થઈ ગઈ છે. થોડા અમે વ્યક્તિગત ફાળો કરીને ભેગા કરી આપીશું અને બાકીના આશ્રમમાંથી મળીને તમને પચીસ લાખ રૂપિયા અમે આપીશું. અમે આજે દસ વરસથી ન્યૂ જર્સીમાં આવો આશ્રમ કરવાની વાતો કરીએ છીએ પણ એ માત્ર વાતો જ રહી છે, જ્યારે તમે તો જમીન પણ સંપાદન કરી લીધી છે ને આ આશ્રમ જોવા ભાડું ખરચીને અમેરિકા સુધી આવ્યા છો.'

'જો તમે આટલે દૂર રહીને આવો ટેકો કરતા હો તો અમે કરોડ રૂપિયાએ પહોંચી જઈશું. તમે રસ્તો બતાવ્યો એટલે અમારાં ગામોમાંથી જે લોકો અહીં છે એમની પાસેય ટહેલ નાખતો જઈશ.' મોટાએ ઉત્સાહથી કહ્યું.

'એમાંય તમે એકલા ન જતાં આશ્રમમાંથી કોઈને સાથે લઈને જશો તો આગળ પડશે. તમને અહીંની પરિસ્થિતિની ખબર ન હોય એટલે લાખનો ચેક હજારમાં વટાવવા જેવું થાય. અહીં આપણા લોકોની પાસે પૈસા બહુ છે પણ લોકોનાં મન સાંકડાં છે. અમારામાંથી હું કે સોમાભાઈ તમારી સાથે આવીશું એટલે તમને દાન મેળવવું સુગમ પડશે.'

*

એક દિવસ મોટા કહે: 'મારે અહીંના બધા ફોટા લઈ જવા પડશે. બધાને બતાવાય એટલે એમનેય ખબર પડે કે એમણેય કેડ બાંધવી પડશે જો આવું કરવું હોય તો.'

'સાંજે દેવશીભાઈના જમાઈને કહીશું એટલે જોઈએ એટલા ફોટા પાડી આપશે.'

'તમારી આ મોટલ જોયા પછી મનમાં થાય છે કે આવી એક મોટલ કરી હોય તો વધારાની આવક પણ થાય પણ ત્યાં વગડે આવી મોટલ ચાલે ખરી?'

'તમારી ગણતરીમાં ત્યાં જ ભૂલ છે. બે વરસ પછી આશ્રમની એવી ખ્યાતિ થઈ જશે કે લોકો એ જોવા આવવા માંડશે. વળી કેટલાક સુખી માણસો પોતાના ઘર ગામથી દૂર બેચાર દિવસ રહેવાય આવવા માંડશે. કોઈને ત્યાં સારા મહેમાનો આવશે તો એમનેય આશ્રમમાં રહેવા મોકલશે. મારું માનો તો પચીસ રૂમની એક મોટલ પણ બનાવી દો. શરૂમાં મોટલ જામે નહીં ત્યાં સુધી રૂમો આશ્રમના લાભાર્થિયો માટે વાપરવી. બધુંય થઈ રહેશે. તમે એક વખત શરૂ કરો એટલે ચારે બાજુથી મદદ સામેથી આવવા માંડશે.'

ને મુખીએ કહ્યું હતું એમ બીજે દિવસે પાડોસી ગામના એક સુખી માણસ મયંકભાઈને વાત કરતાં એમણે આશ્રમના મકાન માટે અગિયાર લાખ રૂપિયા આપવાનું સ્વીકારી લીધું. હવે મોટા પણ ઉત્સાહમાં આવી ગયા. એમણે આશ્રમવાળા સોમાભાઈને અથવા મુખીને સાથે રાખીને બીજાઓ સામે પોતાની વાત મૂકવા માંડી. એમ કરતાં દસેક લાખ રૂપિયા બીજા પણ ભેગા થઈ ગયા.

હવે મોટાને દેશમાં પહોંચી પોતાના ગોઠિયાઓને પીસ્તાલીસ લાખની વાત જણાવવાની તાલાવેલી જાગી તો બીજી બાજુ આશ્રમ અંગે વધારે જાણવાની ઈંતેજારી પણ હતી.

## ૭.
## ધનજીમોટા દેશમાં

લગભગ ત્રણ મહિના અમેરિકામાં રહી મોટા અને જમનાંબા દેશમાં પાછાં આવ્યાં. આવતાંની સાથે જ મોટાએ સંદેશો કરીને આશ્રમના કાર્યકરોને બોલાવી લીધા. એ બધાનેય અમેરિકાના આશ્રમ વિષે જાણવાની ઈંતેજારી તો હતી જ.

બધા આવી ગયા એટલે મોટાએ કહ્યું: 'અમેરિકામાં પૈસાનાં ઝાડ ઊગે છે એવી વાત લોકો કરતા હતા ત્યારે આપણને એ હસવા જેવું લાગતું હતું પણ હું તો એનો જાતે અનુભવ કરીને આવ્યો છું. હું ગયો તો હતો ત્યાંનો આશ્રમ જોવા પણ આપણા આશ્રમના બાંધકામ માટે લગભગ ૪૫ લાખ

રૂપિયાનાં દાન લઈ આવ્યો છું. ત્યાંનો આશ્રમ છે એવો જ આશ્રમ આપણે કરવો હોય તો આપણેય એનાથી બમણા બીજા એકઠા કરવા પડશે.'

'તમે અમેરિકાથી લઈ આવ્યા એટલા તો આપણે વરસથી પાછળ પડ્યા છીએ તોય ભેગા થયા નથી. હવે બીજા એટલા ક્યાંથી ભેગા થશે?'

'એય થશે. તમે હવે પૈસાની કોઈ વાતે ચિંતા ના કરશો.' મોટાએ એમને હૈયાધારણ આપતાં કહ્યું.

'આપણે રૂમ પર તખ્તી મૂકવાની જે યોજના મૂકી હતી એમાં બધી રૂમો અપાઈ ગઈ છે. એમાંથી બધા મળીને સત્તાવીસ લાખ કરતાં વધારે રૂપિયાનાં વચનો મળી ગયાં છે. હવે તમે આવી ગયા છો એટલે કામ ઝડપથી આગળ વધશે.' એક જણે કહ્યું.

'પહેલાં તો મારે આપણા લોકસભાના સભ્ય પાસેથી ચેક મેળવી લેવો પડશે. પછી આપણા શહેરી ખમતીધરોનો પણ સાથ માગીશું. અમેરિકાથી ત્રીજા ભાગની રકમ મળી ગઈ છે એ વાત જાણતાં દેશમાંથીય દાન મેળવવામાં છૂટ રહેશે. પહેલાં આપણે પ્લાન સુધારવા માટે આપી દેવા પડશે.'

'તમે કહો છો એમ કરોડ કરતાં વધારે રૂપિયા ખર્ચવાના હોય તો આશ્રમ બહુ મોટો થશે.'

'હા, આપણે આશ્રમ માટે પચીસને બદલે પચાસ રૂમો બાંધીશું અને બીજી પચીસ રૂમો આશ્રમમાં આવનારા મુલાકાતીઓને રહેવા માટે ભાડે આપવા બનાવવાની છે. એટલે આપણે પંચોતેર લાખનાં તો રૂમો પર તકતી લગાડવાનાં જ દાન મેળવી શકીશું.' મોટાએ કહ્યું અને અમેરિકાના આશ્રમમાં એ લોકો આવી ૩૦૦ રૂમો રાખે છે અને એની આવકમાંથી રહેનારા લોકોને ખર્ચમાં રાહત આપે છે એ વાત સમજાવી. કેટલાકને આ વાત સમજાતી ન હતી.

મોટા કહે: 'જ્યાં સુધી આવા રૂમો ભાડે લેનારા મુલાકાતીઓ આવતા ન થાય ત્યાં સુધી એ રૂમોય આપણે ઘરડાં લોકોને રહેવા આપીશું.'

'પણ આપણી પચાસ રૂમોય મને તો વધારે લાગે છે. એટલા માણસો અને તેમાંય આપણી મોંઘી સગવડોનું ભાડું ભરે એવા આવતાં જ વરસો વીતી જશે એમ મને લાગે છે. વળી તમે કહો છો એમ બીજાં પચાસ આવાં દાન મેળવવાનું અઘરું પડશે.' બીજા એકે કહ્યું.

'એની ચિંતા ન કરશો. અમેરિકાથી ત્રીજા ભાગની રકમ આવી ગઈ છે એ વાત બહાર પડતાં કેટલાક સામે ચાલીને આવશે તો કેટલાક આપણી વગથી આવશે. અમેરિકાના આશ્રમવાળાઓનું કહેવું એમ છે કે બધું પહેલેથી જ મોટે પાયે કરવું. એટલે તો એમણે સામેથી આટલી મોટી રકમ આપી છે. અને મનેય ખાતરી થઈ ગઈ છે કે એક જ વરસમાં આ આશ્રમ નાનો પડશે. તમે જરાય ચિંતા ન કરશો. વધારે પૈસા જોઈશે તો હું બીજો ફેરો અમેરિકાનો મારી આવીશ.'

*

પછી જે પ્રમાણે મોટાએ સૂચવ્યું એ પ્રમાણેના નવા પ્લાન બનાવવા આર્કિટેકને આપી દીધા. આર્કિટેક ઈંગ્લેન્ડ અને અમેરિકાનો ભોમિયો હતો એટલે એ મોટાના મનની વાત સમજી ગયો. ને પંદર દિવસમાં મોટાની કલ્પના મુજબના પ્લાન તૈયાર થઈને આવી પણ ગયા એટલે બધા પાછા ભેગા મળ્યા.

આર્કીટેક્ટે ખર્ચનો અંદાજ આપ્યો હતો એ એક કરોડ ને સાઠ લાખનો હતો. બધાને ખબર હતી જ કે લગભગ કરોડ જેટલી રકમની જોગવાઈ તો થઈ ગઈ છે. પણ હજુ કોઈના મનમાં એ ઊતરતું ન હતું કે આવો મોટો આશ્રમ ભરાઈ જશે કેમ?

એક જણાએ એટલે તો મમરો મૂક્યો: 'મોટા, આપણે વાત થઈ હતી એમ બિલકુલ આધાર વગરના માણસો સસ્તામાં રહી શકે એવો આશ્રમ કરવાની આપણી નેમ હતી. તો એમ ન બને કે આમાં થોડી રૂમો ઓછી કરીને એવું ઘરડાઘર ન થાય?'

'એય થશે. આના પછી એય થશે મારામાં વિશ્વાસ રાખજો. પણ એ આશ્રમ આપણે આ કંપાઉન્ડમાં કરવો નથી. એ માટે આપણે બીજી જમીન લઈશું.'

‘એ માટેની પાંચસાત વીઘાં જમીન હું મારા ગામમાંથીય અપાવી શકીશ.’ મહાસુખ ભટે કહ્યું.

‘તો તમે દસ વીઘાં માટે પંચાયતમાં માગણી મૂકો એટલે હું ખેડાથી મત્તુ મરાવી લાવું. એના પૈસાનીય વ્યવસ્થા થઈ રહેશે.’ મોટાએ કહ્યું.

‘તમારા વિશ્વાસે તો આવું મોટું કામ ઉપાડ્યું છે. પણ આ કામેય વહેલી તકે કરવા જેવું છે.’

‘તો એ કામ વહેલું કરીશું પણ આ આશ્રમને ભોગે નહીં. એને માટેય મારા મનમાં પ્લાન છે. પહેલાં તો આપણે આ પ્લાન વિષે ચર્ચા કરી લઈએ. મારે અમેરિકાવાળા સાથે જે વાત થઈ છે એ પ્રમાણે આશ્રમના મકાન પર મયંકભાઈ કહે એ નામ મૂકીશું. પાણીની ટાંકી પર અમેરિકાના આશ્રમનું નામ આવશે. અમેરિકાનાં બાકીનાં દાન તખ્તીઓમાં આવશે.’

‘હવે આપણી પાસે વધે છે રસોડું, ઑફિસ અને અતિથિગૃહ એમની રકમ નક્કી કરીએ. પાંચ લાખ થોડા વધારે પડે છે. મેં બે ત્રણ ગામમાં આ વાત મૂકી જોઈ છે પણ કોઈ એટલા આપવા તૈયાર થતું નથી.’

‘આપણે અતિથિગૃહ માટે અગિયાર લાખ, ઑફિસ અને રસોડા માટે અઢી અઢી લાખ રાખીએ. આ બધાયમાં કદાચ બાંધછોડ કરવી પડે તો બધાની સાથે વાત કર્યા પછી કરવી એટલે કોઈને ખોટા પડવાનું ના થાય.’ બરાબર?’

મોટાના બધા દોસ્તોની છાપ પણ સારી હતી. વળી અમેરિકામાંથી લગભગ પચાસ લાખ જેટલા રૂપિયાનાં દાન મોટા મેળવી લાવ્યા હતા અને લોકસભાના સભ્યની ગ્રાંટમાંથી અગિયાર લાખ રૂપિયા આવવાના હતા એ તો બધાએ ભૂમિપૂજન વખતે જાણ્યું જ હતું.

આ બધી વાતો ફરતાં બધાંય ગામોમાં વાયુવેગે પ્રસરી ગઈ હતી એટલે નાનાં મોટાં દાનનો પ્રવાહ એવો વહેવા માંડ્યો કે વાત કરોડ રૂપિયે પહોંચી ગઈ. દાનનો આવો પ્રવાહ આ વિસ્તારમાંથી સૌ પ્રથમ હતો એટલે સૌ કાર્યકરો પણ ઉત્સાહમાં આવી ગયા હતા.

મહાસુખ ભટે પોતાના ગામના ગોચરમાંથી દસ વીઘાંની માગણી કરી અને ત્યાં એક ઘરડાઘરની યોજનાની વાત વહેતી પણ કરી દીધી.

સરદાર પટેલ પિતૃ સેવા આશ્રમના બાંધકામનાં ટેન્ડર મંગાવાયાં ને એમાંથી લાયક કોન્ટ્રાક્ટરને કામ સોંપી પણ દીધું. પછી તો લીમડાના ઝાડ નીચે દસેક ખુરસીઓ ને એક ટેબલ ગોઠવાઈ ગયાં. ને આ યોજનાના મૂળ કાર્યકરો સવારથી સાંજ ત્યાં અડ્ડો જમાવીને બેસવા માંડ્યા.

કોન્ટ્રાક્ટરે બે પેપરો બંધાવી દીધાં અને આ લોકો માટે બે વખતની ચાકૉફીની સગવડ કરી દીધી પછી તો પૂછવું જ શું?

મોટાં મોટાં મશીનો આવી ગયાં ને જમીન સમથળ કરવાનું કામ શરૂ થયું એટલે આજુ બાજુનાં ગામના લોકોય અહીં આવવા માંડ્યા અને અહીં થનારા આશ્રમની વાતો જાણી બીજાનેય કહેવા લાગ્યા. થોડા જ દિવસોમાં તો ચોરે ને ચૌટે આશ્રમની વાતો ચર્ચાવા માંડી.

વળી એક સ્થાનિક પેપરવાળાએ આખું પાન ભરીને આ થનાર આશ્રમની પ્લાન સાથેની વાતો વિગતવાર છાપી એટલે તો પૂછવું જ શું?

અમેરિકામાં આંટો મારી આવેલા એક ડૉક્ટરે આ કામ જોઈને કહ્યું: ‘બધું તૈયાર થઈ જાય એટલે અમારે માટે બે રૂમો જુદી કાઢજો એટલે અમે પાંચસાત ડૉક્ટરો અઠવાડિયે એકએક દિવસ સેવા આપવા આવીશું એટલે કોઈ વડીલને તબિયતની તકલીફ થાય તો એમને લઈને તમારે શહેર સુધી દોડવું ન પડે.’

‘એનાથી બીજું રૂડું શું? તમને પહેલા બોલાવીશું ને તમારે જોઈએ એટલી રૂમો કાઢી આપીશું.’ મોટાએ કહ્યું. ને બધા સાભળનારા મનમાં મુસ્કુરાઈ રહ્યા.

‘આ દાક્તર કહે છે એમ થાય તો બહુ સારું. આપણે દવાઓ ને થોડાં સાધનો લઈ આપવાં પડશે એટલું જ.’ દાક્તર ગયા એટલે એક જણાએ કહ્યું.

‘આપણે કશુંય નહીં કરવું પડે. આ દાક્તરો જ બધું લઈ

આવશે. ને વધારેની જરૂર પડશે તો સરકારી દવાખાનેથી બધું આવ્યા કરે એવી વ્યવસ્થા હું કરી દઈશ.' મોટાએ મૂછોમાં મલકાતાં કહ્યું.

પીસ્તાલીસ લાખ જેવી મોટી રકમ અમેરિકાથી મળી હતી અને એને કારણે દેશમાંથી પણ સારો એવો ફાળો એકત્ર થવા માંડ્યો હતો એટલે બધા ગોઠિયાઓ ઉત્સાહમાં આવી ગયા હતા. હવે કોઈ આટલી બધી રૂમો કેમની ભરાશે એની ચિંતા કરતા ન હતા. મોટાની વાતોથી બધાને હવે શ્રધ્ધા બેઠી હતી કે શરૂમાં નહીં તો પાંચ વરસ પછી આશ્રમ નાનો પડશે.

એમણે પહેલા તબ્બકામાં આશ્રમનું બાંધકામ હાથ પર લીધું હતું. એમાં જ્યાં બોક્સીંગ ભરાય એ પછીના થોડા દિવસ એ કામ અટકે ત્યાં અતિથિગૃહનું કામ ચલાવતા રહેલા એટલે એય હાલ લીંટલ લેવલે પહોંચી ગયું હતું.

આ કામ ચાલું થયું ત્યારથી આજુબાજુના ગામના લોકોય એ જોવા આવ્યા કરતા હતા. વળી જેમણે આ કામ માટે દાન આપ્યાં હતાં એ લોકોય અવારનવાર આવતા હતા. મોટાય આવાં દાન આપનારને ટકોર કર્યા કરતા હતા કે એ લોકો આવે ને એમના પૈસા કેમ વપરાય છે એ નજરે જુએ.

એમણે ગૌતમને પણ એક વખત ટકોર કરી હતી કે એ મકનભાઈનેય ક્યારેક આશ્રમ જોવા લઈ આવે. ને એમના આગ્રહને કારણે ગૌતમ એક દિવસ મકનભાઈને લઈને આશ્રમ જોવા આવ્યો પણ હતો. બધું જોઈને અને એમાં કરવાની સુવિધાઓ વિષે જાણીને એણે મોટાને પૂછેલું: 'એમાં રહેવા આવનારને ભાડુંય ખાસ્સું ભરવું પડશે ને!'

'એ તો ભરવું જ પડે ને! મારા હાલના અંદાજ મુજબ એક જણ હોય તો પંદરસો રૂપિયા અને ધણિધણિયાણી બેય હોય તો પચીસસો રૂપિયા એમણે આપવા પડશે.'

'પણ એટલા પૈસા એ લોકો ભરશે ક્યાંથી?'

'એ તો ક્યાંથી ભરવાના? પણ એમનાં છોકરાં ભરશે. માન કે તારાં જ માબાપ અહીં રહેતાં હોય તો એમના પચીસસો તને ભારે પડે? કે હું અને તારાં કાકી અહીં રહીએ તો વસંત કે

કૌશિકને એટલા પૈસા ભારે પડે? તું જોજે તો ખરો કેટલાય છોકરાઓ અહીંની સગવડ જોઈને પોતાનાં માબાપને સામે ચાલીને અહીં ભરતી કરાવશે. માબાપે આખી જિંદગી ઢસૈડા કરીને છોકરાંને ભણાવ્યાં હોય તે છોકરાંય એમનું ઘૈડપણ સુખમાં વીતે એટલું તો કરે જ ને!'

'હું નથી માનતો કે કોઈ એટલા રૂપિયા આપે.'

'આપશે દીકરા જરૂર આપશે. બાપા કહીને આપશે. અત્યારથી જ મારી પાસે પંદર જેટલાં નામો તો ખાનગી રાહે આવી પણ ગયાં છે.' પછી મનમાં જ કહે: દીકરા તુંય આપીશ, તારેય આપવા પડશે.

## ૮.

## રામકાના નવનીતભાઈ

**ના કોઈ કોઈકનાથી દૂર હોય છે,**
**ના કોઈ કોઈકની નઝીક હોય છે,**
**ઝીંદગી પોતે જ નઝીક લાવી દે છે,**
**જયારે કોઈ કોઈકના નસીબમાં હોય છે.**

રામકાના નવનીતભાઈ એમના મોટાભાઈના મોતના ક્ષોભમાંથી ધીમે ધીમે બહાર આવી રહ્યા હતા. એમણે ઈંગ્લેન્ડનું બધું જાણે દીકરાને સોંપી દીધું હોય એમ એ હવે મોટે ભાગે વલ્લભવિદ્યાનગરમાં જ રહેતા હતા. સાથે એમના દાસ્તો રમેશભાઈ તથા મનહરભાઈને પણ ફરજિયાત નિવૃત્તિ લેવડાવી પોતાની સાથે રહેવા બોલાવી લીધા હતા. (નવનીતભાઈના પરિચય માટે વાંચો '**સમણાં**')

પણ નવનીતભાઈનો વેપારી સ્વભાવ દેશમાંય નવરો કેમ બેસી રહે! એમણે આણંદ વિદ્યાનગરમાં જમીનો લઈને એમાં સોસાયટીઓ બાંધવાનું શરૂ કર્યું હતું અને રમેશભાઈ તથા મનહરભાઈને પણ એમાં લઈ લીધા હતા. એ બેને પણ એમાં રસ પડવા માંડ્યો હતો. પહેલાં તો એમને આ કામ અઘરું

લાગતું હતું પણ પછી તો એમનેય કામની સમજ પડવા માંડી હતી.

એક વરસમાં એમણે ત્રણ સોસાયટીઓ તરતી મૂકી હતી: ‘કેતકી’, ‘કલ્પના’ અને ‘ભાવના’. આમાં નવનીતભાઈએ એમના શરદભાઈ કોન્ટ્રાક્ટર સાથે આવી રીતે ટર્મ્સ નક્કી કરી હતી: જમીન નવનીતભાઈ લઈને એમને દસ ટકા વધારે લઈને આપે અને શરદભાઈ એમાં પોતાની સોસાયટી મૂકે. એમાં પાંચ લાખ સુધીના પ્લાનમાં એ નવનીતભાઈને મકાન દીઠ પચાસ હજાર રૂપિયા આપે અને એથી મોટા પ્લાનમાં મકાન દીઠ એક લાખ રૂપિયા આપે.

પછી એનાં બ્રોશોર છપાવી શરદભાઈ પ્રચાર કરે. બુકીંગમાં આ ત્રણ દોસ્તો પણ પોતાનાથી બનતી મદદ કરે. વળી જ્યારે બાંધકામ શરૂ થાય ત્યારે એ ચારેય જણા ઉપર હાજર રહી નક્કી કરેલી ગુણવત્તા મુજબનું કામ કરાવે. એટલે એમનું કામ પણ દીપવા માંડ્યું હતું.

એમાં રમેશભાઈ તથા મનહરભાઈની જાણ બહાર નવનીતભાઈએ એક ખાનગી દસ્તાવેજ કરી એ બેયનો પચીસ પચીસ ટકા ભાગ રાખી દીધો હતો. એક સોસાયટીમાં બધાને માટે એક એક મકાન પણ એમણે નોંધાવી દીધાં હતાં.

આ મકાનો તૈયાર થયાં એટલે ત્રેણેય દોસ્તોએ પોતપોતાનાં મકાનમાં રહેવાનું શરૂ કરી દીધું હતું પણ એ બધા ખાતા તો એક સાથે જ હતા. ક્યારેક નવનીતભાઈને ત્યાં તો ક્યારેક રમેશભાઈ કે મનહરભાઈને ત્યાં. ને આ દોસ્તો તો કાયમ સાથે જ હોતા.

પેલા બેયે પણ ખેતીનું બધું છોકરાઓને સોંપી દીધું હતું. એ લોકો અઠવાડિયે દસ દિવસે એક વખત ગામમાં આંટો મારતા હતા તો એમના દીકરાઓ પણ વિદ્યાનગર આવતા જતા રહેતા હતા. નવનીતભાઈએ ભાભીને પોતાની સાથે રહેવા બોલાવી લીધાં હતાં.

*

આ વાતને પાંચ વરસ થઈ ગયાં હતાં. હવે તો

રમેશભાઈ અને મનહરભાઈ બેય ધંધામાં ખૂંપી ગયા હતા. એ લોકો આખી જિંદગીમાં નહોતા જોયા એટલા રૂપિયા ફેરવતા થઈ ગયા હતા.    ત્યાં નવનીતભાઈને કાને વાત આવી કે ધનેરામાં ધનજી મોટા એક અદ્યતન આશ્રમ શરૂ કરે છે. ને ત્રણેય દોસ્તો ઊપડ્યા એ આશ્રમ જોવા.

ધનજી મોટા ને એમના બધા દોસ્તો આશ્રમ પર હાજર જ હતા. મોટા એ બધાને નામથી તો જાણતા જ હતા તો આ લોકોય બધાને માત્ર નામથી જ જાણતા હતા. 'મારું નામ નવનીત. આ રમેશ અને આ મનહર. અમે રામકાથી આવીએ છીએ. અમે આશ્રમ જોવા આવ્યા છીએ.'

'ભલે પધાર્યા. અમે તમને નામથી તો જાણીએ છીએ. આજે રૂબરૂ મુલાકાત થઈ. અમે અમેરિકાના આવા એક આશ્રમના સહયોગથી અહીં પણ ત્યાંના જેવો આશ્રમ શરૂ કરવાનું સ્વપ્નું લઈને બેઠા છીએ.' મોટાએ કહ્યું.

'હું કાયમ ઈંગ્લેન્ડમાં રહ્યો છું પણ અમેરિકાના આશ્રમથી પણ પરિચિત છું. હું એક વખત ત્યાં બે દિવસ માટે રહ્યો છું પણ ખરો.' નવનીતભાઈએ કહ્યું. પછી બધા આશ્રમના થઈ રહેલા બાંધકામ તરફ ઊપડ્યા. નવનીતભાઈએ બધું ઝીણવટથી જોયું. પ્લાનનો અભ્યાસ કર્યો પછી બધા ઑફિસમાં આવીને બેઠા.

'આમ તો આખો આશ્રમ એર કન્ડીશન્ડ કરવાની ગણતરી છે પણ શરૂઆતમાં અતિથિગૃહની પાંચેક રૂમોમાં એરકન્ડીશનર ફીટ કરાવીશું પછી સગવડે થોડેથોડે બાકીની રૂમોમાં પણ ફીટ કરાવતા જઈશું.' મોટાએ કહ્યું.

'એવું ના ચાલે. આપણા પાટીદારોમાં કહેવત છે કે જાળિયું મૂકવા બાકોરું રાખ્યું હોય તે દસ વરસેય ત્યાં જાળિયું ના નંખાવાય. તમે બધા સોમવારે આણંદ આવો તો આપણે બધાં એરકન્ડીશનરની વાત પાકી કરી લઈએ. હું તમને લેવા માટે સવારના નવેક વાગ્યે કાર મોકલી આપીશ.'

'પણ બધી રૂમોમાં એરકન્ડીશનર નંખાવવાનો ખર્ચો બારેક લાખ રૂપિયા જેટલો થવાનો અંદાજ છે.'

'એની ચિંતા છોડો. એ ખર્ચો હું મારા તરફથી કરી લઈશ.

અને હા, જ્યારે આશ્રમ ચાલુ થાય ત્યારે અમારા ત્રણ જણાની રૂમો પહેલી જ લખજો. અમે ત્રણેય અહીં રહેવા આવી જઈશું. આપણે આને ફક્ત વૃધ્ધાશ્રમ જ નહીં પણ નિવૃત્તિ આશ્રમ પણ બનાવવાનો છે.'

'મારો વિચાર પણ આશ્રમમાં રહેવા આવવાનો છે જ. અમારામાંના બીજાય કેટલાકનો વિચાર પણ એવો છે એમ લાગે છે પણ એ લોકો હજુ કહેતા નથી.' મોટાએ પહેલી વખત પોતાના મનની વાત કહી.

'તમારે બધાએ અહીં રહેવા આવી જવું જોઈએ. છોકરાં હડધૂત કરે કે ઘેરથી કાઢી મૂકે એની તો રાહ નથી જોતા ને!' નવનીતભાઈએ કહ્યું ને બધા હસી પડ્યા. આમેય એમની બધીય રૂમોમાં એરકંડીશનર નંખાવી આપવાની વાતથી બધા ઉત્સાહમાં આવી જ ગયા હતા.

*

સોમવારની સવારે બધાને લેવા માટે બે કાર આવી ગઈ હતી. એટલે બધા જ આણંદ ઊપડ્યા. નવનીતભાઈએ એપ્લાયન્સીસના એક જાણીતા વાપારીને ત્યાં બધાને દોર્યા. 'હવે તો આપણા દેશમાં હીટીંગ અને એરકન્ડીશનીંગ યુનિટ બનવા માંડ્યાં છે?' બધા ગોઠવાયા એટલે નવનીતભાઈએ પેલા સાથે વાત શરૂ કરી.

'તમારે જોઈતું હશે તો ઈમ્પોર્ટ કરીને પણ આપીશું, પછી છે કાંઈ!'

'એક યુનિટની કેટલી કિંમત થાય?'

'બાર બાય બારના રૂમ માટેનું યુનિટ પંદર હજાર રૂપિયાનું થાય.'

'જુઓ, અમે સાવ અજાણ્યા નથી. મારી સાઈટ પર શરદ કોન્ટ્રાક્ટર અહીંથી ઘણો સામાન મંગાવે છે. અને અમે બધા 'સરદાર પટેલ પિતૃ સેવા આશ્રમ'માંથી આવીએ છીએ. અમારે એકબે નહીં પણ આવાં એંસી યુનિટ લેવાનાં છે. અને એક સાથે રોકડેથી લેવાનાં છે એટલે તમે છેલ્લામાં છેલ્લા શું ભાવથી અને

કેટલા દિવસમાં આપી શકશો એ જણાવો એટલે અમે એડવાન્સ આપીને પાકું કરીને ઊઠીએ. નહીં તો બીજી દુકાને ગાડું છોડીએ.' નવનીતભાઈએ કહ્યું. પેલો વેપારી ગુંચવાઈ ગયો.

'તમને હું કલાક પછી ચોક્કસ જવાબ આપી શકું. મારે ફેક્ટરી સાથે આવો મોટો ઑર્ડર અને રોકડા પૈસાની વાત કરીને સ્પેશિયલ ભાવ માગવા પડશે. એ બધા હું તમને કાપી આપીશ.'

'ભલે અમે બીજું કામ પતાવતા આવીએ. પછી તમને મળીએ છીએ.' કહેતાં બધા બહાર નીકળ્યા. ત્યાંથી નવનીતભાઈ એમને બીજા એક જાણીતા વેપારી પાસે લઈ ગયા. એની સાથે પણ એવી જ વાત કરી.

એણે એમની હાજરીમાં જ બે ત્રણ ફોન કરીને અગિયાર હજાર ને પાંચસોનો ભાવ આપ્યો. પછી બધા પાછા પેલા વેપારી પાસે પાછા આવ્યા. એણે પણ એટલો જ ભાવ આપ્યો. એટલે નવનીતભાઈએ એની સાથે બાંધછોડ કરીને એને અગિયાર હજાર ને બસોમાં એક યુનિટ આપવા તૈયાર કર્યો.

'આ તો થઈ ધંધાની વાત. હવે આપણે આશ્રમની વાત કરીએ. તમારે આશ્રમમાં એક લાખ ને અગિયાર હજાર એક સો ને અગિયાર રૂપિયાનું દાન આપવાનું છે.'

'હવે એક પૈસો પણ ઓછો કરવાની વાત ન કરશો. મેં ત્રણ સો રૂપિયા આશ્રમના ગણીને જ ઓછા લીધા છે.'

'અમે એ સમજીએ છીએ. પણ હવે એક આગેવાન વેપારી તરીકે તમારી પાસે દાન માગીએ છીએ. જેણે આશ્રમ સાથે કોઈ ધંધો ન કર્યો હોય એવા લોકોએય લાખોનાં દાન આપેલાં છે. અમે એવું દાન તમારી પાસે માગીએ છીએ.'

પછી યુનિટ દીઠ બસો રૂપિયા વધારે ભાવ ભરવાની સામેથી ઑફર આપીને છેવટે એની પાસે પેલું એક લાખ અગિયાર હજાર એકસો અગિયાર રૂપિયાનું દાન એમણે પાકું તો કરાવ્યું જ.

પછી બધાં યનિટ ફીટ કરાવી આપવાની અને એક વરસ સુધી મફત સર્વિસ આપવાની અને ખામી યુક્ત યુનિટને રીપ્લેસ

કરી આપવાની વાત પાકી કરીને નવનીતભાઈએ એને બે લાખ રૂપિયાનો એડવાન્સનો ચેક આપ્યો.

'પેલાને એણે આપેલા ભાવ કરતાંય બસો રૂપિયા વધારે ભાવ ભરવાનું તમે કહ્યું એ વાત મને ના સમજાઈ.' બધા બહાર નીકળ્યા એટલે મોટાએ કહ્યું.

'મારે એંસી યુનિટના સોળ હજાર વધારે ચૂકવવા પડ્યા પણ એની સામે એનું એક લાખ કરતાંય વધારે રકમનું દાન પાકું થઈ ગયું ને. મને એમ લાગ્યું કે એવોએ દાનમાંથી છટકી જશે એટલે મેં એને સામેથી એમ કરવાનું કહ્યું ને. આપણે તો એટલા વધારે આવ્યા ને!'

'તમે તો ભાઈ એ વેપારીનાય ગુરુ નીકળ્યા. તમારા જેવા ધંધામાં પડેલા માણસને જ એવી તરકીબ આવડે. હવે બીજી ખરીદીમાંય તમારે અમારી સાથે રહેવું પડશે.'

'તમે જ્યારે કહેશો ત્યારે હું આવી જઈશ. અમારો ધંધાનો તો એક સિધ્ધાંત છે કે સસ્તી ખરીદી એ તો માલ વેચ્યા પહેલાંનો નફો.'

પછી બધાની સાથે નવનીતભાઈ આશ્રમ પર આવ્યા અને ત્યાંના કોન્ટ્રાક્ટર સાથે ભાવતાલ તથા ક્વોલીટી બાબતમાં કેટલીક ચર્ચા કરી અને કહ્યું: 'જુઓ તમે જે ભાવ ભર્યા હોય અને જે ક્વોલીટી વાપરવાની નક્કી થઈ હોય એમાં હું કોઈ ફેરફાર કરાવું તો એનો જે ડીફરન્સ થાય એ હું તમને મજરે આપી દઈશ અથવા તો હું તમને એ મટીરીયલ ખરીદી આપીશ.' એવી વાતમાં તો કોન્ટ્રાક્ટરને વાંધો જ શું હોય?

*

બીજે દિવસે નવનીતભાઈ શરદ કોન્ટ્રાક્ટરને લઈને આશ્રમ પર પહોંચી ગયા. એમણે થઈ રહેલા કામને બારિકાઈથી જોયું. શરદ અહીં ઘણી વખત આવી ગયેલો હતો. અહીંનો કોન્ટ્રાક્ટર એનો દોસ્ત પણ હતો.

પછી તો આશ્રમના કર્યકરોને પણ નવનીતભાઈનો સ્વભાવ ગમી ગયો અને નવનીતભાઈને પણ કર્યકરો સાથે સારું

ગોઠી ગયું. રોજ સવારે નવનીતભાઈ કાર લઈને આવી જાય. ક્યારેક આશ્રમ માટે કશી ખરીદી કરવાની હોય તો એ કારમાં સમાય એટલા માણસોને લઈને બજારમાં જઈ આવે. તો કદીક દાન મેળવવા પણ બેચાર જણાને લઈને ઊપડે.

એક દિવસ એ મનહરભાઈ ને રમેશભાઈને લઈને આશ્રમની આસપાસની જમીનો જોવા નીકળી પડ્યા. પાછા આવીને મોટાને કહે: 'મારે આશ્રમની ચારેય બાજુ ચાર પાંચ જગ્યાએ પાંચ પાંચ વીઘાં જમીન લેવી છે.'

'કેમ ખેતી કરવાનો વિચાર છે? આ બધી છેવાડેની જમીનોમાં ખાસ કસ નહીં એટલે તમને ખેતી માટે આ જમીન માફક નહીં આવે.'

'તો મારે ખેતી કરવીય ક્યાં છે? મારે તો આશ્રમની ચારેય બાજુ નાનીનાની વસાહતો ઊભી કરવી છે. આશ્રમની આસપાસ ઝૂંપડાં નહીં પણ શહેરી વસાહત અને નાનુ સરખું બજાર ઊભું કરવું છે મારે. તમે બધા એમાં રસ લઈને મને જમીન મેળવવામાં મદદ કરો. યોગ્ય કિંમત આપવાની મારી તૈયારી છે.'

'જમીન તો તમને મળી જશે પણ અહીં વગડામાં તમારા બંગલા લેશે કોણ?'

'એની તમે ચિંતા ન કરશો. એને લેવાવાળા દોડતા આવશે. હું યોજનાઓ જ એવી મૂકીશ કે શહેરના ઘોંઘાટથી દૂર રહેવાવાળાને અહીં સ્વર્ગ જેવું લાગશે.'

પછી તો આ વાતને જાણે પાંખો આવી. એક જ મહિનામાં નવનીતભાઈએ આશ્રમની આસપાસ બધી મળીને પચીસ વીઘાં જમીન લઈ લીધી. આજુબાજુનાં ગામોમાં વાત વહેતી થઈ ગઈ કે આશ્રમની આસપાસ સરસ મઝાના બંગલાવાળી સોસાયટીઓ બનવાની છે.

બીજા બે મહિનામાં તો એક સોસાયટીના પ્લાન સાથેના બ્રોશ્યોર પણ આજુબાજુનાં ગામોમાં ફરતાં થઈ ગયાં. ને વલ્લભવિદ્યાનગરની ઑફિસમાં મકાનોનાં બુકિંગ પણ થવા માંડ્યાં. આમાં આણંદ, વિદ્યાનગર ને નડીઆદ સુધીનાં

ગામોમાંથીય લોકો આવવા માંડ્યા. આશ્રમમાં જાણે નવનીતભાઈની બીજી ઑફિસ શરૂ થઈ ગઈ હોય એમ કેટલા લોકો નવનીતભાઈને રૂબરૂ મળવા આશ્રમમાં પણ આવવા લાગ્યા.

એક મહિનામાં તો સોસાયટીની જગ્યામાં પાણી માટેનો બોર પણ થઈ ગયો ને નમૂનાના મકાન માટે પાયા પણ ખોદાવા માંડ્યા. મોટા અને એમના ટોળાના માણસો પણ વિચારમાં પડી ગયા. મોટા કહે: 'નવનીતભાઈ, મારી તો સમજમાં જ નથી આવતું કે આટલી ઝડપથી બધાને કેવી રીતે જાણ થઈ?'

'એ બધી ધંધાની વાતો છે. તમે જોશો કે આશ્રમના ઉદઘાટન વખતે પહેલી સોસાયટીનું ઉદઘાટન પણ થશે. વીસ મકાનોની નોંધણી તો થઈ પણ ગઈ છે. ને ઉદઘાટન પછીના મહિના માસમાં તો લોકો ત્યાં રહેવા પણ આવી જશે.'

પછી તો આશ્રમની જેમ સોસાયટીની સાઈટ પર પણ એક ઑફિસ શરૂ થઈ ગઈ. રોજ સવારે નવનીતભાઈ, રમેશભાઈ અને મનહરભાઈ હાફ પેન્ટ પહેરીને ઈંટોની ચાકીઓ પર કે થયેલા ચણતર પર પાણી છાંટવા માંડ્યા.

આશ્રમના કાર્યકરો પહેલાં કાંઈક કૌતૂકથી ને પછી ભાવથી એમની આ પ્રવૃત્તિ જોવા લાગ્યા. એ લોકોનેય જાણે પોતાનું કામ થઈ રહ્યું હોય એમ લાગવા માંડ્યું. જેમનાં મકાનો બની રહ્યાં હતાં એવા લોકોય અવારનવાર થઈ રહેલું કામ જોવા આવવા માંડ્યા.

હજુ નવનીતભાઈની સોસાયટીમાં બેસવા ઊઠવાની ખાસ સગવડ થઈ ન હતી એટલે એવા લોકોય ત્યાં લટાર મારીને આશ્રમમાં આવીને બેસવા લાગ્યા ને આશ્રમની વાતો જાણીને એમાં રસ લેવા લાગ્યા. એમનેય આશ્રમ પ્રત્યે માયા બંધાઈ ગઈ.

૯.

# ધોળા માથાનાં માનવી

આશ્રમનું કામ જેમજેમ આગળ વધતું ગયું એમએમ એની ખ્યાતિ દૂર સુધી ફેલાતી ગઈ. કેટલાક લોકો એ જોવા તો કેટલાક લોકો એમાં પોતાનો સહકાર આપવા આગળ આવવા લાગ્યા અને બીજા લોકોને આશ્રમની વાતો કરવા લાગ્યા.

આશ્રમનું કામ ઘણી ઝડપથી આગળ વધી રહ્યું હતું. નવનીતભાઈના આવ્યા પછી બધા કાર્યકરોનો ઉત્સાહ પણ વધી ગયો હતો. હવે એમણેય આશ્રમ ફક્ત ઘરડાં અને લાચાર મણસો માટે નહીં પણ નિવૃત્તિ માટેની વ્યવસ્થા માટે હતો એમ કહેવા માંડ્યું હતું.

કેટલાક પિતૃપ્રેમી દીકરાઓએ સામે ચાલીને પોતાનાં વડીલોને આશ્રમમાં રહેવાની વ્યવસ્થા કરવા માટે આશ્રમમાં અરજીઓ પણ કરવા માંડી હતી. હવે કાર્યકરોમાંના કોઈ આશ્રમ કેમનો ભરાશે એવો પ્રશ્ન કરતા ન હતા.

કેટલાંક વડીલોએ આશ્રમ અને એમાં અપાનાર સવલતો જોયા પછી પોતાને આ આશ્રમમાં મૂકવા પોતાના દીકરાને સમજાવવા માંડ્યા હતા. કેટલાક સમજ્યા હતા તો કેટલાકને સરકારી રાહે સમજાવવાની નોંધ મોટાએ મનોમન તૈયાર કરવા માંટી હતી.

જિલ્લાનાં તો જિલ્લાનાં પણ રાજ્યનાં દૈનિક પેપરોમાં પણ આશ્રમની નોંધ લેવાવા માંડી હતી. કેટલાંય પેપરોએ આશ્રમના થઈ રહેલા કામના ફોટા સાથેના આશ્રમ અંગેના લેખો કે સમાચાર છાપ્યા. એમાં પણ આશ્રમમાં અપાનાર સગવડોની વાતો વણી લેવામાં આવી હતી. આ આશ્રમ એક ઘરડાઘર નહીં પણ નિવૃત્તિ નિવાસ છે એવી વાત પણ હવે જાણીતી થવા માંડી હતી.

અરે એક અઠવાડિક સામયિકે તો ‘ધોળા માથાનાં માનવી શું ન કરે?’ એ મથાળા હેઠળ રંગીન ફોટા સાથે એક લેખ લખ્યો

પછી તો આશ્રમને જોવા આવનારાઓનો જાણે ધસારો શરૂ થઈ ગયો હતો. જે લોકોએ આશ્રમ વિષે સાંભળ્યું ન હતું એ લોકોમાં પણ આ લેખ વાંચતાં આશ્રમ જોવાની ભાવના જાગવા માંડી હતી. એ લેખના કેટલાક અંશો એના લેખકની મંજૂરી સાથે અત્રે રજૂ કર્યા છે.

## ધોળા માથાનાં માનવી શું ન કરે?

ચરોતરની મધ્યમાં ધનેરા, માણેકા અને વસ્તાણાની વચમાંની ગોચરની જમીન સંપાદન કરી ત્યાં આખા ગુજરાતના નાક સમો એક અદ્યતન વૃધ્ધાશ્રમ આકાર લઈ રહ્યો છે. આ આશ્રમનું નામ છે સરદાર પટેલ પિતૃ સેવા આશ્રમ.

વૃધ્ધાશ્રમ એટલે આધાર વગરનાં ને લાચાર માનવીઓ માટેની સદાવ્રત જેવી સામાન્ય વ્યવસ્થા એવી એક સામાન્ય માન્યતા લોકોમાં પ્રચલિત છે પણ સરદાર પટેલ પિતૃ સેવા આશ્રમ જોયા પછી અને એ આશ્રમના સંચાલકોને રૂબરૂ મળ્યા પછી અમને આશ્રમના આ સંચાલકોની ઉદ્દાત ભાવના અને એમની દ્રષ્ટિ પ્રત્યે જે અહોભાવ ઉત્પન થયો છે એ વર્ણવવાના અમારી પાસે શબ્દો નથી.

આ આશ્રમમાં પચાસ રૂમો વૃધ્ધો અને નિવૃત્ત જીવન ગાળવા ઈચ્છતા વયસ્કો માટેની બની રહી છે. સાથે બહારથી આવનાર અતિથિઓ માટે અદ્યતન મહેમાનગૃહની પણ પચીસ રૂમો બનાવવામાં આવી રહી છે.

આ બધી પંચોતેરેય રૂમોમાં એરકંડીશનીંગ અને હીટીંગની સુવિધા પણ કરવામાં આવનાર છે. દરેક રૂમમાં સરકારી ગેસ્ટ હાઉસ જેવી કાર્પેટ પાથરવામાં આવશે તથા દરેક રૂમમાં રંગીન ટીવીની સુવિધા આપવામાં આવનાર છે. દરેક યુગલને એક રૂમ તથા એકલ વ્યક્તિને પણ અલગ રૂમ આપવામાં આવનાર છે.

આ આશ્રમ માટે અમેરિકામાંથી લગભગ પચાસ લાખ જેટલી રકમનાં દાન મળી ગયાં છે અને બીજાં લગભગ એક કરોડ રૂપિયા જેટલાં દાન દેશમાંથી પણ એકત્ર થઈ ગયાં છે.

આશ્રમમાં નંદનવનસમો ઉદ્યાન બનાવવામાં આવનાર છે. વળી તેમાં શિયાળામાં બહાર બેસી શકાય એવી ખુરસીઓ તથા હીંચકા ગોઠવવાનું પણ પ્લાનીંગ કરવામાં આવ્યું છે. આ ઉદ્યાનમાં ચીકુ, કલમી આંબા પપૈયા તથા સંતરાં જેવાં ઉપજાઉ વૃક્ષો રોપવામાં આવનાર છે તો ગુલાબ, મોગરો અને અન્ય ફૂલોના છોડની પણ નયનરમ્ય ગોઠવણી કરવામાં આવનાર છે.

એક વિશાળ રૂમમાં કસરત માટેનાં સાધનો પણ સૌ આશ્રમવાસીઓ માટે વસાવવામાં આવનાર છે. વળી એક નાનકડું પુસ્તકાલય પણ આશ્રમવાસીઓ માટે શરૂ કરવામાં આવનાર છે.

કેટલાક ડૉક્ટરોએ વારા ફરતી રોજ આશ્રમ પર હાજર રહી મફત સેવા આપવાનું પણ સ્વીકર્યું છે. તો ત્રણેય ગામના ભૂદેવોએ વારા ફરતી રોજ રાતે બે કલાક કથા વ્યાખ્યાન કરવાનું પણ સ્વીકાર્યું છે.

પાછલી ઉંમરે માણસને પોતાના સરખી ઉંમરના દોસ્તો સાથે બસવાનું કે ધરમધ્યાનમાં દિવસ પસાર કરવાનું વધારે ગમે. ક્યારેક નાનીમોટી જાત્રા કરવાનું કે ખુલ્લામાં હરવાફરવાનું મન થાય એ સ્વાભાવિક છે. આ માટે એક મંદિર પણ બનાવવામાં આવનાર છે.

આ આશ્રમમાં રહેનારને આ બધું સહજ પ્રાપ્ત થાય એવી વ્યવસ્થા અહીં આપોઆપ મળી રહેતાં વડીલોનાં બહુમૂલ્ય સ્વસ્થ તબિયત અને શાંતિથી તેમની જિંદગી આરામમાં વ્યતીત થાય એવું કરવા માટે આશ્રમના સૌ કાર્યકરો કર્તવ્યબધ્ધ છે એ જાણીને અમે અતિ આનંદની લાગણી અનુભવીએ છીએ.

અમને આવી બધી સવલતો સાભળી મનમાં એક પ્રશ્ન જાગ્યો કે આ આશ્રમમાં રહેવા આવનારને માસિક ખર્ચ પણ એવો જ આપવો પડશે.

એના જવાબમાં એક સંચાલકને પૂછતાં એમણે જણાવ્યું કે જે માબાપોએ છોકરાંને ભણાવવા તથા એમને લાયક બનાવવા ટાઢ, તડકો ને વરસાદમાં જાત નીચોવી નાખી છે એવાં પોતાનાં વડીલોની પાછલી જિંદગી આરામદાયક વીતે એ

જોવાની દરેક સંતાનોની ફરજ છે એટલે એ લોકો મહિને પચીસસો કે ત્રણ હજાર જેવો ખર્ચો જરૂરથી આપશે.

ક્યાંક કોઈ સંતાનની સ્થિતિ સારી હોવા છતાં એ ખર્ચો નહીં આપે તો સરકારી રાહે તેની પાસેથી ખર્ચો વસુલ કરતાં પણ આશ્રમ અચકાશે નહીં.

અમારું માનવું છે કે આ આશ્રમમાં સૌ પોતાનાં વડીલોને મોકલશે અને ખર્ચો પણ આપશે. હવે તો સરકાર પણ ઉપેક્ષિત વડીલોની વહારે આવે છે આવે છે અને એમને યોગ્ય જીવાઈ અપાવે છે એ જોતાં આશ્રમના કાર્યકર્તાનો આ વિચાર અમને યોગ્ય લાગે છે.

પૈસાને જોરે ચાલી રહેલી આજની સમાજ વ્યવસ્થામાં વડીલો માટે તેમનાં દીકરાદીકરીઓમાં ફરજની ભાવના આજકાલ લુપ્ત થતી જણાય છે તેની સામે આ આશ્રમ લાલ બત્તી બની રહેશે એવો અમને વિશ્વાસ છે.

આ આશ્રમ હવે લગભગ સંપૂર્ણ થઈ જવા આવ્યો છે. એક વખત રૂબરૂ જઈ સૌ કોઈ આ જોઈ આવે અને પોતાનાથી શક્ય એટલી એમાં મદદ પણ કરે એવી અમારી સૌને વિનંતિ છે.

અંતમાં આશ્રમના નિર્માણમાં વ્યસ્ત આ સૌ ધોળા માથાનાં માનવીઓને મારાં લાખલાખ વંદન.

**પરાશર વૈદ્ય**

આ લેખ છપાયા પછી રોજના આઠથી દસ અજાણ્યા લોકોય આશ્રમ જોવા આવવા માંડ્યા અને નાનાંમોટાં લગભગ પાંચેક લાખનાં દાન આ કારણે આશ્રમને મળ્યાં.

ધનેરા, માણેકા અને વસ્તાણાને જોડતી પાકી સડકનાં કામ જે છલ્લાં ચાર વરસથી ટલ્લે ચડેલાં હતાં તે પણ શરૂ થઈ ગયાં. આ ત્રણેય ગામ વચ્ચે દોડતી એસટીની બસોનું આશ્રમનું સ્ટેન્ડ પણ શરૂ થઈ ગયું. તો આજુબાજુનાં ગામોનું તો જાણે તિર્થસ્થાન હોય તેમ ત્યાંના લોકો પણ વારંવાર ત્યાં આવવા લાગ્યા.

નવનીતભાઈએ આશ્રમમાં બાર લાખ રૂપિયા કરતાં વધુ

રકમ આપી તેમાં એર કન્ડીશનો નંખાવી આપવાની વાત રામકામાં પ્રસરતાં રામકાના લોકોને પણ આશ્રમ પ્રત્યે મમત્વ જાગ્યું અને એ ગામેથી પણ લોકો આશ્રમ જોવા આવવા માંડ્યા.

આ બધાને કારણે આશ્રમની ખ્યાતિ આખાએ ગુજરાતમાં પ્રસરી ગઈ. કેટલાંય દૈનિક પેપરોએ પણ આશ્રમની નોંધ લીધી ને એના સમાચારો અવારનવાર ચમકાવતાં રહ્યાં.

વળી જેમણે નવનીતભાઈની સોસાયટીમાં મકાનો નોંધાવ્યાં હતાં એ લોકોનેય આશ્રમ પોતાનો લાગવા માંડ્યો હતો. આ લોકોય જ્યારે પોતાનાં તૈયાર થઈ રહેલાં મકાનો જોવા આવે ત્યારે આશ્રમની સાઈટ પર ઘણો સમય બેસવા માંડ્યા.

આવનારા માણસો આશ્રમનું થઈ રહેલું બાંધકામ જોતા અને એમાં થનારી સગવડની વાતો સાભળતા અને ગામમાં જઈ બીજા લોકોને એ કહેતા. બધાને મન આશ્રમ માટે અહોભાવ જાગતો પણ એમાં રહેવા આવનાર માણસો એમનામાંના તો કોઈ નહીં જ હોય એમ માનતા. એમણે સ્વપ્નેય ન જોઈ હોય એવી સાહ્યબીમાં રહેવાની કલ્પનાય એ લોકો ક્યાંથી કરી શકે?

## ૧૦.
## આશ્રમ શરૂ થાય છે

આશ્રમનું કામ તો ચાલતું જ હતું તેમાં નવનીતભાઈના આવવાથી ઘણો વેગ આવી ગયો હતો. વળી તેમણે આશ્રમની ચારેય બાજુએ સોસાયટીઓ મૂકવાની જે જાહેરાત કરી હતી અને દૂરદૂરથી લોકો એમાં મકાનો નોંધાવવા માંડ્યા હતા એ જોઈને મોટાની મંડળીવાળા પણ આશ્ચર્યમાં પડી ગયા હતા.

એમાંના કેટલાને તો નવનીતભાઈની સોસાયટીમાં મકાન નોંધાવવાની પણ ઈચ્છા થવા માંડી હતી પણ નવનીતભાઈ અને મોટાએ એમને સમજાવી લીધા હતા કે બધા કાર્યકરોએ બીજા લોકોની જેમ પૈસા ભરીને આશ્રમમાં રહેવા આવી જવાનું હતું.

જો આશ્રમની વ્યવસ્થા બરાબર ગોઠવવી હોય તો બધા કાર્યકરોએ આશ્રમમાં રહેવું જોઈએ અને આશ્રમને રસોડે જ જમવું જોઈએ એ વાત એમણે બધાના મનમાં બરાબર ઠસાવી દીધી હતી.

તેમણે એ પણ કહ્યું હતું કે આપણે મફત રહેવાનું નથી. આપણેય બધાની જેમ પૂરતા પૈસા દર મહિને ભરવાના જ છે. તો જે કાર્યકર્તાનાં સંતાનો પૈસા ભરી શકે તેમ ન હોય તેના પૈસા ભરવાનું નવનીતભાઈએ માથે લીધું હતું.

બધામાં એક મહાસુખ ભટ જ એવા હતા કે જેમનો દીકરો પૈસા ભરી શકે તેમ ન હતો એટલે એમના પૈસા જ નવનીતભાઈએ ભરવા પડવાના હતા. બીજાય કોઈક હજુ નીકળશે એવી ગણતરી નવનીતભાઈએ રાખી જ હતી. બધાની સાથે અત્યારે તો એ લોકો હાએ હા કરતા હતા પણ કદાચ એમનેય આટલા પૈસા દર મહિને ભરવાનું અઘરું લાગશે.

ને બધાએ એમની વાત મનથી સ્વીકારી લીધી પણ હતી. એમને નવનીતભાઈની નિવૃત્તિ નિવાસની વાત મનમાં ઊતરી ગઈ હતી. પણ કેટલાક હજુ છોકરાંને કામમાં મદદ કરતા હતા એ લોકોય મનમાં ઢચુપચુ હતા. પણ કોઈ બહાર જાહેર કરતા ન હતા. પણ બધાની સાથે એમને પણ આશ્રમમાં રહેવા આવવાનું મન તો હતું જ.

*

પછી એમ નક્કી થયું કે નવનીતભાઈની સોસાયટી 'મંગલમ્'નું ઉદઘાટન થાય એ પછીને મહિને આશ્રમનું ઉદઘાટન રાખવું. તારીખો નક્કી થતાં જ બેય જગાએ એની તૈયારીઓ પૂરજોશમાં શરૂ થઈ ગઈ. પંદર દિવસમાં તો દરેક રૂમમાં હીટર-એરકન્ડીશનર્સ ફીટ પણ થઈ ગયાં. નવનીતભાઈએ એ વેપારીને આશ્રમ માટેના એકલાખ અગિયાર હજાર રૂપિયા કાપીને એને પૂરી રકમનો ચેક આપી દીધો એટલે એ પણ ખુશ થઈ ગયો.

ધનેરા, માણેકા ને વસ્તાણાને ત્રિભેટે આશ્રમ આવેલો હતો. ત્રિભેટેથી વસ્તાણા તરફ જે માર્ગ જતો હતો એના પર એક

તરફ આશ્રમ તો એની સામે તરફ મંગલમ્ સોસાયટી આવતી હતી.

નવનીતભાઈએ સમારંભ માટેનો મંડપ આશ્રમની બીજી તરફ બાંધવાનું નક્કી કર્યું એટલે મોટા કહે: ‘એના કરતાં સોસાયટીની બાજુના ખેતરમાં બાંધ્યો હોય તો આવનારાને સોસાયટીમાં જવાનું સહેલું પડે. ને એ ખેતર તો ખાલી જ પડ્યું છે. તમને એના ધણીની સાથે વાત કરવામાં ખચકાટ થતો હોય તો હું એને વાત કરી દઈશ.’

‘એમણે તો મને સામે ચાલીને એમના ખેતરમાં માંડવો બાંધવાનું કહી દીધું છે પણ મારે આવનારાઓને સહેલું પડવા દેવું નથી એનું શું? આશ્રમની પાછળની કંપાઉન્ડ વૉલમાં જે દસેક ફૂટનું ગાબડું આપણે સગવડ પૂરતું કામચલાઉ રાખેલું છે એમાંથી બધા મહેમાનો આશ્રમની આરપાર મંગલમ્ સુધી જશે. એ લોકો આશ્રમ જુએ અને એમને રસ જાગે તો આપણુંય કામ થઈ જાય એવી મારી ગણતરી છે.’

‘તમારી ગણતરી એવી હોય તો સવારથી જ આપણા પાંચ સાત કાર્યકરો આશ્રમની પ્રવૃત્તિઓ બતાવવા મૂકી દેવા પડશે. નીચેની બધી રૂમો તો તૈયાર જ છે. કાર્પેટ નાંખવાનું કામ ફક્ત ઉપરની રૂમોમાં ચાલી રહ્યું છે એટલે નીચેની રૂમો ખોલીને બતાવી શકાય એવી તૈયાર છે જ.’ મોટાએ કહ્યું.

‘આપણે એમને આખો આશ્રમ ક્યાં બતાવવાનોય છે? એમને કેટલીક રૂમો, રસોડું અને ઑફિસ બતાવીશું એટલે એમને બાકીની વ્યવસ્થાનો ખ્યાલ આપોઆપ જ આવી જશે. આપણામાંના બેચાર કાબેલ માણસો ઑફિસમાં એમને દાન અંગેની માહિતિ આપવા હાજર રાખવા પડશે.’

*

મંગલમ્ સોસાયટીનું ઉદઘાટન નવનીતભાઈએ મોટાને હાથે કરાવવાનું નક્કી કર્યું હતું. સભામંડપમાં બંગલાઓની ચાવી જે તે માલિકોને અર્પણ કરતી વખતે એમને આશ્રમ જોવાની અને એમાં પોતાનાથી બનતી મદદ કરી પાડોસીધર્મ બજાવવાની વિનંતિ કરવામાં આવતી હતી.

જમવા જતાં પહેલાં બધા આશ્રમ જોતા હતા ને સમારંભ પૂરો થતા પહેલાં લગભગ પચાસ હજાર રૂપિયાનાં દાનનાં વચનો તો આશ્રમને મળી ચૂક્યાં હતાં. વળી નવનીતભાઈએ રમેશભાઈ તથા મનહરભાઈને નામે પણ એકલાખ અને અગિયાર હજાર એક સો ને અગિયાર રૂપિયાનાં દાન પણ લખાવી દીધાં હતાં.

નવનીતભાઈની સોસાયટીમાં સાત આઠ કુટુંબો તો એક જ અઠવાડિયામાં રહેવા પણ આવી ગયાં હતાં. એમનાં મકાનોમાં ફરનિચરનું કામ ચાલતું હતું. નવરાશના સમયમાં એ બધા આશ્રમની ઑફિસમાં આવીને બેસતા હતા. એમનેય આશ્રમ સાથે માયા બંધાતી જતી હતી.

આશ્રમના ઉદઘાટનમાં પણ એ લોકો કામમાં જોડાઈ ગયા હતા. એમાંના કેટલાકે તો આશ્રમમાં નાનાં મોટાં દાન પણ લખાવી દીધાં હતાં.

આશ્રમમાં લાભાર્થિયોને દાખલ કરતા પહેલાંની સગવડો પૂરી કરવાના કામમાં બધા કાર્યકરો લાગી ગયા હતા. એમણે બાગકામ માટે બે મજૂર અને એક માળી પગારથી રાખી લીધા હતા. ને એમણે કામ શરૂ પણ કરી દીધું હતું.

નવનીતભાઈને માહિતી મળી હતી કે ચરોતરના એક માણસ મધુકરભાઈની મુંબઈમાં સ્ટેનેસ સ્ટીલની ફેક્ટરી હતી. એટલે એ અને મોટા મુંબઈ ઊપડ્યા. એમણે લગભગ પાંત્રીસ હજારનાં રસોઈ બનાવવાનાં ને જમાડવાનાં વાસણો એમની પાસેથી લીધાં. પછી નવનીતભાઈએ એમની પાસે ડોનેશનની વાત મૂકી.

એક લાખ રૂપિયા આપવામાં તો પેલા ભાઈ તૈયાર ન થયા પણ છેવટે બધાં વાસણો પર એમનું નામ લખીને બધાં એમના તરફથી ભેટ લેવાની વાતમાં તો એમને સંમત કર્યા જ. ને બધાં વાસણો રેલ્વેમાં બુક કરાવીને બધા પાછા આવી ગયા.

પછી એક દિવસ બેત્રણ જણા આણંદ ઊપડ્યા અને બાગકામનાં સાધનો લઈ આવ્યા. એમાં પણ નવનીતભાઈએ વાસણવાળી જ રીત અપનાવી ને બધાં સાધનો ભેટ રૂપે

મેળવ્યાં. સરદાર પટેલ સેવા આશ્રમની છાપ એની શરૂઆત પહેલાં જ એવી જામી ગઈ હતી કે જ્યાં જાય ત્યાંથી એમને સારો સહકાર મળી રહેતો હતો.

એમણે રૂમોમાં વેકયુમ કરવા માટે બે વેક્યુમ ક્લીનર ખરીદી લીધાં ને બે માણસોને એ કામ માટે રોકી પણ લીધા ને એમને વેક્યુમ કેમ કરવું એ પણ શીખવાડી દીધું.

*

હવે બધાને લાગ્યું કે જરૂરી બધાં કામ થઈ ગયાં હતાં એટલે એમણે આશ્રમના ઉદઘાટનની તારીખ નક્કી કરી. તારીખ નક્કી કરતા પહેલાં એમણે કરસનદાસ માણેકનો સંપર્ક કરી તેમની અનુકૂળતા જાણી લીધી હતી.

પછી અમેરિકા ફોન કરીને મુખી દેવશીભાઈ તથા જે કોઈ આવી શકે તેમને ઉદઘાટનમાં હાજર રહેવા મૌખિક આમંત્રણો આપી દીધાં હતાં. ત્યાથી મુખી, દેવશીભાઈ અને ડૉ. ભાવિનભાઈએ હાજર રહેવાનું જણાવી દીધું હતું અને બીજા જેને આવવું હશે તેને સાથે લેતા આવવાનું પણ તેમણે જણાવ્યું હતું.

પછી આમંત્રણો લખવાની ચર્ચા શરૂ થઈ. મોટા કહે: ‘બધા દાતાઓ, આપણે બધા, આજુબાજુનાં ગામોમાંથી આગેવાનો અને ભવિષ્યમાં દાન આપી શકે એવા માણસો એટલા તો ખરા. વળી જે સરકારી માણસો જમીનસંપાદનમાં ઉપયોગી થયા હોય તેવા અને તાલુકા જિલ્લાના સરકારી અમલદારો તથા રાજકારણીઓ તથા મંગલમ્ સોસાયટીના સૌ સભ્યો.’

‘શહેરમાંના આપણા ઓળખીતા અને ધંધાવાળા લોકોનેય બોલાવવા જોઈએ. એ લોકો આશ્રમ જોશે તો એમનેય આશ્રમમાં મદદ કરવાનો ઉમળકો થશે.’ માધવભાઈએ કહ્યું.

‘નવનીતભઈના રામકામાંથી પણ પંદરવીસ માણસોને બોલાવીશું.’

‘અમેરિકામાંથી જેણે દાન આપ્યાં છે એમના વતી પણ એમને પૂછીને થોડાં આમંત્રણો મોકલવાં જોઈએ.’ મોટાએ કહ્યું.

'કેટલાક દાક્તરોએ સેવા આપવાની વાત કરી છે તેમને તથા એ કહે તેવા બીજા દાક્તરોને પણ બોલાવવા જોઈએ.'

આમ વાત ચાલતી હતી ત્યાં નવનીતભાઈ આવ્યા. એ કહે: 'આમંત્રણો છૂટથી આપવાં જોઈએ. જે આવશે એમાંથી કેટલાક તો જેમ મંદિરમાં જાય અને ભગવાનને ભેટ મૂકે છે એમ આશ્રમને ભેટ મૂકતા જશે. કોઈકના મનમાં આ વાત ન ઊતરે તો આપણે ઉતારનારા ક્યાં નથી? છતાંય જો તમને એમ લાગતું હોય કે આ ખોટો ખર્ચો છે તો જાવ સમારંભનો ખર્ચો મારા તરફથી, બસ.'

'તમારો બહુ લાભ લીધો છે. હવે તો આપણી પાસે બધો ખર્ચ કાઢતાંય દસેક લાખ રૂપિયા વધે છે એટલે ખર્ચની તો ચિંતા નથી.' મોટાએ કહ્યું.

'આપણે ક્યારેય ભીડ વેઠવી પડે એવું થવા જ દેવું નથી. આશ્રમની પાસે કાયમ આટલા પૈસા તો બૅંકમાં રહેવા જ જોઈએ. તો જ કામ કરવામાં મઝા આવશે. વળી ક્યારેક બીજું કામ શરૂ કરવું હશે તો આના જોર પર થઈ શકશે.' નવનીતભાઈએ કહ્યું ને બધા વિચારમાં પડી ગયા. હજુ એક કામ તો શરૂ થયું નથી ત્યાં આ માણસ બીજા કામની વાત કરતા હતા. પણ બધાને હવે નવનીતભાઈ પર પૂરો ભરોસો આવી ગયો હતો.

'આવું બીજું કામ? તમારા મનમાં કોઈક વાત શરૂ થઈ ગઈ હોય એમ લાગે છે.' મોટાએ હસતાં કહ્યું.

'તમે જોશો કે બે જ વરસમાં લોકો આપણા આશ્રમ જેવા બીજા આશ્રમો એમના એરિયામાં શરૂ કરવા માટે આંટા મારવા માંડશે. તમે અમેરિકાના આશ્રમની વાત તો જાણો જ છો.'

'બહારથી જે મહેમાનો આવશે અને આપણા મોટા દાતાઓ આવશે તેમને માટે અતિથિગૃહમાં રહેવાની સગવડ કરીશું. આપણે અને બીજા જે કાયમ રહેવા આવવાના છીએ એમને આશ્રમની રૂમો ફાળવી દઈશું.' મોટાએ કહ્યું.

'આશ્રમનું રસોડું સમારંભને દિવસે ચાલુ કરવાની જરૂર નથી પણ આવનારા બધા જોઈ શકે એવું તૈયાર રાખીશુ કે જેથી

આવનારને ખબર પડે કે રહેવા તથા જમવાની કેવી સગવડ આપણે આપવાના છીએ.

ને જે લોકો પરદેશથી આવશે તેમને પાટલે બેસીને જમવાનું ફાવશે નહીં એટલે તેમને અને મોટા દાતાઓને અને મોટા સરકારી અમલદારોને સમરંભ પત્યે આશ્રમના ભોજનગૃહમાં જમાડીશું.'

'અમેરિકાથી મુખી, તેમનાં પત્ની, મથુર મહારાજ, દેવશીભાઈ અને એમનાં પત્ની અને મયંકભાઈ એમનાં પત્ની સાથે આવવાનાં છે. તો ઈંગ્લેન્ડથી નવનીતભાઈનો દીકરો તથા એનાં પત્ની આવવાનાં છે. આ સિવાય કોઈ આવવાના હોય તો એની હજુ સુધી જાણ નથી.' મોટાએ કહ્યું.

પછી કેટલાં માણસો થશે ને જમવામાં શું કરવું એની ચર્ચામાં બધા પડ્યા.

*

એમ કરતાં આશ્રમના ઉદઘાટનનો દિવસ આવી ગયો. અમેરિકાથી આવેલા મથુર મહારાજે દેશના ભૂદેવોમાં પોતાનું સ્થાન મેળવી લીધું હતું. એમણે અમેરિકાની રીતે પૂજામાં કેટલીક નવી વિધિ ઉમેરાવી દીધી હતી.

હાજર રહેલાંમાંથી જેને આરતી ઉતારવાનો લાભ લેવો હોય તેમને તૈયાર કરવામાં તેમણે રસ લઈને લગભગ પચાસ જણને આરતી ઉતારવા તૈયાર કર્યાં હતાં.

આવાં જજમાનોએ આરતીનો આવો લાભ લેવા રૂપિયા ૧૦૦થી ૫૦૦ આપવા જોઈએ એવી પણ એમણે વાત વહેતી કરી દીધી હતી. આરતીના આ પૈસા પૂજા કરાવનાર પુરોહિતોના હશે એવી વાત પણ એમણે આશ્રમના કાર્યકરોના કાન સુધી પહોંચાડી દીધી હતી.

ઉદઘાટનને દિવસે લગભગ હજાર માણસોની ગણતરી રાખી હતી. દસ હજાર કે તેથી વધારે દાન આપ્યાં હોય એમને સહકુટુંબ આમંત્રણ આપવામાં આવ્યાં હતાં. ઉપરાંત આજુબાજુનાં ગામમાંથી દસદસ આગેવાનોને પણ આમંત્રણ

આપવામાં આવ્યાં હતાં.

સવારના દસ વાગ્યાથી હવન રાખ્યો હતો અને સાંજના ચાર વાગ્યે નારિયેળ હોમાય પછી સમારંભ સાંજના ચારથી સાત વાગ્યાનો રાખવામાં આવ્યો હતો. મોટી મેદની થવાની ગણતરી હતી એટલે હવન પણ મંડપમાં રાખવાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બધામાં અમેરિકાવાળા મથુર મહારાજ જુદા જ તરી આવતા હતા.

ઉદઘાટન મયંકભાઈને હાથે કરાવવાનું હતું. અતિથિ વિશેષ તરીકે કરસનદાસ માણેક, ધનજી મુખી અને નવનીતભાઈ વરાયા હતા. દેવશીભાઈ તો આવ્યા ત્યારથી જ રસોડામાં કામમાં લાગી ગયા હતા. રસોઈ કરવા આવેલા બે જણ તો દેવશીભાઈના રસોડામાં વિદ્યાનગરમાં કામ કરી ગયેલા પણ હતા.

*

ને એમ ઉદઘાટનનો દિવસ આવી ગયો. બધા કાર્યકરો તો આખી રાત ઉજવણીની વ્યવસ્થાના કામમાં જ લાગેલા હતા. સવાર પડતાં જ આજુબાજુનાં ગામમાંથી લોકોનાં ધડેધાડાં આવવા માંડ્યાં. સવારથી જ જાણે મેળો ભરાયો હોય એવું વાતાવરણ જામી ગયું હતું.

નવ વાગતામાં તો આખો સભામંડપ માણસોથી ચિકાર થઈ ગયો. માધવ પટેલ રસોડામાં પહોંચી ગયા. ‘દેવશીભાઈ, મને લાગે છે કે માણસ બારસોથીય વધારે થઈ જશે. જમવાનું થઈ તો રહેશે ને?’

‘તમે એની જરાય ચિંતા ન કરતા. પંદરસો માણસ થઈ જશે તોય કોઈ જમ્યા વગર નહીં જાય. આપણે એવી ગણતરી રાખેલી જ છે.’ દેવશીભાઈએ કહ્યું અને માધવભાઈને શાતા વળી.

ધારાસભ્ય સમયસર આવી ગયા એટલે નિર્ધારેલે સમયે સમારંભ શરૂ થયો. મંચ પર મુખી, મયંકભાઈ, તેમનાં પત્ની માલતીબેન, નવનીતભાઈ, કરસનદાસ માણેક, કલેક્ટર સાહેબ અને મોટા બિરાજ્યા હતા. સૌ પ્રથમ મોટાએ બધા મહેમાનોનો

પરિચય આપ્યો. પછી કાર્યકરોને હાથે સૌ મંચસ્થિત મહેમાનો તથા પરદેશથી આવેલા સૌનું ફૂલહારથી સ્વાગત કરવામાં આવ્યું.

માધવ પટેલે સંસ્થાનો પરિચય આપ્યો અને જેમના તરફથી દાન મળ્યાં હતાં તેની યાદી વાંચી સંભળાવી.

મહેમાનોમાંથી મુખીને બોલવાની વિનંતિ કરતાં એમણે એમણે અમેરિકાના આશ્રમની વાતો કરી પછી કહ્યું: 'મેં મોટાને અમેરિકામાં કહ્યું હતું કે લાખનો ચેક હજારમાં વટાવવાની ભૂલ ના કરતા પણ એમણે ને તમે બધા કાર્યકરોએ અહીં એવી જ ભૂલ કરી છે. નવનીતભાઈએ તમને બાર તેર લાખ રૂપિયા આપ્યા ને તમે બધા હરખાઈ ગયા. એમની પાસે આવડી રકમ માટે માગણી કરાય જ નહીં.

'હવે જે થઈ ગયું એ થઈ ગયું પણ બે વર્ષ પછી આ આશ્રમ નાનો પડે ને આવો બીજો આશ્રમ કરવાની જરૂર ઊભી થાય ત્યારે આવી ભૂલ ના કરતા. એ વખતે નવનીતભાઈને જ નારિયેળ પકડાવી દેવાનું. એમને કહેવાનું કે એક કરોડ રૂપિયા તમારા લખો એટલે ખૂટતા ઉઘરાવવા નીકળીએ.'

ત્યાં નવનીતભાઈ ઊભા થઈ ગયા: 'મુખી, મારી ફિલ્મ ઉતારવાનું બંધ કરો ને જે પરણતું હોય એનાં ગીતો ગાવ. બાકી વરસે બે વરસે કે જ્યારે બીજો આવો આશ્રમ કરવાનો થશે ત્યારે સૌ પહેલાં મારો એક કરોડનો ચેક લખીને આગળ વધીશું બસ. હું કદાચ નહીં હોઉં તો મારો દીકરો અહીં હાજર છે એ મારો આ બોલ પાળશે.'

ને એક કરોડ રૂપિયાના દાનની વાત સાંભળતાંની સાથે આખી સભામાંથી તાળીઓનો જે ગડગડાટ થયો તેના પડઘા કેટલીય વાર સુધી શાંત ન થયા. કરસનદાસ માણેકે ઊઠીને એમને ફૂલહાર કર્યા ને એમને ભેટી પડ્યા.

મોટાની મંડળીવાળા તો આ એક કરોડની વાત આમ સહજ સ્વીકારી લેનારા નવનીતભાઈની સામે તાકી જ રહ્યા. એમને બધાને એક કરોડ રૂપિયા એકઠા કરતાં પગે પાણી ઊતર્યાં હતાં ત્યાં આ માણસ કાચી ઘડીમાં કરોડ રૂપિયાનું દાન

જાહેર કરતો હતો.

મોટા એમને ફૂલહાર કરવા ગયા તો નવનીતભાઈ કહે: ‘તમારે મને હાર પહેરાવવાનો ન હોય. હું તો તમારામાંનો જ એક છું.’

‘હવે તમે અમારામાંના એક નથી રહ્યા. તમે તો મુરબ્બી વર્ગમાં પહોંચી ગયા છો એટલે તમારે અમારા સૌ વતી આ ફૂલહાર તો સ્વીકારવા જ પડશે.’ મોટાએ કહ્યું અને એમને હાર પહેરાવીને મોટા એમને ભેટી પડ્યા.

*

છ એક મહિના પછી બધા આશ્રમની નવી જગ્યા નક્કી કરવાની મથામણમાં પડી ગયા. મોટા કહે: ‘આશ્રમની છાપ જ એવી ઊભી થઈ ગઈ છે કે કોઈ પણ ગામ પાસે માગણી મૂકીશું તો એ લોકો હસતે મોએ વધાવી લેશે. પણ મને લાગે છે કે નવનીતભાઈનો જ આમાં મુખ્ય ફાળો છે એટલે એમના ગામ રામકાની નજીક જ એ બનાવવો જોઈએ.’

બધા એમની વાતમાં સંમત થયા. તો નવનીતભાઈ કહે: ‘તમને બધાને એમ લાગતું હોય તો એમ કરીએ. રામકામાં મારો ભત્રીજો જનક જ સરપંચ છે. એને કહીએ એટલે એ જમીન માટેનો ઠરાવ તો કરાવી દેશે. પણ આપણે બધા એક વખત ત્યાં જઈને જગા જોઈ લઈએ. બધાને એ જગા ગમે તો આગળ વિધિ કરીએ.’

‘તો ધરમના કામમાં ઢીલ શી? ચાલો ઊપડીએ રામકા તરફ.’ મોટાએ કહ્યું ને બે કારોમાં સમાય એટલા માણસો રામકા જવા ઊપડ્યા.

નવનીતભાઈને તો ચરા ને એના તળ વિષે શી ખબર હોય? પણ રમેશે એમને યોગ્ય ચરા પર લાવીને નવનીતભાઈના કાનમાં ફૂંક મારી ને જનકના ઘરની વાટ પકડી.

એણે જનકને ઘેર દસેક માણસોનું જમવાનું બનાવવાનું કહી દીધું તો પોતાને તથા મનહરભાઈને ત્યાંથી વહુઓને

જનકને ત્યાં જમવાનું બનાવવામાં મદદ કરવા રવાના પણ કરી દીધી. પછી એ જનકને લઈને ચરા પર પહોંચ્યા

બધાને જમીન પસંદ પડી એટલે ગામ પંચાયતની તાત્કાલિક મીટીંગ બોલાવીને મોટાના જણાવ્યા મુજબનો જમીન માટેનો ઠરાવ પણ કરાવી દીધો.

## ૧૧.

## પ્રત્યાઘાત ને આવકાર

આશ્રમ શરૂ થયો એટલે બધા કાર્યકરો અને કેટલાક વડીલો એમાં રહેવા માટે આવી ગયા. એક યુગલ દીઠ રૂપિયા ૨૫૦૦ અને એકલાં હોય તેમણે રૂપિયા ૧૫૦૦ દર મહિને ભરવાનું ઠરાવવામાં આવ્યું. જેમાં યુગલોને અલાયદા રૂમ આપવાનું અને એકલાં હોય તેમને પણ અલાયદા રૂમ આપવાનું ઠરાવવામાં આવ્યું.

આમ બધી મળીને પહેલા ચરણમાં જ પચીસ રૂમો તો ભરાઈ ગઈ. એમાં મોટાભાગની તો આશ્રમના કાર્યકરોથી જ ભરાઈ હતી. હવે જ ખરી કવાયત શરૂ થવાની હતી. પચાસ રૂમો આશ્રમની અને પચીસ રૂમો અતિથિગૃહની કેમ ભરાશે એની ચિંતામાં કેટલાક કાર્યકરો પડી ગયા હતા.

એક મોટાના મનમાં જ એની કોઈ ચિંતા ન હતી. એમના મનમાં તો એ રૂમો ભરવા કરતાં માબાપની ઉપેક્ષા કરતા કેટલાક જુવાનિયાઓને પાઠ ભણાવવાના પ્લાન તૈયાર જ હતા. એમને થતું હતું કે એ પહેલ પોતાના દીકરાઓથી થાય તો વધારે સારું એટલે બીજાની સામે કડક પગલાં લેવામાં કશી અગવડ ના પડે.

ઉદઘાટનને દિવસે જે જાહેરાત થઈ હતી તે પ્રમાણે સૌ કાર્યકરો અને કેટલાક વડીલો આશ્રમમાં રહેવા આવવાના હતા એમાં મકનભાઈનું નામ પણ સામેલ હતું. ગૌતમને આ સાંભળીને ચમક ઉપડી હતી.

વધારે ચમક તો એની પત્ની રમાને ઉપડી હતી. એને

પોતાનાં સાસુ સસરાના ખર્ચાના પૈસા આશ્રમમાં ભરવા પડશે એની ચિંતા ન હતી ને એમના ગયા પછી એણે કામવાળી રાખવી પડશે એના વધારાના ખર્ચનીય એને ચિંતા ન હતી પણ નવી કામવાળીને હવાલે ઘર છોડીને બહાર જઈ નહીં શકાય એની ચિંતા એને થવા માંડી હતી.

આમ થવાથી એના બહાર હરવાફરવા પર રોક લાગી જવાની હતી એની ચિંતા એને થવા માંડી હતી. તો ગૌતમને પોતે વરસે ત્રીસ હજાર રૂપિયા ભરવા પડશે અને નહીં ભરે તો સમાજમાં ઉઘાડો પડી જશે એની ચિંતા સતાવી રહી હતી.

એ રાતે એમણે મકનભાઈને સમજાવવા માંડ્યા: 'જુઓ અમારા છતાં તમે આમ આશ્રમમાં રહેવા જાવ એમાં તો તમારું અને આપણા આખા ઘરનું ખોટું દેખાય.'

'જો ભાઈ, અહીં કામવાળી મળતી નથી ને ઘરનો ઘસડબોરો કરીને હું ને તારી બા થાકી જઈએ છીએ. એના કરતાં ત્યાં આશ્રમમાં બધા સરખે સરખામાં બેસવાનું ને પાછલી ઉંમરે આરામથી રહેવાય અને ભગવાનનું ભજન કરવાનું મળે.'

'પણ મહિને ૨૫૦૦ રૂપિયા મારે ભરવા પડે એનું શું? એના કરતાં તમે અહીં રહો એ જ વધારે સારું પડે. તમને એમ હોય તો આપણે કાલથી જ કામવાળી રાખી લઈશું.'

'આ છો મહિનાથી કામવાળી નથી મળતી તો રાતોરાત ક્યાંથી મળી જવાની છે?'

'એની ચિંતા તમે છોડો. રમા ગમે ત્યાંથી કામવાળીની વ્યવસ્થા કરી લેશે.'

'એને જો કામવાળી મળતી હોત તો એણે આજ સુધી રાખી લીધી ન હોત? એ છો મહિનાથી કામવાળી શોધે જ છે ને.' મકનભાઈ હવે દીકરાની વાતમાં આવી જાય એમ ન હતા.

'એ કરકસર કરવાનો વિચાર કરતી હતી એટલે એણે કામવાળી માટે મનથી તપાસ કરી ન હતી. કામવાળી વગર ઘર ચલાવવામાં એને માથેય ઘરનું અડધું કામ તો પડતું જ હતું ને.'

'એ જે હોય તે પણ અમે તો આશ્રમમાં રહેવા જવાનું

નક્કી કરી જ લીધું છે. ધનજી મોટા જેવા મોટાય ત્યાં રહેવા જવાના છે. કહે એમને શી વાતે અગવડ છે? એમને તો રહેવા લાયક ઘર છે ને બેય દીકરા કમાય છે તોય એમણે આશ્રમમાં રહેવાનું નક્કી કરી લીધું છે.'

'એમને રહેવા જવું હોય તો ભલે જાય ને બીજાનેય જેને જવું હોય એય ભલે જાય પણ તમારે રહેવા જવાનું નથી. ને મારી ઉપરવટ થઈને તમે આશ્રમમાં રહેવા જશો તો હું એનો ખર્ચ આપવાનો નથી એય તમે જાણી લેજો.' ગૌતમ છેલ્લે પાટલે જઈને બેઠો.

'આમેય તું કહું છું એ મુજબ રમાને માથે ઘરનું અડધું કામ કરવાનું આવતું જ હતું ને અમે બે જણ આશ્રમમાં રહેવા જઈશું એટલે ઘરનું કામ અડધું જ થઈ જવાનું છે એટલે તમારે કામવાળી રાખવાનીય જરૂર નહીં પડે ને ૧૫૦૦થી બે હજાર રૂપિયા બચશે. ને એમાં બીજા ૫૦૦ રૂપિયા ઉમેરીશ એટલે અમારે માટે આશ્રમમાં ભરવાના પૈસાય થઈ રહેશે.' મકનભાઈએ મોટાની નિશાળની બારાખડી દીકરાને ભણાવવા માંડી.

'તમારે તમારું ધર્યું જ કરવું હાય તો કરો પણ પહેલેથી નક્કી જાણીને જ જજો કે હું એમાં એક પૈસોય આપવાનો નથી. અમે અહીં તમારે માટે આટલું કરીએ છીએ તોય તમારે આશ્રમમાં રહેવા જઈને અમને ભૂંડાં દેખાડવાં હોય તો તમે જાણો.'

'આપણને ભૂંડાં દેખાડવાનું એમણે બાકી ક્યાં મૂક્યું છે? ગામમાં બા બધાંને કહેતાં ફરે છે કે એમની પાસે પહેરવાનાં સારાં કપડાંય નથી.' રમાએ કહેવાની તક ઝડપી લેતાં કહ્યું.

હીરાબેન ઊભાં થયાં ને એમના ઓરડામાંથી બેગ લાવીને દીકરા સામે ઠાલવી. એમાંથી ત્રણ સાડીઓ કાઢીને દીકરા વહુ સામે મૂકી. 'આ સાડીઓ છે મારી પાસે. આમાંની આ બે સાડીઓ રમાએ ગયે વરસે જ આપી છે. એ બેય રીટાની ઉતરેલી જ છે. એ સાડીઓય કંઈ નવી નથી. પાછું એણે કહ્યું છે કે હું સાચવીને પહેરીશ તો એ પાંચ વરસ ચાલે એવી છે.'

બાની વાત સાંભળતાં ગૌતમ થોડો છપાઈ ગયો. એણે કહ્યું: 'તમે કહ્યું હોત તો હું તમને નવી સાડીઓ લાવી આપત ને.'

'એમાં કહેવાનું શું? તારા બાપા પાસે બે ધોતિયાં છે તેય બે વરસ જૂનાં છે તોય બહાર લગનમાં એ જ પહેરીને એમને જવું પડે છે ને પહેરણ તો એક જ છે. એ કાયમ ઘરમાં પંચિયું પહેરીને ફરતા હોય છે એય તારી નજરમાં ક્યાં આવ્યું છે કદી?' હવે હીરાબેને કહી જ દીધું.

'જો તમે અહીં રહેશો તો હું તમને બેયને નવાં કપડાં લાવી આપીશ પણ જો આશ્રમમાં રહેવા જશો તો પછી મારી કશી જવાબદારી નહીં. પછી તો તમને જે કપડાં એ આશ્રમવાળા લાવી આપે એ જ પહેરજો. એ કાં તો લોકોનાં ઉતરેલાં કપડાં ઉઘરાવીને તમને આપશે. જેવાં તમારાં નસીબ.'

'અહીંય અત્યાર સુધી મેં તો રમાનાં ઉતરેલાં કપડાં જ પહેર્યાં છે ને. દીકરા અમારી ચિંતા કરવાવાળો ઉપર હજાર હાથવાળો બેઠો છે.'

'તમને જેમ ઠીક લાગે એમ કરજો, પછી મને દોષ ના દેતા.' કહેતાં ગૌતમ પગ પછાડતો પોતાના રૂમમાં સૂવા માટે ચાલ્યો ગયો. પણ મનમાં તો એ ગભરાઈ રહ્યો હતો. એના મનમાં ઊગી જ ગયું હતું કે એનાં માબાપ કોઈ વાતે નહીં જ સમજે.

વળી મોટા સામે પડશે એટલે સમાજની શરમેય પોતે પૈસા તો ભરવા જ પડવાના હતા. આ ચિંતામાં એને આખી રાત ઊંઘ ન આવી એ તો હકીકત હતી.

*

આ વાતને બેચાર દિવસ વીત્યા હશે ને મોટા અને નવનીતભાઈ મકનભાઈને ત્યાં આવી પહોંચ્યા. રવિવારનો દિવસ હતો એટલે ગૌતમ પણ ઘેર જ હતો. ને એ ઘેર હતો એટલે રમા પણ ઘેર હતી. એણે આ બેને આવેલા જોઈને સમજી લીધું કે જે આફતની પોતાને બીક હતી એ સવારના પહોરમાં જ આવી પહોંચી હતી.

'ચાલો, મકનભાઈ તમારી પેટી તૈયાર કરી લો, અમે તમને લેવા માટે જ આવ્યા છીએ.' મોટાએ કહ્યું.

મોટાની સામે વાત કરતાં ગૌતમની તો જાણે જીભ જ ઝલાઈ ગઈ પણ રમા એની વહારે આવી પહોંચી: 'તમે એમને લેવા આવ્યા પણ એ લોકો આશ્રમમાં રહેવા આવવાનાં નથી.'

'એમને ના આવવું હોય તો અમે એમને પરાણે લઈ જવાના નથી પણ મારે એમને મોએથી જ એમનો જવાબ જોઈએ છે. બોલો મકનભાઈ, તમારે આશ્રમમાં રહેવા આવવું છે કે હજુ દીકરાના ઘરનાં કચરા પોતાં કરવા પડી રહેવું છે?'

'તમને કોણે કહ્યું કે એમને અહીં કચરાપોતાં કરવાં પડે છે? અમારા છતાં એમને અહીં શાની ખોટ છે કે એમને આશ્રમમાં રહેવા જવું પડે?' રમાએ શરૂઆત કરી આપી એટલે ગૌતમ પણ ચાલુ થઈ ગયો.

'એમાં કોઈના કહેવાની શી જરૂર છે? મેં મારી નજરે એમને કચરો કાઢતા જોયા છે ને મોટાંને બહાર ચોકડીમાં વાસણ ઉટકતાંય જોયાં છે.' મોટાએ એવી રીતે કહ્યું કે પેલાં બેની તો એમને જવાબ આપવાની હિંમત જ ન ચાલી.

ત્યાં મકનભાઈએ કહ્યું: 'અમે બેય આશ્રમમાં રહેવા આવીએ જ છીએ. તમે ચાપાણી તો કરો. ત્યાં સુધીમાં અમે અમારી બેગ ભરી લઈએ.' કહેતાં એ બીજા ઓરડામાં ગયા અને હીરાબેન રસોડામાં ચા મૂકવા ગયાં.

ગોતમ અને રમા એકલાં જ આ બે જણ પાસે રહ્યાં એટલે ગૌતમે મોટાને કહ્યું: 'મોટાકાકા, તમે આમ કરીને સારું નથી કરી રહ્યા. આમાં તો લોકોના ઘરમાં કંકાસ ઊભા થશે.'

'અલ્યા આનાથી તો ઊલટી તમારા જેવા જુવાનિયાના ઘરમાં શાંતિ સ્થપાશે ને આવાં ઘરડાંને પાછલી ઉંમરે સરખે સરખાંમાં બેસવાનું મળશે.'

'આ બે જણ તમારા આશ્રમમાં રહેવા આવે તો એમના ખર્ચાના તમે પચીસસો રૂપિયા લેવાની ઠરાવ્યા છે એ શું વ્યાજબી છે? એમને તમે હીટીંગ અને એરકંડીશનીંગની જે

સગવડ આપવા માગો છો એની એમને જરૂર છે ખરી?'

'તારા આ ઘરમાં તમારા બેડરૂમમાં એરકંડીશનર છે ને. જો તમારે એની જરૂર હોય તો તમારાં માબાપને એની જરૂર કેમ ન હોય?'

'તમે જેમ માનતા હો એમ પણ જો તમે એમને મારી મરજી વિરુધ્ધ તમારી સાથે લઈ જશો તો પછી એમની કશી જવાબદારી મારી રહેશે નહીં. હું એમના ખર્ચામાં એક પાઈએય આપવાનો નથી એ નક્કી માનજો.'

'એનો રસ્તોય અમે વિચારી મૂકેલો છે. અમે એ ભૂલી જઈશું કે તું મારા ગામનો છે ને મારો ભત્રીજો છે. અમે સીધા કેસ મૂકી દઈશું પછી કોર્ટ નક્કી કરશે કે તમારે આ જુવાનીમાં જે સુખસગવડ અને એશઆરામ જોઈએ છીએ એ તમારાં માબાપને પાછલી અવસ્થામાં જોઈએ કે નહીં. આ વરસે અમે આવા દસેક કેસ કરવાનું નક્કી કર્યું છે એમાં તારે પહેલ કરવી હોય તો અમને કશો વાંધો નથી.'

'એટલે તમે મને હેરાન કરવાનું નક્કી કરી જ લીધું છે?'

'જેણે તારા બોલ પર વિશ્વાસ મૂકીને પોતાનું રહેવાનું ઘર વેચીને એ પૈસા તારા હાથમાં મૂકી દીધા છે એવાં માબાપને પાલવવામાં તને હેરાનગતિ લાગતી હોય તો એ હેરાનગતિ તારે કમનેય ભોગવવી જ પડશે એ નક્કી છે. જો સમજી જઈશ તો સમાજમાં રૂડો દેખાઈશ નહીં તો ભૂંડા દેખાઈનેય તારે દર મહિને પચીસો ભરવા તો પડવાના જ છે.'

'કાકા, તમે સમજતા નથી પણ મારી સ્થિતિ બહારથી દેખાય છે એવી નથી. મહિને પચીસસો રૂપિયા ભરવાના મને બહુ વસમા પડે એવું છે.'

'એવું થશે અને તારે આ પૈસા ભરવાને કારણે કાર વેચવી પડે કે આ ઘર વેચવું પડે એવી નોબત આવશે તો અમે ફરીથી કોર્ટે જઈશું અને તને કોર્ટ એમાં રાહત કરી આપશેય ખરી.'

'એટલે તમે એવું ઈચ્છો છો કે મારે કાર અને ઘર વેચવાં

પડે?'

'જે છોકરો બાપની કાળજી ન લઈ શકે એને એવું થાય તોય મારું તો રુંવાંડુંય ન ફરકે.'

'તમારા બેય દીકરા ઊંચું ભણેલા છે એટલે તમે આવું વિચારો છો પણ એય જો મારી જેમ ધંધો કરતા હોત તો તમે એવું ના કહેતા હોત.' ગોતમે કહ્યું ને મોટા મનમાં પોતાના દીકરાઓની સાથે ગૌતમની સ્થિતિની સરખામણી કરી રહ્યા.

ત્યાં મકનભાઈ અંદરથી એમની બેગ લઈને આવ્યા ને રસોડામાંથી હીરાબેન પણ ચા લઈને આવી પહોંચ્યાં.

બધાં ચા પી ને જવા ઊભાં થયાં એટલે રમાથી બોલ્યા સિવાય ન રહેવાયું: 'છોકરાને દુખી કરીને જાઓ છો તો તમેય કેમનાં સુખી રહેશો?'

'તે વહુ અહીંય કેટલાં સુખી હતાં? અમે તો સુખી થઈએ કે ના થઈએ પણ તમે બેય તો સુખે રહેજો.'

બધાં ગયાં એટલે ગોતમ કહે: 'મોટાને બધાએ માન આપીને ઊંચા ચડાવી દીધા છે. પણ એમને કોઈ માથાનો મળશે ત્યારે ખબર પડશે.'

'આપણે કાંઈક કરવું જોઈએ.' રમાએ કહ્યું.

'ના આપણે આગળ નથી પડવું. પણ કોઈક તો એમની સામો પડશે ત્યારે આપણે એને પાછળ રહીને ટેકો કરીશું. મહિનાના પચીસસો એટલે વરસના ત્રીસ હજાર રૂપિયા થયા. કેટલા લોકો એ આપશે? કોઈક તો એમને માથાનો મળશે ને.' ગૌતમ બોલ્યો પણ એને લાગતું ન હતું કે કોઈ એમની સામે થઈ શકે.

## ૧૨
## મોટા ગામના વેવાઈ

આશ્રમનું કામ બરાબર ગોઠવાઈ ગયું એટલે મોટા જમનાંબાને લઈને વસંતને ત્યાં મુંબઈ જવા ઊપડ્યા. એ

પહોંચ્યા ત્યારે વસંત દવાખાને જવા તૈયાર થતો હતો અને રીટા ચા-નાસ્તો તૈયાર કરતી હતી એ જોઈ મોટાએ કહ્યું: ‘તમે બેય સવારથી જ દવાખાને જાવ છો?’

‘ના, બાપુજી હમણાંથી હું દવાખાને જતી નથી. દવાખાનામાં એક નર્સ રાખી લીધી છે ને મારે ઘરનું કામેય પહોંચે છે.’ રીટાએ કહ્યું.

‘તમારાં બે જણનું તો કેટલુંક કામ પહોંચે? ને આપણા ગામ જેટલા મહેમાનોય આવવાના નહીં ને.’ જમનાંબાએ કહ્યું.

‘હવે તો વસંત જાણીતા થઈ ગયા છે એટલે વખત બેવખત લોકો ટપકી પડે છે. કેટલાક સલાહ લેવા આવે છે તો કેટલાક બીજા દિવસની એપોઈન્ટમેન્ટ લેવા ઘેર આવવા માંડ્યા છે તો કેટલાક સાંજના ફરવા નીકળ્યા હોય તો હાય-હેલો કરવાય આવી ચડે છે.’ રીટાએ પોતાનું ઑફિસે ન જવાનું કારણ જણાવ્યું.

‘ચાલો ત્યારે તમારેય ગામની જેમ અહીં ગોઠવાઈ ગયું. અમારે આશ્રમમાંય બધું રાગે પડી ગયું છે. હું ને તમારાં બા આશ્રમમાં રહેવા જતાં રહ્યાં છીએ.’ મોટાએ કહ્યું.

‘પણ બાપુ, તમે આમ આશ્રમમાં રહેવા જાવ એ સારું તો ના લાગે ને.’ વસંતે કહ્યું.

‘એમાં કશું સારું ના લાગવા જેવું કશું નથી. અમે બધા કાર્યકરોએ નક્કી કર્યું છે કે આશ્રમનું કામ વ્યવસ્થિત ચલાવવું હોય તો બધાએ આશ્રમમાં રહેવાનું રાખવું જોઈએ. ને આપણે ક્યાં મફત રહેવું છે? અમે બધાએ બીજા લોકોની જેમ જ પૈસા ભરીને રહેવાનું નક્કી કર્યું છે. વળી તમે બેય ભાઈઓ જે રકમ મોકલવાની કહેતા હતા એટલામાં તો ગામમાં અમારાથી રહેવાત પણ નહીં.’

‘બાપુ, તમે માગો એટલા પૈસા અમે તમને મોકલી આપીશું પણ આશ્રમમાં રહેવાને બદલે તમે પહેલાં રહેતા હતા એમ ઘેર રહેવાનું રાખો.’

‘પણ માગું ને તમે બેય મોકલી આપો એ વાત જ મારા

મનમાં ખટકે છે. તમે બેય જણ મને તેલૈયામાં હવેલી જેવું મકાન બંધાવી આપવાની વાત કરતા હતા એને બદલે મને મહિને પચીસો રૂપિયા મોકલી આપવા તૈયાર થઈ ગયા એટલે મને લાગ્યું કે આશ્રમમાં રહેવા જવાની વેળા આવી. પછી મેં અને તારાં બાએ આશ્રમમાં રહેવાનું નક્કી કરી લીધું.'

'તમને ખોટું લાગ્યું હતું પણ એ વખતે હું બરાબર સેટ થયો ન હતો એટલે મારાથી બોલાઈ ગયું હતું હવે તમે એ બધું ભૂલી જાવ. તમે કહો એમ કરવા હું તૈયાર છું.' કહેતાં વસંત ગળગળો થઈ ગયો.

'હું તો દીકરા એ બધું ક્યારનોય ભૂલી ગયો છું. તમારે બેયને કારણે તો મને આશ્રમ શરૂ કરવાનો વિચાર આવ્યો ને આશ્રમમાં રહેવા જવાનો રસ્તો સૂઝ્યો. તેં તો હજુ આશ્રમ જોયો નથી. એક વખત આવીને જોઈશ તો ખબર પડશે કે ગામની હવેલીમાં રહેવા કરતાં એ આશ્રમમાં રહેવાનું બધા કેમ પસંદ કરે છે.'

'બાપુ, હું આવીશેય ખરો ને તમારો એ આશ્રમ જોઈશ પણ ખરો પણ મારી વાત માનો. હું તમને મારા ભાગના દસ લાખ રૂપિયા આવતે મહિને મોકલી આપીશ. તમે તેલૈયામાં હવેલી બાંધવાની વિધિ શરૂ કરો.'

'લે એમાંય તારું ગણિત આગળ આવી ગયું પાછું. હજુ અમે જીવીએ છીએ ને ભાગ વહેચ્યા નથી ત્યાં તારા ભાગની વાત ક્યાંથી આવી? દીકરા, તને અહીં સેટ થવા મેં પાટ વેચીને પૈસા આપ્યા હતા ત્યારે તું અહીં સેટ થયો છું ને નાનાને તો પરદેશમાં એની જાતે રસ્તો કાઢવાનો છે. પછી એ અડધો ભાગ આપે એવી આશા ક્યાંથી રખાય? ને મારોય હવે તો હવેલી બાંધવાનો વિચાર નથી.' મોટાએ વસંતની વાત પર પૂર્ણવિરામ મૂકતાં કહ્યું.

'અત્યારે તો મારે ડીસ્પેન્સરી જવાનું મોડું થાય છે એટલે હું જાઉં છું. એક વાગ્યે હું પાછો આવું ત્યારે શાંતિથી વાતો કરીશું.' કહેતાં વસંત બહાર નીકળ્યો.

*

વસંતે એના સસરા સનતભાઈને ફોન કર્યો હોય કે ગમે તેમ પણ થોડી જ વારમાં સનતભાઈ મોટાને મળવા આવી પહોંચ્યા: 'તમે મુંબઈ આવ્યા હો પણ મને ખબર પડે તો મળવા આવું ને! આ વખતે તો મેં વસંતકુમારને કહી જ રાખ્યું હતું કે મોટા મુંબઈ આવે ત્યારે મને ફોન કરજો. એટલે આજે મળી શકાયું. કેમ છે તબિયત તમારી બેયની?'

'ભગવાનની દયાથી બેયની તબિયતને કશો વાંધો નથી. તમારી બધાંની તબિયત કેમ છે?' મોટાએ સામો તબિયત પૂછવાનો વહેવાર કર્યો. રીટા પાણીનો વહેવાર કરીને અંદર એનાં મમ્મી અને જમનાંબા પાસે પહોંચી ગઈ.

'બધાં મઝામાં છીએ. તમારા આશ્રમના ઉદઘાટનમાં આવવું હતું પણ કામને કારણે નીકળાયું નહીં. તમારા આશ્રમની વાતો તો બહુ સાંભળી છે એટલે જોવા આવવાનું મન છે. બનશે તો પંદરેક દિવસમાં આવવું છે.' બે વેવાઈઓ વાતો કરતા હતા તો જમનાંબા અને વસંતનાં સાસુ સ્વાતિબેન બાજુના ઓરડામાં વાતે વળગ્યાં હતાં.

'તમે જરૂરથી આવો તમને આશ્રમ ગમશે. ઉદઘાટનમાં આવ્યા હોત તો તમને ઘણા માણસોને મળવાનું મળત. ઈંગ્લેન્ડ અને અમેરિકાથી પણ ઘણા માણસો આવ્યા હતા.' મોટાએ કહ્યું. એમને વેવાઈને આશ્રમ બતાવવો તો હતો જ ને.

'તારા કામમાં કચાસ હોય જ નહીં ને. સાંભળ્યું છે કે તમે અમેરિકાથી પચાસ લાખ રૂપિયા ઉઘરાવી લાવ્યા છો.'

'હજુ આ આશ્રમ શરૂ થતાં જ આવો બીજો આશ્રમ શરૂ કરવાની વાતો વહેતી થઈ ગઈ છે ને ઈંગ્લોન્ડવાળા એક જણે તો અત્યારથી જ એ નવા આશ્રમ માટે એક કરોડ રૂપિયાનું દાન આપવાનું જાહેર પણ કરી દીધું છે.'

'મેં સાંભળ્યું છે કે એમાં રહેવા આવનારાને મહિને પચીસસો રૂપિયા ભરવા પડશે. આ રકમ વધુ પડતી નથી?'

'આ પૈસા એમને નહીં પણ એમનાં છોકરાંને ભરવાના છે ને એ લોકો ભરશે પણ ખરા. જે માબાપે છોકરાને ભણાવી ગણાવી લાયક બનાવ્યો હોય એ છોકરો એમને પાછલી ઉંમરે

સાચવે એમાં ખોટું શું છે?'

'તોય મને આ રકમ વધારે પડતી લાગે છે.'

'એક વાત તમે જાણી લો કે આ ઘરડાઘર નહીં પણ નિવૃત્તિ નિવાસ છે. અમને વિશ્વાસ છે કે જે છોકરાંને પોતાનાં માબાપ પ્રત્યે વહાલ હશે એ સામેથી એમનાં માબાપને આશ્રમમાં રહેવા મોકલશે. હજુ આશ્રમને શરૂ થયે મહિનોય થયો નથી ત્યાં આવાં દસ જેટલાં વડીલોને તેમના દીકરા જાતે આવીને આશ્રમમાં દાખલ કરાવી ગયા છે. તમે એમાંની સગવડ જુઓ તો તમને પણ ત્યાં રહેવા આવવાનું મન થાય એવો આશ્રમ અમે બનાવ્યો છે.'

'પણ મહિને પચીસસો એટલે વરસે ત્રીસ હજાર રૂપિયા થયા. એના કરતાં પોતાનાં માબાપને પોતાની સાથે રાખવાનું એમને સહેલું પડે.' સનતભાઈએ પોતાનું ગણિત ગણાવ્યું.

'માનો કે અમે બેય વસંતને ત્યાં રહેવા આવી જઈએ તો એ અમને અલગ રૂમ અને અલગ બાથરૂમ આપી શકે? વળી એમાં અલગ રંગીન ટીવી મૂકી આપે? ઉનાળામાં એર કંડીશનર અને શિયાળામાં હીટરની સગવડ આપી શકે? અને માની લઈએ કે એ દાક્તર છે એટલે એ કદાચ આ બધું ગોઠવી શકે પણ અમારે જ્યારે દેવદર્શને જવું હોય ત્યારે અમને લઈ જવા સમય કાઢી શકે ખરો? આશ્રમમાં અમે આ બધું આપીએ છીએ.'

'પણ આ બધાની એમને જરૂર છે ખરી?' સનતભાઈએ ગૂંચવાતાં પૂછ્યું.

'જો દીકરોવહુ આ સગવડ ભોગવતાં હોય તો એમનાં માબાપને એની જરૂર કેમ ન હોય? વળી એમને તો એની વધારે જરૂર હોય. પાછલી ઉંમરે એમને તબિયતની તકલીફો પડે ત્યારે આવી સગવડની એમને વધારે જરૂર પડે. કેટલાકને આ વાત સમજાતી નથી એમને સરકારી રાહે સમજાવવી પડે તો અમે એમ કરવાની પણ તૈયારી કરેલી જ છે.' મોટા જાણે લડાયક મૂડમાં આવી ગયા.

'તમે એ શરૂ કર્યો છે એટલે તમને એમાં વધારે જાણકારી હોય. આ તો મને મનમાં આવ્યું તે પૂછી લીધું.' સનતભાઈએ

વાતને વાળી લેતાં કહ્યું.

'એટલે તો તમને મેં કહ્યું ને કે એક વખત નવરાશ મેળવીને આશ્રમ જોવા આવી જાવ. જ્યાં સુધી તમે આશ્રમને જોશો નહીં ત્યાં સુધી તમને સાચો ખ્યાલ નહીં આવે.' મોટા બોલ્યા.

'તમે આશ્રમ વિષે જે વાતો કરી એ જાણીને મને તમારો એ આશ્રમ જોવા આવવાની તીવ્ર ઈચ્છા થઈ છે એટલે આ રવિવારે જ અમે બેય જણાં ત્યાં આવી જઈશું.' વેવાઈએ કહ્યું.

'જ્યારે આવો ત્યારે સીધાં આશ્રમ પર જ આવજો. ઘેર આવશો તો હું કે તમારાં વેવાણ ત્યાં નહીં હોઈએ. અમે બધા કાર્યકરો આશ્રમમાં રહેવા આવી ગયા છીએ. તમે આવશો તો જેણે એક કરોડ રૂપિયાના દાનની જાહેરાત કરી છે એ નવનીતભાઈને પણ મળાશે. એ પણ અમારી સાથે આશ્રમમાં જ રહે છે.' મોટાએ કહ્યું ને સનતભાઈ પાછા વિચારમાં પડી ગયા.

એમને થયું કે જે માણસ એક કરોડ રૂપિયાનું દાન આપી શકે એવો માણસ આશ્રમમાં કેમ રહે? એ તો કોઈ વૈભવી બંગલામાં રહેતો હોવો જોઈએ. ને એમણે આ રવિવારે આશ્રમ જોવા જવાનું મનમાં પાકું કરી નાખ્યું.

બપોરે વસંત આવ્યો ત્યાં સુધી સનતભાઈ ને મોટાની વાતો ચાલ્યા કરી. જતાં જતાં એમણે અને સ્વાતિબેને એમને સાંજે પોતાને ત્યાં જમવા આવવાનું નોતરું આપ્યું ને એ વિદાય થયાં.

## ૧૩
## પરચો બતાવ્યો

**ડૉક્ટર પાસેથી નીકળ્યો હતો દિલની દવા લઈને**
**સામે મારા જ મળ્યા દર્દો નવાં નવાં લઈને**

મકનભાઈ અને હીરાબેન મોટાની સાથે ચલ્યાં ગયાં એટલે એક વખત તો ગૌતમના ઘરમાં જાણે સોપો પડી ગયો

હોય એવું થઈ ગયું. ઘડીભર તો એમને હવે શું કરવું એ જ ન સમજાયું. છેવટે રમા બોલી: 'એમ હારી ગયે નહીં ચાલે. આ રવિવારે આપણે બેય આશ્રમ પર જઈને એમને સમજાવીને ને મનાવીને પાછાં લઈ આવીશું.'

ગૌતમને પણ રમાની વાત સમજાઈ. એણે કહ્યું: 'ત્યાં બધાની સામે બા-બાપા પાછાં આવવાની ના નહીં પાડી શકે. એમને આપણે આશ્રમ કરતાં પણ વધારે સાહ્યબીમાં ઘેર રાખીશું. આશ્રમના બીજા લોકો પણ એમને સમજાવશે કે દીકરો લેવા આવ્યો હોય અને સારી રીતે રાખવાની ને સેવા કરવાની તૈયારી બતાવતો હોય તો એમણે આપણી સાથે પાછાં આવવું જોઈએ.'

'એમને આપણે ગમે તે ભોગેય પાછાં લઈ આવવા જોઈશે. એ લોકોને જો આશ્રમમાં રહેવા દઈશું તો આપણે દર વરસે ત્રીસ હજાર રૂપિયાનો વધારાનો ખર્ચો માથે પડશે ને મારે માટે જે નવી કાર નોંધાવી છે એ પણ કેન્સલ કરાવી દેવી પડશે.' રમાએ એનું દુઃખ રડવા માંડ્યું.

પછી મોડી રાત સુધી બેય જણાં મકનભાઈ ને હીરાબેનને પાછાં લઈ આવવાના અવનવા પ્લાનની ચર્ચા કરતાં રહ્યાં.

*

આવી ઘણી બધી ચર્ચા વિચારણાના પરિપાકનું ભાથું બાંધીને ગૌતમ અને રમા રવિવારે સવારની વેળામાં આશ્રમ પર પહોંચ્યાં. માધવ પટેલે એમને જોયાં એટલે એમણે એમને ઑફિસમાં પ્રેમથી બેસાડ્યાં અને કહ્યું: 'મને લાગે છે કે તમે તમારાં માબાપને મળવા અને એમની રહેવાની વ્યવસ્થા કેવી છે એ જોવા આવ્યાં હશો. રહો હું મોટાને જ બોલાવું.' કહેતાં એમણે પટાવાળાને મોટાને બોલાવી લાવવા રવાના કર્યો.

થોડી વારમાં મોટા આવ્યા. સાથે મકનભાઈ પણ હતા. મોટા કહે: 'ગૌતમ મકનભાઈની અહીં રહેવા ખાવાની વ્યવસ્થા કેવી છે એ જોવા આવ્યો હશે. પહેલાં ચાપાણી કરો પછી હું તમને આશ્રમ ફરીને બતાવીશ એટલે તમને ખ્યાલ આવશે કે

તમારાં માબાપ અહીં કેવા સુખમાં છે.'

'અમે આશ્રમ જોવા નહીં પણ એમને પાછાં ઘેર લઈ જવા આવ્યાં છીએ. અમે એમને અહીંના જેવાં જ સુખ-સગવડ ઘેર પણ આપવાનું નક્કી કર્યું છે એટલે એમને અહીં રહેવાનું કોઈ કારણ નથી.' ગોતમે કહ્યું.

'અમેય એવું જ ઈચ્છીએ છીએ. પહેલાં તમે બેય જણાં ચાપાણી કરો પછી હું તમને આશ્રમ ફરીને બતાવું એટલે તમને પણ ખબર પડે કે અહીંના જેવી એટલે કેવી સગવડ તમારે કરવાની છે.'

'મારાં માબાપને કેવી સગવડ આપવી એની મને ખબર છે.' ગૌતમે શાંતિથી કહેવા કર્યું પણ એના બોલવામાં તોછડાઈ ડોકાયા વગર ન રહી.

'એ તો હોય જ ને તમારાં માબાપની કાળજી તમને ન હોય તો બીજા કોને હોય? પણ તમે એમને અહીંના જેવાં સુખ-સગવડમાં રાખવાની વાત કરી એટલે જ્યાં સુધી તમે અહીંનાં સુખ સગવડ જાતે જુઓ નહીં ત્યાં સુધી તમને એનો ખ્યાલ ક્યાંથી આવે? આ ચા આવી એ શાંતિથી પીવો. આજે રવિવાર છે એટલે તમારે પુરતી નવરાશ પણ હશે. સાડા અગિયાર વાગ્યે બધાની સાથે જમશો એટલે એની વ્યવસ્થાનો પણ તમને ખ્યાલ આવી જશે.'

પછી તો ગોતમથી મોટાની વાત ઉથાપાઈ નહીં એટલે એ મૂંગો રહ્યો ને મોટા ને માધવ પટેલની સાથે બેય જણાં આશ્રમની વ્યવસ્થા જોવા ચાલ્યાં. મોટાએ એમને મકનભાઈની રૂમ જ બતાવી.

હીરાબેન નાહીને હજુ પૂજામાં બેઠાં હતાં. એમણે વહુની પેલી નવા જેવી જ લાગતી સાડી પહેરી હતી: 'આવો.' કહેતાં એમણે રૂમમાંની બેય ખુરસીઓ સામે ખેંચી અને રમાને પલંગ પર બેસવા ઈશારો કર્યો.

મોટા કહે: 'હું એમને તમારી રૂમ બતાવવા લઈ આવ્યો છું.' પછી ગોતમ તરફ ફરતાં કહે: 'આ રૂમ, આ ગાલીચા જેવી કાર્પેટ, એમની પોતાની બાથરૂમ પણ રૂમમાં છે. એમાં ગરમ

અને ઠંડું પાણી ચોવીસેય કલાક મળે છે.

‘ઉનાળામાં એરકંડીશનરથી પોતાને જોઈતી ઠંડી હવા ને શિયાળામાં એમાંથી જ જોઈએ એવી ગરમ હવા એમને મળી રહે એવી સગવડ આપણે અહીં કરી છે. અહીં આશ્રમમાં જ એક મંદિર બની રહ્યું છે એટલે બધાને સેવા પૂજા ને ધરમધ્યાન માટે પણ આશ્રમની બહાર જવાની જરૂર નહીં.’

‘એક લાયબ્રેરી પણ બનાવી છે ને એમાં પાંચસો પુસ્તકો વસાવ્યાં છે અને સાત દૈનિકો અને દસ સામયિકો પણ આવે છે એટલે અહીં રહેનારને દુનિયાથી અલગ પડી ગયા જેવું પણ ન લાગે.’ મોટા શ્વાસ ખાવા થોભ્યા એટલે વાતનો દોર ચાલુ રાખતાં માધવ પટેલે કહ્યું.

‘ને જેમને કસરત કરવી હોય એમને માટે કસરતનો જુદો ઓરડો બનાવ્યો છે એમાં જાત જાતનાં કસરતનાં સાધનો વસાવ્યાં છે. વળી રોજ એક દાક્તર અહીં દવાખાનામાં હાજર રહે છે એટલે બધાની તબિયતની કાળજી પણ લેવાય છે. આવો તમને દવાખાનું, લાયબ્રેરી અને કસરતના ઓરડા બતાવું.’ કહેતાં મોટાએ એમને એ તરફ દોર્યા.

બધું જોઈને બધાં ઑફિસમાં આવ્યાં એટલે ગૌતમથી બોલી જવાયું: ‘આટલી સગવડ તો કોઈ લખપતિ દીકરો હોય એય ના કરી શકે. પણ અહીં રહેવાની જે ફી છે એય એટલી જ વધારે છે ને. કોઈ લખપતિ દીકરો હોય એ જ એનાં માબાપને અહીં રહેવા મોકલી શકે.’

‘દીકરા, જેટલો ગોળ નાંખીએ એટલું ગળ્યું થાય. અમારી પાસે કોઈ જાદુઈ ચિરાગ નથી કે બધાને મફત રાખીને આવી સગવડો આપી શકીએ. એટલે આટલી ફી તો લેવી જ પડે. તને આ ફી વધારે લાગે છે પણ આઠ છોકરાઓ તો સામે ચાલીને એમનાં માબાપને અદીં મૂકી ગયા છે.’

‘એ બધું બરાબર છે પણ મારે મારાં માબાપને ઘેર પાછાં લઈ જવાં છે.’

‘એ લોકો અહીં મોજમાં છે એને બદલે તારે એમને ઘેર લઈ જઈને દુખી શા માટે કરવાં છે?’ મોટાએ મુત્સદ્દી મલકાટ

સાથે કહ્યું.

'ના હું એમને અગવડમાં મૂકવા નથી માગતો પણ તમે મને જે તકલીફમાં મૂકવા માગો છો એમાંથી મારી જાતને બચાવવા માગું છું.'

'પણ એમાં તો તારાં માબાપ અગવડમાં મૂકાય જ. ટૂંકમાં તારે તારી સગવડ સાચવવી છે ને તારાં વડીલની સગવડનો વિચાર કરવો નથી.'

'એ તમારે જેમ સમજવું હોય એમ સમજો, મારાં માબાપ છે એમને હું મારી રીતે રાખીશ. તમારે એમની ચિંતા કરવાની જરૂર નથી.' ગોતમ છેલ્લે પાટલે જઈ બેઠો. એના મનમાં એમ હશે કે આ લોકો શું કરી લેવાના છે.

'મારે એમની સાથે વાત થઈ ગઈ છે એ મુજબ એ લોકો તારી સાથે આવવા તૈયાર નથી. એટલે તું સમજું હોય તો દર મહિને એમની ફીના પચીસસો રૂપિયા મોકલવા શરૂ કરી દેજે નહીં તો અમે કોર્ટે ચડીશું તો એમણે આ બે વરસ તારે ત્યાં વાસણ ધોયાં ને કચરા કાઢ્યા એના પગારના ને પોતાનું ઘર વેચીને તને બધા પૈસા આપી દીધા એ બધો હિસાબ કરીને તારી પાસેથી કોર્ટ રાહે વસુલ કરીશું. તું એમ ના માનતો કે હું આ પોકળ ધમકી આપું છું. અમારે સમાજમાં દાખલો બેસાડવો છે તે તારાથી શરૂ થશે.'

આ લોકોની સામે દલીલનો કોઈ મુદ્દો ન મળતાં ગોતમ ચૂપ રહ્યો ને ગુસ્સામાં પગ પછાડતો બહાર નીકળી ગયો.

*

બીજે જ દિવસે આશ્રમની ઑફિસેથી એક પત્ર ગોતમને સરનામે રવાના કરવામાં આવ્યો તેનો સાર એ હતો કે તમારાં માબાપ એમની રાજી ખુશીથી આશ્રમમાં રહેવા આવી ગયાં છે અને તેમની પાછલી અવસ્થા સુખમાં વીતે એ જોવાની તમારી જવાબદારી છે તો તેમના ખર્ચાના દર મહિનાની પહેલી તારીખે રૂપિયા બે હજાર ને પાંચસો તમે આશ્રમમાં મોકલી આપશો. જો તેમ કરવાનું તમે ચૂકશો તો અમારે ના છૂટકે એ રકમ તમારી પાસેથી સરકારી રાહે વસુલ કરવાની કારવાઈ કરવી પડશે એ

જાણશો.

પછી એક અઠવાડિયા સુધી એમણે ગૌતમના જવાબની રાહ જોઈ ને એના તરફથી કોઈ જવાબ ન મળતાં મોટાએ વકીલ મારફતે ગોતમ પર એનાં વડીલોના ભરણપોષણનો કેસ દાખલ કરી દીધો.

કોર્ટની નોટીસ મળતાં જ ગૌતમ ગભરાઈ ગયો. એણે એક વકીલની સલાહ લીધી તો વકીલ કહે: ‘એમાં ગભરાઈ જવા જેવું નથી. આપણે ધારીએ તો એમને વરસો સુધી કાયદામાં અટવાવી શકીએ. છેવટે એ લોકો થાકીને કેસ પડતો મૂકી દે પણ ખરા.’

‘મને નથી લાગતું કે એ લોકો કેસ પડતો મૂકે. આમ થાય તો આપણો કેસ કોની ફેવરમાં જાય?’

‘અત્યાર સુધી આવા કેસના ફેંસલા કોર્ટની બહાર જ થયા છે પણ કોઈ કેસમાં દર મહિને આટલી મોટી રકમ આપવાની પતાવટ થઈ હોય એવું બન્યું નથી.’

‘આ લોકો આશ્રમવાળા છે. એ લોકો એમ થાકી જાય એવા નથી. વળી એમની સમાજમાં છાપ પણ બહું ઊંચી છે.’

‘તમને એમ લાગતું હોય તો આપણે એમને ગભરાવવા માટે એમની નોટિસનો કડક જવાબ આપી જોઈએ. પાંચસો રૂપિયાનો આપણે ખર્ચ થશે પણ એ લોકો કેટલા પાણીમાં રમે છે એની જાણ થઈ જશે પછી આગળ વધવું કે નહીં તેની આપણને ખબર પડશે.’

ગૌતમ એ વાતે સંમત થયો એટલે વકીલે વકીલાતનામા પર એની સહી લઈને આગળની કારવાઈ શરૂ કરી. ને બીજે અઠવાડિયે કોર્ટમાંથી ગોતમને માટે સમન્સ આવી પહોંચ્યો. ગોતમને જ્યારે આ સમન્સ મળ્યો ત્યારે જ એને આખા મામલાની ગંભીરતાનો ખ્યાલ આવ્યો પણ હવે તો પાછા ફરવું હોય તોય કેમ કરવું એની જ એને સમજ ન પડી.

એ વકીલની પાસે સમન્સ લઈને દોડ્યો. વકીલ કહે: ‘આટલામાં ગભરાયે કેમ ચાલશે? હજુ તો પહેલી વખત સમન્સ

આવ્યો છે. તમારે કોર્ટમાં હાજર રહેવું પડશે પણ ન રહેવું હોય તો હું મુદત પડાવી લઈશ.'

'પણ એમ કરતાં તો તમારા ખર્ચા કે મારી ધંધામાં ગેરહાજરી વધતી જશે. તમે કહેતા હતા એમ કોર્ટ બહાર પતાવટ થઈ શકતી હોય તો એ દિશામાં કાંઈક કરો.' ગૌતમે કહ્યું પણ એને મનથી એમ લાગતું ન હતું કે કોર્ટ બહાર કશી પતાવટ થઈ શકે.

વકીલે સામાવળા વકીલ દીવેટિયાની પાસે પતાવટ કરવાની વાત મૂકી તો દીવેટિયાએ કહ્યું: 'જુઓ, આ કાંઈ વ્યક્તિગત કેસ નથી. આમાં તો એક જાણીતી સંસ્થા દાવેદાર છે. એમાં કોઈ બાંધછોડને અવકાશ નથી. ચાહે તો એમની માગણી સ્વીકારી લો ચાહે તો લડી લો.'

ગૌતમના વકીલે એને આ વાત કરી તો ગૌતમ ઢીલો પડી ગયો. 'મને આ જ વાતની બીક હતી. એમની સામે લડીને જીતવાના કોઈ ચાન્સ નથી.'

'છેલ્લા ઉપાય તરીકે તમે તમારાં માબાપને સમજાવવાની કોશિશ કરી જુઓ. એ લોકો માને ને તમારી સાથે રહેવા આવે તો તમને ખર્ચમાં રાહત થાય.'

'એ અમે કરી જોયું છે. એનાથી કોઈ ફાયદો થયો નથી. એ લોકો અમારી કોઈ વાત માનવા તૈયાર થતાં જ નથી. એમને કોણ જાણે એ આશ્રમવાળાએ મનમાં એવું ભુસું ભરાવી દીધું છે કે એ લોકો ઘેર આવવા તૈયાર જ થતાં નથી.'

'હવે આપણી પાસે બે જ વિકલ્પ રહે છે. કાં તો આપણે એમની માગણીઓ સ્વીકારી લઈએ કે પછી લડી લઈએ. હું એમના વકીલ દીવેટિયાને સારી રીતે જાણું છું. એમની સામે લડતાં એ આપણને થકવી દેવાની કોશિશ કરશે. ને મેં ખાનગી તપાસ કરાવી લાધી છે એ મુજબ મેજીસ્ટ્રેટ પણ આશ્રમ તરફી કુણું વલણ ધરાવતા હોવાની વાત મારી જાણમાં આવી છે. એ આશ્રમના ઉદઘાટનમાં પણ હાજર રહ્યા હતા.'

'મને વિચાર આવે છે કે આપણે કેસ લડીએ અને એમના આ ખર્ચાના આંકડાને ઊંચો એને ખોટો સાબિત કરી બતાવીએ

તો ભવિષ્યમાં બીજા લોકોનેય એનાથી લાભ થાય. મને લાગે છે કે એ લોકો જે સગવડ આ વૃધ્ધોને આપવા માગે છે એની એમને જરૂર છે કે એ લોકો એવી જરૂરીઆતોથી ટેવાએલા છે એની ચકાસણી કરાવવાની જરૂર છે. એમ થાય તો એમનો આ ખર્ચ વધારે પડતો છે એમ કોર્ટ જરૂર સ્વીકારશે.'

'જો તમારે કેસ લડવો હોય તો હું કીફાયત ફીમાં એ લડી આપીશ પણ તોય ઓછામાં ઓછા દસેક હજાર રૂપિયા તો થઈ જ જશે.' વકીલે મનમાં ગણતરી કરતાં કહ્યું.

'એમ નહીં પણ આપણે ચોક્કસ આંકડો નક્કી કરી લઈએ. હું તમને બધા મળીને હવે સાત હજાર રૂપિયા આપીશ. તમારે એ ફીમાં થોડોય ઘટાડો થાય એમ ધ્યેય રાખીને કેસ લડવાનો છે. ફેંસલો જે આવે તે ખરો પણ મારે એમને બતાવી આપવું છે. કાલે ઊઠીને એ લોકો બધાં ઘરડાંને સોનાની પથારીમાં સુવાડે તો એનો ખર્ચો એમનો દીકરો શા માટે આપે?'

'ચાલો તમારી વાત મને મંજૂર છે. હવે મારે એમની સામે કેમ લડવું તેનો પ્લાન હું ઘડી કાઢીશ. કાલે બાર વાગ્યે તમે મારી ઑફિસે આવી જાવ એટલે તમારી સામે કેવા સવાલનો મારો થઈ શકે એનો અને તમારા કેવા જવાબો હોવા જોઈએ એની વિચારણા કરી લઈશું.'

## ૧૪
## ધનુભાઈ દોશી

ગૌતમ પર કેસ મૂક્યા પછી બધા કાર્યકરો મોટાની પાછળ પડી ગયા હતા. મહાસુખ ભટ કહેઃ 'મોટા, મને લાગે છે કે આવું કડક વલણ આપણા આશ્રમની વગોવણીનું કારણ બની જશે. એમ તમને નથી લાગતું?'

'તમારી એમાં ભૂલ થાય છે. આપણે શરૂથી જ જાહેર કરેલું છે કે જે છોકરાં પોતાની સ્થિતિ સારી હોવા છતાં માબાપની અવગણના કરતાં હશે કેમની સામે આપણે કોર્ટે જતાં પણ અચકાઈશું નહીં. એટલે એક વખત સમાજમાં દાખલો બેસાડવા માટે આપણે આ પગલું ભરવું તો પડવાનું જ હતું.

એમાં પહેલે કોળિયે આપણા મકનભાઈનો ગૌતમ હાથમાં આવી ગયો.

‘મને એમ હતું કે મારા દીકરાથી જ આની શરૂઆત કરવી પણ એ સમજી ગયા ને એમણે તો તેલૈયામાં હવેલી બાંધવા માટે પણ પૈસા મોકલવાની તૈયારી બતાવી એટલે શું થાય?’

‘તમે કહો એ કોઈ માને ખરું? તમારા દીકરાઓએ તો તમને બે વરસથી હવેલીના પૈસા મોકલવાની વાત કરી હતી એ તો જગજાહેર છે.’ નવનીતભાઈએ કહ્યું.

‘એમણે તો વાત જ કરી હતી. પણ મેં જ્યારે એમની પાસે તેલૈયામાં હવેલી બાંધવા માટે પૈસાની માગણી કરી ત્યારે જેણે હવેલીની વાત શરૂ કરી હતી એ નાનાએ જ કહ્યું કે હવેલી બાંધવાની શી જરૂર છે? આપણું ઘર બધી રીતે સગવડવાળું છે જ ને.

‘વળી મોટા દાક્તર થયેલા દીકરાએ તો ત્યાં સુધી કહ્યું કે મારે ઘરના ખર્ચા ઓછા કરવા જોઈએ અને પાંચ-સાત વીઘાં જમીન ઘેર ખેડવી જોઈએ. એમની દાનત જોઈને તો આ આશ્રમ શરૂ કરવાનો મને વિચાર આવ્યો.’ મોટાએ આજે બધાની સામે પોતાની આબરૂ છતી કરી.

એમની વાત સાંભળીને બધા અવાક થઈ ગયા. માધવ પટેલે કહ્યું: ‘તમારા દીકરાઓનાં વખાણ કરતાં અમે બધા થાકતા ન હતા એય આવા નીકળશે એ કોઈ કલ્પીય ક્યાંથી શકે?’

‘હવે એ બેય હવેલી માટે પૈસા મોકલી આપવા તૈયાર થઈ ગયા છે પણ મેં એમને ના કહી દીધી છે. મારે એ હવેલીની જગ્યાએ હવે ઘરડાઘર બનાવવું છે. આજે નહીં તો વરસે બે વરસે પણ એમાં મારે ઘરડાઘર બનાવવું જ છે.’ ખેદથી મોટાએ કહ્યું.

‘આખો સમાજ તમને મોટાના નામથી ઓળખે છે તો તમારે મન પણ મોટું રાખવું જોઈએ. એ બધું ભૂલી જાવ અને ગોતમ પર જે કેસ મૂક્યો છે એની વાતનો વિચાર કરો.’

માધવભાઈએ કહ્યું.

‘હવે આપણી પાસે મૂડી છે ને આવક પણ સારી થાય છે એટલે રહેનારાઓની જે ફી આપણે નક્કી કરેલી છે એ ઘટાડવી જોઈએ એમ મહાસુખ ભટ ક્યારનાય કહ્યા કરે છે એ વાતનો આપણે વિચાર કરવો જોઈએ.’ બીજા હિસાબના જાણકારે કહ્યું.

‘એમાં મને ક્યાં વાંધો છે? બધા નક્કી કરો. બોલો હવેથી કેટલી ફી રાખવી છે?’ મોટાએ કહ્યું.

‘આપણને એમાંથી કશી બચત ન થાય અને આપણી મૂડી પણ ઓછી ન થાય એવું આપણે વિચારવું જોઈએ. મને લાગે છે કે એકલાના હજાર રૂપિયા ને બેકલાના પંદરસો રાખીએ.’ મહાસુખ ભટે કહ્યું.

‘એમ કરવાથી આપણને તૂટ પડશે. વળી દિવસે દિવસે નાના નાના ખર્ચા વધતા જશે એને નહીં પહોંચી વળાય. આપણે એકલાના પંદરસો રૂપિયા રાખીએ ને જોડાંના બે હજાર રૂપિયા રાખીએ.’ મોટાએ કહ્યું.

‘ભવિષ્યમાં આખો આશ્રમ ભરાઈ જશે ને આવક વધશે ત્યારે વધારે કાપ કરવાનું રાખીએ.’ માધવ પટેલે કહ્યું ને બધા સંમત થઈ ગયા. ને એ મુજબનો એક ઠરાવ કરી નાંખ્યો.

*

આ વાત ચાલતી હતી ત્યાં ઑફિસની સામે એક કાર આવીને ઊભી રહી. એમાથી ઊતરીને એક પ્રભાવશાળી માણસ ઑફિસમાં આવ્યા. કોઈ એમને ઓળખતા ન હતા. બધાએ એમને આવકાર આપ્યો એટલે એમણે પોતાની ઓળખાણ આપતાં કહ્યુંઃ ‘મારું નામ ધનુભાઈ દોશી. હું બીલીમોરાથી આવું છું. તમારા આશ્રમની ઘણી વાતો સાભળી છે એટલે એ જોવા આવ્યો છું.’

‘ભલે પધાર્યા. બેસો, ચાપાણી કરીને તમને આખો આશ્રમ બતાવીએ. અમે અમારી અઠવાડિક મીટીંગ હમણાં જ પતાવીને બેઠા છીએ. આપણે બધા ચાપાણી પતાવીએ.’ મોટાએ કહ્યું.

'હા, તમે એક જણ પર કેસ કર્યો છે એવી વાત પણ જાણી હતી. મને થયું કે આશ્રમ જેવી પ્રતિષ્ઠિત સંસ્થાને કેસ કરવો પડે એ કેવું? પણ એ તો તમારી કાર્યપધ્ધતિની વાત છે એમાં મારે માથું ન મારવું જોઈએ.'

'અમનેય એ બહું સારું તો નથી લાગતું પણ ક્યારેક તો કોઈ વડીલની વહારે ધાઈને એમના દીકરાને પાઠ ભણાવી દાખલો બેસાડવો જોઈએ એટલે કેસ કર્યો છે. બનતાં સુધી તો ઘરમેળે જ ફેંસલો આવી જશે.' માધવ પટેલે આશ્રમની પ્રતિષ્ઠાને વાંધો ન આવે તેમ જવાબ આપ્યો.

ચાપાણી કરીને બધા આશ્રમ જોવા ગયા. બધા વહેવારિયાઓએ એમને આશ્રમ વિગતે બતાવ્યો પછી બધા પાછા ઑફિસમાં આવીને બેઠા. 'આવો સરસ આશ્રમ છે છતાં ત્રીસ જ રૂમો ભરાએલી છે એ મને ન સમજાયું.' ધનુભાઈએ કહ્યું.

'હજુ આશ્રમના ઉદઘાટનને છ જ મહિના થયા છે એટલે..' મોટાએ કહેવા કર્યું.

'મને એમ જ લાગ્યું. પણ હવે પછીના છ જ મહિનામાં આ આશ્રમ નાનો પડશે એમ લાગે છે. એમ થાય તો આવો જ બીજો આશ્રમ શરૂ કરવાની તમારી ગણતરી છે ખરી?' ધનુભાઈએ કાંઈક વિચારતાં પૂછ્યું.

'એવી ગણતરી તો અમે આ આશ્રમનું ઉદઘાટન કર્યું ત્યાથી જ રાખેલી છે અને તમારી બાજુમાં બેઠા છે એ નવનીતભાઈએ એ માટે એક કરોડ રૂપિયા આપવાનું વચન પણ ત્યારથી જ આપી રાખેલું છે.' આશ્રમની બીજી શાખાની વાત આવતાં મોટા ઉત્સાહમાં આવી ગયા.

'આવા મોટા ગજાના દાતા તમારે પડખે હોય પછી તો જોવાનું જ શું? હુંય એમાં મારાથી બનતો ટેકો કરીશ.' ધનુભાઈએ કહ્યું.

'તમારા જેવા ઉદાર માણસોથી જ અમારામાં હિંમત આવી છે. હજુ બે મહિના પહેલાં તો આટલો મોટો આશ્રમ કેમનો ભરાશે એની અમે ચિંતા કરતા હતા ને આજે આવો બીજો

આશ્રમ શરૂ કરવાનાં સ્વપ્નાં જોવા માંડ્યા છીએ.' માધવ પટેલ બોલ્યા.

'નવનીતભાઈએ સારું મથાળું બાંધ્યું છે એટલે આશ્રમનું કામ પૂરજોશમાં આગળ વધશે એમાં મને શંકા નથી. એમણે એક કરોડ રૂપિયા આપવાનું વચન આપ્યું છે તો હું એમાં નવાણું લાખ રૂપિયા આપીશ, બસ?'

એમની આ ઑફર સાભળતાં બધાએ એમને તાળિયોથી વાધાવી લીધા. ત્યાં નવનીતભાઈ ઊભા થઈ ગયા. 'દોશી સાહેબ, તમારા નવાણું લાખ રૂપિયા અમને મંજૂર નથી. તમારા એક કરોડ ને એક લાખ કે એક કરોડને અગિયાર લાખ હોવા જોઈએ. આંકડો સુધારીને બોલો, સાહેબ.'

'જુઓ, તમે મથાળું છ મહિના પહેલાં બાંધ્યું છે એટલે મારાથી નવાણું લાખથી ઉપર એક પાઈએય ન આપી શકાય.'

'મારું ખોટું દેખાવાનું હોય તો ભલે ખોટું દેખાય પણ તમે જો આંકડો નહીં સુધારો તો મારે નામોશી સહન કરીને અઠ્ઠાણું લાખે ઊતરી જવું પડશે. હું તો આશ્રમની અંદરનો માણસ છું ને મેં એ રકમ જાહેર કરી છે પણ તમે તો છેક બીલીમોરાથી આવ્યા છો ને આ આશ્રમ પહેલી વખત જોયો છે છતાં તમે મોટી રકમ આપવા માગો છો તો તમારું નામ પહેલા સ્થાન પર જ શોભે.' નવનીતભાઈએ પોતાની વાત પકડી રાખી.

પછી ઘણી ખેંચતાણને અંતે ધનુભાઈ માન્યા ને એમણે એક કરોડ ને અગિયાર લાખ રૂપિયાનું વચન આપ્યું ત્યારે જ નવનીતભાઈએ એમનો પીછો છોડ્યો.

પછી બધાએ એમને આશ્રમની બાજુની મંગલમ્ સોસાયટી પણ બતાવી અને આવી બીજી ચાર સોસાયટી નવનીતભાઈ મૂકવાના છે એ વાત પણ કરી. પછી બધા બીજા આશ્રમની સાઈટ જોવા ઉપડ્યા. જગ્યા જોઈ ધનુભાઈએ કહ્યું: 'આ આશ્રમની આજુબાજુ પણ આવી જ સોસાયટીઓ મૂકવાના છો ને.'

'આ આશ્રમ તો એક મોડેલ છે. નવો આશ્રમ પણ એવો જ રૂડો બનાવવાની અમારી નેમ છે.' માધવ પટેલે કહ્યું. કરોડ

કરતાંય વધારે રકમની વાતથી બધા ઉત્સાહમાં આવી ગયા હતા.

બધું જોયા પછી ધનુભાઈ કહે: 'નવનીતભાઈ, તમે મને ખોટો શરમમાં નાંખ્યો. રામકાની બધી સંસ્થાઓ ઉપર તમારા મોટાભાઈનું નામ છે તેમ આશ્રમની બીજી પાંખ પર પણ તમારું કે તમારા મોટાભાઈનું જ નામ શોભે.'

'હવે એ વાત પૂરી થઈ ગઈ. એમાં ફેરફાર કરવાનું ના કહેતા.'

'તમે બધા વિચારી જો જો. મારી રકમમાં હું કોઈ ફેરફાર કરાવાનું નથી કહેતો પણ નામ તો મેં કહ્યું તેમ નવનીતભાઈ કે એમના મોટાભાઈનું જ શોભે.'

પછી બધાને ધનુભાઈ દોશીએ પોતાનું કાર્ડ આપ્યું ને એક વખત બીલીમોરા આવીને એમનું ઘર પાવન કરવાનું ઈજન પણ આપ્યું.

નવનીતભાઈ કહે: 'તમારા જેવા માણસનું આજે ઓળખાણ થયું છે એટલે અમને આવવાનું મન પણ છે. આવતે અઠવાડિયે અમારામાંથી ચાર-પાંચ જણા આવીશું. અમારે એક જણને સુરત મળવા આવવાનું છે એ પણ ભેગું પતી જશે.' નવનીતભાઈએ એમનું ઈજન સ્વીકારતાં કહ્યું. ધનુભાઈ જવા તૈયાર થયા એટલે બધા એમને દરવાજા સુધી વળાવવા ગયા.

*

પછીને સોમવારે જ ગૌતમનો કેસ નીકળ્યો. કોર્ટમાં જતાં ગૌતમનો પગ પાછો પડતો હતો પણ વકીલ કહે: 'જ્યારે મુદત નીકળી જ છે તો એક વખત હાજરી આપી અને એમનો તાગ તો લઈ જ લેવો જોઈએ. પછી તમે કહેશો તો એમની માગણીઓ સ્વીકારી લઈશું. પણ એક વખત તો આપણે નક્કી કર્યા મુજબ એમનો તાગ લેવો જ છે. તમારે ઢીલા પડવાની જરૂર નથી.'

કોર્ટમાં ગૌતમના વકીલે દલીલ કરી કે આશ્રમ તરફથી જે રકમ માગવામાં આવી છે એ વધુ પડતી છે. જે માણસો ત્યાં રહેવા આવ્યાં છે તે બધાં આવી સગવડો ભોગવવા માટે

ટેવાએલાં છે કે કેમ એની પણ ચકાસણી થવી જોઈએ. નામદાર કોર્ટને મારી વિનંતિ છે કે આશ્રમના આવક-જાવકના હિસાબો જોઈને ખાત્રી કરે કે એ લોકો જે ખર્ચ બતાવે છે એટલો ખર્ચ ત્યાં રહેનાર માટે થાય છે ખરો?

'બીજી વાત એ છે કે એ લોકો જે સગવડો આપવાની જાહેરાત કરે છે એ બધી વાસ્તવમાં જરૂરી છે ખરી? આખા ગુજરાતમાં એવા કેટલા માણસો છે કે જે શિયાળામાં પોતાના ઘરમાં હીટીંગની વ્યવસ્થા રાખતા હોય? મારું તો કહેવું એમ છે કે આશ્રમવાળા કાલે સવારે બધાં વડીલોને સોનાની પથારીમાં સુવાની વ્યવસ્થા કરશે ને મહિને દસ હજાર રૂપિયા ચાર્જ કરશે તો શું? કોણ એ ભરી શકશે?'

જવબમાં મોટાએ રજુઆત કરી કે સમય બદલાતો જાય છે અને જ્યાં એક વખત લાઈટના પંખાનીય સગવડ ન હતી ત્યાં આજે લોકો એરકંડીશનર વાપરતા થઈ ગયા છે. વળી અમારા આશ્રમમાં જે વડીલો રહે છે એ લોકો ઉંમરે પહોંચેલા છે અને એમની શારીરિક શક્તિ બહુધા ક્ષીણ થઈ ગઈ છે એવાને શિયાળામાં ટૂંટિયું વાળીને પેટમાં પગ ખોસીને જીવવું ન પડે એ માટે અમે હીટીંગની વ્યવસ્થા કરેલી છે.

'તમે જે કરો છો એની સામે અમારો કોઈ વાંધો નથી. અમારું કહેવું એટલું જ છે કે તમારી જે ફી છે એ માફકસરની હોવી જોઈએ. અથવા તમે જે સગવડો આપો છો એમાંની કેટલી સગવડોની પોતાને જરૂર છે એ આશ્રમમાં રહેતા માણસને પસંદ કરવાનો હક હોવો જોઈએ.'

'એવું ઑપ્શન અમે આપી શકતા નથી. વળી આ સેવાસંસ્થા છે એટલે અમે એમાં નફો કરવાની ગણતરી પણ રાખતા નથી. ગઈ કાલે જ અમારી મીટીંગમાં અમે આવક ખર્ચના હિસાબો જોઈને નક્કી કર્યું છે કે હવેથી આશ્રમમાં રહેનાર દરેક સીંગલ માણસના પંદરસો રૂપિયા ને કપલના રૂપિયા બે હજાર ચાર્જ કરવા.

'આ રહી અમે કરેલા એ ઠરાવની નકલ. જો શરદભાઈ વકીલ જેવા સુખી માણસો પચીસેક લાખ રૂપિયાનું દાન આશ્રમને આપશે તો આ ફી આના કરતાં પણ ઓછી કરવાની

અમારી તૈયારી છે.'

મોટાની આ વાત પર ખુદ મેજીસ્ટ્રેટ પણ મલકાઈ રહ્યા. ગૌતમે શરદ વકીલને ઈશારો કરી યુધ્ધ વિરામનું સૂચન કરી દીધું.

શરદ વકીલે કહ્યું: 'અમારો મુદ્દો આશ્રમની ફી માફકસરની હોવી જોઈએ એ હતો એ કંઈક અંશે ફળિભૂત થયો છે એનો અમને સંતોષ છે. આશ્રમે ફીમાં જે નાનકડો ઘટાડો કર્યો છે એ જો કે પૂરતો નળી છતાં અમે આજની તારીખે એ સ્વીકારી લઈએ છીએ અને ભવિષ્યમાં એ લોકો આમાં ઘટાડો કરતા રહેશે એવી આશા રાખીએ છીએ.'

ગૌતમ અને શરદ વકીલની ગણતરી મુજબ કેસનો ફેંસલો આવ્યો હતો પણ ગૌતમ મનમાં પસ્તાઈ રહ્યો હતો. આશ્રમની સામે શીંગડાં ભેરવવામાં એ સમાજમાં બદનામ થયો હતો ને ઉપરથી દસ હજારના ખાડામાં ઊતરી ગયો હતો.

એને હવે લાગવા માંડ્યું હતું કે પોતે કેસ ન લડ્યો હોત તોય આશ્રમની ફી તો ઓછી થવાની જ હતી. પોતે દસ હજાર રૂપિયાનું ખોટું જ પાણી કર્યું હતું. પણ આ તો હતું રાંડ્યા પછીનું ડહાપણ. પણ એમ ન હતું કે આ એક ઠોકર ખાધે એ સુધરી જવાનો હતો. હવે એણે પારકી તાપણીએ તાપવાનું મનમાં નક્કી કરી લીધું હતું.

## ૧૫.
## બીજા આશ્રમનું ભૂમિપૂજન કર્યું.

જ્યારથી આશ્રમ શરૂ થયો ત્યારથી મહાસુખ ભટ એમના સાદા ઘરડાઘર માટે ગળામાં જીભ ઘાલતા ન હતા. 'તમે બધા ઊંચે ઘોડે બેસી ગયા છો એટલે તમને મારી વાત સમજાતી નથી પણ હવે તો ઘરડાઘરનું કામ તમારે શરૂ કરવું જ પડશે નહીં તો મારે જાતે એ શરૂ કરી દેવું પડશે.'

'તમે એમ આકળા ન થાવ. ચાલો આવતે મહિને તમારા

ઘરડાઘરનું કામ ધડાકાભેર શરૂ કરી દઈશું, બસ? એનું ભૂમિપૂજન આપણે ધનુભાઈ શેઠને હાથે કરાવવું છે. આપણામાંથી બેચાર જણ જઈને એમની સાથે તારીખ વગેરે નક્કી કરાવી લઈએ એટલે બસ.' મોટાએ કહ્યું.

'એવું કરવું હોય તો કાલે આપણે બેચાર જણ જઈ આવીએ. બીલીમોરા ક્યાં દૂર છે?' નવનીતભાઈએ કહ્યું ને કોણે કોણે બીલીમોરા જવું એની ચર્ચામાં બધા પડી ગયા.

'મારું માનો તો આ ઘરડાઘર પણ આ આશ્રમના જેવું જ બનાવીએ.' નવનીતભાઈએ અચાનક મમરો મૂક્યો.

'આ આશ્રમના જેવું એટલે? તમને ખબર છે કે એમાં આપણે કેવાં માણસોને રાખવાનાં છે એની?'

'મને ખબર છે જ કે એમાં પણ આપણે માણસોને જ રાખવાનાં છે. શું કોઈનો દીકરો બહુ કમાતો ન હોય એટલે એનાં માબાપ માણસ મટી ગયાં? એમને આવી સગવડો કેમ ન આપવી જોઈએ?' નવનીતભાઈએ સામો સવાલ કર્યો.

'પણ એના પૈસા કોણ ભરશે? ને એનાય ખર્ચા અહીંના જેવા જ આવશે ને. વળી જો મફત રાખીશું તો બધા એમનાં માબાપને એમાં જ ભરતી કરાવવાનો આગ્રહ રાખશે.'

'એનો ઉપાય મોટા કાઢશે પણ આપણે એને પણ ઘરડાઘર નહીં પણ અહીંના જેવો જ નિવૃત્તિ નિવાસ બનાવવાનો છે.'

મોટા કહે: 'એનો ઉપાય તો મારા મનમાં છે પણ એમાં હું જે કાંઈ કરું એમાં તમારા જેવા ચોખલીઆવેડા નહીં હોય ને એમાં હું તમારું કોઈનું સાંભળીશ પણ નહીં. પણ એના બાંધકામના ખરચાનું શું? હજુ તો આપણી પાસે જે ગણો તે આ આશ્રમના માંડ દસ લાખ રૂપિયા જ પડ્યા છે. જો એ વાપરી નાંખીશું તો પછી...'

'એનોય ઉપાય થઈ રહેશે. આપણે આ આશ્રમનો પૈસોય એમાં વાપરવાનો નથી. પહેલાં તમે બધા એક વાતે સંમત થાવ કે આપણે એ ઘરડાઘર પણ આ આશ્રમના જેવું જ બનાવવું છે,

પછી એના પૈસાની જોગવાઈ પણ થઈ જશે. એવું હશે તો હું એક ફેરો ઈંગ્લેન્ડનો મારી આવીશ. પહેલાં એના પ્લાન અને એસ્ટીમેન્ટ કઢાવી લઈએ એટલે આગળની વિધિ કરવાની સમજણ પડે.' નવનીતભાઈના મનમાં કોઈ પ્લાન હશે એમ બધાને લાગ્યું એટલે બધા એમની વાતમાં સંમત થઈ ગયા.

નવનીતભાઈ, મોટા અને માધવ પટેલ બીલીમોરા ધનુભાઈને ઉદઘાટનનું કહેવા ગયા ત્યારે વાત જાણી ધનુભાઈ કહેઃ 'તમારી આ વાત મને પસંદ પડી. કોઈની સ્થિતિ સારી ન હોય અને પૈસા ભરી શકે તેમ ન હોય તો એવાને પાલવવામાં વેઠ ન ઉતારાય. એમનેય બીજાની જેમ સ્વમાનભેર જીવવાનો હક છે. બીજાં ઘરડાઘર માત્ર વેઠ જ ઉતારે છે. આપણે એવું કરવું નથી.'

ત્યાં અચાનક નવનીતભાઈ કહે: 'મારા મનમાં એક વિચાર આવે છે. ધનુભાઈના કરોડ કરતાંય વધુ રૂપિયા દાનમાં લઈને એમનું નામ પાછળ રાખવા કરતાં આ આશ્રમ જ એમના નામે કરીએ તો કેવું?'

'તમારી વાત મને પણ યોગ્ય લાગે છે પણ એ માટે દોશી સાહેબ શું વિચારે છે એ જાણવું જોઈએ.' મોટાએ કહ્યું.

'જે વાત નક્કી થઈ ગઈ છે એમાં આમ ફેરફાર કરવાથી બધી ગણતરી ફરીથી કરવાની થશે. ને રુડકાના આશ્રમ માટે વધારાની રકમની જોગવાઈ પણ કરવી પડશે.' ધનુભાઈએ કહ્યું.

'પણ એકને બદલે બે સંસ્થઓ ઊભી થશે. આમેય એક આશ્રમમાં તમારા બેયનાં દાન લેવામાં આવે તો બીજાં નાનાં દાનને સમાવવાની જગા જ રહેતી નથી. ને આશ્રમની છાપ એવી ઊભી થઈ છે કે બીજાં ઘણાં દાન સામેથી આવવા માંડશે એની મને શ્રધ્ધા છે.' મોટાએ કહ્યું.

'તો તમને અનુકૂળ હોય એ તારીખ રાખીએ પણ એનું ઉદઘાટન તમારે હાથે જ કરાવવાનું છે.' મોટાએ કહ્યું.

'હું એમાં આવીશ ખરો પણ મારું માનો તો એનું ઉદઘાટન મહસુખ ભટને હાથે જ કરાવવું જોઈએ. આપણા બધા કરતાં એમને આવા માણસોની ચિંતા વધારે છે.' ધનુભાઈએ

સૂચન કર્યું.

‘આપણે એમને ઉદઘાટન વખતે પ્રોજેક્ટ જરૂર કરીશું પણ એ સ્થાનિક માણસ છે એટલે ઉદઘાટન માટે યોગ્ય ન ગણાય. આપણે આ કામ માટે દાન પણ મેળવવાનાં છે એટલે એ તમારે હાથે થાય અને તમે એક કરોડ કરતાંય વધારે માતબર રકમના દાતા છો એ વાત ચર્ચાય તો બીજાં દાન ઝડપથી મળે.’ માધવ પટેલે ઉદઘાટનનું ગણિત સમજાવ્યું.

‘એવું જ હોય તો નવનીતભાઈ પણ છે જ ને મોટા દાતા.’

‘એમના દાનની વાત જાણીતી થઈ ગયેલી છે. આ વખતે તમારા દાનની વાત લોકો સામે લાવવી છે. અમારા ચરોતરમાં પૈસા ઘણા છે પણ જ્યાં સુધી આવું મથાળું જુએ નહીં ત્યાં સુધી એ લોકો દાન માટે હાથ લંબાવતાં ખચકાય છે.’

‘તમારા એ ગણિતમાં મને ઝાઝી સમજણ પડતી નથી પણ એમ રાખો. તમને લાગતું હોય કે મારા દાનની વાતથી બીજાં દાન ઝડપથી મળશે તો ભલે. પણ એના કરતાં તમે નવનીતભાઈને હાથે ઉદઘાટન કરાવો એ મને વધુ યો્ય લાગે છે.’

‘ઉદઘાટન તમારે જ કરવાનું છે. ફાળો તો એમાં મારે આપવાનો છે. મેં જ મૂળ આશ્રમના જેવી સગવડો આમાં આપવાની વાતનું પગરણ માંડ્યું છે એટલે મેં મનથી નક્કી કરી રાખ્યું છે.’ નવનીતભાઈએ કહ્યું.

‘તો એમ કરો તમારા અગિયાર લાખ રાખો.’ નવનીતભાઈને ઓળખી ગયેલા ધનુભાઈએ એમના દાનની રકમ નક્કી કરી દીધી.

ને એમ નક્કી કરીને બધા આશ્રમ પર પાછા આવી ગયા. મહાસુખ ભટને બધી વાત કરીને મોટા અને નવનીતભાઈએ આર્કીટેકને વિગતો સમજાવીને એ મુજબ પ્લાન બનાવવા માટે આપી દીધા.

પછી બધાએ એક મીટીંગ કરીને રૂમ પર કેટલું દાન હોય

તો એ નામની તક્તી મૂકવી એ પણ નક્કી કર્યું. માધવ પટેલ કહેઃ 'એમાંય એક લાખ જ હોય ને. ખર્ચ તો એ રૂમોનોય અહીંની રૂમો જેટલો જ આવવાનો છે ને.'

મોટા કહેઃ 'એ બરાબર પણ હવે આજુબાજુનાં ગામમાંથી પચાસ સાઠ એવાં દાન ઉઘરાવવાનું અઘરું પડશે. જ્યાં આપણી વગ પહોંચતી હતી એ બધી જગ્યાએથી આપણે દાન મેળવી લીધેલાં છે.'

'એમ કરીએ આપણે એક રૂમ દીઠ પચાસ હજાર રૂપિયા રાખીએ. એમાં જગ્યાનો ફેર પણ ગણતરીમાં લેવો જોઈએ એમ મારું વેપારી ગણિત કહે છે. અહીં જે તક્તીઓ મૂકી છે એને જોનારા સુખી માણસો આવવાના છે અને વધારે માણસો આવવાના છે જ્યારે ત્યાં એવા અને એટલા માણસો આવવાના નથી.

'જે દાન આપે એનેય મનમાં એવી તો ઈચ્છા હોય જ ને કે એના દાનની વાત વધુમાં વધુ માણસો જાણે.' એટલે બધાએ નવનીતભાઈની વાત સ્વીકારી લીધી અને એક રૂમ પર પચાસ હજાર આપનારના નામની તક્તી મૂકવાનું ઠરાવવામાં આવ્યું.

મહાસુખ ભટે પણ પોતાના ગામમાં વાત વહેતી મૂકી દીધી કે આપણી સીમમાં જે ઘરડઘર બનાવવાનું છે એ પણ મોટા આશ્રમના જેવી જ સગવડવાળું બનાવવાનું છે અને તેમાં મોટા આશ્રમ જેવી ઊંચી ફી પણ લેવાની નથી. જેની જેવી સ્થિતિ હશે એવી નોમિનલ ફી જ લેવાની નક્કી કરવાની છે.

આ માટે સવા કરોડ રૂપિયાનાં દાન તો મળી પણ ગયાં છે. હવે આપણે આપણા ગામમાંથીય યોગ્ય ફાળો કરવા માટે કમર કસવાની છે. વળી આ આશ્રમમાં એક લાખને બદલે પચાસ હજાર રૂપિયા આપનારની તક્તી રૂમ પર મૂકવાનું નક્કી કર્યું છે.

આ વાતનો પ્રચાર મહાસુખ ભટે આજુબાજુનાં ગામોમાં શરૂ કરી દીધો એટલે ચાર જણનાં દાન રૂમ માટેનાં મળી પણ ગયાં.

આ ઘરડાઘરનું નામ ગાંધી સેવાશ્રમ રાખવાનું નક્કી

કરવામાં આવ્યું. હજુ તો ખાતમુહૂર્તની જાહેરાત પણ કરવામાં આવી ન હતી ત્યાં વીસ રૂમોના દાતાનાં નામ તો નક્કી પણ થઈ ગયાં હતાં.

*

મહાસુખ ભટે જ પાંચ કુંડી યજ્ઞ કરીને સેવાશ્રમનું ખાત મૂરત કરવાનું નક્કી કરી દીધું હતું. આ યજ્ઞમાં યજમાન તરીકે ધનુભાઈ દોશી, નવનીતભાઈ તથા વીસ રૂમોના દાતાઓ બેસવાના હતા. સવારના નવ વાગ્યાથી વિધિ શરૂ કરવાની હતી એટલે ધનુભાઈ દોશી આગલે દિવસે સાંજના જ સહકુટુંબ આવી ગયા હતા ને આશ્રમના અતિથિગૃહમાં રોકાયા હતા.

આજે સરદાર પટેલ પિતૃસેવા આશ્રમના બધા લાભાર્થિઓને સેવાશ્રમમાં જ જમવાનું હતું એટલે ત્યાંના રસોડા વિભાગના માણસો અહીં રસોઈના કામમાં લાગી ગયા હતા. જે પાંચસાત માણસો મૂળ આશ્રમની સંભાળમાં ત્યાં રોકાવાના હતા એમનાં ટિફિન મોકલવાની વ્યવસ્થા પણ માધવ પટેલે ગોઠવી દીધી હતી.

સેવાશ્રમની સાઈટ પર નાનકડો મંડપ બાંધવામાં આવ્યો હતો. આજે બહુ મોટો મેળાવડો કરવાની ગણતરી ન હતી છતાં બેય આશ્રમના દાતાઓને અને કેટલાક સરકારી અધિકારીઓને આમંત્રણો મોકલવામાં આવ્યાં હતાં એટલે લગભગ પાંચસો માણસોની રસોઈની તો ગણતરી રાખેલી જ હતી.

સમારંભ શરૂ થતા પહેલાં જેમને આમંત્રણો મોકલવામાં નહોતાં એવાં માણસોય આવવા માંડ્યાં હતાં. આજુબાજુનાં ગામના લોકોને તો આ સેવાશ્રમ પોતાનો જ હોય એવી ભાવના એની શરૂઆત પહેલાં જ થવા માંડી હતી એનો આ પુરાવો હતો.

સંચાલકોને હવે લાગવા માંડ્યું કે આશ્રમની પ્રતિષઠા એવી જામી ગઈ હતી કે એનો કોઈ પણ સમારંભ જાહેર સમારંભ જ બની રહેવાનો હતો. સમારંભમાં એમણે ધાર્યાં હોય એનાથી દોઢાં માણસોની એમણે ગણતરી મૂકવી જ પડવાની હતી. વખત જતાં આમંત્રણની સાથે એમણે કદાચ ભોજન પાસ મોકલવા પડે તોય નવાઈ નહીં. અને એ પાસ વગર ભોજનકક્ષમાં પ્રવેશ નહીં

મળે એમ જાહેર કરવું પણ પડે.

મહાસુખ ભટના મુહૂર્ત પ્રમાણે કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો. બપોરે બધાંને સાદુ હાજરી જેવું જમવાનું આપવામાં આવ્યું. સાંજના ચાર વગ્યે નારિયેળ હોમાયા બાદ સભા શરૂ કરવામાં આવી. મેદની ઓછી થવાને બદલે વધતી જ જતી હતી.

મંચ પર ધનુભાઈ દોશી અને નવનીતભાઈ સજોડે બેઠા હતા. મોટા અને મહાસુખ ભટ પણ કાર્યકરોમાંથી મંચ પર હતા. કરસનદાસ માણેક કદાચ જ આવી શકશે એમ મનાતું હતું એને બદલે એ છેલ્લી મિનિટે આવી પહોંચ્યા એટલે એમની જગ્યા મંચ પર તાબડતોબ કરી દેવામાં આવી.

શરૂમાં મોટાએ સૌ મહેમાનોનો પરિચય આપ્યો. એમણે નવનીતભાઈના પરિચયમાં એમના એંશી એરકંડીશનીંગ અને હીટીંગ મશીનોના દાનની અને એક કરોડ રૂપિયાના દાનના વચનની અને આ સોવશ્રમ માટે બીજા અગિયાર લાખ રૂપિયાના દાનની વાત વિગતે કરી.

પછી ધનુભાઈ દોશીનો પરિચય આપતાં એમણે કહ્યું: 'એ બીલીમોરાના છે. બહુ મોટા ઈન્ડસ્ટ્રીવાળા છે. એમને ઘડીનીય નવરાશ ન હોય પણ આપણા આશ્રમની વાત જાણીને એ આપણો આશ્રમ જોવા બે મહિના પહેલાં આવ્યા હતા ને આ આશ્રમ માટે એમણે એક કરોડ ને અગિયાર લાખ રૂપિયાનું માતબર દાન આપણને આપ્યું છે.'

દાનની આ વાત સાંભળતાં શ્રોતાઓએ જે તાળીઓની ધડેડાટી બોલાવી એને શાંત પાડતાં મોટાને કેટલીય વાર સુધી પોતાનું બોલવું થંભાવી દેવું પડ્યું.

'આ સેવાશ્રમની જમીન સંપાદનથી માંડીને સેવાશ્રમના ખાતમૂરત સુધીની સઘળી કામગીરીમાં મહાસુખભાઈ ભટે અવિરત મહેનત કરી છે અને આ સેવાશ્રમની વ્યવસ્થા પણ તેમણે જ સંભાળવાની છે. આજુબાજુનાં ગામના સૌ વડીલોએ એમને સાથ અને સહકાર આપીને એમની કામગીરી દીપાવવાની છે.

છ મહિનામાં પચાસ રૂમનો આ સેવાશ્રમ નાનો પડવાનો છે એવી અમને શ્રધ્ધા છે ને એવે વખતે બીજી પચીસ કે પચાસ રૂમો બાંધવાની પણ અમારી તૈયારી છે. પણ જેટલી રૂમો વધશે એટલા વધારે માણસોને એનો લાભ મળશે પણ જેટલા લાભાર્થીઓ વધશે એટલો ખર્ચ પણ વધશે એટલે આ સેવાશ્રમ માટે આપણે એક મોટું નિભાવ ફંડ પણ ઊભું કરવું પડશે. આ માટે પણ તમારે બધાએ કમર કસવી પડશે.'

'બધાએ પ્રસાદ લઈને જવાનું છે.' મહાસુખ ભટે એમની રીતે કહ્યું ને સભા સમાપ્તિની જાહેરાત કરી.

## ૧૬
## સેવાશ્રમ અને મોટા

સેવાશ્રમના બાંધકામમાં સૌથી મોટી વાત એ હતી કે એમાં પૈસા ઉઘરાવવા જવું પડવાનું ન હતું એટલે એનું કામ પૂરજોશમાં ચાલવા માંડ્યું. ને છ મહિનામાં તો સેવાશ્રમ તૈયાર થઈ ગયો.

સેવાશ્રમની શરૂઆતથી જ એમાં દાખલ થનારાંનો ધસારો શરૂ થઈ ગયો હતો. મોટા સવારથી સાંજ સુધી ઑફિસમાં બેસતા હતા ને દાખલ થવા માગતા કે એમની ભલામણ લઈને આવતા માણસોને જવાબ આપતા હતા અને તેમની પરિસ્થિતિની ચકાસણી કરતા હતા.

એમણે પહેલી પચીસ રૂમો જ આ રીતે ભરવાની ગણતરી રાખી હતી. પછીની રૂમો તો આજુબાજુનાં ગામોમાં તપાસ કરીને ખાસ જરૂરીઆતોવાળાં લોકોને આપવાનું એમણે મનમાં નક્કી કર્યું હતું.

આ સેવાશ્રમમાં ફીનું કોઈ ધોરણ રાખવામાં આવ્યું ન હતું પણ દરેક દાખલ થનારાના દીકરાની સ્થિતિ અનુસાર મોટા તેમની ફી નક્કી કરતા હતા. કોઈને મહિને બસો તો કોઈને પાંચસો રૂપિયાની ફી નક્કી કરવામાં આવતી હતી.

કેટલાક દીકરાઓ પોતાની આવી રકમ ભરવા માટેની અશક્તિ દર્શાવતા હતા તો કેટલાક આની સામે વાંધો લઈ ફી મોટા પોતાની આપખૂદીથી નક્કી કરે છે એમ પણ કહેતા હતા. આવા માણસોને મોટા સરકારી રાહે ફી નક્કી કરવાની ચિમકી આપતા હતા તો પેલો મોટાએ નક્કી કરેલી ફી ભરવા તૈયાર થઈ જતો હતો.

મહાસુખ ભટ મોટાને આવું કડક વલણ ન રાખવા ક્યારેક કહેતા હતા તો મોટા એમને: ‘બે મહિના પછી ખર્ચના હિસાબો જોયા પછી તમને એનો જવાબ મળી જશે,’ એમ કહી ચૂપ કરી દેતા હતા.

આમ બે મહિના પૂરા થઈ ગયા. મહાસુખ ભટે એ બે મહિનાના હિસાબો જોયા ને એમને મોટાની ગણતરી સમજાઈ ગઈ. જો બધાને વગર ફીએ આશ્રમમાં પ્રવેશ આપવામાં આવે તો સેવાશ્રમને મહિને દશથી પંદર હજાર રૂપિયા જોડવાના થાય તેમ હતા.

વળી મોટા જે ફી નક્કી કરતા હતા એ એમની સ્થિતિ જોઈને નક્કી કરતા હતા એટલે એમાં કશો વાંધો લેવા જેવું પણ ન હતું. કેટલાક મોટાની સામે ચૂમાતા હતા પણ સરકારી રાહે ફી વસુલ કરવાની વાતથી ગભરાઈને મોટાની વાતમાં એમને સંમત થઈ જવું પડતું હતું.

આ બધાં તો સામેથી આવતાં માણસો માટે હતાં પણ મોટાએ બાકીની પચીસ રૂમો તો ખાસ તકલીફવાળાં માણસો માટે રાખવાનું નક્કી કર્યું હતું.

જે લોકો એમનાં સંતાનોની બીકને કારણે સેવાશ્રમમાં આવી શકતાં ન હોય એમને સામેથી જઈને લઈ આવવાની એમની ગણતરી હતી.

આવાં સંતાનોને જરૂર પડે તો ધમકાવીને-ડરાવીને કે છેવટે કોર્ટની ધમકી આપીને સીધાં કરવાની પણ એમણે તૈયારી રાખેલી હતી.

*

માધવ પટેલને કાને વાત આવી કે ધરમડામાં એક ડોસીને એની વહુએ ભીંતમાં માથું અથડાવીને મારી નાંખ્યાની વાતો ચાલે છે. મોટા કહે: 'એમ ચગોવગો થતો હોય એમ નહીં પણ કોઈ જાતે જઈને તપાસ કરી આવો કે એમાં સાચું શું છે? પછી આગળ શું કરવું એ નક્કી કરો.'

'એમ હોય તો હું અને મકનભાઈ ધરમડાનો આંટો મારતા આવીએ. ગામમાં કાંઈ આવી વાત છૂપી તો નહીં જ રહી હોય ને. તમે અહીંનું સંભાળો અમે બધી તપાસ કરી લઈશું ને બનશે તો બધું પતાવી પણ દઈશું.' માધવભાઈએ કહ્યું.

'એક વાતની મનમાં ગાંઠ વાળજો કે જ્યાં સુધી ધાક ધમકીથી વાત પતતી હોય ત્યાં સુધી આપણે કોર્ટે ચડવું નથી.' મોટાએ સૂચના આપી.

'એની તમે ચિંતા ના કરશો. જો વાત સાચી હશે તો અમે અમારી રીતે બધું પતાવી દઈશું.'

*

પછી કાર લઈને માધવ પટેલ અને મકનભાઈ ધરમડા ઊપડ્યા. એ ધરમડા પહોંચીને ચોરે બેઠા ત્યાં ગામનો સરપંચ ગેમનસિંહ પરમાર દોડતો આવી પહોંચ્યો. એણે બહાર પડેલી કાર જોઈ એટલે એને લાગ્યું કે કોઈ સરકારી અમલદાર હશે: 'કેમ આવવું થયું આપ સાહેબને?' ઓળખાણ ન પડતાં ગભરાતાં એણે પૂછ્યું.

'જુઓ અમે ગાંધી સેવાશ્રમમાંથી આવીએ છીએ. તમે સેવાશ્રમ વિષે જાણો તો છો ને?'

'કેમ ના જાણીએ સાહેબ? એના ઉદઘાટનમાં મનેય કાર્ડ હતું ને હું એમાં આવેલોય ખરો.'

'તમારા ગામમાં એક ડોસીનું કમોત થયું છે એવી વાત જણી છે એટલે અમે આવ્યા છીએ. અમે સરકારી માણસો નથી એ તમે જાણો છો એટલે સાચી વાત શી છે એ અમને જણાવો.'

'એમાં તો સાહેબ, એવું છે કે બધી ઊડતી વાતો. તોય

અમે એને ચોરે બાલાવીને સારો એવો જુલાબ આપી દીધો છે. બાકી સાચી વાત તો કેમ ખબર પડે?'

'સરપંચ તમેય અમને આમ ઉઠાં ભણાવશો? એ ડોસીને બાળવા તો તમે બધા ગયા હશો ને. એને લમણે પડેલાં ઢીમણાં તમે કે કોઈએ ના જોયાં હોય એમ કેવી રીતે બને?'

'સાહેબ, એમાં ઊંડા ઊતરીને અમારે ભૂંડાશ વહોરવી પડે એવું હતું એટલે એ વાત અમે પડતી મૂકી છે. અમે એને અમારી રીતે ઠપકો આપી દીધો છે ને પંચમાં એના દંડના સો રૂપિયા ભરાવી દીધા છે. ને ફરીથી કશા આવામાં એનું નામ આવશે તો એને નાત બહાર મૂકવાની ચેતવણી પણ આપી દીધી છે.' સરપંચને લાગ્યું કે આ આશ્રમવાળા લાંબું કરશે તો ગામનું નામ બદનામ થશે એટલે એ કરગરી પડ્યો.

'તમારે એમાં ડરવા જેવું નથી. હજુ અમે સરકારી રાહે કામ લેવાનું વિચાર્યું નથી. તમે એને અહીં બોલાવો ને અમારું ઓળખાણ આપો એટલે અમે એને અમારી રીતે સમજાવી દઈશું. અમારે એના ડોસાને સેવાશ્રમમાં લઈ જવા છે ને એમની જીવાઈના પૈસા એની પાસેથી ઓકાવવા છે. એની પાસે કેવીક છત છે?' મકનભાઈએ પૂછ્યું.

'છતમાં તો મારા ભાઈ એવું છે કે એની પાસે પાંચેક વીઘાં જમીન છે. એમાંની બે વીઘાં આ ડોસાએ ઉમેરેલી છે ને ગામમાં એક ઈંટેરી મકાન પણ આ ડોસાએ જ બનવેલું છે. એટલે એમ કહેવાય કે સુખનો રોટલો ખાય છે. પણ આશ્રમની મોઘી ફી ભરવાનું એનું તો શું પણ અમારા આખા ગામમાંથી કોઈનું ગજું નહીં.'

'અમને બધું સમજાઈ ગયું, હવે તમે એને બોલાવો. અમે એની સાથે વાત કરી લઈશું. તમે તમારે જે થાય એ જોયા કરો.' માધવ પટેલે કહ્યું. એટલે સરપંચે પેલાને બોલાવી લાવવા એક વરતાણિયાને મોકલ્યો.

'મને તો મનમાં એમ હતું કે બધા પૈસા ઉજળિયાતના છે

એટલે એમાં ફક્ત એમનાં જ ઘરડાં માણસોને લેવાનાં હશે.' સરપંચે કહ્યું.

'અરે હોય, આ તો ગાંધીનો આશ્રમ છે એમાં આવા બધી નાતના લોકોને લેવાના છે. જેનાં છોકરાં માબાપને પજવતાં હોય કે એમને સારી રીતે રાખતાં ના હોય એમને અમારા સેવાશ્રમમાં સુખમાં રાખવાનાં છે. અરે જેની કશું આપી શકે એવી સ્થિતિ હોય એમને મફત પાલવવાની પણ અમારે ત્યાં વ્યવસ્થા છે.

તમે સેવાશ્રમમાં જાતે આવીને જુઓ તો તમને ખ્યાલ આવે કે એમાં અમે બધાં ઘરડાં અને નિરાધાર વડીલોને કેવી રીતે રાખીએ છીએ. આવો ને કોઈક દિવસ.'

'હું સમારંભમાં આવેલો ને બધી સગવડની વાતો મેં સાંભળેલી પણ ખરી પણ મને થયેલું કે આવી સ્વર્ગ જેવી જગામાં અમારી વરણમાંથી કોઈને ક્યાંથી રહેવા મળે, એટલે આશ્રમની અંદર ફરીને કશું જોએલું નહીં. હવે તો કાલે જ બેચાર માણસોને લઈને આશ્રમ જોવા આવવું પડશે.'

મકનભાઈ કહે: 'જરૂરથી આવો અને તમારી જાણમાં એવા કોઈ લાચાર ને દુખી માણસની માહિતી આવે તો એની વાત લઈને આવતાં જરાય અચકાતા નહીં.' મકનભાઈએ એને કહ્યું, ત્યાં પેલો માણસ આવી ગયો.

એને જોતાં જ સરપંચે કહ્યું: 'આવ શના, તારો વરઘોડો છેક સેવાશ્રમ હુધી પહોંચ્યો છે ને ત્યાંથી આ લોકો તારા બાપાને લેવા આવી પહોંચ્યા છે. મેં એમને મારાથી સમજાવાય એટલા સમજાવ્યા છે પણ એ લોકો તારા બાપાને સેવાશ્રમમાં રહેવા તો લઈ જ જવાનું નક્કી કરીને જ આવ્યા છે. તારે તારા બાપાની જીવૈના પૈસા દર મહિને આશ્રમમાં ભરવા પડશે. એમાં મારુંય કશું ચાલે એમ નથી. તું જો પૈસા નહીં ભરું તો એ લોકો કોરટે ચડીનેય તારી પાસેથી પૈસા વસુલ કરશે.'

'પણ મારી પાસે એવી કોઈ મિલકત નથી કે નથી એવી આવક હું કેમનો એ પૈસા ભરી શકું?' શનો કરગરી પડ્યો.

'જો તારા બાપ તારી સાથે રહેતા હોય તો એમને પાલવવાનો તને ખરચ થાય જ ને. ને અમે તો ત્યાં તારા બાપાને ઉનાળામાં ગરમી ના લાગે કે શિયાળામાં તાઢ ના વાય એવી અલાયદી રૂમમાં રાખીશું. એ રાજાના મહેલમાં રહેતા હોય એટલી સગવડમાં અમે એમને રાખીશું. પછી તારે ખરચાના પૈસા તો આપવા જ પડે ને.'

'એ તો સાવ અંતરિયાળ હોય એવાં માણસોને ત્યાં રાખવાનાં હોય. હું તો મારા બાપાને પાલવનારો બાર વરસનો બેઠો છું. મારે એમને આશ્રમમાં મેલવા નથી.'

'તારી માને પાલવ્યાં એમ જ તારા બાપાને તું પલવું એમને. ને કદાચ પાલવું તોય અમે આશ્રમમાં આપીએ છીએ એવી સગવડથી તારાથી તારા બાપને પલવાશે ખરા! તું એમ કર કાલે સરપંચની હાર્યે આશ્રમ જોવા આવ પછી આપણે નક્કી કરીએ કે તારા બાપને કંઈ રાખવા.'

'એમને આશ્રમમાં રાખો તો મારે મહિને કેટલા ભરવા પડે?' સમજી જતાં શનો ઢીલો પડ્યો.

'મહિને પાંચસો રૂપિયા ભરવા પડે. વસ્તાણાવાળા આશ્રમમાં તો લોકોને મહિને પંદરસો ભરવા પડે છે પણ આ તો સેવાશ્રમ છે એમાં ગરીબ માણસોને માટે અમે મહિને દસ પંદર હજાર રૂપિયાની ખોટ ભોગવીને આ ચલાવીએ છીએ.'

'પણ મહિને પાંચસો ભરવાનું મારું ગજું હોવું જોઈએ ને. પૂછો સરપંચકાકાને મારી એવી હેસિયત ખરી? એમનાથી કશું અજાણ્યું નથી.'

'એમ તો અમારાથીય કશું અજાણ્યું નથી. તારા બાપાએ બે વીઘાં જમીન વધારી છે ને તું રહું છું એ મકાન પણ એમણે જ બનાવરાવ્યું છે. એ વેચાવીનેય અમે પૈસા વસુલ કરતાં અચકાઈશું નહીં. જેમ તારાં બાનું મોત થયું એમ અમે તારા બાપનું મોત થવા દેવા માગતા નથી.'

'લોકો ખોટી વાતો ઊડાડે છે. મારી માના મોતમાં કશું ખોટું ન હતું. લોકોને તો કૂથલી કરવાની ને ખોટી વાતો કરવાની ટેવ પડી છે.' શનાએ ગભરાયા છતાં હિંમતથી કહ્યું.

'એનીય તપાસ કરવી હશે તો અમે કરી લઈશું. એક વખત સરકારી રાહે અરજી મૂકી દઈશું કે ડોસીના મોતમાં ભેદ છે એટલે તને તો તને પણ તમારા આખા પંચને જવાબ આપવાનો થશે.' માધવ પટેલે દમ માર્યો.

'તમે કહો છો એ બરાબર હશે પણ શનો બચરવાળ માણસ છે. મહિને પાંચસો ભરવાનું એનું ગજુ નહીં. બે વીઘાં ઓછાં કરે તો એનાં છોકરાં ભૂખે મરી જાય. કંઈક હમજીને રકમ નક્કી કરો તો એ તણાઈનેય ભરશે એનો જવાબદારી હું લઉં.' આખી નાતના પંચનેય જવાબ આપવાનો થશે એ વાતથી સરપંચનેય ગભરાટ થયો.

'એ તો તમે શનાને લઈને કાલે સેવાશ્રમમાં આવો ને મોટાને મળો ને એમના મનમાં ભગવાન વસે ને તમને એમાં સો પચાસ ઓછા કરી આપે તો કામ થાય. પણ અમે ડોસાને તો આજે જ અમારી સાથે લઈ જઈશું. એમનાં જે બેચાર જોડી લૂગડાં હોય એ પેટી કે થેલીમાં ભરી રાખો. અમે જતાં એમને તમારે ઘેરથી જ અમારી સાથે લઈ જઈશું.' મકનભાઈએ કહ્યું ને શનો રવાના થયો.

'અમે બેચાર માણસો કાલે આશ્રમ જોવા આવીશું.' શનો ગયો એટલે સરપંચે કહ્યું.

'એ શનાને ખાસ લેતા આવજો. તમે કહો છો એમ હશે તો અમે મોટાને કહીને સોએક રૂપિયા ઓછા કરાવીશું. એ ડોસાને અમે એવી રીતે રાખીશું કે એમની આંતરડી પણ ઠરશે ને તમનેય પૂન્ય મળશે. પણ આ શના જેવાને તો શિક્ષા થવી જ જોઈએ.'

'આમાં તો એનાં છોકરાંનેય શિક્ષા થાય એવું છે એટલે તમને ભલામણ કરી.'

‘કાંઈ વાંધો નહીં. અમારે કોઈને દુખી થવા દેવાં નથી. કાલે તમે આવશો ત્યારે આપણે બધી વાત કરીશું.’ માધવ પટેલે કહ્યું.

પછી સરપંચને સાથે લઈને બધા શનાને ત્યાં ગયા ને એના બાપ હિંમતભાઈને લઈને સેવાશ્રમને રસ્તે પડ્યા.

*

બીજે દિવસે સવારની વેળામાં ધરમડામાંથી ત્રણેક માણસો સાથે સરપંચ અને શનો આવી પહોંચ્યા હતા. એમને ઑફિસમાં બેસાડી મહાસુખ ભટે મોટાને બોલાવ્યા. મોટાને માધવભાઈએ ને મકનભાઈએ બધી વાત કરી દીધી હતી એટલે એમણે બધાને માટે ચા લાવવાની પટાવાળાને સૂચના આપી ને વાત શરૂ કરી: ‘તમારામાંથી શનાભાઈ હિંમતભાઈ કોણ છે?’

સરપંચે શનાને બતાવ્યો એટલે મોટાએ એને રપેટમાં લીધો: ‘તારી ડોસીને કમોતે મારી નાખી એને માટે તો તને પાંચસાત વરસની જેલ કરાવવાનો જ વિચાર હતો પણ કાલે બે જણને મોકલીને તપાસ કરાવી. સરપંચ તો વારણાં વાળે પણ જે દીકરો માને કમોતે મારી નાખે એને માટે તો એ જેલની સજાય ઓછી કહેવાય. પણ સરપંચે કહ્યું કે આ પાંચસો રૂપિયા ભરતાંય એનાં છોકરાં ભૂખે મરે એવું છે એટલે અમે સરકારી કારવાઈ તો નહીં કરીએ પણ તને શિક્ષા કર્યા વગર પણ નહીં છોડીએ.’

‘તમે પાટીદાર છો એટલે તમને ખેતીની આવકની વધારે ખબર પડે. અમારા ગામની પાંચ વીઘાં જમીનમાંથી કેટલીક આવક થાય એની તમને ક્યાં ખબર નથી? વળી આ શનાને ચાર છોકરાં છે. આ બધાંનું પૂરું કરતાં એની પાસે વરસે શું વધે એ તમે જ ગણી જુવો. તોય એ ગુનામાં છે એટલે તણેનેય આશ્રમના પૈસા ભરશે પણ એના ગજા પ્રમાણેનો આંકડો નક્કી કરો એટલું જ અમારે કહેવું છે.’ સરપંચે શનાના બચાવમાં એની પરિસ્થિતિની વાત કરી.

'તમને માધવભાઈ આશ્રમ બતાવે એ જોયા પછી અહીં પાછા આવો એટલે આપણે આગળ વાત કરીએ.' મોટાએ કહ્યું એટલે બધા માધવભાઈની સાથે ચાલ્યા. માધવભાઈએ એમને રૂમો બતાવતા પહેલાં દવાખાનું, કસરતનો ઓરડો ને પુસ્તકાલય વગેરે ઓરડા બતાવ્યા. કસરતનાં સાધનો કેમ વાપરવાં અને એનાથી શા ફાયદા થાય છે એ પણ સમજાવ્યું.

દરેક રૂમમાં પાથરેલી ગાલીચા જેવી કારપેટ પર પગ મૂકતા પહેલાં બધા વગર કહ્યેય દરેક રૂમના બારણા પાસે જોડા કાઢીને પગલૂછણીયા પર પગ સાફ કરીને રૂમમાં પેસતા હતા છતાંય એમના મનમાં થતું હતું કે એમના પગથી એ ગાલીચો ગંદો તો નહીં થાય ને.

બધું બતાવી માધવભાઈ એમને હિંમતભાઈનો રૂમ બતાવવા લઈ આવ્યા. રૂમમાં અત્યારે વેક્યુમ કરાતું હતું એટલે અવાજ આવતો હતો. પેલા આ અવાજથી અજાણ્યા માણસો વેક્યુમ ક્લીનર સામે તાકી રહ્યા. માધવભાઈએ વેક્યુમ બંધ કરાવ્યું અને એમને એને વિષે સમજણ પાડી.

પેલા લોકોને ખશું સમજાયું હોય એમ લાગ્યું નહીં એટલે એમણે બહારથી થોડું કચરું લઈને કારપેટ પર નાંખ્યું. પેલા લોકો મનમાં ગભરાઈ રહ્યા કે માધવભાઈએ આ ગાલીચો બગાડી નાંખ્યો. ત્યાં પેલા માણસે વેક્યુમ ચાલુ કરીને એના પર ફેરવ્યું ને કારપેટ પહેલાં હતી એવી જ ચોખ્ખી ચણાક થઈ ગઈ. પેલું બધું કચરું ક્યાં ગયું એના વિચારમાં પેલા લોકો પડી ગયા.

માધવભાઈએ એમને સમજાવ્યું કે દર અઠવાડિયે દરેક રૂમમાં આવી જ રીતે વેક્યુમ કરીને સાફ કરવામાં આવે છે.

બધા હિંમતભાઈના રૂમમાં પેઠા એટલે માધવભાઈએ એમને કહ્યું: 'આ હિંમતભાઈનો ઓરડો છે. આ એમનો સૂવાનો ખાટલો. એમાં જે ચાદર અને ઓશીકાના ગલેફ છે એ દર સોમવારને દિવસે ધોવા માટે લઈ જઈને બીજા ધોએલા પાથરી દેવામાં આવે છે. ને આ છે એમની નહાવાની ને જાજરુ જવાની બાથરૂમ એટલે કે નાવણી. એય રોજ સાફ કરનાર આવીને સાફ

કરી જાય છે.'

પછી તો બપોરની હાજરીને સમય થયો હતો એટલે એમણે બધાને ભોજનના ઓરડા તરફ દોર્યા. ચોખ્ખી ચણાક સ્ટીલની થાળી-વાટકીઓ ને ચમચીઓથી ખુરસી-ટેબલ પર બેસી ખાતાં પહેલાં તો એમને ક્ષોભ થયો પણ આજુબાજુ બેસીને આરામથી ખાતા લોકોને જોઈને એમની ભૂખ ઊઘડી હોય એમ એમણે બધાએ ધરાઈને ખાધું.

બધા પાછા ઑફિસમાં આવ્યા એટલે મોટા કહે: 'હિંમતભાઈને આવી રીતે રાખવાના છે, હવે તમે જ કહો, કેટલા રૂપિયા મહિને આપવા પડે?'

'આવા રાજાશાહી ઠાઠમાં રહેવાના તો મહિને હજાર રૂપિયાય ઓછા પડે. એણે તો શું પણ અમારા આખા ગામમાંથી કોઈએ આવી સાહ્યબી જોઈ જ નહીં હોય. પણ શનાથી તો મહિને પાંચસોય ભરી શકાય એમ નથી એટલે બને તો કોઈક સગવડ ઓછી કરીને શનાને રાહત કરી આલો તો એનાં છોકરાં જીવતાં રહે.' સરપંચે કહ્યું.

'ચાલો, તમે ચારેય વહેવારિયા નક્કી કરીને મને કહો કે શનભાઈથી કેટલા રૂપિયા દર મહિને અપાશે? જાવ અમે એટલા પૈસામાં હિંમતભાઈને રાખીશું.'

'આ બધું જોયા પછી અમારાથી હલકું બોલાય એવું નથી પણ શનાનો વિચાર કરીને કહીએ છીએ કે મહિને તૈણસો રાખો. તમે તો સેવા કરવા બેઠા છો એટલે અમારી આટલી વાત સ્વીકારો તો સારું.'

'ચાલો, તમારી વાત અમે સ્વીકારી. દર મહિનાની પહેલી તારીખે ત્રણસો નહીં પણ અઢીસો રૂપિયા અહીં આવીને જમા કરાવી જજે. પણ શનાભઈનો દંડ કર્યા વગર તો નહીં જ ચાલે.' મોટાએ મમરો મૂક્યો.

'આ અઢીસો રૂપિયા ભરશે એ દંડ જ છે ને.'

'ના આ તો હિંમતભાઈની જીવઈના છે. પણ ડોસીના મોતનું પ્રાયશ્ચિત કરવું બાકી છે. શનભાઈ દર મહિને તમારે ચાર દિવસ અહીં આશ્રમમાં સેવા આપવી પડશે. સવારથી આવી જવાનું ને બાગનું ને બીજું કોઈ કામ મહાસુખ મહારાજ બતાવે એ કરવાનું. ચાપાણી અને ખાવાનું બધાની સાથે. બોલો ફાવશે?'

'એમાં ના ફાવવા જેવું શું છે? અરે તમારે વધારે કામ હોય તો અમે ચારેય એની હાર્યે આવીશું. તમારી જેમ અમારાથી પૈસાનો ટેકો ના થાય પણ મજૂરીનું કામ તો થાય ને. દર મહિને પહેલા ચાર દિવસે તમારે જેટલું કામ કાઢી રાખવું હોય એટલું કાઢી રાખજો. અમે પાંચેય જણા હવારથી જ આવી જઈશું.' સરપંચે બધાના વતી કહ્યું.

## ૧૭.

## ભાવનાનો ફાલ

**જાઓ દુનિયાની ખબર લો કે એને થયું છે શું?**
**કેમ તાજો ઘાવ આજ દિલ પર દેખાતો નથી?**
-શૂન્ય પાલનપુરી

એમ હિંમતભાઈનું રહેવાનું ગોઠવાઈ ગયું. એક અઠવાડિયા પછી પહેલી તારીખ આવી ત્યારે પેલા પાંચેય જણા કહ્યા પ્રમાણે કામ કરવા હાજર થઈ ગયા હતા. મહાસુખ ભટે એમને કંપાઉન્ડની બહારની બાજુનાં ઝાડી જાંખરાં સાફ કરવાનું કામ સોંપ્યું. બપોરે બધાંની સાથે જમાડ્યા ને સાંજે જો ગામમાં પાછા ન જવું હોય તો એમને રહેવાની વ્યવસ્થા આશ્રમમાં છે એવી વાત કરી.

પેલા લોકો કપડાં લાવ્યા ન હતા તોય રહેવાનું કેવું છે એ જોવા એ લોકોએ રાત રોકાઈ જવાનું નક્કી કર્યું. મહાસુખ ભટે એમને સાંજે બધાની સાથે જમાડ્યા ને એમની મહેમાનગૃહમાં રહેવાની વ્યવસ્થા કરી આપી. એમાં પણ બીજી રૂમો જેવી જ સગવડો હતી એ જોઈને એ બધા આનંદમાં આવી ગયા.

એમણે બીજે દિવસે એક જણ જઈને ગામમાંથી બધાનાં કપડાં લઈ આવે એવું નક્કી કરી લીધું. બે ટાઈમ આવું સરસ જમવાનું અને ચાપાણી ને આવા રાજાશાહી ઠાઠમાં રહેવાનું જોઈને એમને થયું કે ચારને બદલે દસ દહાડાનું કામ હોય તોય કરવામાં વાંધો નહીં.

બીજે દિવસે એમણે મન મૂકીને કામ કર્યું. ચાર દિવસને અંતે તો એમને લાગ્યું કે આશ્રમમાં કરવા જેવું કોઈ કામ બાકી રહ્યું ન હતું. એમને મનમાં થયું કે બીજે મહિને એમને આવવાની જરૂર નથી એવું તો નહીં કહે ને! એટલે એમણે છેલ્લે દિવસે પાછા ગામ જતી વખતે પાકું કરવા પૂછ્યું: ‘આવતે મહિને બીજાં કામ કાઢશો ને?’

‘તમે થાકો એટલાં કામ છે. તમને બાગમાંની લોન કાપવાનું ને રૂમોમાં વેક્યુમ કરવાનું શિખવાડી દઈશું એટલે તમારે માટે કાયમ કામ ઊભાં જ હશે. તમે બધા થાકો ત્યારે કહેજો. પણ શનાભઈને તો એમના બાપા જીવે ત્યાં સુધી કાયમ સેવા આપવાની જ છે. તમારે માટે એવું બંધન નથી.’ મોટાએ કહ્યું.

‘અમારેય આમાં થાકવા જેવું શું છે? કોઈ મોટા ઘરની જાનમાં ગયા હોઈએ એના કરતાંય અહીં તમે અમને હારી રીતે રાખો છો એ જ ઘણું છે. અમનેય તમારા પૂન્યમાં થોડો ભાગ મલશે એય ઓછું નથી. જો તમે કહો છો એમ અમને એવાં કામ શિખવાડી દેશો તો અમે મહિનામાં ચાર ને બદલે આઠ દા’ડા આવવાય તૈયાર છીએ.’

‘ના તમારે તમારાં કામ ખોટી થાય એમ કરવાની જરૂર નથી. પણ તમારી ઈચ્છા હોય અને ગોઠવી શકાય તો દર મહિનાની પહેલી તારીખથી ત્રણ દિવસ અને પંદરમી તારીખથી બીજા ત્રણ દિવસ એમ છ દિવસ આવવાનું ગોઠવીએ. બાગમાંની લોન દર પંદર દિવસે એક વખત કાપવાની હોય છે. વળી મોટા આશ્રમમાંથી માળી આવીને તમને કલમો કરતાં શિખવાડશે એટલે બાગનાં બીજાં કામમાં પણ તમારો ટેકો થશે ને એ કામ શિખશો તો તમને તમારી ખેતીમાં પણ એ ઉપયોગી થશે.’ મોટાએ કહ્યું.

'તો એમ ગોઠવી કાઢો. અમને છો દા'ડા આવવામાં કશો વાંધો નથી.' સરપંચે કહ્યું ને બીજા ચારેય જણ એમાં સંમત થતા હોય એમ હકારમાં માથાં ધુણાવી રહ્યા.

*

બીજે મહિને એમાંના બે જણને વેક્યું કરનારની સાથે એ કામ શીખવા મૂકી દીધા તો બાકીના ત્રણ જણને બાગમાં લોન કાપનારની સાથે મૂકી દીધા. સાંજ સુધીમાં તો બધાને એ કામમાં સામાન્ય ફાવટ આવી ગઈ.

ત્રણ દિવસ પૂરા થતાં તો એ લોકો એ કામ સારી રીતે કરી શકે એવા કાબેલ થઈ પણ ગયા. એમની ઈચ્છા પ્રમાણે મોટાએ એમને મહિનામાં બે વખત ત્રણ ત્રણ દિવસ નક્કી કરી આપ્યા.

પંદર દિવસ પછીને વખતે એમને કામની ફેરબદલી કરીને બીજાને પણ બીજાં કામના જાણકાર બનાવી દીધા. એટલે લોન કાપવા માટે તો પગારદારને બદલે આ માણસોથી કામ ચાલે એવું થઈ ગયું.

વળી વેક્યુમ કરવા માટે પણ મહિનામાં છ દિવસ આ લોકો કામમાં આવી ગયા. એ બેય કામ માટે હજુ સેવાશ્રમમાં માણસો રાખેલા ન હતા પણ મોટા આશ્રમમાંથી માણસો આવીને કામ કરી જતા હતા.

વેક્યુમ કરવા માટે ત્યાંથી એક કાયમી માણસની અહીં બદલી કરી હતી તેને પણ એ છ દિવસ માટે પાછો ત્યાં મોકલી આપવામાં આવતો હતો.

મોટાની ગણતરી હતી કે થોડો વખત પછી આ લોકોને બે વિભાગમાં વહેંચીને જુદાજુદા વખતે બોલાવવાનું ગોઠવી શકાશે. એમણે એક દિવસે સરપંચને આ વાત કરી: 'લોન કાપવાનું તો તમે કરો છો પણ વેક્યુમ તો દરેક રૂમમાં અઠવાડિયે એક દિવસ કરીએ છીએ તોય રોજની પંદર રૂમોમાં કરવાનું હોય છે એટલે તમે લોકો ન આવવાના હો ત્યારે મોટા આશ્રમમાંથી એક માણસને બોલાવવો પડે છે. એનું બીજી કઈ રીતે ગોઠવવું એનો વિચાર કરું છું.'

'જો તમને ગોઠે તો હું ને મારી ઘરવાળી અહીં રહેવા આવવા તૈયાર છીએ. મારા છોકરા બેય ખેતી હાચવે છે એટલે અમને વાંધો આવે એમ નથી. હું વેક્યુમ અને લોન કાપવાનું બેય કામ કરી લઈશ અને મારી ઘરવાળી રસોડામાં વાસણકુસણનું કામ કરશે ને બાગમાં કામ કરવામાં મદદ કરશે. તમે કહેશો એ પૈસાય અમે ભરીશું.' સરપંચે કહ્યું.

'તમારા ઘરની ખેતીના કામમાં વાંધો ન આવતો હોય તો મને કશો વાંધો નથી. તમે તમારા છોકરાઓને ને વહુઓને આવતે વખતે લેતા આવો. હું એમની સાથે વાત કરી લઉં પછી તમને જણાવું. તમે સેવા કરવા માગો છો એટલે તમારી પાસે ફીના પૈસા તો નહીં લઈએ પણ સામે કોઈ પગાર પણ નહીં આપીએ. પણ તમારા અહીં આવવાથી તમારાં છોકરાંને અગવડ નહીં પડે એની મારે ખાતરી કરવી પડશે.'

'અરે કાલે જ બેય છોકરાને લઈને આવી જઈશ. પટલઈ તો બહુ કરી હવે આ સેવા કરવાની તક મલી છે તે એમાં મારાં છોકરાં ઓછાં ના પાડવાનાં હતાં? ને આંમેય હું તો પટલઈ જ કરું છું ને ખેતી તો બેય છોકરા જ હંભાળે છે.' સરપંચ ઉત્સાહમાં આવી ગયા.

'તો કાલે સવારે જ આવી જાવ. સાથે તમારાં ઘરવાળાંનેય લેતા આવજો. એમનીય સંમતિ મેળવી લીધેલી સારી.'

'એ તો ભગવાંનનું માંણહ છે. ને અહીં રજવાડી સાહ્યબીમાં રહીને કામ કરવામાં એને શું વાંધો હોય? ને કામ તો ઘેર કરે છે એવું કરવાનું છે. અહીં કંઈ તૂટી મરવા જેવું કામ કરવાનું છે?'

*

બીજે જ દિવસે સવારમાં ગેમનભાઈ એમનાં પત્ની માણેક, એમના બે દીકરા ને એમની વહુઓ આવી પહોંચ્યાં. મોટાએ એમને બધાંને ઑફિસમાં બેસાડીને ચોખવટ કરવા માંડી: 'જુઓ ગેમનભાઈ અને માણેકબેન અહીં સેવાશ્રમમાં કાયમ રહેવા આવવા તૈયાર થયાં છે. એ લોકો અહીં રહેશે

એટલે તમને ખેતીમાં કે ઘરનાં બીજાં કામમાં કશી અગવડ તો નહીં પડે ને?' એમણે પૂછ્યું.

'બાપા તો કાયમ પટલૈ જ કરે છે. ખેતી તો અમે બેય ભાઈઓ આજે પાંચ વરસથી કરીએ છીએ ને મા ઘરના કામમાં મદદ કરે છે પણ એ બેય જણાં જો અહીં રહેવા આવી જશે તો એમનાં નાનાંમોટાં કામ ઓછાં થશે એટલે ઘરનાં કામમાંય કશી અગવડ નહીં પડે.' સરપંચના મોટા દીકરાએ કહ્યું.

'ગામમાં રહીને હાંઠી ઝાંખરાં કરવાને બદલે અહીં ગરીબ ગુરબાંની સેવા કરવાની ને સાથેસાથે પોતાનુંય કલ્યાણ કરવાની તક છે ને એ એમણે ઝડપી લીધી છે. તમને કોઈને એમાં વાંધો ન હોય તો અમે એમને અમારામાં સમાવી લઈશું. પછી ગામમાં કોઈને ઘેર લગન હોય ને એમનાથી કોઈક વખત ના અવાય તોય તમારે ચલાવી લેવું પડશે.'

'એમને ઠીક લાગે એમ કરે. એમના વતી અમે બધા વહેવાર હાચવી લઈશું.' ગેમનભાઈના બીજા દીકરાએ કહ્યું.

'ગેમનભાઈ, બધાંને સેવાશ્રમ ફરીને બતાવો. બપોરે બધાંને જમીને જવાનું છે.' મોટાએ કહ્યું ને સરપંચ બધાંને લઈને બહાર નીકળ્યા.

બહાર નીકળી ગેમનભાઈએ મહાસુખ ભટને પૂછ્યું: 'અમારે કઈ રૂમમાં રહેવાનું છે?'

'પચાસમી રૂમમાં. ત્યાં હજુ વેક્યુમ કર્યું નથી એ તમે કરી લેજો.'

'એ તો હું કરી લઈશ.' કહેતાં ગેમનભાઈ બધાંને પોતાના રૂમ તરફ લઈ ગયા. ત્યાં જઈ એમણે વેક્યુમ કરવા માંડ્યું ને બધાંને વેક્યુમથી કેવી રીતે કાર્પેટ સાફ થાય છે એ સમજાવ્યું. પછી એમને આખો રૂમ વિગતે બતાવ્યો.

બધાંને પલંગ જેવા બે ખાટલા, હીટર-એરકંડીશનર અને રૂમમાં જ સ્વચ્છ સુઘડ બાથરૂમ જોઈને જે અચંબો થયો એ નાની વહુને મુખે બહાર પડયો: 'તમારે કાયમ આવી સાહ્યબીમાં રહેવાનું?'

‘અમારે એકલાંએ નહીં પણ અહીં રહેનારાં બધાને આવી જ રીતે રહેવાનું. હજુ તમે બપોરે ખાવા બેસશો તારે તમને વધારે અચંબો થશે. અહીં રહેનારાં બધાં જાણે મહેમાન હોય એમ એમને જમાડવામાં આવે છે.’

‘હવે મને હમજૈ ગયું કે બુધાભૈ ને રવજીકાકા કેમ દોડ્યા દોડ્યા દર મહિને અહીં કામ કરવા આવે છે.’

‘અમે દર મહિને જે કામ કરીએ છીએ એની મજૂરી કરતાંય વધારે તો અમારા રહેવા-ખાવા પાછળ સેવાશ્રમ ખરચો કરે છે. વળી કામ પણ કેવું? હમણાં તમે જોયું એવું વેક્યુમ કરવાનું ને બાગમાં લોન કાપવાનું એને માટેય સરસ મઝાનું મશીન છે. જાત મહેનત કરતા હોઈએ એવું જ આપણને ના લાગે.’

બપોરે જમીને ઊઠ્યા પછી ગેમનભાઈનો દીકરો કહે: ‘આવું રહેવાનું ને આવું ખાવાનું હોય તો માણસનું આયખું દહ વરહ વધી જાય. બાપા, તમે જરાય ચિંતા ના કરશો અમારી ને સુખેથી અહીં રહેજો. અમે આવીને તમારે ને માને લાયક નવાં લૂગડાં કરાઈને આલી જઈશું.’

જતાં જતાં મહાસુખ ભટને ગેમનભાઈનો દીકરો કહે: ‘ગોરબાપા, અમે દર દીવાળીએ દહ મણ દાણા આલી જઈશું. અમારાં માબાપ અહીં રહે એનું કશુંક તો અમારે આલવું જ જોઈએ ને.’

‘એ તમને ઠીક લાગે એમ કરજો પણ તમારા બાપા તો અહીં સેવા કરવા રહેવાના છે એટલે અમે એમની જીવાઈનું કશું નહીં લેવાનું નક્કી કર્યું છે. છતાં તમારે ધરમાદામાં કશું આપવું હોય તો અમે સ્વીકારીશું.’ મહારાજે કહ્યું.

પાછા ધરમડા જતાં બધાં આખે રસ્તે સેવાશ્રમ અને એના કાર્યકરોની જ વાતો કરતાં હતાં

## ૧૮.
## મહાસુખ ભટનો વહીવટ

સેવાશ્રમના આંગણમાં એક સુંદર મંદિર પણ મહાસુખ ભટની દેખરેખ નીચે બની ગયું એટલે એમણે ધામધૂમ પૂર્વક એની પ્રાણ-પ્રતિષ્ઠા કરી. એમાં એમના ગામમાંથી કોઈએ ભોજન તો કોઈએ નાનીમોટી સેવાઓમાં યોગદાન આપ્યું એટલે સેવાશ્રમને માથે એના ખર્ચની જવાબદારી આવી નહીં એટલું જ નહીં પણ ગામના લોકોને સેવાશ્રમ પ્રત્યે જે મમત્વ હતું તેમાં ઘણો ઉમેરો થયો.

એક તો ચાર ગામની વચમાં આ મંદિર બન્યું હતું ને સેવાશ્રમ અને મહાસુખ ભટની પ્રતિષ્ઠા પણ એવી હતી એટલે ચારેય ગામમાંથી લોકો આવવા માંડ્યા. કોઈ દરશન કરવા આવતા હતા તો કોઈ સેવાશ્રમ જોવા આવતા હતા તો કોઈ મહાસુખ ભટની પાસે મૂરત કઢાવવા આવતા હતા.

એક જણાએ મંદિરમાં ચોરાસી કરવાની વાત કરી તો મહારાજ કહે: ‘ચાલીસ પચાસ જેટલા બ્રાહ્મણો થશે ને પચાસ માણસો અમારા સેવાશ્રમના મળીને લગભગ સો માણસોનું જમવાનું કરવાનું થશે.’

‘ભલે, હવે કેમ કરવું એ મને સમજાવો.’ પેલાએ તૈયારી બતાવી.

‘તમારે ફક્ત સીધું જ મોકલી આપવાનું. સેવાશ્રમને રસોડે બધી રસોઈ થઈ જશે ને અમારા ભોજનગૃહમાં જ બધાને જમાડવાની વ્યવસ્થા કરી લઈશું. તમારે તો હાથ હલાવતા આવવાનું. તમારે તમારા પાંચદસ માણસોને બોલાવવા હોય તોય પહેલેથી જણાવી દેશો એટલે એમનો પણ સમાસ થઈ જશે.’

‘તો હું કોઈ રસોયાને મળીને કેટલું સીધું જોઈશે એની યાદી કરાવી લઉં.’

‘એનીય તમારે ચિંતા કરવાની જરૂર નથી અમારો રસોયો તમને સીધા-સામાનની યાદી કરી આપશે.’ પેલાને તો

પોતાને માથેથી બધી દોડધામની જવાબદારી હઠી જતાં આનંદ થઈ ગયો. ને મહાસુખ ભટનો ગણતરીનો ચરખો ચાલુ થઈ ગયો.

એમણે મનમાં વિચારવા માંડ્યું: જો વરસમાં આવી પંદર વીસ ચોરાસીઓ કરાવનારા મળી જાય તો સેવાશ્રમને સારો એવો ફાયદો થાય. એમાંય જો આ વ્યવસ્થાના બદલામાં સેવાશ્રમમાં ભેટ મૂકવાની વાત લોકોનાં દિલમાં પચારવામાં આવે તો...

એમની આવી વાત જાણી મોટા કહે: ‘મહાસુખભાઈ, તમે હજુ એવા ને એવા જ રહ્યા. એમ હાથ ચાટ્યે કાંઈ પેટ ભરાતાં હશે?’

‘તમે જેમ માનો એમ પણ આપણે આ બધું પૈસા ઉઘરાવીને જ ઊભું કર્યું છે ને. તો આય એવું જ ઉઘરાણું છે એમ માનજો. જે લોકો લાખ બે લાખ રૂપિયા ન આપી શકતા હોય એ એમની સ્થિતિ મુજબ નાની નાની રકમો આપીને આશ્રમને મદદ કરે તો એમાં ખોટું શું છે?

‘હજુ કાલે જ ગેમનભાઈનો દીકરો દર દીવાળીએ દસ મણ દાણા આપી જવાની વાત કરીને ગયો. એ ખેતીબંધો જીવ છે તો એનું એટલું તો એટલુંય દાન લેવામાં વાંધો શો છે?’

‘જો એવી રીતે વરસે પચીસ પચાસ હજાર રૂપિયાનાં આવાં દાન મળે તો એમાં કશું ખોટું નથી ને એમ થશે તો બીજા લોકોનેય આશ્રમ પોતાનો લાગવા માંડશે. ચાલુ રાખો તમારી ફેરી. હું મોટી રકમનો જ વિચાર કરતો હતો પણ હવે લાગે છે કે તમારી ગણતરીય ખોટી નથી.’ મોટાએ કબુલ કર્યું.

ને એમ મહાસુખ ભટનો પ્રચાર ચાલુ થઈ ગયો. એમણે મંદિરમાં દર્શન કરવા આવતા માણસોમાં વાત કરવા માંડી કે કોઈને ચોરાસી કરવી હોય કે આશ્રમમાં નાનીમોટી કોઈ ભેટ આપવી હોય તો એ સ્વીકારવામાં આવે છે.

એમની આ ટહેલને સારો એવો પ્રતિસાદ મળવા માંડ્યો. પહેલે મહિને જ બે ચોરાસીઓનું તો પાકું થઈ ગયું. તો આજુબાજુનાં ગામમાંથી સો મણ જેટલા અનાજનાં વચનો પણ

મળી ગયાં.

હવે મોટાને પણ કબૂલ કરવું પડ્યું કે પૂરતો પ્રચાર કરવામાં આવે તો મહાસુખ ભટની આ સ્કીમથી વરસે દિવસે આશ્રમમાં જોઈતાં દાણાદુણી તો મળી જ રહેશે વળી ચોરાસીઓને કારણે વધારે નહીં તો એકાદ મહિનાનું આશ્રમના રસોડાનું ખર્ચ પણ બચી જશે.

એમણે કહ્યુ: 'આશ્રમના લાભાર્થીઓને બહારથી તૈયાર રસોઈ મળે તે ન સ્વીકારવાની નીતિ રાખવી. જો તૈયાર રસોઈ સ્વીકારીશું તો બહાર આશ્રમની એવી છાપ ઊભી થશે કે આશ્રમ તેના લાભાર્થીઓને માગીતાગીને ધરમાદાનું ખવડાવે છે. ફક્ત આશ્રમના રસોડામાં તૈયાર થયેલી રસોઈ જ જમાડવાની નીતિ રાખવી.'

'મેંય એવું જ વિચાર્યું છે. બહારથી તૈયાર રસોઈ મળે તેમાં ઘણી વખત વધીઘટી કે પડી રહેલી ચીજો લોકો મોકલે અથવા તો અહીં રહેનારાઓના મનમાં એવી લાગણી જન્મે તોય આશ્રમની પ્રતિષ્ઠાને તો વાંધો આવે જ.'

ગમે તેમ પણ મહાસુખ મહારાજની આ વાત કામ કરી ગઈ. છ મહિનામાં જ એવો વખત આવ્યો. કાર્યકરોએ જોયું કે ખેતીબંધાં કુટુંબોમાંથી અનાજનું એટલું દાન આવવા માંડ્યું છે કે બેય આશ્રમની જરૂરિયાત કરતાં એ વધુ છે. એમણે મહાસુખભાઈને હવે અનાજને બદલે રોકડ પર ભાર મૂકવાની નીતિની જાહેરાત કરવાની વાત કરવી પડી.

બીજી બાજુ ગેમનભાઈ અને માણેકબેનની ખંતથી છ જ મહિનામાં ૧૫૦૦ જેટલા ગુલાબના ને ૫૦૦ જેટલા મોગરાના રોપ તૈયાર થયા હતા. બેય આશ્રમની જરૂરિયાત કરતાં એ ઘણા વધારે હતા.

ગેમનભાઈએ દર મહિને સેવા માટે આવતાં માણસોને મદદમાં લઈને આંબા, ચીકુ વગેરેની પણ કલમો કરવા માંડી તો મીઠી લીમડી ને આસોપાલવ જેવા રોપા ઉછેરવા માંડ્યા.

એક દિવસ મોટા કહે: 'ગેમનભાઈ, ક્યારેક તમારાં નાનાં છોકરાંને રજાઓ હોય ત્યારે બેચાર દિવસ અહીં રહેવા

બોલાવતા હો તો! માણેકબેનને છોકરાં સાંભરતાં હશે.'

'છોકરાંને બોલાવવાનું તો ઘરડાં કહ્યા કરે છે પણ એ ખેતરમાં રખડેલાં એટલે અહીં ગંદવાડો કરી મૂકે એની બીકમાં હું એમને ટાળ્યા કરું છું.' ગેમનભાઈએ કહ્યું.

'ખેતરમાં તો હું ને તમે બધાય જતા જ હતા ને! બે દિવસ આપણે એમનું ધ્યાન રાખવું પડે. પછી તો એય સમજી જાય. બહાર એક ડોલમાં પાણી ભરી રાખવું ને એમને રૂમમાં પેસતા પહેલાં પગ ધોઈને કોરા કરીને પેસવા ટોકીને ટેવ પાડી દેવાની. બીજો તો શું ગંદવાડો કરવાનાં હતાં? તમે તમારે જ્યારે રજાઓ હોય ત્યારે એમને બોલાવજો. એમનેય મઝા પડશે ને માણેકબેનનેય ગમશે.'

'તમે કહો છો તો એક વખત બેચાર દા'ડા બોલાવી જોઈશ. એમને હાચવવાં પડશે એટલું જ.' ગેમનભાઈએ કહ્યું ને મનમાં વિચારી રહ્યા: ઘરડાંને તો હાતે કોઠે અજવાળું થઈ જશે આ વાત જાણીને. તો બીજી બાજુ એ આ ઉજળિયાતની પોતાના પ્રત્યેની કાળજીને મનોમન વખાણી રહ્યા.

બપોરે ખાધા પછી રૂમમાં એમણે માણેકને આ વાત કરી ને ઉમેર્યું: 'મોટાએ હાંમેથી કહ્યું કે તમને છોકરાં હાંભરતાં હશે.'

'કોઈક બીજાને ત્યાં નોકરી કરતાં હોઈએ તો એ કહે કે છોકરાને અહીં ના બોલાવવાં. ગંદવાડો કરી મેલે બધે ને તમારું કામ પણ ખોટી થાય. ભલું થજો એ મરનાર જીવી ડોશીનું કે આપણને બધાને સુખી કર્યાં.

*

સરદાર પટેલ પિતૃસેવા આશ્રમ એક વરસમાં જ ભરાઈ જવા આવ્યો હતો. એમાં જેટલા પીડિત વયસ્કો હતા એના કરતાં નિવૃત્તિના આનંદ માટે ભરતી થયેલા વધુ હતા. હવે નવનીતભાઈએ આગેવાની લઈને એમના આશ્રમ માટે પ્લાન બનાવવા આપી દીધા.

પહેલા આશ્રમમાં જે ફેરફાર કરવાના હતા એટલા જ સુધારા નવા પ્લાનમાં કરવાના હોઈ એક જ મહિનામાં આર્કીટેક્ટે

પ્લાન તૈયાર કરી આપ્યા.

પ્લાન હાથમાં આવતાં જ નવનીતભાઈએ એક સાંજે પોતાને ત્યાં બધા કાર્યકરો ને ધનુભાઈ દોશીને સાંજના જમણ માટે બોલાવ્યા ને પ્લાન વિષે ચર્ચા કરી લીધી.

નવનીતભાઈએ શરદ કોન્ટ્રાક્ટર અને બીજાની પાસે ભાવ મંગાવ્યા ને ભાવ જોઈને કામ તો પેલા જૂના કોન્ટ્રાક્ટરને આપ્યું પણ એનું સુપરવીઝન શરદ કોન્ટ્રાક્ટરને આપ્યું ને વહેલી તકે કામ ચાલુ કરવાનું કહી દીધું.

પૈસાનો તો પ્રશ્ન જ ન હતો એટલે કામ પૂરજોશમાં આગળ વધવા માંડ્યું. ને માગવા ગયા વગર પણ સમાજની ઝોળી નાનાંમોટાં દાનના પ્રવાહથી છલકાવા માંડી. જે લોકો સામેથી મોટાં દાન આપવા આવતા હતા એમને પાછા કાઢવાને બદલે એમને લાયક જગ્યાએ એમના નામની તક્તી મૂકવાની ગોઠવણ કરી આપવામાં આવતી હતી.

લાગતું હતું કે નવા આશ્રમને માટે એ શરૂ થતાં પહેલાં જ એના નિભાવની સારી એવી રકમ હાથ પર રહેશે.

સરદાર આશ્રમની પ્રગતિ જોઈને એના પ્રસંશક બની ગયેલા કેટલાક પત્રકારો તો આ નવા આશ્રમનું કામ શરૂ થતાંની સાથે જ એની સાથે થઈ ગયા હતા. એ લોકો આ આશ્રમની વાતો પોતાનાં દૈનિકો કે સામયિકોમાં રંગરોગાન કરીને એવી રીતે ચમકાવતા હતા કે દૂર દૂરથી આ થઈ રહેલું કામ જોવા લોકો આવવા માંડ્યા હતા.

બીજી બાજુ ગેમનભાઈની રાહબરી નીચે આ નવા આશ્રમના બાગ માટે પહેલા તબક્કામાં જ પાંચસો પોન્ડોલા આસોપાલવના રોપા તૈયાર કરી દેવામાં આવ્યા હતા ને આશ્રમને ફરતી વંડી ચણાઈ જતાં રોપાઈ પણ ગયા હતા. આમ તો ગેમનભાઈની મંડળી પાસે ગુલાબ, મોગરો, ચંપો અને પારિજાતનાય રોપા તૈયાર હતા પણ જ્યાં સુધી આશ્રમનું બાંધકામ પૂરું ન થાય ત્યાં સુધી એ રોપા બાગમાં રોપવાનો એમનો વિચાર ન હતો.

ગેમનભાઈના આશ્રમ વસવાટથી આશ્રમને બીજો પણ

એક ફાયદો થયો હતો. આજુબાજુનાં ગામેથી પણ કેટલાક લોકો આશ્રમમાં સેવા કરવા માટે આગળ આવવા તૈયાર થઈ ગયા હતા. મોટાએ તેમને નાનાં મોટાં કામમાં વળગાડી પણ દીધા હતા.

નવા આશ્રમના પ્લાનમાં દવાખાના માટે એક અલગ મકાન બની રહ્યું હતું. એમાં પેસતાં દવાખાનાની ઑફિસ, ત્યાંથી એક તરફ દર્દીને તપાસવાનો રૂમ અને વૉર્ડ તો બીજી તરફ દાક્તરની ઑફિસ બનવાની હતી.

તો રસોડાની સાથે એક મોટો શીતખંડ બધી સગવડો સાથેનો બની રહ્યો હતો. લોકો તરફથી જે અનાજ દાનરૂપે આવતું હતું એ અને શાકભાજી એમાં સારી રીતે સચવાય એવી સર્વ પ્રકારની વ્યવસ્થા એમાં કરાઈ રહી હતી.

¤

**ત્યાં એક દિવસ ગેમનભાઈ વાત લાવ્યા કે એમના જેવું જ એત જોડું આશ્રમમાં રહેવા ને કામ કરવા આવવા માગે છે. મોટા કહે: 'જો તમે એમની ચાલચલગતની ખાતરી આપતા હો તો એમને માટે આપણે ગોઠવી કાઢીએ. પણ એ તબિયતના બરાબર હોય ને મન મૂકીને તમારી જેમ આશ્રમને પોતાનો માનીને કામ કરવાની ધગશવાળા હોવા જોઈએ. વળી એ દારૂ પીતા ન હોવા જોઈએ.'**

**"બધી રીતે આપણા આશ્રમને માફક આવે એવા છે. નહીં તો હું એમની વાત જ તમારા સુધી ન લાવત ને! એ મન મૂકીને કામ કરશે.' ગેમનભાઈએ કહ્યું.**

**'તો કાલે બોલાવો એ બન્નેને. એક વખત હું એમને મળી લઉં પછી જો એ મને બરાબર લાગે તો આપણે એમને આપણામાં સમાવી લઈશું. કયા ગામના છે?'**

**'ગરમાડાના છે. બેય જણાં પચાસ જેટલી ઉંમરનાં છે. એમનેય છોકરાં અમારી જેમ ધંધે વળગી ગયેલાં છે ને એ અહીં આવે એમાં છોકરાંને પણ વાંધો નથી.'**

**'તો એમનાં છોકરાંને પણ સાથે લેતા આવવાનું ગોઠવો.**

એમનીય ઈચ્છા જાણી લીધેલી સારી.'

'હું આજે સંદેશો મોકલી દઉં છું એટલે કાલે સવારની વેળામાં જ એ લોકો આવી જશે.' ગેમનભાઈએ કહ્યું.

બીજે દિવસે સવારે એ લોકો આવી ગયાં એટલે ગેમનભાઈ એમને લઈને મોટાની પાસે આવ્યા. એમણે કહ્યું: 'હું જેમની વાત કરતો હતો એ આ રતનસંગ ને એમનાં વહુ નોરતીબેન.'

મોટાએ એમને બેસવા કહ્યું. રતનબેન નીચે બેસવા ગયાં તો મોટા કહે: 'અહીં તમારે કોઈથી શરમાવાનું ન હોય. બેસો ખુરસીમાં. અમારા ગેમનભાઈએ તમારી વાત કરી હતી કે તમે બેય અહીં આશ્રમમાં રહેવા ને સેવા કરવા તૈયાર છો એટલે મેં તમને અહીં બોલાવ્યાં છે. તમારે અહીં એમની જેમ આશ્રમના કામમાં મદદ કરવાની છે.'

'અમને ગેમનભાઈએ બધી વાત કરી છે. અમે કામથી થાકીએ એવાં નથી.' રતનસંગે કહ્યું.

'તમને અહીં રહેવા આવવાનું ગોઠવતા પહેલાં અમારે તમારાં છાકરાંને પૂછવું પડે. તો તમે બેય જણા ખોંખારીને કહો કે તમારાં માબાપ અહીં આશ્રમમાં રહેવા આવે એનાથી તમારા ઘરના કે ખેતીના કામમાં કશી અગવડ તો નહીં પડે ને?'

'એ અહીં રહેવા આવે એમાં અમને કશો વાંધો નથી. એમનેય ગેમનકાકાની જેમ આશ્રમના કામમાં સેવા કરવાનું મન છે તો એમાં અમને શો વાંધો હોય?' રતનસંગના મોટા દીકરા મગનાએ કહ્યું ને નાનાએ એમાં માથું હલાવી હાજિયો પૂર્યો.

'એ લોકો સંવા કરવા માટે અહીં રહેવાનાં છે એટલે એમને આશ્રમમાં કોઈ પૈસા ભરવાના નથી. એટલે એની તો તમારે કશી ફીકર કરવાની જરૂર નથી. તમારાં છોકરાંને કદીક રજાઓ હોય ને અહીં દાદાદાદીને મળવા મોકલવા હોય તોય બેચાર દિવસ અહીં રહેવા મોકલશો તો એમાં પણ અમને વાંધો નથી. પણ આ બે જણાં આશ્રમના કામમાં ખૂંપી જાય પછી એમનાથી કદાચ ગામમાં કોઈના લગન કે બીજા પ્રસંગમાં ન અવાય તોય તમારે ચલાવી લેવું પડશે.'

**'એ અમે સંભાળી લઈશું.' પેલા બેયે કહ્યું.**

**'તો કાલે રતનભાઈ તમે બેય કપડાં લઈને કાલે સવારથી જ અહીં આવી જજો. ને બધાંને અહીં આજે જમીને જવાનું છે. ગેમનભાઈ તમને આશ્રમ ને રતનભાઈને રહેવાની રૂમ એ બધું બતાવશે. તમે બધાં ગમનભાઈ સાથે જાવ.' મોટાએ કહ્યું.**

## ૧૯.

# દિલના દાઝ્યા ભેગા મળ્યા

કૌશિક અમેરિકામાં સારી રીતે સેટ થઈ ગયો હતો. એણે ક્વીન્સમાં એક સ્વતંત્ર મકાન પણ લઈ લીધું હતું. વસંત એને વારંવાર ફોન કરીને દેશમાં આવવા માટે કહેતો હતો એટલે એણે પત્ની અને દીકરા સાથે આ વરસે દેશમાં આવવાનું નક્કી કર્યું હતું.

પોતે પિતાની અપેક્ષામાં ઊણો ઊતર્યો હતો અને એમની સાથે એક દીકરાને ન શોભે એવો વ્યવહાર એણે કર્યો હતો એટલે એને ઘરમાં કેવો આવકાર મળશે એની જ એને ચિંતા હતી તોય મોટાભાઈના આગ્રહને કારણે એણે દેશમાં આવવાની હિંમત કરી હતી.

મુંબઈ એરપોર્ટ પર વસંત એમને લેવા આવ્યો હતો. રસ્તામાં એણે કહ્યુંઃ 'તું આવી ગયો એ સારું થયું. આપણા બાપુજીએ દેશમાં બહુ મોટું ટંટળ ઊભું કર્યું છે. મને તો વહેમ છે કે એ આપણું તેલૈયું અને આપણું ઘર બધું ક્યારેક આશ્રમમાં આપી દેશે.'

'એ લોકો આશ્રમમાં રહેવા ચાલ્યાં ગયાં છે એની તો મને ખબર છે. પણ એ બધું એમાં આપી દે એવા નથી. આપણને ભણાવવામાં એમણે જે તકલીફ વેઠી છે એ જોતાં એ આપણને આવું નોધારા કરવા જેવું કામ તો ના જ કરે.' કૌશિકે કહ્યું.

'મારું ન માનતો હો તો તું જઈશ એટલે તને બધી ખબર પડશે. આપણું ઘર સદંતર બંધ છે. તું જઈશ તો તારેય

આશ્રમના અતિથિગૃહમાં જ રહેવું પડશે. હું તો એક વખત એ આશ્રમના ઉદઘાટનમાં ગયો હતો એ પછી મારું તો ગામમાં જવાનું મન જ નથી થતું.' વસંતે કહ્યું.

'એમણે તેલૈયામાં મકાન બાંધવા માટે પંદર લાખ રૂપિયા માગ્યા હતા એને બદલે આપણે એમને વીસ લાખ આપીએ તો એ મકાન બાંધવા તૈયાર થઈ જશે. પછી તેલૈયું આશ્રમમાં આપી દેવાની વાત રહેશે જ નહીં ને.'

'તું વાત કરી જો. જો એ માને તો આપણે થોડી અગવડ વેઠીનેય એમને વીસ લાખ રૂપિયા આપીશું. પણ આપણા બેમાંથી કોઈકે એમના પર નજર રાખવી પડશે. એ લોકોની વાતોમાં તણાઈને મકાનની કિંમત વીસને બદલે ત્રીસ લાખે ન પહોંચાડે એની આપણે કાળજી રાખવી પડશે.' વસંતે કહ્યું.

'એ વાત તો આપણે પ્લાન કરતાં ને એનો કોન્ટ્રાક્ટ આપતાં પહેલાં પાકી કરી દઈશું. પણ હું એક મહિના માટે આવ્યો છું એને બદલે વધુમાં વધુ બે મહિના રોકાઈ શકું. પછી તો તમારે જ દેખરેખ રાખવી પડશે.'

'મનેય જો કે વારંવાર મારી પ્રોક્ટિસ છોડીને ગામમાં આવવાનું પાલવશે તો નહીં પણ તોય હું અવારનવાર ગામમાં જતો રહીશ.' એના મનમાં એવી ગણતરી હતી કે ખર્ચ પર અંકુશ મૂકાય અને લોકોને ખબર પણ પડે કે બે ભાઈઓ કહ્યા પ્રમાણે ગામના નાક જેવી હવેલી બનાવડાવે છે એટલે બાપુજીને મનદુખ થયું હોય એય ભૂલાઈ જાય ને પોતે જાતે મકાનના બાંધકામ પર નજર રાખતો હોય તો ગામમાં પોતાનું મહત્ત્વ પણ વધે.

બધાં ઘેર પહોંચ્યાં એટલે રીટાએ એમની ખબર પૂછી એમને આવકાર્યાં. રીટા અને વસંત મુંબઈમાં સુખે રહેતાં હતાં છતાં અમેરિકાના આ પરિવારને જોતાં રીટાના મનનો ખૂણો ચણચણી રહ્યો. વસંત દેશમાં રહ્યો એને બદલે અમેરિકામાં સેટ થયો હોત તો અહીંના કરતાં વધારે સારી રીતે પોતે રહેતાં હોત એ વિચારે એને પોતાના મુંબઈના જીવન ઉપર અસંતોષ થઈ રહ્યો. તો એને દિયર-દેરાણીની અદેખાઈ આવવા લાગી.

સામે પક્ષે કૌશિક અને કલ્પનાને મોટાભાઈ મુંબઈમાં જે રીતે રહેતા હતા એ જોઈ આનંદ થઈ રહ્યો. એમને ખબર હતી કે મુંબઈમાં ઘર મેળવવું કેટલું મુશ્કેલ છે જ્યારે મોટાભાઈનું ઘર મોટું પણ હતું ને સગવડભર્યું પણ હતું. એમને ખબર તો હતી જ કે આ મકાન લેવા માટે બાપુજીએ એક ખેતર વેચીને ભાઈને મોટી રકમ આપી હતી.

બે દિવસ મુંબઈમાં રહીને એ લોકો ગામમાં જવા નીકળ્યાં ત્યારે એમણે રીટાને પોતાની સાથે ગામમાં લઈ જવા ઘણું કર્યું પણ કામનું બહાનું કાઢી રીટાએ એમની સાથે જવાનું ટાળ્યું.

બાપુજી ઘેર નહીં જ મળે એ જાણી કૌશિક પત્ની ને પુત્ર સાથે સીધો આશ્રમ પર જ ગયો. આશ્રમના પ્રવેશદ્વારથી દાખલ થતાં જ એને અમેરિકાના પોતે જોએલા આશ્રમની ઝાંખી થઈ ગઈ. એને થયું કે બાપુજીએ અહીં દેશમાં સારું જમાવી દીધું છે.

બધાં ઑફિસમાં આવી બેઠાં એટલામાં બહારથી મોટા પણ આવી પહોંચ્યા. આજે કૌશિક આવવાનો હતો એ જાણીને એ સેવાશ્રમ પર ગયા ન હતા. મોટાએ બધાંના ખબર પૂછ્યા ને એક માણસને જમનાંબાને બોલાવવા મોકલ્યો.

જમનાંબા હાથમાં ફૂલોની થેલી સાથે ઉતાવળાં ઉતાવળાં આવી પહોંચ્યાં. એમણે નાનાને વહાલથી ખોળામાં લીધો ને ફૂલોની થેલી મંદિરમાં આપી આવવા એક માણસને સોંપી. પછી એમણે વહુદીકરાની ખબર પૂછી.

‘એમે તો સીધાં આપણે ઘેર જવાનાં હતાં પણ મોટાભાઈએ કહ્યું હતું કે તમે બેય આશ્રમમાં રહેવા ગયાં છો એટલે સીધાં અહીં આવ્યાં.’ કૌશિકે કહ્યું.

‘અમે એકલાં જ નહીં પણ બધા સંચાલકો આશ્રમમાં રહેવા આવી ગયા છીએ. અમારા જેવાં ઘરડાં લોકો માટે તો આ આશ્રમ બનાવ્યો છે. તેં કાગળમાં એક વખત લખ્યું હતું કે તું વરસે અમને પંદર હજાર રૂપિયા મોકલી આપીશ ને એટલા જ વસંત પણ મોકલશે. પણ એટલામાં તો આપણે ઘેર રહીને જીવાય નહીં એટલે અમે આ આશ્રમનો વિચાર કર્યો. અહીં અમે

બધા સુખી છીએ ને અમારાં છોકરાં પણ એમને ત્યાં સુખી છે. હવે તમારે અમારી ચિંતા કરવાની જરૂર નથી.'

'પણ આપણે ત્યાં કેવું રજવાડું હતું. કાયમ કોઈને કોઈ મહેમાન આવતા જ રહેતા, જાણે ગામનો ચોરો. મને એવા ઘરની કલ્પના હતી મનમાં અહીં આવતા પહેલાં. તમને એ બધું સાંભરતું નથી?'

'હવે અહીં એનાથીય મોટું રજવાડું જામે છે. ફરતાં પાંચેય ગામનાં માણસો આ ઑફિસમાં આવતાં જતાં રહે છે. ને અમારા જેવા વહેવારિયા મળે છે અને આખા પંથકની નવાજૂની ચર્ચાય છે. અમારામાંના કોઈને હવે ઘર સાંભરતું નથી. અહીં અમે બધાએ અમારું નવું કુટુંબ વસાવી લીધું છે. અહીં અમે બધા સુખમાં રહીએ છીએ.'

'બાપુજી તમને ગમ્યું એ ખરું પણ હું તો આપણા તેલૈયામાં હવેલી બાંધવાનો વિચાર કરીને અહીં આવ્યો છું.'

'હવે આપણી હવેલીની શી જરૂર છે? આપણું ઘર પણ બધી રીતે સગવડવાળું જ છે એમ તો તું પણ કહેતો હતો ને. ને અહીં તો એનાથીય અદકી સગવડો અમે કરી છે. પછી હવેલીની શી જરૂર છે? મેં હવેલીનાં સપનાં જોવાનું પાંચ વરસથી બંધ કરી દીધું છે. હવે તો ક્યારેક તેલૈયામાં આવો એક નાનો આશ્રમ કરવાનું મેં નક્કી કર્યું છે.' મોટાએ દીકરાને એના જ શબ્દો યાદ કરાવતાં કહ્યું.

'પણ બાપુજી આપણે તેલૈયામાં હવેલી બાંધવાની જે વાત કરી હતી એ તો આખા ગામને ખબર છે.'

'ને હવેલી બાંધવાની વાતમાં તમે બેય ભાઈ નામક્કર ગયા હતા એ વાતનીય આખા ગામને ખબર છે ને આ આશ્રમની વાત તમારે કારણે તો મેં ઊભી કરી છે એનીય આખા ગામને ખબર છે. હવે હવેલીની વાત પડતી મૂક અને અહીં આવ્યાં છો તો મહિનો બે મહિના આરામથી હરોફરો ને મોજ કરો.'

બાપાને શું કહેવું એ જ કૌશિકને ન સમજાતાં એ મૂંગો થઈ ગયો. પછી એક માણસ સાથે આવીને એમને એમનો રૂમ બતાવી ગયો ને જ્યારે જમવું હોય ત્યારે નીચે ઑફિસમાં અથવા

રસોડામાં આવીને કહેવાનું સમજાવી ગયો.

એકલા પડતાં કૌશિકને લાગ્યું કે આમાં પોતાની જ ભૂલ હતી પણ એમાં ભૂલ કરતાં પોતાની પરિસ્થિતિ જ વધારે જવાબદાર હતી. ને હવે પરિસ્થિતિ સુધરી હતી ત્યારે બાપુજી સમજવા તૈયાર ન હતા.

બીજે દિવસે એક માણસે એમને ફરીને આખો આશ્રમ બતાવ્યો ત્યારે તો એ બધાં દંગ જ રહી ગયાં. એમને લાગ્યું કે આ આશ્રમ તો પેલા અમેરિકામાં જોએલા આશ્રમને પણ ટપી જાય એવો સુંદર હતો.

એમને લાગવા માંડ્યું કે હવે બાપુજીને વિનવવાનો પ્રયત્ન કરવો કે એમને તેલૈયામાં હવેલીનાં સ્વપ્નો જોતા કરવાનો પ્રયત્ન વ્યર્થ હતો.

એણે એક એંજીનીયરની નજરે આખા આશ્રમનું મૂલ્યાંકન કરવા માંડ્યું તો એને પ્રતીતિ થઈ ગઈ કે આખા આશ્રમમાં પોતે એક રતીભાર પણ ભૂલ શોધી શકે તેમ નથી.

એને સમજાવા માંડ્યું કે આશ્રમની વ્યવસ્થા, એમાં અપાતી સગવડો અને એમાં રહેતાં વડીલો એ બધું ભલે બાપુજીના દીકરાઓના અસંતોષમાંથી ઉદ્ભવ્યું હોય પણ છેવટે તો એક સમાજસેવાનું ઉમદા કાર્ય જ બની રહ્યું હતું.

પણ એમાં પોતાની અને મોટાભાઈની જે બાદબાકી થઈ ગઈ હતી તેને એ કેમેય સ્વીકારી શકે તેમ ન હતો. પોતે બન્ને ભાઈઓ બાપની અને આખા ગામની નજરે ઊણા ઊતર્યા હતા એ વાતને ભૂલીને એને આમાં તો બન્ને ભાઈઓનું સીધું અપમાન જ લાગતું હતું.

એણે પછીનું અઠવાડિયું આવા વિચારોમાં જેમતેમ પસાર કરી દીધું ને મોટાભાઈની સાથે આ અંગે ચર્ચા કરીને આગળનું પગલું ભરવાનું નક્કી કર્યું ને રવિવારે મુંબઈની વાટ પકડી.

*

તે સાંજે બેય ભાઈઓ જમીને બેઠા એટલે કૌશિકે વાત ઉપાડી: ‘બાપુજીનું તમે કહેતા હતા એવું જ છે. મને નથી લાગતું

કે એ સીધી રીતે આપણી વાત માને. એ તો તેલૈયામાં બીજો વૃધ્ધાશ્રમ શરૂ કરવાનાં સ્વપ્નો જોવા માંડ્યા છે. મને તો લાગે છે કે એ આપણી બધી જમીન ક્યારેક આશ્રમ જેવાં આવાં ધતીંગમાં વેડફી નાખશે.'

'પણ આપણે એમાં સંમતિ ન આપીએ તો એમનાથી એવું કશું જ નહીં થઈ શકે. મેં વારસાના કાયદાની તપાસ કરાવી લીધી છે. એ આપણી જમીનમાંથી એક ચાસેય જમીન આપણી સંમતિ વગર બારોબાર વેચાણ કે દાનમાં આપી શકે નહીં.'

'પણ એમ કરવું હોય તો આપણે કોર્ટનો આશરો લેવો પડે. જો આમ કરીએ તો આપણે ગામમાં ને સમાજમાં ભૂંડા દેખાવાનું થાય.'

'આમેય એમણે આપણને ભૂંડા દેખાડવામાં બાકી શું રાખ્યું છે? આપણે વધારે ભૂંડા દેખાવાની બીકે સાવ હાથેપગે તો ન જ થઈ જવાય ને! મારું માનવું છે કે આપણે એમને એક વખત વકીલ મારફતે નોટિસ મોકલી આપીશું એટલે એમની સાન ઠેકાણે આવી જશે. પછી કોર્ટે ચડવાની નેબત જ નહીં આવે.'

'તમને અહીંના કાયદાની વધારે સમજણ પડે. જો તમે કહો છો એમ થતું હોય તો આપણે વહેલી તકે કામ શરૂ કરી દેવું જોઈએ. જો આપણે મોડું કરીએ એ પહેલાં એ કશી જાહેરાત કરી દે તો આપણે લેકલાજેય એ સ્વીકારી લેવું પડે.'

'હવે તું એની ચિંતા છોડ. હું વકીલને મળીને બે જ દિવસમાં બધું ગોઠવી કાઢું છું. એમણે મને ભણાવવાના ને પરણાવવાના બધા ખર્ચા મારી પાસેથી વ્યાજ સાથે લઈ લીધા છે ને એ રકમ સીધી આશ્રમમાં દાન કરી દીધી છે ને એમની જીવાઈને નામે દર મહિને આશ્રમની ફી મારી પાસેથી પડાવ્યા કરે છે. જો એમણે એ પૈસા બૅંકમાં કે પોસ્ટમાં મૂક્યા હોત તો દસ વરસ સુધી એમની જીવાઈની રકમ એમાંથી જ ભરાત.'

પણ એ વકીલને મળવા જાય તે પહેલાં ગૌતમ કૌશિકને શોધતો મુંબઈ આવી પહોંચ્યો. એણે કહ્યું: 'મેં આશ્રમમાં તપાસ

કરી તો તું અહીં આવવા માટે નીકળી ગયો હતો એટલે હું તમને બેયને મળવા મુંબઈ આવ્યો. મારેય તમારા જેવું જ થયું છે. મારે તો ખાસ જમીન બચી નથી પણ જે છે તેય હું કાંઈ આશ્રમમાં આપી દેવા માંગતો નથી.

'મોટાકાકાએ બધાંને આશ્રમનું એવું ઘેલું લગાડ્યું છે કે મારા બાપાય ક્યારેક અમારી વધેલી જમીન આશ્રમમાં આપી દેશે એવી મને બીક છે. ને તમારે તો બહુ મોટી જમીન છે એટલે આપણે ભેગા થઈને કાંઈક કરવું જોઈએ.'

'અમેય એનો જ વિચાર કરતા હતા. હું આજે જ વકીલને મળવા જવાનો વિચાર કરતો હતો. હવે તું આવી ગયો છું એટલે આપણે ભેગા મળીને એ અંગે વિચારી જોઈએ.' વસંતે કહ્યું.

'મારું માનવું છે કે આપણે કેસ આણંદમાં લડવાનો છે એટલે અહીંનો વકીલ આપણને મોઘો પડશે. જેટલી મુદતો પડશે એટલી વખત વકીલ અહીંથી આણંદનું ભાડું અને એક કે બે દિવસનું ભથ્થું માગશે. એના કરતાં આણંદનો વકીલ સસ્તો પડશે. ને વકીલ અહીંનો હોય કે આણંદનો તોય તમારે તો અહીથી આણંદ આવવું તો પડવાનું જ છે પછી અહીંના વકીલના ખોટા ખર્ચા કરવાની શી જરૂર?' ગૌતમે કહ્યું.

'તારી વાત સાભળ્યા પછી મનેય એવું લાગે છે. આપણે આણંદનો જ કોઈ વકીલ કરવો જોઈએ.' એની વાતમાં સંમત થતાં વસંતે કહ્યું.

'મારી જાણમાં એક વકીલ છે. એણે મારો કેસ લીધેલો અને આશ્રમ જે ફી લેવા માગતો હતો તેમાં એણે મહિને પાંચસોનો કાપ કરાવેલો. મને તો થોડો ખર્ચો થયો પણ મારે કારણે આશ્રમમાં રહેતાં બધાંનાં છોકરાંને તો ફાયદો થયો ને!'

'તો તું એની સાથે વાત કર અને અમને જણાવ એટલે અમે બેય ત્યાં આવી જઈએ. અહીંનો વકીલ કહે છે કે એક વખત એ જમીનમાં આપણાં નામ દાખલ કરાવી દે એ પછી આપણી મંજુરી વગર એમાંથી એક ચાસેય જમીન એ કોઈને વેચી કે દાનમાં આપી શકશે નહીં.'

'મને પણ વકીલે એવી જ સલાહ આપી છે ને મેં તો

ચોરામાં જઈને મારું નામ દાખલ કરવાની કાચી એન્ટ્રી પડાવી પણ લીધી છે. એટલે મારું નામ તો કદાચ દાખલ થઈ પણ ગયું હશે.'

એમ સંતલસ કરીને એ ત્રિપુટીએ એ રાતે જ આણંદની ટ્રેન પકડી. બીજે દિવસે સવારમાં વકીલને ઘેર બધા ભેગા થયા.

વકીલ કહે: 'જુઓ એ મોટા ને આશ્રમના બધા કાર્યકરો પહોંચેલી માયાઓ છે. પણ હું તમારાં બધાનાં નામ દાખલ કરાવી દઈશ. પછી આપણે એમને રજીસ્ટર્ડ નોટિસ ફટકારી દઈશું એટલે એમની બધાની સાન ઠેકાણે આવી જશે.

'ગોતમભાઈના કેસમાં પણ મેં એમને એવા સકંજામાં લીધેલા કે કેસનો ફેંસલો આવતા પહેલાં જ એમની ફીમાં પાંચસો રૂપિયા ઓછા કરીને એમણે નાક બચાવી લીધું પણ આખા જિલ્લામાં બધાને ખબર તો પડી જ ગઈ એમનેય કોઈ માથાનો મળ્યો હતો.'

વકીલની ફી અને કાયદાકીય ખર્ચા આપીને બધા છૂટા પડ્યા ને બેય ભાઈઓ મુંબઈ ઉપડ્યા. મોટાને એમના એક દોસ્તદાર મારફતે એમની આ ચાલની માહિતી મળી ગઈ એટલે એમણે પોતાના વકીલને મળીને પેલાઓની નોટિસનો શો જવાબ વાળવો એ સમજાવી દીધું.

વકીલ કહે: 'મોટા, એમને જવાબ આપવાની કશી જરૂર નથી, તમે ફક્ત ચોરે જઈને તલાટીને એટલું જ જણાવી દેજો કે તમારી સ્વોપાર્જિત જમીનમાં કોઈનું નામ દાખલ કરશે તો એનેય કોર્ટમાં ખેંચાવું પડશે એટલે એ કાચી એન્ટ્રી પાડતાંય વિચાર કરશે.'

ને એમની ગણતરી પ્રમાણે જ થયું. પેલાના વકીલે નોટિસ તો મોકલી પણ મોટાએ કશો જવાબ ન આપ્યો. મોટા તરફથી કશો જવાબ ન આવ્યો એટલે પેલી ત્રિપુટી તો પોતે કેસ જીતી ગયા હોય એમ આનંદમાં આવી ગઈ હતી.

એમને તો મનમાં એમ જ થઈ ગયું કે વકીલના કહ્યા મુજબ મોટા ઢીલા પડી ગયા હતા. પણ ચોરે જઈને તપાસ કરતાં એમને ખબર પડી કે તલાટીએ મોટાના કહ્યાથી એમનાં

નામ દાખલ કરવાની કાચી એન્ટ્રી પાડી ન હતી. એટલે પેલાઓએ એમના વકીલની સલાહ મુજબ મોટાના પર કેસ ઠોકી દીધો.

## ૨૦.

## મોટાની મમત

અઠવાડિયા પછી કેસ નીકળ્યો. બેય ભાઈઓ અને એમની સાથે એમના જેવા બેચાર બીજા પણ પારકી તાપણીએ તાપવા આવી પહોંચ્યા હતા. કૌશિક અને વસંત તો પોતે કેસ શરૂ થતાં જ જીતી ગયા હોય એમ આનંદમાં આવી ગયા હતા.

એમના વકીલે દલીલ કરી કે વસંતભાઈ અને કૌશિકભાઈ બન્ને પુખ્ત વયના છે અને એમને પિતાની મિલકતમાં પોતાનાં નામ દાખલ કરાવવાનો હક છે. છતાં મોટાએ દબાણ કરી એમની મિલકતમાં આ બે ભાઈઓનાં નામ દાખલ કરતાં તલાટીને રોક્યા છે.

એણે બેયનાં સ્કૂલ લીવિંગ સર્ટિફિકેટ એમની ઉંમરની સાબિતી તરીકે રજૂ કર્યાં.

મોટા કહે: ‘એમનાં નામ મારી વડીલોપાર્જિત મિલકતમાં એ લોકો દાખલ કરે એમાં મને કશો વાંધો નથી પણ મારી સ્વોપાર્જિત મિલકતમાં એમનાં નામ દાખલ કરવામાં મારો વિરોધ છે એમ જ મેં તલાટીને કહ્યું હતું.’

એટલે કોર્ટે સામેવાળાને મોટાની વડીલોપાર્જિત મિલકતના પુરાવા રજૂ કરવાની અને એમાં તેમનાં નામ દાખલ કરવાની નવી અરજી મૂકવાનો હુકમ કરી કેસની પંદર દિવસ પછીની મુદત આપી. ને ગૂચવણમાં પડી ગયેલા પોલાઓ એમના વકીલ સાથે વસ્તાણાની ગ્રામપંચાયતમાં પહોંચ્યા.

મોટાના આ કુંવરોને તો એમનાં ખેતરનાં નામોનીય પૂરી ખબર ન હતી ત્યાં તપાસ કેમ કરવી એની એમને મૂંઝવણ થઈ પડી પણ તલાટી કહે: 'તમારે ચિંતા કરવાની જરૂર નથી મને મોટાની બધી મિલકતોની ખબર છે.' કહેતાં એણે મોટાની મિલકતોની યાદી કાઢી આપી.

આમાં એમણે ખરીદેલી કેટલી છે એની તપાસ કરતાં ખબર પડી કે બધાં ખેતરો મોટાએ બીજાઓ પાસેથી ખરીદેલાં છે.

'તો પછી એમને વારસામાં દાદા પાસેથી મળેલી જમીનો ક્યાં ગઈ?' વસંતની લાચારી બોલી ઊઠી.

'એ જમીનો જે લગભગ આઠેક વીઘાં હતી એ તો એમણે છેલ્લાં દસ વરસમાં વેચી દીધી છે. છેલ્લી પાટડી તો એમણે તમને મુંબઈમાં દવાખાનું કરાવવા કાઢી નાંખી હતી એની તો આખા ગામને ખબર છે.'

'ને બીજી?'

'તમારા ભણતરના ખર્ચા માટે વેચવી પડી હતી એમ મકનભાઈ કહેતા હતા. સાચું તો એમને પૂછો તો ખબર પડે.' તલાટીએ મકનભાઈ સામે આંગળી ચીંધી દીધી. આ ટોળામાં ગૌતમ પણ હતો.

વસંતે ગૌતમ સામે જોયું તો એ કહે: 'એ બેય એક માળાના મણકા છે. એમણે શરૂથી જ પ્લાન કરીને બધું ગોઠવ્યું હોય એમ લાગે છે. હવે આપણે એમને ભિડાવવાનો બીજો રસ્તો શોધવો પડશે.'

'હવે તો આપણું એક ઘર બચ્યું છે.' કૌશિકે કહ્યું.

'એ પણ એમણે દેવાકાકાનો વાડો વેચાતો લઈને બનાવરાવેલું છે ને આપણું મૂળ મકાન તો વાઘજીકાકાને વેચી દીધું છે. એમણે એ હજુ ચાર વરસ પહેલાં જ વેચી દીધું છે.' ગૌતમને તો આવી કશી ખબર જ ન હતી. એને થયું કે પોતાને બાપાએ આપેલા ઘરના પૈસાય પાછા આપવાના ન થાય તો સારું. એના પેટમાં તેલ રેડાઈ રહ્યું. બધા નિરાશ વદને વકીલની

ઑફિસે પાછા ફર્યા ને નવો દાવ અજમાવવાના પેંતરા રચવામાં પડ્યા.

*

આ તરફ મોટાની મંડળીવાળામાંથીય કેટલાક કોર્ટમાં કેસનું શું થાય છે એ જોવા ગયા હતા. એમણે આશ્રમમાં આવીને બધાને વાત કરી. એ સાંજે બધા મોટાને ફરી વળ્યા: ‘મોટા, છોકરાંને કોર્ટે ચડવું પડે એ સારું દેખાય છે? એના કરતાં એમને નામ દાખલ કરવા દીધાં હોત તો શું વાંધો હતો? છેવટે તો બધું એમનું જ છે ને.’

‘નામ દાખલ કરવાની એમને મેં ક્યાં ના પાડી છે? ને કોર્ટેય એ એમની જાતે ગયા છે. હવે એમને ખબર પડશે કે બીજાની વાદે ચડીને કોર્ટે જવાનાં શાં પરિણામ આવે છે. બાકી મારી સ્વોપાર્જિત મિલકતમાં તો એમનાં નામ આ જન્મે તો નહીં જ દાખલ થવા દઉં.’

‘મોટા તમારા જેવા આગેવાન માણસને આ બધું શોભતું નથી. વખત છે ને છોકરાંથી કશી ભૂલ થઈ ગઈ હોય તોય તમારે મોટું મન રાખીને એમને માફ કરી દેવું જોઈએ. હવે આપણે બધાએ મરતાં સુધી આશ્રમમાં જ રહેવાનું નક્કી કરી દીધું છે પછી વારસામાં મળેલી કે તમે સંપાદન કરેલી મિલકતોના એવા ભેદ શા માટે?’

‘તમે તમારે જોયા કરો. ગોકળિયો એમ કાંઈ ગાંડો નથી પણ છોકરાંને પાઠ ભણાવ્યા વગર તો હું કોઈ કાળે નહીં છોડું. એમણે જ મને તોલૈયામાં હવેલી જેવું મકાન બાંધવાનાં સપનાં દેખડ્યાં હતાં ને મેં જ્યારે એ વાત ઉપાડી તો બેય જણ નામક્કર ગયા.

‘એટલું જ નહીં પણ મોટા દીકરાએ તો મને એટલે સુધી કહ્યું કે હું પટલાઈ છોડી દઈને દસ વીઘાં જમીન ભાગિયા પાસેથી પાછી લઈને જાતે ખેતી કરું તો મારે એની પાસે પૈસા માગવા જ ના પડે. એટલે તમે બધા કહેનારા કહી રહ્યા પણ હું એમને છોડવાનો નથી.’ મોટાએ કહ્યું.

આ વાત સાંભળતાં બધા સમસમી ગયા. તોય મહાસુખ

ભટ બોલ્યા: ‘છોકરાંએ આમ કહ્યું હોય તો એ એમની ભૂલ કહેવાય પણ તમે જે કરી રહ્યા છો એ તો એનાથીય મોટી ભૂલ છે. મારું કહેવું તમને ના ગોઠે તો વાંધો નહીં પણ મને જે સાચું લાગ્યું એ તો મારે તમને કહેવું જ જોઈએ. તમેય આ ઉંમરે આવા છોકરવેડા કરો એ કાંઈ શોભતું હશે?’

‘ને કદાચ છોકરાંને ભીડ હોય ને એમનાથી કશું અજુગતું બોલાઈ ગયું હોય તોય તમારે એ મન પર ના લેવું જોઈએ. તમે એમને માટે આટલું બધું કર્યું એ તો આખા ગામને ખબર છે. તે તમારે બધું કરેલું ધોઈ નાખવું છે?’

‘તમે કદાચ નહીં જાણતા હો પણ મેં મકનભાઈને ગૌતમના શહેરના ઘરનો કચરો કાઢતા ને મોટાંને ઘરનો એઠવાડો કાઢતાં જોયાં છે. મને થયું કે મારાં છોકરાં જો આવું કરે તો મારાથી જીવાય જ શી રીતે? ને મારેય એવું જ થયું.

‘આ તો સારું થયું કે દેવશીભાઈ દેશમાં આવ્યા ને એમાંથી મને અમેરિકા જેવો આશ્રમ કરવાની ચાનક ચડી ને તમે બધા તૈયાર થયા નહીં તો મારી શી દશા થઈ હોત?’

‘મોટા, જે નથી થયું એની કલ્પના કરીને શા માટે દુખી થાવ છો? એના કરતાં એમ વિચારો કે એમને કારણે તમને આવો આશ્રમ શરૂ કરવાનો વિચાર આવ્યો ને આજે ઠેઠ અમદાવાદથીય લોકો આશ્રમ જોવા આવે છે ને વખાણ કરતાં થાકતા નથી. આ માટે તમારે તો ઊલટું એ છોકરાંનો આભાર માનવો જોઈએ.’ મહાસુખ ભટે કહ્યું પણ બીજા બધા તો પાટીદાર હતા. એમનેય મોટાની મમત વ્યાજબી લાગી એટલે એમાંના કોઈએ મહાસુખ ભટની વાતમાં હાજિયો ન પૂરાવ્યો.

ત્યાં નવનીતભાઈ એમની નવી બની રહેલી જનક સોસાયટીની સાઈટ પર હતા એ આવી પહોંચ્યા. એમણે ચાલી રહેલી વાતનો કેટલોક ભાગ સાંભળ્યો એટલે એ એમાં જોડાઈ ગયા: ‘મેંય મોટા કોર્ટે ચડ્યા એ વાત તો જાણી હતી પણ હું સોસાયટીના કામમાં વ્યસ્ત હતો એટલે કોર્ટમાં ગયો ન હતો. શું વાત હતી?’

‘વાતમાં તો એવું હતું કે મોટાના બાય દીકરા બાપની

મિલકતમાં પોતાનાં નામ દાખલ કરાવવા માગતા હતા એમને મોટાએ અટકાવ્યા હતા એટલે દીકરાઓએ કોર્ટનો આશરો લીધો હતો.’

‘એમાં અટકાવવાની વાત જ શી હતી? બેય છોકરા ઉંમરલાયક છે એટલે મોટાએ ઉલટાં પોતાની જાતે જ એમનાં નામ મિલકતમાં દાખલ કરાવી દેવાં જોઈએ. એમાં મોટાને વાંધો શો હતો?’

‘એ વાત તો હું ક્યારનોય એમને સમજાવવા પ્રયત્ન કરતો હતો પણ આ બધા પંચપટેલિયા પણ એમની સાથે થઈ ગયા. હવે તમે જ એમને સમજાવો કે છોકરાઓ એમની જાતે નામ દાખલ કરાવવા ગયા એમાં એમણે ખોટું શું કર્યું?’ મહાસુખ ભટે હવે નવનીતભાઈ આવતાં એમનું શરણ શોધતાં કહ્યું.

‘એમાં કશો વાંધો ન હોત તો મેં મારી જાતે જ એમનાં નામ મારી બધી મિલકતમાં દાખલ કરાવી જ દીધાં હોત પણ એવું ન હતું.’ મોટાએ કહ્યું અને નવનીતભાઈને બધી વાત માંડીને સમજાવી.

નવનીતભાઈ કહે: ‘એમાં તમારે આડા પડવા જેવી વાત ક્યાં આવી? છોકરાંને પૈસાની ભીડ હોય અને એમનાથી કદાચ આડુંઅવળું બોલાઈ ગયું હોય તોય મોટા, તમારે મન પર ન લેવું જોઈએ. મારાય તમારા જેવું જ થયું હતું. હુંય બધું ભૂલી જ ગયો છું ને.’

‘તમે તો ભાઈ પરદેશમાં રહ્યા છો એટલે તમે ભૂલી જાવ પણ મારે તો અહીં ફરતાં ગામોમાં પટલાઈ કરવાની તે મારાં છોકરાં આવું કરે તો મારાથી પછી માથું ઊંચું રાખીને કઈ રીતે ફરી શકાય? કોઈક દિવસ કોઈ મને કહી જાય કે તમારાં છોકરાનું જ સંભાળો ને અમારામાં માથું મારવાને બદલે તો મારે તો આખી જિંદગીનું નીચાજોણું જ થઈ જાય ને!’

‘પણ તમારેય છોકરાઓને ભીડ હોય તો એમનોય વિચાર કરવો જોઈએ ને.’

‘પણ એમને ભીડ હોય તો ને. એ બેય જણા તો એમને ઘેર રાજાશાહીમાં જીવે છે. વળી તેલૈયામાં હવેલી બાંધવાની

વાત એમણે જ શરૂ કરી હતી એની તો આખા ગામને ખબર છે. હવે એ બેય નામક્કર જાય તો એમાં મારે તો ડૂબી મરવા જેવું જ થાય.' કહેતાં મોટાની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં.

નવનીતભાઈ અને બધા વહેવારિયા સમય પારખી ગયા એટલે એમણે વાત ત્યાં જ અટકાવી દીધી. મોટાય વાત આગળ વધારવાના મૂડમાં ક્યાં હતા? એ ઊઠીને આશ્રમમાં આંટો મારવા નીકળી ગયા. સમય વરતીને કોઈએ એમની સાથે જવા જેવું નથી એમ સમજીને સાથે જવાનો વિચાર ન કર્યો.

મોટા ગમગીન થઈ ગયા હતા. એમને લાગતું હતું કે બધાને જવાબ આપતાં પોતાની આજસુધીની બાંધી મૂઠી ઉઘાડી પડી ગઈ હતી. બધા વહેવારિયા પોતાની સાથે ભલે સંમત ન થાય પણ પોતાના જેવા પંચપટેલિયા તો સંમત થતા જ હતા. ને પટલાઈમાં તો તુંકારાની સામે ધોલનો જ સિધ્ધાંત હોય. એમાં પારકાં કે પોતાનાં જોવાનાં ન હોય.

નવનીતભાઈ પરદેશ રહેલા છે છતાં એમણેય એક વરસ તો પોતાની મમત પકડી રાખી હતી ને. એમને તો પરદેશ પડી રહેવાનું ને મારે તો ફરતાં ગામોની પટલાઈ કરવાની. નવનીતભાઈ અને મહાસુખ ભટ સિવાય બધા પોતાની વાત સમજતા હતા એ વાતનો એમને સંતોષ હતો.

*

આ તરફ પેલી ચંડાળચોકડી એમનું કાવતરું હવે કેમ આગળ ધપાવવું એની મથામણમાં પડી ગઈ હતી. એમનો વકીલ કહે: 'હવે એક રસ્તો રહે છે એમને સકંજામાં લેવાનો. એમની પાસે આટલી બધી મિલકત હોય તો એમની આશ્રમમાં રહેવાની ફી તમારે ન ભરવી પડે એવું કરી શકાય. મેં ગૌતમભાઈની ફીમાં પાંચસો રૂપિયાનો કાપ કરાવ્યો એમ તમારી બધી ફી માફ કરાવીને એમના પર દાખલો બેસાડી શકાય.'

કૌશિક તથા વસંતને તો આટલેથી જ ધરાવો થઈ ગયો હતો પણ ગૌતમ કહે: 'એમ થાકી જશો તો કેમ ચાલશે. હવે તો લાખ ભેગા સવા લાખ. અધુરું છોડવું હોય તો શરૂ જ શું કામ કરવું?' એને તો પારકી તાપણીએ તાપવાનું હતું ને!

પછી પેલા બેચે મને કે કમને એની સાથે જોડાઈ જવું પડ્યું. એટલે વકીલને આગળની કારવાઈ ચાલુ કરવાનું કહીને બધા નીકળ્યા. આમાં કૌશિક પહેલેથી જ જરા ઢીલો પડી ગયો હતો પણ વસંત તો ગોતમની વાતમાં આવી ગયો હતો.

વળી વકીલે પેલી ફી માફીની જે વાત કરી હતી એમાં તો એને ફી માફી કરતાં આશ્રમવાળાને ને બાપાને બતાવી આપવાની ચાનક ચડી હતી.

એમની આ ગુફ્તેગુની વાત મોટાને એ જ સાંજે મળી ગઈ એટલે એ વધારે ગિન્નાયા. એમણે એ ટોળકીવળાને બરાબરનો પાઠ ભણાવવાનાં ચક્રો ગતિમાન કરી દીધાં.

## ૨૧.
## ભણેલા દીકરા ગધેડે ચડ્યા

**સ્થિર જળ સાથે અટકચાળાં ન કર,**
**કાંકરા નાખી કૂંડાળાં ન કર**
**ક્યાંક પથ્થર ફેંકવાનું મન થશે,**
**ઈંટને તોડી ઢેખાળા ન કર.**

**-ખલીલ ધનતેજવી**

ફરી વખત કેસ નીકળ્યો ત્યારે નવનીતભાઈ પણ બીજા કાર્યકરો સાથે કોર્ટમાં હાજર રહ્યા હતા. એમનેય મોટાની વાતનો તાગ લેવાનો જાણે ચસકો લાગ્યો હતો. એમણે બીજા બેચાર પંચપટેલિયાને મળીને આખી વાત સમજવા પ્રયત્ન કર્યો હતો ને એમને બધાએ એક જ વાત કરી હતી: મોટા જેવા માણસને મન તો આ મરવા જેવું જ થાય જો એ હારી ખાય તો. એ તો શું પણ અમારામાંનો કોઈ પણ એમની જગાએ હોય તો એય એમ જ કરે.

નવનીતભાઈને આ પટેલિયાની વટની વાત બરાબર સમજાતી ન હતી પણ એમને મોટાની મમતનો તાગ લેવા જેવો લાગતો હતો. એમને મનમાં હતું કે એક વખત બધું જરા શાંત થાય પછી જરૂર પડે તો કૌશિક અને વસંતને પોતે સમજાવશે. એ બેય ભણેલા છે એટલે એમને સમજાવવામાં કશી તકલીફ

નહીં પડે.

તે દિવસે કોર્ટમાં એમના વકીલે વસંતને રજૂ કર્યો: 'તમે તમારા ભણવાના ખર્ચના રૂપિયા વ્યાજ સાથે તમારા પિતાને આપી દીધા છે?'

'હા, મેં એમને બધા મળીને એક લાખ ને નેવું હજાર રૂપિયા વ્યાજ સાથે એમને આપી દીધા છે.'

'એ પૈસાનું એમણે શું કર્યું એની તમને ખબર છે?'

'હા, એ પૈસામાંના મોટા ભાગના પૈસા એમણે સરદાર પિતૃસેવા આશ્રમમાં દાનમાં આપી દીધા છે.'

'નામદાર જે માણસ એક લાખ રૂપિયા કરતાં વધુ દાન આપી શકે છે તે માણસ પોતાના દીકરાઓ પાસે આશ્રમમાં રહેવા માટેના પોતાની ફીના પૈસા દીકરા પાસે માગે એ યોગ્ય નથી. જો આ પૈસાનું એમણે યોગ્ય રોકાણ કર્યું હોત તો એમની આશ્રમની મોટા ભાગની ફી એના વ્યાજમાંથી જ ભરાઈ જાત.' પછી વસંત તરફ ફરતાં એમણે કહ્યું: 'તમે જઈ શકો છો.'

ત્યાં બચાવ પક્ષના વકીલ ઊભા થઈ ગયા. એ કહે: 'મારે ઊલટ તપાસ કરવી છે.' કોર્ટે એમને એમ કરવા સંમતિ આપી એટલે એમણે વસંતને પૂછ્યું: 'તમે જ્યારે ભણતા હતા ત્યારે કોઈ નોકરી કરતા હતા?'

'ના.'

'તો તમારી ફીના, હોસ્ટેલના, પુસ્તકોના ને ખાવાપીવાના પૈસા ક્યાંથી આવતા હતા?'

'એ તો મારા પિતાજી આપતા હતા પણ એ તો મેં એમને-'

'તમને જે પૂછવામાં આવે એટલાનો જ જવાબ આપો. તમને નાનપણથી ઉછેર્યા ને મોટા કર્યા એના ખર્ચના પૈસા એમણે તમારી પાસે માગ્યા છે?'

'ના.'

'એ ખર્ચ કેટલો હશે એનો તમને કશો અંદાજ છે?'

‘ના.’

‘એમણે પોતાના પૈસા ક્યાં અને કેમ વાપરવા એની મંજૂરી તમારી પાસે માગવી પડે એવું તમે માનો છો?’

‘ના પણ એ મારી પાસે એમની જીવાઈના પૈસા માગે ત્યારે એમણે મને એમના ખર્ચનો હિસાબ આપવો પડે એમ મારું માનવું છે.’

‘એમણે એમના પૈસા આશ્રમ જેવા સારા કામના વિકાસ માટે વાપર્યા એમાં તમારો વાંધો છે?’

‘ના પણ એમની જીવાઈની ચિંતા કર્યા સિવાય એ આમ પૈસા વાપરી નાખે ને પછી મારી પાસે જીવાઈના પૈસા માગે એની સામે મને વાંધો છે.’

‘કોઈ બાપ એમની પોતાની કમાણીના પૈસા દાનમાં આપી દે તો એમને પાલવવાની એમનાં સંતાનોની જવાબદારી રહેતી નથી એમ તમે માનો છો?’

‘એમ નહીં પણ--’

‘એમ નહીં તો કેમ?’

‘એમના હાથ પરના પૈસા આમ વેડફી નાખે તો એમની જીવાઈના કે આશ્રમની ફીના પૈસા આપવાની અમારી જવાબદારી રહેતી નથી એમ હું માનું છું.’

‘એ પોતાની કમાણીના પૈસા એમને ગમે તેમાં દાન કરે તોય એમનાં સંતાન તરીકે એમને પાછલી ઉંમરે પાલવવાની જવાબદારી તમારી જ રહે છે. સમાજમાં કેટલાક એવા વડીલો પણ છે કે જે પોતાનાં સંતાનોને ફક્ત દેવું જ વારસામાં આપી જાય છે એ સંતાનો એમનાં વડીલોને પાલવે છે કે એમને ઘરડાઘરમાં મોકલી આપે છે?’

‘મને ખબર નથી કે હું એમનો દાખલો લેવા માગતો પણ નથી. હું તો અમારી બેઉ ભાઈઓની જ વાત કરું છું.’

‘નામદાર, સમાજમાં એવા કેટલાંય સંતાનો એવાં છે કે એમના બાપે એમને કશી મિલકત વારસામાં આપી ન હોવા

છતાં એમને માન પૂર્વક રાખે છે. આવાં સંતાનોને અબુધ ગણવાં ને આવા પેટે પાટા બાંધીને કે પોતાની જમીનજાગીર વેચીને ઊંચું ભણાવેલાં સંતાનોને કુશળ ગણવા એ વાત જ મને તો સમજાતી નથી. હવે આપ જ ન્યાય કરો કે આ બેઉ ભાઈઓએ એમના પિતાના આશ્રમની ફીના પૈસા આપવા જોઈએ કે નહીં.'

ત્યાં સામેવાળા વકીલ ઊભા થઈ ગયા અને એમણે દલીલ કરી: 'નામદાર કોર્ટને મારે સરકારના માબાપની જીવાઈના કાયદાની યાદ દેવડાવવાની ન હોય પણ એ મુજબ જે માબાપ પોતે પોતાની જીવાઈનો ખર્ચ કરવા સક્ષમ ન હોય એમને એમનાં સંતાનોએ પાલવવાં જોઈએ પણ જે ફક્ત છોકરાં પાસેથી જીવાઈ વસુલ કરવા માટે પોતાની મૂડી અન્ય માર્ગે વાપરી નાખે ને પછી છોકરાં પાસે પોતાની જીવાઈની ઉઘરાણી કરે એ વ્યાજબી નથી એમ મારું કહેવું છે.'

એમની આ દલીલ પર હસતાં મેજિસ્ટ્રેટે એમને પૂછ્યું: 'એટલે તમારું કહેવું એમ છે કે શ્રી ધનજીભાઈએ આશ્રમમાં જે દાન આપ્યું એ એમના આ બે દીકરાઓ પાસે પોતાની જીવાઈના પૈસા લેવા માટે થઈને જ આપ્યું છે? આવાં તો બીજાં ઘણાં દાન આશ્રમને મળેલાં છે શું એ લોકોએ પણ એમનાં સંતાનો પાસે પોતાની જીવાઈની રકમ મેળવવા માટે જ આપેલાં છે? એટલે તમારી એ દલીલ મને સ્વીકાર્ય નથી. તમારે બીજું કશું કહેવાનું છે?'

'આ બાબતમાં તો નહીં પણ મારે આ આશ્રમની આવકજાવકના હિસાબો જોવા છે. જો આપ એ માટે કાંઈક કરી શકો તો.'

'એ બાબતમાં તો તમારે આશ્રમના સંચાલકો સાથે વાત કરવી જોઈએ. એમના નિયમોમાં કશો વાંધો આવતો ન હોય તો એ લોકો તમને કદાચ એ જોવા દેશે. હું એ બાબતમાં કશું ન કરી શકું.'

ત્યાં મોટાએ ઊભા થઈ જતાં કહ્યું: 'આમ તો અમારા હિસાબો બહારના કોઈને અમે બતાવતા નથી પણ મેહુલભાઈ વકીલ સજ્જન માણસ છે એટલે એમને અમારા હિસાબો જ્યારે જોવા હોય ત્યારે આશ્રમની ઑફિસે બતાવીશું.

'એમને અમારા હિસાબો બરાબર જણાશે તો ક્યારેક એમના તરફથી અમને લાખ બે લાખ રૂપિયા મળવાની આશા છે એટલે અમે એમને માટે આટલી છૂટ તો જરૂર મૂકીશું.' ને લાખ બે લાખની વાત સાંભળી કેટલાક હસી પડ્યા તો કેટલાકે હસવું મહાપરાણે રોકી રાખ્યું.

છેવટે મેજિસ્ટ્રેટટે ચૂકાદો આપ્યો: 'ફરિયાદી અને બચાવ પક્ષની દલીલોને ધ્યાનમાં લેતાં કોર્ટ માને છે કે ધનજીભાઈએ આશ્રમમાં જે દાન આપ્યું છે એ એમની પોતાની કમાણીમાંથી આપ્યું છે એટલે એમના દીકરાઓએ એમની આશ્રમની ફીના પૈસા દર મહિને ચૂકવવા જોઈએ. જો આમ કરવામાં તેઓ ચૂક કરે તો ધનજીભાઈ સરકારી રાહે એમની પાસે એ રકમની માગણી કરી શકશે.'

વસંત, કૌશિક અને ગૌતમ ઢીલા પડી ગયા. એ કોર્ટે ચડીને ગામમાં વગોવાઈ ગયા હતા એટલે કેસનો ચૂકાદો આવતાં જ એમણે નીચી મુડીએ બહાર નીકળી જવામાં જ ડહાપણ જોયું. આજે વકીલને ત્યાં જવાને બદલે બધા સીધા ગૌતમને ત્યાં ગયા. ગૌતમ કહે: 'આશ્રમની છાપને કારણે જ આપણે કેસ હારી ગયા છીએ.'

'કારણ ગમે તે હોય પણ આપણે આખા ગામની નજરમાંથી તો ઊતરી ગયા છીએ. મહિને બેત્રણ હજાર રૂપિયા ભરવા એ કાંઈ મોટી વાત નથી પણ આપણે આપણા વકીલની વાતમાં આવીને કેસ કર્યો એમાં વધારે નામોશી વહોરવી પડી.'

'તો હવે તમે શું કરવા માગો છો?' ગૌતમે પૂછ્યું. એને તો હજુ વકીલને મળીને કેસમાં નવો તુક્કો લડાવવાની ઈચ્છા હતી. એને મોટા હારે કે જીતે એના કરતાં મોટાના દીકરાઓ એમની સામે પડે ને એ કેસ વધુ લંબાય તેમાં જ રસ હતો.

પણ પેલા બે તો આટલેથી જ સમજી ગયા હતા. એમને તો ગામમાંથી જેમ બને તેમ વહેલી તકે નાસી છૂટવામાં જ સલામતી દેખાતી હતી એટલે ગૌતમનું કશું ચાલે તેમ નહતું.

# ૨૨.
# નવનીતભાઈએ દરમિયાનગીરી કરી

**સોળ આની પાક ઉતરે શક નથી એમાં મને**
**કેમ લોકો પ્રેમને અહીં વાવવા દેતા નથી.**
**પ્રણય જામનગરી**

એ સાંજે બધા નવા આશ્રમની વાત કરતા બેઠા હતા ત્યારે નવનીતભાઈએ મોટાને અચાનક જ પૂછ્યું: ‘કાલે કે પરમ દિવસે મારે મુબઈ જવું છે. મોટા તમેય સાથે આવતા હો તો મઝા આવશે.’

‘તમારા કામમાં મને શી ગતાગમ પડવાની કે મને મઝા આવે? પણ તમે કહેતા હશો તો હું તમારી સાથે આવીશ.’ મોટાએ કહ્યું.

‘તો હું મુંબઈની ફર્સ્ટ ક્લાસની બે ટિકીટો મંગાવી લઉં છું.’

‘તમને એ બધા ક્લાસ પોસાય. અમારે તો થર્ડ ક્લાસની જ ચાલે.’

‘તમનેય પોસાય અને આ ઉંમરે તમારે ફર્સ્ટ ક્લાસમાં જ મુસાફરી કરવી જોઈએ. વળી તમે કેસ જીતીને તમારા દીકરાઓને હરાવી દીધા છે. હવે દર મહિને આશ્રમની ફીના પૈસા તો એમની પાસેથી આવવાના છે એટલે તમારે એમ જ

સમજવાનું કે છોકરાંને પૈસે લહેર કરીએ છીએ.'

'ઉડાવો, તમે પણ ઉડાવો. તમે જો અમારી જેમ પટલાઈમાં પડ્યા હોત તો તમને એ વાત સમજાત. પણ મેં એમનાથી હારી ખાધું હોત તો મારાથી કેમ જીવાત એ તો મને જ સમજાય.'

'મને લાગે છે કે મારેય તમારી પાસે પટલાઈનું ટ્યૂશન લેવું પડશે.'

'તમે પરદેશ જવાને બદલે પહેલેથી જ દેશમાં રહ્યા હોત તો તમને સમજાત. હવે પાકે ઘડે કાના ના ચડે.'

'મનેય હવે લાગવા માંડ્યું છે કે હુંય તમારી પાસેથી પટલાઈના પાઠ શીખું. એમાં જે ખુમારી છે એ મનેય હવે તો ગમવા માંડી છે.'

'એમાં તો એવું છે કે કાળજુ કઠણ રાખીને કામ કરવું પડે. એમાં તમારા જેવા પોચા માણસનું કામ નહીં.'

'તો કાળજુ કઠણ કરી લઈશું, પછી તો પટલાઈ થશે ને?'

'પછી સોસાયટીઓ કોણ બાંધશે? એના કરતાં તમે તમારું કામ કરો ને અમને અમારું કામ કરીએ એ જ બરાબર છે. મને ખબર છે કે તમને મારી છોકરાં સાથેની વર્તણુંક ગમી નથી પણ પટલાઈમાં એમ ઢીલા પડ્યે ના ચાલે. અમારો પટલાઈનો તો એક જ સિધ્ધાંત એમાં તો ગાળની સામે ધોલ જ મારવાની હોય. એમાં પારકાં પોતાનાં જોવા ન બેસાય.' મોટાએ મુસ્કુરાતાં કહ્યું.

'મેંય શરૂઆતમાં તો એવું જ કરેલું ને! પણ પછી પસ્તાઈને રાગે આવી ગયેલો.'

'તમારી વાત જુદી હતી. એમાં તો એમનો જ વાંક હતો. તોય તમે સમજી ગયા તો આજે આખા પંથકમાં તમારું નામ થઈ ગયું છે. બધા તમારો જ દાખલો લે છે ને કહે છે કે ભાઈ હોય તો નવનીતભાઈ જેવા.'

'એવું જ તમારે માટે લોકો બોલે એવું કરવાનું તમને મન નથી થતું?'

'હું સમજ્યો નહીં.' ગૂંચવાતાં મોટાએ પૂછ્યું.

'તમે છોકરાઓ સામેનો કેસ જીતી ગયા હવે એમને મોટું દિલ રાખીને તમારે માફ કરી દેવું જોઈએ એમ તમને નથી લાગતું?'

'પાછા તમે એ જ વાત પર આવી ગયા? તમે ગમે તે કહો પણ મારા મનમાંથી એ ખટકો નીકળવો શક્ય નથી. બીજી કોઈ વાત કરો તો સારું.'

*

બીજે દિવસે નવનીતભાઈ અને મોટા મુંબઈ જવા નીકળ્યા. નવનીતભાઈનું મુંબઈમાં શું કામ હતું એની હજુ મોટાને કશી ખબર ન હતી. એ તો નવનીતભાઈને સાથ આપવા જ સાથે મુંબઈ જવા તૈયાર થયા હતા.

મુંબઈના સેન્ટ્રલ સ્ટેશને ઉતર્યા પછી નવનીતભાઈએ ટેક્સી બોલાવી અને એક એરિયામાં લઈ જવા કહ્યું ત્યાં સુધી મોટાને કશો ખ્યાલ ન હતો. પણ જ્યારે ટેક્સી વસંતના ઘર પાસે આવીને ઊભી રહી ત્યારે એમાંથી ઉતરતાં મોટા અચકાઈ રહ્યા.

'લો, નીચે ઉતરો બહુ વિચાર્યા વગર.' નવનીતભાઈએ કહ્યું ને કમનેય મોટાને ટેક્સીમાંથી ઉતરવું પડ્યું. નવનીતભાઈએ વસંતના ઘરનો બેલ માર્યો.

થોડી વારમાં કૌશિકે બારણું ખોલ્યું પણ સામે નવનીતભાઈ અને બાપુજીને જોતાં એ બારણામાં જ ખોડાઈ રહ્યો. 'અમે અંદર આવીએ?' હસતાં નવનીતભાઈએ એને પૂછ્યું ને પરિસ્થિતિનું ભાન થતાં કૌશિક એક બાજુ ખસી ગયો.

'તમારે એવું પૂછવાનું હોય, કાકા? તમને અચાનક આવેલા જોતાં હું આશ્ચર્યમાં પડી ગયો હતો. આવો, બેસો હું તમારે માટે પાણી લાવું.' એણે સ્વસ્થ થતાં કહ્યું ને પાણી લેવા અંદર ગયો.

'વસંતભાઈ તો એમના દવાખાને હશે.' કૌશિક પાણી લઈને આવ્યો એટલે નવનીતભાઈએ પૂછ્યું.

‘માટાભાઈ કલાકેક પછી જમવા માટે ઘેર આવશે. એમનું કામ હોય તો હું બોલાવી લાવું.’ કૌશિકે ગૂંચવાતાં પૂછ્યું. એને મનમાં થતું હતું કે આ બેય વડીલો એમને ઠપકો આપવા ને વઢવા જ આવ્યા હશે.

‘ના રે, એમને ચાલતા કામમાંથી બોલાવવાની જરૂર નથી. અમે બેઠા છીએ. તમારે અમેરિકા પાછા ક્યારે જવાનું છે?’ નવનીતભાઈએ એનો ક્ષોભ ઓછો કરવા ઔપચારિક સવાલ કર્યો.

‘અમારે આ મહિનાની દસમીનું બુકીંગ છે. બારમીથી તો અમારે બેયે જોબ પર હાજર થઈ જવાનું છે એટલે--’

‘હા ભાઈ, નોકરીનું તો સાચવવું જ પડે. શામાં નોકરી છે તમારી?’

‘મને હમણાં ચાર મહિનાથી ન્યૂયોર્ક સીટીમાં જોબ મળી છે.’ કૌશિકે કહ્યું.

‘એ જોબ સારી કહેવાય. આપણા ઘણા એંનજિનિયરો એમાં હશે તમારી સાથે?’

‘હા લગભગ વીસ જેટલા તો હશે જ. ચોક્કસ તો મને ખબર નથી.’

ત્યાં વસંત આવી ગયો. એણે આ બે જણને ઘરમાં બેઠેલા જોયા ને એની શરમનો પાર જ ન રહ્યો. એણે બેયના ખબર પૂછ્યા ને કહ્યું: ‘તમે મને અગાઉથી જણાવ્યું હોત તો હું સામો લેવા આવત ને.’

‘એમાં તમારો પ્રેક્ટિસનો સમય બગાડવાની શી જરૂર? એટલે જણાવ્યું ન હતું. અમે ટેક્સી કરીને આવી ગયા. કેમ ચાલે છે તમારી પ્રેક્ટિસ?’

‘હવે ચાલવા લાગી છે. બરાબર જામતાં હજુ એકાદ વર્ષ લાગશે.’

‘અહીં મુંબઈમાં કોઈ પણ ધંધાને બરાબર સેટ થતાં એક હજાર દિવસ લાગે એમ સામાન્ય માન્યતા છે. એટલો વખત તો બધાએ તપ કરવું જ પડે.’ નવનીતભાઈએ કહ્યું. આ દરમિયાન

મોટા ચૂપ જ રહ્યા હતા એ જોતાં વસંત મનમાં ફફડી રહ્યો હતો.

‘બાપુજી, અમને માફ કરી દો. અમે ખોટા દોરવાઈ ગયા હતા ને ઊંધે રવાડે ચડી ગયા હતા. અમને માફ કરી દો તમારે અમને જો શિક્ષા કરવી હોય એ કરો પણ ગુસ્સાને મનમાં દબાવીને તમે દુખી ન થશો. તમે જેમ કહો તેમ માફી માગવા અમે તૈયાર છીએ.’

‘ગુસ્સો તો શો કરવો પણ તમે મારું આખા જન્મારાનું કર્યું-કારવ્યું ધૂળમાં મેળવી દીધું. મારી બાંધી મૂઠી ઉઘાડી પડી ગઈ. હવે મારાથી પાંચ માણસની વચ્ચે ખોંખારીને બોલાય એવું જ ના રહ્યું.

‘તમારે બધી મિલકતમાં તમારાં નામ દાખલ કરવાં હોય તો હું મારી જાતે જ એ દાખલ કરાવી દઈશ ને તમારે તેલૈયા સિવાયની મિલકત તમારે નામે કરાવી લેવી હોય તોય હું એ કરી આપીશ.

‘હું કેસ ભલે જીતી ગયો પણ દીકરા હારી ગયો છું.’ કહેતાં મોટાની આંખો ભીની થઈ ગઈ.

‘મોટા, તમે મનમાંથી એ વાત કાઢી નાખો. તમે દીકરાથીય હાર્યા નથી કે તમારી આબરૂનેય કશો વાંધો આવ્યો નથી. તમારે બેય દીકરાઓને એમણે કોઈ ભૂલ કરી હોય તોય માફ કરી દેવી જોઈએ.’

‘એની હું ક્યાં ના પાડું છું? પણ મારી પટલાઈ તો હવે સમેટાઈ જ ગઈ એનું મને દુખ છે. હું આશ્રમમાંથીય રાજીનામું મૂકી દઈને પાછો ગામમાં જતા રહેવાનું નક્કી કરી બેઠો છું. હવે કશી પંચાતમાં મારે પડવું નથી.’ મોટાએ પોતાના મનની વાત કરી દીધી.

‘મોટા, એમ તમે હારી ખાઓ એ બરાબર નથી. આશ્રમમાંથી કોઈએ તમને નીચાજોણું થાય એવું કહ્યું હોય તો મને કહો.’

‘એમાંના કોઈ કાંઈ ભલે ના કહે પણ બધાય મારા જેવા પંચપટેલિયા છે. એમણે મનમાં તો મારી કિંમત કરી જ નાખી

હશે. એમને તો હું ભરી પીઉં પણ ફરતાં ગામોમાંથી કોઈની સામે ખોંખારીને મારે હવે બોલવા જેવું જ ના રહ્યું.' મોટાએ ભારે હૈયે કહ્યું.

'તમારે એવું કશું મનમાં રાખવાની જરૂર નથી. ઘેર જઈને બેય જણનાં નામ તમારી જમીનમાં દાખલ કરાવી દેજો. પછી હું જોઈશ કે કોણ પટેલિયા તમારી વાત કરે છે.'

'કાકા, અમારે જમીનમાં અમારાં નામ દાખલ કરવાં નથી. અમે બીજાને ચડાવ્યે મમતમાં આવી ગયા હતા. બાપુને હવે જમીનનું જે કરવું હોય એ કરે અમને એનો કશો હરખ-શોક નથી.' વસંતે કહ્યું. બોલતાં એની આંખમાં જળજળિયાં આવી ગયાં.

'બાપુ અમને માફ કરે એ જ અમારે મન ઘણું છે. અમે એમની આશ્રમની ફી પેટે ત્રણ લાખ રૂપિયા આશ્રમમાં જમા કરાવી દઈશું. એના વ્યાજમાંથી એમની ફી આવ્યા કરશે ને જ્યારે એમનામાંથી કોઈ ન હોય ત્યારે એ રકમ તેમને નામે આશ્રમમાં દાન તરીકે રાખવામાં આવે એવું તમે ગોઠવી દેજો.'

'જોયું ને મોટા, તમારા ભણેલા દીકરા વર્તાયા ને. તમે આશ્રમ શરૂ કર્યો તો તમારા દીકરાઓએ એમાં દાનનું નવું બા'રું શોધી આપ્યું. આને લીધે આશ્રમમાં પચીસેક લાખનાં આવાં રોકાણો પણ મળી જશે ને એ બધાં જતે દિવસે એ દાનમાં પણ આવી જશે. મને કૌશિકની આ વાત ગમી. ને પછી તમારે વિશે કે તમારી દીકરાઓ વિશે કોઈને બોલવાપણું જ નહીં રહે.'

'તમારાં બેયનાં નામ હું ખાતાંમાં દાખલ કરાવી દઈશ.' મોટાએ કહ્યું.

'ના, બાપુ, હવે અમારે તમારી પટેલાઈ પર વધારે ડાઘ નથી પડવા દેવો. કાલે સવારે ઊઠીને કોઈ પટેલિયાને કહેવાનું થાય કે મોટા મમત કરી ને કેસ જીતી ગયા તોય છેવટે તો છોકરાંનું ધાર્યું જ થયું ને.'

'લો મોટા, તમારું ને તમારા દીકરાઓનું બેયનું સચવાઈ ગયું. હવે તમે વટથી પટલાઈ કરી શકશો. અને આશ્રમમાં એક નવી પહેલ કરવામાં પણ તમે પહેલા હશો.' નવનીતભાઈએ

કહ્યું ત્યાં બેય વહુઓ બહારથી આવી.

એમણે આ બેયને ઘરમાં બેઠેલા જોયા ને શરમથી તેમનાં માથાં ઝૂકી ગયાં પણ મોટાએ બેયના ખબર જે ભાવથી પૂછ્યા એ જોતાં બેયની આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં. ‘બાપુ, અમને માફ કરી દો. અમારી ભૂલ થઈ ગઈ.’

‘માફ તો અહીં આવતા પહેલાં જ કરી દીધું હતું એટલે તો અહીં અવાયું. હવે તમે જમવાની વ્યવસ્થા કરો. આ નવનીતકાકા તો તમારે ઘેર પહેલી વખત જ આવ્યા છે.’

‘અમારે રાતની ગાડીમાં પાછા જવું છે. રસ્તામાં એક જણને ત્યાં બિલિમોરા જવાનું છે.’ નવનીતભાઈએ કહ્યું.

‘જેમણે બીજા આશ્રમ માટે કરોડ રૂપિયા  કરતાં વધારેનું દાન આપ્યું છે એમને ત્યાં જ હશે. તમેય કાકા, કરોડ રૂપિયા કરતાં વધારે દાન આપ્યાં છે એનીય અમને ખબર છે.’ વસંતે કહ્યું.

‘પણ એ બધાને કેન્દ્રસ્થાને તમારા બાપુ છે એ યાદ રાખજો ને જતા પહેલાં બધાં આશ્રમમાં એક વખત જરૂર આવજો.’

## ૨૩.
## સમજણની વાતના પડઘા

**ખોટો માણસ પણ રૂપિયામાં એક-બે આની સાચો છે**
**સોળ આનીના  રૂપિયાઓને  ખોટા પડતા જોયા છે.**
**- ઉદયન ઠક્કર**

મુંબઈથી આશ્રમ પર આવી નવનીતભાઈએ બધાને મુંબઈની વાત કરી તો બધાને એ વાતનો આનંદ થઈ રહ્યો કે મોટાના મનમાંથી પોતાના દીકરાઓ પ્રત્યેની કડવાશ દૂર થઈ ગઈ હતી.

તો એમને બીજી પણ એક વાતનો આનંદ થયો કે છોકરાઓએ પણ મોટાને અનુરૂપ પ્રાયશ્ચિત કરતાં આશ્રમને ત્રણ લાખ રૂપિયા જેવી રકમ આપી હતી. બધાને લાગ્યું કે જો બીજા કોઈ આ ચીલે ચાલવા માગશે તો આશ્રમની ઝોળીમાં સારી

એવી મૂડી ભેગી થશે.

બીજે અઠવાડિયે નવનીતભાઈના આશ્રમના કામ માટેની મીટિંગ હતી તેમાં આ વાત ચર્ચાઈ. નવનીતભાઈએ કહ્યું: ‘જે કોઈ આશ્રમને આવી રકમ આપે તે રકમ એમનાં વડીલો જ્યાં સુધી આશ્રમમાં રહેતાં હોય ત્યાં સુધી આશ્રમમાં વગર વ્યાજની ડીપોઝીટ તરીકે જમા રહે. એ રકમ મૂકનારને એ રકમ ઉપાડી લેવી હોય તો એ ઉપાડી લઈ શકે.’

‘પણ આમ કરવાની શી જરૂર છે?’ એક જણાને આમાં કાંઈ ન સમજાતાં એણે પૂછ્યું.

‘કદાચ કોઈ વડીલને આ દરમિયાન આશ્રમમાંથી નીકળી જવું હોય કે એ ડીપોઝીટ મૂકનારને અચાનક પૈસાની જરૂર પડે તો એ રકમ એને આપણે પાછી આપવી જોઈએ. એટલે આ રકમ ત્યાં સુધી ફક્ત પેલાં વડીલની આશ્રમની ફી પેટે જમા રહે અને તે દરમિયાન એનો હક પેલા ડીપોઝીટ મૂકનારનો જ રહે.’ નવનીતભાઈએ કહ્યું.

‘આમ કરીશું તો આ લોકો એ પૈસાની ઉપાડ-મૂક કર્યા કરશે ને આપણે ખાતાં ચિતરવાં પડશે.’

‘એમાં શો વાંધો છે? આમેય આપણે ફી અને અન્ય ખર્ચા વગેરેના હિસાબો તો લખીએ છીએ એમાં એક એન્ટ્રી વધારે પડશે. પણ આને લીધે લોકોને આશ્રમ પ્રત્યે માનની લાગણી થશે ને આશ્રમની પાસે વખત જતાં દસપંદર લાખ જેવી વધારાની રકમ હાથવગી રહેશે. ક્યારેક કોઈ અણ ધારેલો ખર્ચો આવી પડે તો આપણે એમાંથી પૈસા વાપરી શકીશું.’

‘ના આ રકમને હાથ પણ લગાડવો ન જોઈએ કારણ કે એ આપણા પૈસા નથી.’ મહાસુખ ભટનું વહેવારું દિલ બોલી ઊઠ્યું.

‘તમે મહારાજ સમજતા કેમ નથી! આપણે એ પૈસા કાંઈ ઑફિસની તીજોરીમાં તો રાખી મૂકવાના નથી. એને કાં તો બૅંકમાં મૂકીએ કે બીજી રીતે વાપરીએ એમાં આપણે એ પૈસા વેડફી નાખ્યા એમ તો ના જ કહેવાય. એ જ્યારે પાછા આપવા પડશે ત્યારે આપણે એને બૅંકમાંથી લાવીને જ આપવાના છે ને!

એમાં આપણા ને એના પૈસાનો ભેદ ક્યાં આવ્યો?' મોટાએ કહ્યું.

'મને જે સૂઝ્યું એ મેં કહ્યું. તમને બધાને જે યોગ્ય લાગતું હોય એમ કરો. મને એમાં કશો વાંધો નથી. વળી આપણી પાસે પૈસાની ખેંચ પડવાની જ નથી એટલે તો એમાં કશો વાંધો આવે તેમ લાગતું નથી.' મહારાજે નમતું જોખ્યું.

'જે છોકરાઓ એમનાં માબાપને જાતે આવીને ભરતી કરાવી ગયા છે એમને કાને આ નવી યોજનાની વાત કરવા માંડો. જોઈએ એમના તરફથી કેવા પ્રતિભાવ આવે છે. મને લાગે છે કે એમાંથી ચારપાંચ જણા તો આવા નીકળશે.' નવનીતભાઈએ કહ્યું.

'વાતેય કરીશું ને એમના મનમાં આપણી વાત પચારવાના પ્રયત્નેય કરીશું. એનાં ફળ આજે નહીં તો વરસે બે વરસે તો મળ્યા વગર રહેવાનાં નથી એની મને તો ખાતરી છે.' માધવ પટેલે કહ્યું.

'આ વરસના હિસાબો જોશો તો બધાને લાગ્યા વગર નહીં રહે કે આપણે જે ફી લઈએ છીએ એમાં પણ સારી એવી રાહત આપી શકાય એમ છે.' માધવ પટેલે કહ્યું.

'આપણી પાસે દસેક ટકા રાખીને જે રાહત આપી શકાય તેવી હોય તે આપવામાં આપણને ક્યાં વાંધો છે?' મોટાએ કહ્યું.

'તમે બધા સંમત થતા હો તો હવેથી આપણે સજોડે રહેનારના પંદરસો અને એકલા રહેનારના એક હજાર રૂપિયા લેવાનો ઠરાવ કરીએ.'

'ના, એક સામટા આટલા ઓછા કરવા નથી. હજુ ગયે વરસે જ પાંચસો રૂપિયા ઓછા કર્યા છે. હાલ તો બસો બસોનો જ કાપ કરીએ. આવતે વરસે આવું જ રહેશે તો ફરી ઓછા કરીશું.' માધવ પટેલે કહ્યું.

'હા, માધવભાઈની વાત બરાબર છે. અત્યારની વધ જોઈને ફીમાં મોટો કાપ કરવો બરાબર નથી. આટલી મોટી મિલકત છે તે વરસ કે બે વરસ પછી એની જાળવણીના ખરચા શરૂ થવા માંડશે, એનોય વિચાર અત્યારથી જ કરવો જોઈએ.

ત્યારે પૈસા હાથ પર ન હોય તો કાંઈ ઉઘરાણું કરવા થોડા નીકળાશે?'

'બીજી એક વાત મારા મનમાં આવી છે. આપણે આ આશ્રમ કુટુંબોમાં ડખો કરાવવા ચલાવતા નથી પણ કુટુંબોમાં શાંતિ સ્થપાય એ માટે ચલાવીએ છીએ. જો આશ્રમવાસીનાં છોકરાં એમના વડીલની સાથે મહિનામાં એકાદ વખત એક કે બે દિવસ રહેવા આવે તો આપણે આપણા ગેસ્ટ હાઉસમાં એમને વગર ભાડે રહેવાની અને જમવાની સગવડ આપવી જોઈએ.' નવનીતભાઈએ કહ્યું.

'નવનીતભાઈની વાત બરાબર છે પણ એમાં સાવ મફતની વાત મને બરાબર લાગતી નથી.' મહાસુખ ભટે પોતના કરકસરિયા સ્વભાવનો પરિચય આપ્યો.

'મને ખબર હતી જ કે તમને આમાં ખર્ચની વાત કઠશે જ. પણ મહારાજ એમનાં છોકરાં જે ફી આપે છે એમાં જ આ છોકરાંઓની મહેમાનગતિનો ખર્ચો આવી જાય છે એમ ગણીએ તો મને તો કશો વાંધો દેખાતો નથી.' નવનીતભાઈએ કહ્યું.

'મને આમાં બીજી પણ એક વાત દેખાય છે. આશ્રમવાસીઓનાં છોકરાં આ મફત રહેવાની યોજનાનો ક્યારેક લાભ લેવા આવશે તો કેટલાક વડીલોની સાથે છોકરાંઓને અણબન છે એ પણ ઓછી થતી જશે.' માધવભાઈએ કહ્યું.

'હા, આપણે દરેકના કુટુંબમાં શાંતિ સ્થપાય એવું તો ઈચ્છીએ જ છીએ ને!' નવનીતભાઈએ માધવભાઈની વાતમાં હાજિયો પુરાવ્યો.

પછી એ મતલબનો ઠરાવ કરવામાં આવ્યો. ને શરૂ થઈ નવનીતભાઈના આશ્રમની વાતો. એમાં પૈસાનો તો સવાલ ન હતો ફક્ત કામ ઝડપથી કેમ પતે એની જ વાતોની ચર્ચા થઈ.

'આશ્રમ તો ઝડપથી તૈયાર થઈ જશે એની મને ખાતરી છે. હવે નવનીતભાઈએ એની ચારે તરફ સોસાયટીઓ મૂકવાની તૈયારી કરવાની છે.' ધનુભાઈએ મમરો મૂક્યો.

'એ પણ થશે. પહેલાં તમારા સેવાશ્રમની આસપાસની

સોસાયટીઓનું કામ પતવા દો, પછી એનું પણ થશે.' નવનીતભાઈએ કહ્યું.

'તમે એમાંથી શું કમાઓ છો એની તો મને ખબર નથી પણ મને ખાતરી છે કે તમારી સોસાયટીઓને કારણે આશ્રમ વધારે શોભે છે. વખત જતાં બીજોએ કોઈક તમારા જેવી સોસાયટી મૂકવા તૈયાર થાય તોય નવાઈ નહીં.'

'એવું થશે તો આશ્રમ વધારે શોભશે. ને એમ થતાં એક નાનું સરખું બજાર પણ ત્યાં ઊભું થઈ જશે. આપણે સૌ એવું જ ઈચ્છીએ છીએ ને!' નવનીતભાઈએ કહ્યું.

*

એ દાનની ડિપોઝીટની વાતનો તરત જ પ્રતિભાવ પડવા માંડ્યો. જે છોકરા એમનાં માબાપને સામેથી આવીને આશ્રમમાં ભરતી કરાવી ગયા હતા એમાંના બે જણા તો આવીને ત્રણ ત્રણ લાખ રૂપિયા જમા કરાવી પણ ગયા.

તો કેટલાક હજુ વડીલો સાથે પાછો મેળ સાધી શક્યા ન હતા એવા છોકરાઓ તરફથી આ યોજનાની વધુ માહિતી મેળવવા માટેના ફોન પણ આવી ગયા.

પંદરેક દિવસ પછી આવા એક દીકરાએ માબાપ અને આશ્રમની માફી માગતા પત્ર સાથે ત્રણ લાખ રૂપિયાનો ચેક મોકલી આપ્યો.

આશ્રમમાંથી તેના જવાબમાં લખવામાં આવ્યું: 'આપના તરફથી જે દાન- ડિપોઝીટનો ચેક મળ્યો છે તે સ્વીકારતાં આશ્રમ આપનો આભાર માને છે. આપનાં વડીલો પણ આપને યાદ કરે છે. ક્યારેક સમય કાઢીને આશ્રમમાં એકબે દિવસ સહકુટુંબ રહેવા આવશો તો અમને અને આપનાં વડીલોને ઘણો આનંદ થશે. અને આપને આશ્રમના અતિથિગૃહમાં વિના મૂલ્યે રહેવા તથા આપનાં વડીલોની સાથે સમય ગાળવાનો લહાવો મળશે.'

આનો પણ સારો પ્રતિભાવ મળ્યો. ખુદ ગૌતમ જ એની પત્ની અને નવજાત દીકરા સાથે રહેવા આવ્યો ને આશ્રમમાં

ત્રણ લાખ રૂપિયા આપવાની વાતની ચર્ચા કરીને પોતે એ અંગે વિચારશે એમ સામેથી કહીને ગયો. બીજા પણ ત્રણ છોકરા રહી ગયા ને પોતાનાં માબાપ સાથેના સંબંધો તાજા કરીને આશ્રમની સારી છાપ મનમાં લઈને ગયા.

વસંતના સસરા અને તેનાં સાસુ પણ ફરીથી આશ્રમમાં આવી ગયાં ને પોતાના તરફથી આશ્રમને લાખ રૂપિયા આપવાની એમણે વાત કરી તો મોટાએ એમને એને બદલે સેવાશ્રમમાં નવી પચીસ રૂમો બાંધવાની હતી તેમાં બેયને નામે પચાસ પચાસ હજાર આપવાની વાત કરી એમને એમાં સંમત કર્યાં. એમણે મનમાં વિચાર્યું: ‘છોકરાંની સાથે વેવાઈને પણ ડહાપણની દાઢ ફૂટી છે.

## ૨૪.
## ગેમનભાઈનું ઑપરેશન

અચાનક મોટાના પર સેવાશ્રમમાંથી ફોન આવ્યો કે ગેમનભાઈને કશુંક થઈ ગયું છે. એટલે મોટા બધું પડતું મૂકીને સેવાશ્રમ પર પહોંચ્યા તો ગેમનભાઈ પેટ પકડીને બેઠા હતા. મોટાને જોઈને એ કહે: ‘તમે આવી ગયા પણ હવે હું નહીં બચું. મને ઉપરવાળાનું તેડું આવી ગયું છે.’

‘એમ હિંમત હારી ગયે કંઈ ચાલશે. લ્યા, ઉપાડો ગેમનભાઈને ને મારી ગાડીમાં એમને પુરોહિતને દવાખાને લઈ લો.’ કહેતાં એ આગળ થયા ને બે જણાએ ગેમનભાઈને ઉપાડ્યા.

ડૉક્ટર પુરોહિતે એમને તપાસીને કહ્યું: ‘મોટા એમને ઑપરેશન કરવું પડશે. એમને પથરી છે.’

‘તો કરી નાખો ઑપરોશન. લાવો હું તમને સહી કરી આપું.’

ને બે જ કલાકમાં ગેમનભાઈનું ઑપરેશન પતી ગયું. ડૉક્ટરે એમની ગોલ્ડબ્લેડર કાઢી નાખી. થોડી જ વારમાં ગેમનભાઈનાં દીકરા ને વહુઓ આવી ગયાં. સેવાશ્રમ પરથી

ગેમનભાઈનાં પત્ની માણેકબેન આવી પહોંચ્યાં. એમની આંખોમાંથી તો શ્રાવણ ભાદરવો વરસતા હતા.

મોટાએ કહ્યું: 'માણેકબેન, તમારે રડવાનું હોય! આપણે સમયસર ગેમનભાઈને અહીં લઈ આવ્યા ને દોક્તરે એમનું ઑપરેશન કરી દીધું. બે ચાર દિવસમાં તો ગેમનભાઈ પાછા ઘોડા જેવા થઈ જશે.'

'તે મોટાકાકા, શાનું ઑપરેશન કર્યું?'

'એમને પથરી હતી તે દોક્તરે કાઢી નાખી. હવે ચિંતા કરવાની કોઈ જરૂર નથી.'

'તે ઑપરેશનનો કેટલો ખરચો આવશે?' ગેમનભાઈના મોટા દીકરાએ પૂછ્યું.

'જે આવવાનો હશે એ આવશે તારે એની શી ચિંતા! એમનો દવાદારૂનો બધો કરચો સેવાશ્રમ આપશે.'

'અમારાથી પહોંચાય એમ હોય તો અમે...' એણે કહેવા કર્યું.

'અમે બેઠા છીએ ત્યાં સુધી તારે ચિંતા કરવાની જરૂર નથી. ગેમનભાઈ આશ્રમના માણસ છે તે આશ્રમ એમનો ખરચો ભોગવશે, બસ!'

*

પાંચ દિવસમાં તો ગેમનભાઈ હરતાફરતા થઈ ગયા ને આશ્રમમાં આવી ગયા. મોટા કહે: 'દાક્તરે એમને મહિના સુધી મહેનતનું કોઈ કામ કરવાની ના પાડી છે. એટલે કોઈએ એમને જરા પણ કામ કરવા દેવાનું નથી. એમને બદલે બીજા આશ્રમમાંથી માણસો આવીને એમના ભાગનું કામ કરી જશે.'

તો પેલા મહિનામાં છ દિવસ કામ કરવા આવનારામાંનો એક કહે: 'તમારે એવું ના કરવું હોય તો અમે તમે કહો એટલા દિવસ અહીં રહી જઈશું ને એમના ભાગનું કામ કરી લઈશું.'

'એ આપણે કાલે વિચારી લઈશું. તમારા ખેતીના કામમાં વાંધો ના આવતો હોય તો એવું ગોઠવી કાઢીશું. કાલે તમે ચારેય

જણા આશ્રમમાં આવજો એટલે આપણે ચોખવટ કરી લઈશું.' મોટાએ કહ્યું.

'વેકુમ કરતાં તો મનેય આવડે છે.' શરમાતાં માણેકબેને કહ્યું.

'માણેકબેન તમને કોણે શિખવાડ્યું?' મોટાય આશ્ચર્યમાં પડી ગયા.

'એમણે સ્તો. એવાયે બાગમાં કાંમ કરતા હોય તારે હું રોજ ચારપાંચ રૂમોનું વેકુમ કરી લઉં છું. રોજ વીહ રૂમો કરવી હોય તોય મને વાંધો નહીં આવે.'

'ના તમારે વ્ક્યુમેય નથી કરવાનું કે બાગનુ કામેય નથી કરવાનું હમણાં એક મહિના સુધી તમારે ગેમનભાઈની ચાકરી જ કરવાની છે.' મોટાએ જાણે હુકમ જ કર્યો.

ને બીજે દિવસે પેલા લોકો આવ્યા એટલે મોટાએ બધી ચોખવટ કરીને એમને કામના વારા ગોઠવી આપ્યા.

સાંજના ગેમનભાઈની ખબર જોવા આવેલામાંનો એક જણ દવાખાનેથી પૂછીને આવેલો એણે બીજાને વાત કરી: 'દવાખાનાનો ખરચો પંદર હજારનો ને બીજા દવાના થયા તે જુદા. બધાય આશ્રમવાળાએ ભોગવ્યા.'

તો બીજો કહે: 'ભાઈ આવાં માંણહનો ફેરો ખાધોય ઊગી નીકળે. બાકી એમનાં છોકરાંને જો આ બીલ ભરવાનું હોત તો એમનો તો ઘર વેચ્યેય છૂટકો ના થાત.'

'આટલા દિવસથી એ બેય જણાં અહીં રહે છે પણ કોઈએ એમને તોછડું વેણ કાઢ્યું નથી. ખૂદ મોટાય એમને ગેમનભાઈ ને માણેકબેન કહીને જ બોલાવે છે, બોલો. પછી બીજાની શી વાત!'

'ને તમે એમનો રહેવાનો ઓરડો જોયો! એમાં નીચે ગાલીચો પાથરેલો છે ને ખાટલામાંય દર રવિવારે ચાદર બદલીને ધોએલી પાથરી દેવામાં આવે છે. નાવણીય અંદર એમની પોતાની જુદી છે. ને એરકંડીશનની ઠંડી હવા.'

'એટલું જ નહીં પણ શિયાળામાં તાઢ પડે ત્યારે ગરમ

ગરમ હવા એવી છોડે છે કે ચાદર ઓઢીને હુઈ જાય તોય ઠંડી ના લાગે.' ત્રીજાએ પાદપૂર્તિ કરી.

કેટલાકને આ વાતની ખબર હતી તો કેટલાક તો આ સુખસાહ્યબીની વાતે ચકીત થઈ જતા હતા. તો કેટલાક તો ગેમનભાઈને પૂછીને પાકું પણ કરતા હતા. ને ગેમનભાઈ પણ એમને હરખથી બધું બતાવતા હતા.

પાંચેક દિવસ પછી ગેમનભાઈનો મોટો દીકરો આવીને મોટાને કહે: ‘મોટાકાકા, અમારા બાપા હજાહમા ઘેર આવી ગયા એની મારે ચોરાસી જમાડવી છે.'

મોટા કહે: ‘આ ચોરાસી જમાડવાની બાધા તમે રાખેલી કે માણેકબેને?'

‘મોટાકાકા, કોઈએ બાધા રાખી નથી પણ અમારે ખુશીની ચોરાસી કરવી છે.'

‘બરાબર છે ભાઈ પૂન્યે પાપ ઠેલાય. તમારે ચોરાસી કરવી હોય તો સાડી ત્રણસોમાં પતી જશે. હમણાં જ વખતસિંહે ચોરાસી કરી હતી એમાં એટલો જ ખરચ થયેલો.'

મોટાને કશું બોલવું હોય તો મહાસુખ મહારાજ બોલવા દે એવા જ ક્યાં હતા!

ને એમ ગેમનભાઈની ચોરાસીનું તો જાણે પાકું થઈ ગયું. ને બીજે જ અઠવાડિયે ચોરાસી પતીય ગઈ.

એમાં ગેમનભાઈના મેળાપીઓને પણ બોલાવેલા એટલે કેટલાક નવા લોકોનેય આશ્રમની વાતો જાણવા મળી. બધા આશ્રમની વ્યવસ્થાની ને એના કારભારીઓની વાતો કરતાં ધરાતા ન હતા. જે આશ્રમમાં આવતાજતા હતા તેમને તો બધી ખબર હતી જ. પણ જે પહેલી વખત આવ્યા હતા એ તો ગેમનભાઈની રૂમ જોઈને જ છક થઈ ગયા હતા. એમને થયું હતું કે આવી સાહ્યબીમાં રહેવાનું હોય તો માણસનું આયખું દહ વરહ વધી જાય.

*

એમ કરતાં એક વખત એવો આવ્યો કે ત્રણેય આશ્રમનાં

કાયમી કામ માટે કોઈ પગારદાર માણસોને રાખવાની જરૂર જ ના રહી. બધા આશ્રમમાં આવાં એકબે જોડાં સેવા કરવાવાળાં આવી જ ગયાં.

પાંચ વરસ પછી ધનુભાઈએ પોતાના વતનમાં પણ આવો આશ્રમ શરૂ કરવાની વાત મૂકી ને નવનીતભાઈએ ત્યાં પણ સોસોયટીઓ મૂકવાની જાહેરાત કરી. ને છ જ મહિનામાં ત્યાં સરદાર પિતૃસેવા આશ્રમ જેવો આશ્રમ તૈયાર થઈ ગયો.

હવે તો દરેક પ્રદેશમાંથી આવા આશ્રમ એમને ત્યાં શરૂ કરવાની સલાહ લેવા માણસો આવતા જ રહે છે ને મોટા અને તેમના સાથીદારો તેમને સાચી સલાહ અને દોરવણી આપતા જ હોય છે. ક્યારેક જરૂર પડે તો એમાંના કોઈક ત્યાં જઈને પણ દોરવણી આપતા હોય છે.

હવે સરદાર પિતૃ સેવા આશ્રમના અતિથિગૃહમાં રહેવા એટલા બધા માણસો આવવા માંડ્યા છે કે તે હવે નાનું પડવા માંડ્યું છે.

## સંપૂર્ણ